# ગ્રહાષ્ટક વતા એક



-ચુનીલાલ મડિયા


નવભારત સાહિત્ય મંદિર
બુક સૅલર્સ ઍન્ડ પબ્લિસર્સ
મુંબઈ-૨
ફોન-૩૧૭૨૧૩
અમદાવાદ-૧
ફોન-૩૮૦૨૫૩

NAVBHARAT SAHITYA MANDIR

BOOK SELLERS & PUBLISHERS

BOMBAY-2
PHONE : 317213

AHMEDABAD-1
PHONE : 380253

# ગ્રહાષ્ટક વત્તા એક

[શ્રદ્ધા અને અંધશ્રદ્ધાની રમૂજી નવલકથા]

ચુનીલાલ મડિયા

નવભારત સાહિત્ય મંદિર

૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

GRIHASHTAK VATTA EK
Cujarati Novel by Chunilal Madia
Published by : Navbharat Sahitya Mandir
Bombay-2 & Ahmedabad-1

© દક્ષા મડિયા

પુનર્મુદ્રણ : નવેમ્બર, ૧૯૮૯

પ્રથમ પ્રકાશન- ૧૯-૪૯

કિંમત : રૂ. ૩૫-૦૦

પ્રકાશક :
ધનજીભાઈ પી. શાહ
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨
દેરાસર પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૧

મુદ્રક :
ડાહ્યાભાઈ એમ. પટેલ
મધુ પ્રિન્ટરી
આનંદમયી ફ્લેટ્સ (ભોંયરામાં),
ગલા ગાંધીની પોળના નાકે,
દિલ્હી ચકલા, અમદાવાદ-૩૮૦ ૦૦૧

## નિવેદન

અષ્ટગ્રહ યુતિની આગાહીઓ અને અનુભવોની પશ્ચાદ્‌ભૂમાં લખાયેલી આ કથા 'સંદેશ' દૈનિકમાં ક્રમશઃ પ્રગટ થઈ હતી અને ત્યારે વાચકોએ એમાં બહુ સક્રિય રસ દાખવેલો. એ વેળા છપાયેલાં કેટલાંક ચિત્રાંકનો આ પુસ્તકમાં શામિલ કર્યાં છે એ બદલ 'સંદેશ'ના મેનેજિંગ તંત્રી શ્રી ચિમનભાઈ પટેલનો આભારી છું. 'સંદેશ'ના તંત્રી શ્રી કપિલરાય મ. મહેતા તથા અન્ય કાર્યકરોએ આ કથાની માવજતમાં જે મમત્વ દાખવેલું એનો ઋણસ્વીકાર પણ સહર્ષ કરું છું.

ચુનીલાલ મડિયા

# શ્રી ચુનીલાલ મડિયાનાં પુસ્તકો

**• નવલકથા**

વ્યાજનો વારસ
પાવક જ્વાળા
ઇંધણ ઓછાં પડ્યાં
વેળાવેળાની છાંયડી
લીલુડી ધરતી
પ્રીતવછોયાં
શેવાળનાં શતદલ
કુમકુમ અને આશકા
સધરાના સાળાનો સાળો
સધરા જેસંગનો સાળો
અહાષ્ટક વત્તા એક
ઇન્દ્રધનુનો આઠમો રંગ
આલા ધાધલનું ઝીંઝાવદર

**• નાટક**

રંગદા
વિષવિમોચન
રક્તતિલક
હું ને મારી વહુ
શૂન્યશેષ
રામલો રોબિનહુડ
નાટ્યમંજરી

**• કવિતા**

સોનેટ

**• સંપાદન**

શ્રેષ્ઠ નાટિકાઓ
નટીશૂન્ય નાટકો
આંતરરાષ્ટ્રીય એકાંકીઓ

**• નાટ્યવિષયક**

નાટક ભજવતાં પહેલાં

**• પ્રવાસ**

જય ગિરનાર

**• નવલિકા**

ઘૂઘવતાં પૂર
ગામડું બોલે છે
પદ્મજા
રૂપ-અરૂપ
ચંપો અને કેળ
શરણાઈનો સૂર
તેજ અને તિમિર
અંતઃસ્રોતા
જેકબ સર્કલ, સાત રસ્તા
ક્ષણાર્ધ
ગોરજ
મડિયાની શ્રેષ્ઠ વાર્તાઓ
મડિયાની ગ્રામકથાઓ
મડિયાની હાસ્યકથાઓ
મડિયા વાર્તાવૈભવ
મારી વાર્તાઓ
ક્ષત-વિક્ષત

**• ચરિત્ર**

વિદ્યાપ્રેમી ફાર્બસ
ઍન્ટન ચેખોવ

**નિબંધ**

ચોપાટીને બાંકડેથી
છીંડું ખોળતાં (છપાશે)

**• વિવેચન**

ગ્રંથગરિમા
વાર્તાવિમર્શ
શાહમૃગ-સુવર્ણમૃગ
કથાલોક
ગુજરાતી સાહિત્યમાં ડોકિયું

**• અનુવાદ**

શ્રેષ્ઠ અમેરિકન વાર્તાઓ
કાળનાં કોરાણાં
ફેરકુદરડી

## અનુક્રમ


૧ પણ કંદર્પ ક્યાં ? ૧
૨ બે જ ઉગારનારાં ૯
૩ ત્યક્તેન ભૂંજીથા : ૧૮
૪ ભુચાજીનું સ્વપ્ન ૨૬
૫ પ્રલય પહેલાં ૩૪
૬ રૂપિયો બદલાવો ૪૫
૭ તિલ્લુનાં તિલ્લાણાં ૫૨
૮ નવમો ગ્રહ ૬૧
૯ અંતરનો આરંભ ૭૧
૧૦ અષ્ટગ્રહીનાં એંધાણ ૮૧
૧૧ ...મુજ સ્વામી સાચા ૯૦
૧૨ આશરો આપો ૯૯
૧૩ અમૃતમાંથી ઉદ્વેગ ૧૦૯
૧૪ વખત વેરસી ૧૨૦
૧૫ બ્રહ્મગોટાળો ૧૨૯
૧૬ તારો વર ૧૪૧
૧૭ કન્યાદાન કોને ? ૧૪૮
૧૮ 'હું વરી ચૂક્યો છું.' ૧૫૫
૧૯ નાટકનું ચેટક ૧૬૪
૨૦ દુઃખદ આશ્ચર્ય વચ્ચે ૧૭૪
૨૧ દીકરીએ દીવો રહેશે ? ૧૮૧
૨૨ ચોથું મંગળ ૧૮૯
૨૩ અંધકારનાં અંધારાં ૧૯૮
૨૪ વેવાઈઓ અને વરઘોડિયાં ૨૦૭–૨૧૬


*

મહાષ્ટક વત્તા એક

•

ચુનીલાલ મડિયા

## ૧. પણ કંદર્પ ક્યાં ?

ખટમીઠું, મધુરું, અસ્સલ ફ્રેન્ચ વિનયાર્ડના શેમ્પેઇનના સ્વાદ જેવું શેવ્રોલે ઇમ્પાલાનું ભૂંગળું સાંભળતાં જ ગુરખો ગુરુચરન સાબદો થઈ ગયો. એણે નેપાળી નિયમ મુજબ સદૈવ ઢળેલી રહેતી પાંપણો પરાણે ઊંચકવાનો વ્યર્થ પ્રયત્ન કરીને પોતાના જન્મજાત પૌરુષની જાહેરાત કરવા તીણો ખોંખારો ખાઈ બતાવ્યો.

કામશાસ્ત્રી છતાં મહર્ષિ વાત્સ્યાયને વર્ણવેલ હસ્તિની સ્ત્રીની શૈલીએ શેવ્રોલે પણ ઘડીક ડાબી સ્પ્રિંગ ઉપર તો ઘડીક જમણી સ્પ્રિંગ ઉપર અચકાતી લચકાતી, મદમાતી ને શેલપતી રાણીપાઠમાં ઊતરેલી નવીસવી એમેટર અભિનેત્રીની અદાથી 'શ્રીભવન'ના દરવાજામાં દાખલ થઈ.

ગુરુચરને હડેયુહુમ્મ કરીને લગભગ લશ્કરી ઢબે જ શેઠજીને સલામ ભરી દીધી.

પણ ગાડીમાં પહોળા થઈને પથરાઈને પડેલા સર ભગને ગરીબ ગુરખાની એ સલામ આજે ઝીલી જ નહિ.

દરવાન તરીકેની ગુરુચરનની લાંબીલચ કારકિર્દીમાં આ પહેલો જ બનાવ હતો, પોતે ભરેલી સલામ સર ભગને ઝીલી ન હોય એવો આ સર્વપ્રથમ અનુભવ હતો.

પણ એમાં સરનો કશો વાંક નહોતો. વાંક કોઈનો હોય તો વિધાતાનો હતો, વિધાતાએ યોજેલી ગ્રહોની રચનાનો હતો, એ ગ્રહોની થઈ રહેલી યુતિનો હતો. અવકાશમાં ભ્રમણ કરતા એ આઠેઆઠ ગ્રહોનો ભાર અત્યારે સર ભગનના દિલ અને દિમાગ

ઉપર તોળાઈ રહ્યો હતો.

સર ભગનના નાઈટહૂડ વિષે અહીં જ પેટછૂટો ખુલાસો કરી નાખીએ કે એમનો સર ઇલકાબ તો બ્રિટિશ સરકાર માબાપની નવાજેશ હતી. પણ અંગ્રેજો હિન્દ છોડી ગયા છતાં સર ભગન પોતાનું નાઈટહૂડ છોડવાની ના પાડતા હતા. એ 'સર'નું છોગું તેઓ 'પદ્મશ્રી'ના સાટાપાટામાં આપવા પણ તૈયાર નહોતા.

માન–મોભા ને મરતબાની એમની આ વળગણ એકલા ઇલકાબમાં જ નહિ, એમની રહેણીકરણીમાં, ખાણીપીણીમાં, વાણી-વર્તનમાં પણ દેખાઈ આવતી હતી. હજી પણ સર ભગન ભારતીય પોશાક ધારણ કરે ત્યારે મર્સરાઈઝ્ડ ધોતિયા ઉપર મોજાં, ને મોજાં ઉપર ચરડચરડ ચમચમાટી બોલાવે એવાં રોમોય લેધરનાં પમ્પશુઝ ચડાવતા. પશ્ચિમી ઢબનો પોશાક પહેરે ત્યારે પાટલૂનને સસ્પેન્ડર ખભાપટા ચડાવતા અને વાસ્કુટના ખિસ્સામાં સોનાના અછોડાવાળું અસલી રેસ્કોપ ઘડિયાળ ભરાવતા. અને કોટપાટલૂન ઉપર કોઈ વાર હેમ્બર્ગર હેટને બદલે ચાંચવાળી પાઘડી પણ ચડાવી દેતા.

સર ભગને નાઇટહૂડ અંગ્રેજો પાસેથી ખુશામત કરીકરીને મેળવેલું, છતાં એ પ્રજા પ્રત્યે એમને એક જન્મજાત તિરસ્કાર પણ હતો. એમને તેઓ મ્લેચ્છ–યવન ગણીને આર્યોથી ઊતરતી કોટિના ગણતા, અને પોતાની શુદ્ધિ રક્ષવા ખાતર વારંવાર પ્રાયશ્ચિત્તો પણ કરતા. બ્રિટિશ યુગમાં ગોરા હાકેમ જોડે હસ્તધૂનન કરવું પડે ત્યારે ઘેર આવીને તેઓ ગંગાજળ વડે એ સ્પર્શની શુદ્ધિ કરી નાખતા. દેશના એક અગ્રણી ઉદ્યોગપતિ તરીકે એક વાર એમને વાઈસરૉય જોડે ભોજન લેવું પડેલું ત્યારે એમણે ઘેર આવીને બ્રાહ્મણોની હાજરીમાં ગૌછાણ વગેરે પંચદ્રવ્યો ખાઈને શાસ્ત્રોક્ત વિધિસર દેહશુદ્ધિ કરી નાખી હોવાનું કહેવાતું.

આવી ધાર્મિક-બૌદ્ધિક ભેળસેળ ધરાવનાર સર ભગનની ઇમ્પાલા જ્યારે શ્રીભવનના પૉર્ચમાં શ્રમિત તરુણીની પેઠે થોભી

ત્યારે પણ તેઓ તો અન્યમનસ્ક જ હતા. એમના મગજમાં ઉદ્યોગોના નફાતોટાના આંકડાઓને બદલે અવકાશી ગ્રહોની ઊથલપાથલ ચાલી રહી હતી.

કુટુંબના વિશ્વાસુ ને જૂના પહેરેગીર જદુનાથે બાઅદબ કમ્મરમાંથી કાટખૂણે ઝૂકીને ગાડીનું બારણું ઉઘાડયું ત્યારે પણ સર ભગતે એની નોંધ ન લીધી. ઇમ્પાલામાંથી ઊતરીને એમણે પોર્ચમાં પગ મૂકયો એ પણ ચાવી આપેલા યાંત્રિક પૂતળાની પેઠે જ. પરસાળના પહોળા આરસનાં પગથિયાં ચડવા માંડયાં તે પણ જાણે કે ઊંઘમાં ચાલતા હોય એવી કઢંગી રીતે જ.

આજે સર ભગત જેવા ભડ આદમીના પગ ભાંગી ગયા હતા. દેશના અર્થતંત્ર પર અદૃષ્ટ અંકુશ ધરાવનાર અને નાણાંબજારને મનફાવે તેમ નચાવી શકનાર માણસ આજે અવકાશી ગ્રહોની હેર-ફેરથી હતાશ થઈ ગયો હતો. ઉદ્યોગક્ષેત્રે ભલભલા હરીફોને હંફાવનાર આ કાબેલ ખેલાડી આજે દૂરદૂરના ઉડુગણમાંના ગ્રહોની ચાલચલગતથી હારણ બની ગયો હતો.

સ્થિતિ ખરેખર કઢંગી હતી. સો-સો સંગ્રામોનો વિજેતા સેનાપતિ આખરે બાથરૂમમાં લપસીને મરણશરણ થઈ જાય એવા હાલ સર ભગતના થઈ પડયા હતા. ભલભલા શત્રુઓથી ગાંજ્યો ન જાય એવો ભડવીર માઠા અદૃષ્ટ ગ્રહોના સંમિલનના સમાચારથી ગભરાઈ ગયો હતો.

આફત આવે ત્યારે એકસામટી જ આવે એ અંગ્રેજી કહેવતનો સર ભગતને અત્યારે પ્રત્યક્ષ અનુભવ થઈ રહ્યો હતો. આમેય આજકાલ એમના હૃદયમાં એક હોળી તો સળગતી જ હતી. શેઠની સુપુત્રી તિલ્લુએ એ હોળી પ્રગટાવી હતી. હવે, આવી રહેલી અષ્ટગ્રહ યુતિએ એ હોળી સામે ડાકણ પેટવી હતી.

આ તિલ્લુ એટલે તિલોત્તમા. સર ભગતની, ભગવાનની દીધી, સંત ખોટની સમ ખાવા પૂરતી એક પૂરી પુત્રી. શેઠશેઠાણી લાડચાગમાં

એને તિલ્લુ કહીને બોલાવતાં. અને તિલ્લુના હાથનો હાથે કરીને બની બેઠેલો ઉમેદવાર કંદર્પ વળી વધારેપડતું વહાલ દર્શાવવા એને તિલ્લી કહીને જ સંબોધતો.

આ કંદર્પ કોણ હતો એ વિશે તો અમે પોતે જ પૂરું નથી જાણતા, ત્યાં તમને શી માહિતી આપીએ ? આ પૃથ્વીના પટ ઉપર બહુ ઓછા માણસો કંદર્પ વિશે કશું જાણે છે. કંદર્પ પોતે પોતાની જાતને કથકલિ નૃત્યનો અઠંગ ઉસ્તાદ ગણાવતો, અને પોતાના બનાવટી નામની મોખરે નર્તકરાજ એવું ઉપનામ વાપરતો. ઘણી વાર એ પોતાને નટરાજ શંકર ભગવાન તરીકે પણ ખપાવતો અને એ હેસિયતથી તિલ્લુને પાર્વતી ગણીને એની જોડે સંલગ્ન થવા આકાશપાતાળ એક કરી રહ્યો હતો.

હવે આમાં મુશ્કેલી એ આવી હતી કે સર ભગનને તેમ જ તેમનાં પત્ની લેડી જકલને કાંદા અને નૃત્ય બેઉ પ્રત્યે એકસરખી જ સૂગ હતી. દૂરદૂર 'શ્રીભવન'ના માળી રામશરણના આઉટ હાઉસની ઝૂંપડીમાં કાંદા–લસણ સમારાતાં હોય કે એનો વઘાર થતો હોય તો એની વાસથી પણ શેઠશેઠાણીને ઓકારી આવતા માંડતી. એથીય વધારે સૂગ એમને નૃત્ય અને નૃત્યકારો પ્રત્યે હતી. નૃત્યપ્રવૃત્તિ કરનારાઓને તેઓ નાચણિયા-કૂદણિયા કહીને જ ઓળખતાં, અને એમને માટે 'વંઠેલા' કરતાં વધારે સારું વિશેષણ કદી વાપરતાં જ નહિ. આવી સ્થિતિમાં મુફલિસ નૃત્યકાર પોતાની પુત્રીનો હાથ ઝાલવા મથે અને સર ભગનના ઔદ્યોગિક સામ્રાજ્યનો ભાવિ વારસ બનવા માગે એ તો સાંખી જ શેં શકાય ?

જિંદગી આખીની કરી કમાણી ધૂળમાં મળતી હોય, દળીદળીને ઢાંકણીમાં ઉઘરાવવાનો વારો આવ્યો હોય, એવો વસમો અનુભવ શેઠને થઈ રહ્યો હતો, એમાં વળી આ અષ્ટગ્રહીની વાત આવી એથી તો તેઓ દિશાશૂન્ય થઈ ગયા હોય એમ રોબૉટ–રમકડાની પેઠે દાદરો ચડી રહ્યા.

દીવાનખંડમાં લેડી જકલે સર ભગનને, તેઓ પતિ હોવા છતાં, પ્રેમપૂર્વક આવકાર્યા, પણ સર ભગન આજે એ પ્રેમનો પડઘો પાડી શકે એવી મનઃસ્થિતિમાં જ નહોતા. એમને તો આ સંસાર સાચે જ સાવ અસાર જણાતો હતો. જીવતર કડવું ઝેર લાગતું હતું. આ બધું કોને માટે? કોને માટે? એ મહાપ્રશ્ન એમના મગજમાં સણકા બોલાવી રહ્યો હતો.

મિલની ઑફિસમાંથી મોટરમાં સાથે આવેલી ખાનગી પત્રોની ફાઈલો, ડિરેક્ટરોની મિટીંગોની મિનિટ-બૂકો, હિસાબકિતાબના કાગળો, ઇન્કમટૅક્સ ખાતાના લિફાફા, પરમિટ, લાઇસન્સ, ક્વોટા આદિના પત્રવ્યવહારો વગેરેની સગેભરી ટ્રે લઈને સેક્રેટરી સેવંતીલાલ આવ્યા, પણ શેઠને આજે એમાં કશામાં રસ રહ્યો નહોતો. એ સઘળાં કાગળિયાંમાં એક સારી જોઈને દીવાસળી ચાંપી દેવાનું એમને મન થઈ આવ્યું.

શેર બજારમાં પોતાની મિલોના શેરોના ભાવ કઈ સપાટીએ બંધ રહ્યા એ જાણવાની પણ આજે એમને ઇન્તેજારી નહોતી. જહન્નમમાં ગયા એ શેર ને શેરહોલ્ડરો, એવું મનશું ગણગણીને તેઓ મર્સરાઈઝ્ડ ધોતિયાંની વેરવિખેર ગાંસડીની પેઠે લોચોપોચો થઈને સોફામાં પથરાઈ પડ્યા...

હૈયામાં બેવડી હોળીઓ વેંઢારી રહેલા સર ભગન ઘડીભર ગ્રહાષ્ટકની ઉપાધિ વીસરીને પુત્રી તિલોત્તમાની ચિંતામાં પડ્યા. પત્નીને પૂછ્યું :

'ક્યાં ગઈ તિલ્લુ?'

'તિલ્લુ! ઓ...તિલ્લુ!' લેડી જકલ લાંબે ને નરવે સાદે પુત્રીને પોકારી રહ્યાં.

શેઠાણીના એ પોકારના પડઘા પડી રહ્યા. એક ઓરડામાંથી બીજા ઓરડામાં થઈને એ પોકાર પરસાળમાં પડઘાતા રહ્યા.

નોકરોના ગંજાવર કાફલાએ શેઠાણીનો એ અડધો બોલ આખો

ગણીને ઊંચકી લીધો અને તિલોત્તમાને બોલાવવા અહીંથી તહીં અવાજો ગાજી રહ્યા :

'તિલ્લુબહેન !...બહેન !...ઓ તિલ્લુબહેન !'

શ્રીભવન કાંઈ મામુલી મકાન નહોતું, એ બંગલો પણ નહોતો. એ તો એક જમાનામાં ગોરા લાટસાહેબનું રહેણાક હતું. એ ગોરા હાકેમના રહેણાક ઘરના ક્ષેત્રફળ કરતાં અનેકગણો વિસ્તાર તો નોકરોનાં રહેણાકો રોકતાં હતાં. આયાઓથી માંડીને માળીઓ અને રસોઇયાઓથી માંડીને શોફરો, ચોકિયાતો કૂતરાનાં રખેવાળો સુદ્ધાંનાં આઉટ હાઉસોની એ ખાસ્સી લાંબી–પહોળી વસાહત હતી. ખુદ સર ભગતનું રહેણાક મકાન પણ એટલા તો ઓરડાઓની ભૂલભુલામણી જેવું હતું કે એમાં એકબીજા ઓરડા વચ્ચે સંપર્ક સાધવા માટે ટેલિફોનનો ઉપયોગ કરવો પડતો.

તેથી જ આખા બંગલામાં તિલ્લુબહેનના નામનો પોકાર ગાજી રહ્યા છતાંય ક્યાંયથી બહેનનો પત્તો ન મળ્યો ત્યારે છેવટે ટેલિફોનના સ્વિચબોર્ડ ઉપરથી ઑપરેટરે ચાંપો દાબવા માંડી.

ઘડીભર તો આખીય વસાહત ધાંધલી બની ગઈ. ટેલિફોનનાં દોરડાં ઝણઝણી ઊઠયાં. એ સાથે જ ચારેય બાજુ નોકરોની દોડધામ મચી ગઈ. તિલ્લુબહેને તો ગામ ગાંડું કર્યું હોય એવો દેખાવ થઈ રહ્યો.

દરવાજેથી દરવાન ગુરુચરને તો સોઈ ઝાટકીને કહી દીધું કે તિલ્લુબહેન બંગલાની બહાર ગયાં જ નથી. તો પછી એમની ભાળ કેમ નથી મળતી ?

સર ભગતને ચિંતા થઈ પડી. પેલો નાચણિયો અલેલટપ્પુ તો મારી છોકરીને નહિ ઉડાવી ગયો હોય ? લેડી જકલ પણ ગભરાઈ ગયાં. એ નર્તકરાજ તિલોત્તમાની પાછળ પડેલો ત્યારથી માતાએ કદી ધરાઈને ધાન નહોતું ખાધું કે આંખ ભરીને ઊંઘ નહોતી કરી. પેટમાં ફડકો રહ્યા જ કરતો હતો કે પેલો નાચણિયો કોક દિવસ

મારી ભોળુડી છોકરીને ભરમાવી જ જવાનો. એ ભયથી તો દરવાન ગુરુચરનને પાકી સૂચના અપાઈ ગઈ હતી. કંદર્પને આપણા કમ્પાઉન્ડમાં કદી પગ જ મૂકવા ન દેવો, અને છતાં અત્યારે તિલોત્તમાનો પત્તો કાં ન લાગે ? વા'એ કમાડ ભિડાઈ ગયાં કે શું ?

સર ભગને ફરી બૂમ પાડી : 'તિલ્લુ !'

અને ગોળગુંબજમાં ઊઠતા પડઘા પેઠે આખું શ્રીભવન ગાજી ઊઠ્યું : તિલ્લુ ! તિલ્લુબહેન !

ફરી આખી વસાહત ખળભળી ઊઠી. વાતાવરણ હાલકડોલક થઈ ગયું. હમણાં શેઠ બેચાર નોકરોને બરતરફી ફરમાવી દેશે એવી દહેશત અનુભવાઈ રહી, ત્યાં તો દૂરના રસોડાવિભાગમાંથી સંદેશો આવ્યો :

'તિલ્લુબહેન રસોઈખાતામાં છે.'

'શું કરે છે ?' શેઠાણીએ બરાડો પાડ્યો.

'પેલા કંદર્પભાઈ સાથે વાતો કરે છે.'

સાંભળીને સર ભગનની આંખ લાલ થઈ ગઈ.

કંદર્પને આ બંગલામાં કડક પ્રવેશબંધી હોવા છતાં એ પેઠો કેમ કરીને ?

ગુરખો કહે છે કે આ દરવાજામાંથી તો કંદર્પ નામનું કોઈ ચલ્લું પણ અંદર આવ્યું જ નથી.

ભેદ વધારે ઘેરો બની રહ્યો.

સર ભગન સોફા ઉપર મર્સરાઇઝ્ડ ધોતિયાંની ગાંસડીની જેમ પડેલા એમાંથી એકદમ કાંજી કરેલ પોપલિનની પેઠે ટટ્ટાર થઈને ઊઠ્યા અને હાથમાં હાથવગી હૉકી–સ્ટિક લઈને દોડ્યા.

'આજે તો એ હરામખોરનાં હાડકાં જ ખોખરાં કરી નાખું.'

શંકરનું ત્રીજું લોચન ખૂલ્યું હોય એવો તાપ વરસી રહ્યો.

અષ્ટગ્રહ યુતિની સઘળી આપદાઓ ઘડીભર વીસરી જઈને સર ભગન રસોડાખાતા તરફ આગળ વધી રહ્યા.

કંદર્પનું તો જે થવાનું હશે તે થશે, પણ મારી દીકરી આડી અડફેટે આવી જશે તો શું થશે, એની ચિંતાથી લેડી જકલ પણ શિયાવિયાં થઈ રહ્યાં.

'ક્યાં છે એ હરામખોર ?' રસોડાને ઉંબરથી શેઠ ગરજી ઊઠ્યા.

'અહીં તો એકલાં તિલ્લુબહેન જ છે. પેલા કંદર્પભાઈ તો ક્યાંક અલોપ થઈ ગયા લાગે છે.'

મહારાજનો આ ઉત્તર સાંભળીને શેઠ હતાશ થઈ ગયા. સ્વતંત્ર તપાસ કરાવી. રસોડાનો ખૂણેખૂણો ખોળી વળ્યા, છતાં કંદર્પનું ક્યાંય નામોનિશાન ન જણાયું ત્યારે એમની પેલી અષ્ટગ્રહીની વ્યગ્રતામાં ઉમેરો થયો. મનશું ગણગણી રહ્યા :

'આ નવમો ગ્રહ તો મારું નખોદ કાઢી નાખશે.'

*

આગળ તિલ્લુ ને પાછળ સર ભગન.

કાચી જેલના કેદીની પાછળ સંત્રી ચાલી રહ્યો હોય એવો એ દેખાવ હતો.

રસોડામાંથી રેણુઘર સુધી આવતાં તો સર ભગને પુત્રીને ન કહેવા જેવાં વેણ કહી નાખ્યાં, અને ભેદી રીતે ગુમ થઈ ગયેલા પેલા નટરાજની સાત-સાત પેઢીઓને સામટી પોંખી નાખી.

'હલકટ—'

'હરામજાદો—'

'મલકનો ઉતાર—'

'વંઠેલી ઓલાદ—'

'નાચણિયા-કૂદણિયા એટલે ગામનો ઢેડવાડો—'

કંદર્પને એકેકથી ચડિયાતી સરસ્વતી સંભળાવીને સર ભગન ફરી વાર ફૂલી ગયેલ ફુગ્ગાની જેમ હાંફતાંહાંફતાં સોફામાં પડ્યા, અને કંદર્પ, રસોડું અને એના એકાએક અલોપ થવા અંગે વિચારી રહ્યા.

મારી છોકરીના હાથનો એ ઉમેદવાર આવડા મોટા બંગલામાં બીજે ક્યાંય નહિ ને રસોડામાં જ શા માટે આવ્યો? બંગલાના આટઆટલા ઓરડા, આટઆટલાં આઉટ હાઉસ, આવડો મોટો બગીચો, એ બધું મૂકીને એણે રસોડું જ શેં પસંદ કર્યું હશે?

વાર્તાઓમાં તો આવે છે કે પ્રેમીઓ બગીચામાં, ઉપવનમાં જ મળે. સિનેમામાં પણ પ્રેમી નાયક-નાયિકા બનાવટી બગીચામાં બનાવટી ફુવારાની આસપાસ ફેરા ફરીને સંતાકૂકડી રમતાંરમતાં

સામસામાં શૃંગારનાં ગીતો ગાતાં હોય છે. એને બદલે આ માણુસ રસોડામાં જ શા માટે આવ્યો ?

લતામંડપ મૂકીને રસોડામાં આવનારો એ માણસ ખાઉધરો હશે ? ભુખાળવો હશે ? છપનિયાનો રાંકો હશે ? કલાકાર છે, એટલે સાવ ભૂખડીબારસ હશે ? બાપગોતરેય ખાવાનું ભાળ્યું નહિ હોય ? લૈલા–મજનૂની વાર્તામાં તો મજનૂ લોહી પીને જીવે છે. તો પછી આ નટરાજ પેલા દૂધ પીતા મજનૂ જેવો નકલી પ્રેમી તો નહિ હોય ?

તિલ્લુની તો, જાણે જીભ જ સિવાઈ ગઈ છે. 'ક્યાં ગયો એ તારો કંદર્પકુમાર ?' એવી પિતાની પૃચ્છા સામે પુત્રી તો સાવ મૂંગીમંતર જ બેઠી છે.

લેડી જકલને પણ આજે તો અચરજ થયું. રોજ માતા-પિતાના બે બોલ સામે ચાર ચોપડાવનાર, બટકબોલી ને ચિબાવલી પુત્રી આજે આટલી આજ્ઞાંકિત, આટલી સહનશીલ ને મૌનવ્રતધારી શેં બની ગઈ ?

'એ માણુસ આપણા બંગલામાં પેઠો જ શી રીતે ?'

નિરુત્તર.

'પેઠો તો પેઠો, પણ પછી અહીંથી નાઠો શી રીતે ?'

નિરુત્તર.

'એ ખાઈપીને એધે શાનો પડ્યો છે ?'

નિરુત્તર.

પાર્લામેન્ટમાં વિરોધપક્ષના સભ્યોની પેઠે પટપટ બોલવા ટેવાયેલી પુત્રી આજે નર્યાં બદામ–પિસ્તા ને ગાયના ઘી ઉપર જ દિવસો ગુજારનાર ગરીબડા મૂક સેવકની પેઠે સાવ મૂંગીમંતર શેં થઈ ગઈ એ ભેદ તો સર ભગનને પણ ન સમજાયો.

વડીલોના એક વેણુને ચાર કરીને વ્યાજ સાથે પાછાં વાળનારી આ અર્વાચીના આજે મધ્યયુગીન આજ્ઞાંકિત સુપુત્રીની પેઠે

શે વરતી રહી છે?

કોઈ આરોપીની ઊલટતપાસ લેતા હોય એ ઢબે સર ભગને ફેરવીફેરવીને પૂછગાછ કરવા માંડી.

ગુરુચરન કહે છે કે કંદર્પ દરવાજેથી તો નથી પેઠો, તો એ બંગલામાં આવ્યો જ કેમ કરીને? બીજે કયાંય ખેતરના ખોડીબારા જેવું છીંડું કે છટકબારી છે કયાંય? જૂના રાજમહેલો જેવી નાકાબારી છે કયાંય? નહિતર, આંખના પલકારામાં જ એ રસોડામાંથી અલોપ કેમ કરીને થઈ જાય?

પ્રશ્નોની ઝડી વરસી રહી, છતાં તિલોત્તમા તો શીંગકાજુ, મધ ને શુદ્ધ તાડગોળ પર જ નભનારા નરદમ મૂક સેવકની જેમ મૂંગી જ રહી.

આખરે, માઈક દેખીને ભલભલા મૂક સેવકોની વૈખરીને પણ વાચા ફૂટે ને શ્રોતાઓને બુલંદ પડકાર ને જોરદાર હાકલ કરી રહે એમ તિલોત્તમા પણ લાંબા મૌન પછી એકાએક વાચાળ બની ગઈ અને બોલી ઊઠી.

'પપા, આઈ એમ સોરી—'

'શું?'

'મારી ભૂલ થઈ ગઈ. એ ભૂલ સુધારવા જ મેં આજે કંદર્પને બોલાવેલો.'

'અને ભૂલ સુધારી?'

'હા,'

'કેવી રીતે?'

'મેં એને ચોખ્ખું સંભળાવી દીધું—'

'શું?'

'કે હવે પછી મને તારું મોઢું જ ન બતાવીશ. જા, કળું કર—'

'સાચું કહે છે?'

'તમારા જ સોગંદ.'

'મારા સોગંદ સાચા ન મનાય. હું મરી જાઉં તો તો તને મહાસુખ થઈ જાય, એ હું જાણું જ છું—'

'તો મમ્મીના સોગંદ ખાઉં ?'

'અલી, તારા પપાને મૂકીને મને શાની ખાવા નીકળે છે ?' લેડી જકલ બોલી ઊઠયાં, 'પેલા તારા નટરાજને જ ખા ને, એટલે એનો નિકાલ થઈ જાય.'

'અરે, સોગંદ ખાધા વિના શું સાચી વાત થઈ જ ન શકે ?' સર ભગન તાડૂકી ઊઠયા, 'આ ગાંધીજી સત્ય જ બોલતા, તે શું દર વખતે કોઈના સોગંદ ખાઈખાઈને જ બોલતા ?'

'નહિ જ તો વળી. સત્ય પોતે જ સ્વયંપ્રકાશિત છે, એમ અમારા પ્રોફેસર ક્લાસમાં કહે છે—'

'અરે, એ માટે કાંઈ પ્રોફેસરનો હવાલો આપવાની જરૂર નથી. તેં પોતે જ કંદર્પને શી વાત કરી એ કહી દે ને ?'

'મેં એને કહી દીધું કે આજ પછી આ બંગલામાં પગ મૂક્યો છે તો તારી ખેર નથી—'

'શાબાશ !'

'જીવ વહાલો હોય તો આ દિશામાં કદી આવીશ જ નહિ.'

'રંગ છે, દીકરી. પછી શું થયું ?'

'એવામાં બૂમાબૂમ થઈ પડી, ને તમે હાથમાં હૉકીસ્ટિક લઈને દોડતા આવો છો, એવી મહારાજે બાતમી આપી, એટલે કંદર્પ તો સાચે જ જીવ વહાલો ગણીને તીનપાંચ ગણી ગયો.'

'જોયું ને ! આ કહેવાય કલાકારો, પણ કાળજાના સાવ કાચા—મરઘીનાં પીલાં જેવા જ—'

આટલું બોલતાં સર ભગનને એકાએક યાદ આવ્યું કે આ શબ્દો અનુચિત હતા, તેથી થૂથૂકાર કરી રહ્યા.

'અરે, ગોખલામાંથી ગંગાજી કાઢો, મારે મોઢેથી મરઘીનાં

પીલાંની વાત થઈ ગઈ—'

તુરત લેડી જકલ ઊઠયાં. એક ભીંતિયા આરિયામાં ગૌછાણુ વડે લીંપેલ બારણા પાછળથી એમણે ગંગાજીની લોટી કાઢી.

યવનોના આમિષ આહાર માટે વપરાતી વાનગીને શબ્દોચ્ચાર માત્ર ભાષાના અલંકાર રૂપે પણ પોતાના પવિત્ર મુખેથી થઈ ગયો એનું પ્રાયશ્ચિત્ત કરવા સર ભગને તુરત ગંગાજલપાન વડે મુખશુદ્ધિ કરી નાખી.

જંતુનાશક દવાનો છંટકાવ થઈ ગયા પછીની બાથરૂમના જેવો સ્વચ્છતા–શુચિતાનો અનુભવ કરતા સર ભગને છુટકારાનો દમ એંચ્યો.

પુત્રીએ પેલા નટરાજને નન્નો સંભળાવી દીધો એથી પિતાને માથેથી હીણપતનો હિમાલય જેટલો ભાર ઊતરી ગયો હોય એવી હળવાશ તેઓ અનુભવી રહ્યા. બોલ્યા :

'દીકરી, આટલું ડહાપણ જરા વહેલું સૂઝયું હોત તો ?'

'પણ ગાંડપણ આચર્યા વિના ડહાપણ સૂઝે જ શી રીતે ?' તિલ્લુને બદલે લેડી જકલે જવાબ આપ્યો. અખિલ ભારત ભગિની મહામંડળનાં આજીવન પ્રમુખ તરીકે લેડી જકલને આવાં કેટલાંક સોનેરી સુવાક્યો જીભને ટેરવે જ રહી ગયાં હતાં.

'કાંઈ ફિકર નહિ, તિલ્લુ. કાંઈ જ ફિકર નહિ. તને ડહાપણ ભલે જરા મોડું સૂઝયું, પણ હજી બહુ મોડું થયું ન ગણાય—'

'એટલે ?'

'બહુ મોડું નહિ એટલે વહેલું જ ગણાય વળી. બીજું શું ?'

'પણ આ વહેલા–મોડાની આટલી બધી માથાકૂટ શાની કરો છો ?' લેડી જકલને બિનજરૂરી માથાકૂટ જરાય પસંદ ન હતી. તેઓ સ્ત્રીજાતિનાં હોવા છતાં ભલાં–ભોળિયાં, ઓલિયા–દોલિયા જેવાં અલ્લાના ઘરનાં માણસ હતાં. જીવન આનંદભેર, હસતાં-રમતાં, નાચતાંકૂદતાં, ખેલતાં ને ખાતાંપીતાં જીવી જવામાં જ

એમને રસ હતો. બિનજરૂરી ફિકરો કરીને જીવ બાળવાનું એટલે કે વજન ઘટાડવાનું એમને જરાય પસંદ નહોતું.

'તિલ્લુને આ ડહાપણ જરા મોડું સૂઝયું હોવા છતાંય સમયસર સૂઝયું છે.'

'શા પરથી કહો છો ?'

'કેમ કે હજી બાજી હાથમાંથી ચાલી નથી ગઈ.'

'કોના હાથમાંથી ?

'બુચાજીના.'

'બુચાજી ? એ કોણ વળી ?'

'કેમ વળી ? બુચાજીને ન ઓળખ્યા ? આપણા સોલિસિટર... બુચા, બુચા, બુચા, ઍન્ડ બુચા સૉલિસિટર્સના સિનિયર પાર્ટનર—'

'તે તમે મારી તિલ્લુને એ બબુચક બુચાજી જોડે અદરાવવા માગો છો ?'

'અરે રામ રામ રામ! તમે તો ઓડનું ચોડ ને વિવાહનું વરસી જેવું આડું ને ઊભું વેતરી નાખો છો, લેડી જકલ.'

'પણ તમે જ કહ્યું ને, કે બુચાજીના હાથમાંથી હજી બાજી ચાલી નથી ગઈ, એ ઉપરથી હું શું સમજું, કહો જોઉં ! તિલ્લુની જિંદગીની વાત ચાલતી હોય, ને બુચાજીનું તમે નામ લો, એટલે એનો અર્થ શો થાય એ તમે જ કહોની !'

'એ તો આપણી માલમિલકત સગેવગે કરવા માટે હજી બુચાજીના હાથમાં સમય બાકી છે, એમ કહેવા માગતો હતો.'

'તે આપની માલમિલકત કાંઈ રસ્તામાં રેઢી પડી છે કે એને સગેવગે કરવી પડે ?'

'સગેવગે કરવી એટલે સલામત કરવી.'

'પણ બિનસલામતી શી આવી પડી છે ?'

'આવી પડી તો નથી, પણ આવી રહી છે જરૂર. ઝડપભેર જોખમ આવી રહ્યું છે.'

'શાનું ?'

'અષ્ટગ્રહ યુતિનું.'

'હવે એ તો ગિરજા ગોરના ગપાટા.'

'ગપાટા નહિ, ગંભીર હકીકત છે. આખી દુનિયા ઉપર આફત તોળાઈ રહી છે. આ છાપાંમાં વાંચતા નથી ? દ્વાપર યુગમાં એક વાર અષ્ટગ્રહ ભેગા થયા હતા. મહાભારતનું યુદ્ધ થયું ત્યારે આવો ગ્રહયોગ હતો. અને હવે આ કલિયુગમાં ફરી પાછા એ જ આઠ ગ્રહો ભેગા થશે, ત્યારે ઉલ્કાપાત મચી જશે.'

'ગિરજાના ગપાટા—' જીવનના આનંદથી છલોછલ એવાં લેડી જકલને આવી દુઃખશોકમય વાત સાંભળવી ગમતી નહોતી.

'ગિરજાના ગપાટા નથી, દુનિયાભરના જ્યોતિષીઓની આ આગાહી છે કે અષ્ટગ્રહ યુતિને દિવસે દુનિયામાં નવાજૂની થશે.'

'તે થવા દો.'

'એમ થવા તે કેમ દેવાય ?'

'તે નહિ થવા દો તો કાંઈ અષ્ટગ્રહને આડા હાથ દેવા જશો ?'

'આડા હાથ ન દઈ શકીએ તોપણ પાણી પહેલાં પાળ તો બાંધી શકીએ ને ?'

'કેવી રીતે પાળ બાંધશો ?'

'એ આપણો ગિરજો ગોર કહેશે—' આમ કહીને સર ભગને બૂમ મારી: 'સેવંતીલાલ !'

શેઠના રહસ્યમંત્રીથી માંડીને રામા સુધીની અનેકવિધ કામગીરીઓ બજાવનાર સેવંતીલાલ આજ્ઞાંકિત અદાથી ઓરડામાં પેઠા એટલે સર ભગને ફરમાવ્યું :

'ગિરજા ગોરને ગાડી મોકલાવો.'

'જી, શેઠ.'

'અને બુચાજી બૅરિસ્ટરને ફોન કરો.'

'ફોનમાં શું કહું ?'

'કહો કે સ્ટૅમ્પ પેપરો લઈને આવી પહોંચો.'

'ભલે સાહેબ—' કહીને સેવંતીલાલ બહાર ગયા, એટલે સર ભગન બોલી રહ્યા :

'દીકરી તિલ્લુ, તું જ મારી તારણહાર છે.'

'પપા, મને શરમમાં ન નાખો. તમે તો મારા.'

'નહિ, નહિ, બેટા. ઈશ્વરે મને દીકરો તો નથી આપ્યો, એટલે પુ નામના નર્કમાંથી તારે જ મને તારવો પડશે.'

બોલતાંબોલતાં, સેંકડો સ્કૉચ-સોડા, પાનને પરિણામે સૂજી ગયેલી સર ભગનની ભરાવદાર લાલ આંખો જરા ભીની થઈ ગઈ.

વાતાવરણ જરા ગમગીન થઈ ગયું. તિલ્લુ અને લેડી જકલને પોતે કોઈના ઉઠમણામાં બેઠાં હોય એવો અનુભવ થઈ રહ્યો.

'દીકરી, તું પેલા શેતાનના સકંજામાંથી છૂટી એથી હું બહુ રાજી થયો છું.'

'સમય સમયનું કામ કરે છે, પપ્પા!'

'તું પુત્રસમોવડી બનીને મારી ગતિવિધિ કરાવજે.'

'અરે! આ તમે શું બોલો છો?' લેડી જકલ ગળગળાં થઈને કહી રહ્યાં. 'હજી તો આપણે સહુ જીવતાંજાગતાં છીએ.'

'હવે ઝાઝા દિવસ નહિ.'

'કેમ?'

'પૃથ્વીનો પોરો આવી રહ્યો છે.'

'અરે, પણ હજી આવવા તો દો, પડશે એવા દેવાશે. નાહક કાલનો દુકાળ આજે શાના પાડો છો?'

'તે પડે એ પહેલાં જ દેવા માટે તો આ બધી મહેનત કરી રહ્યો છું. ગિરજાએ કહ્યું છે કે મારા જન્માક્ષર એવા તો વિચિત્ર છે કે અષ્ટગ્રહની વધારેમાં વધારે અસર મને જ થાય.'

બોલતાંબોલતાં ફરી સર ભગનની સ્કૉચ વ્હિસ્કી–સૂજેલી આંખ ભીની થઈ આવી એથી લેડી જકલની આંખમાં પણ ઝળઝળિયાં

આવી ગયાં. એકમાત્ર તિલોત્તમા આ જીવન અને મૃત્યુની વિચિત્ર વાતો સાંભળીને મનમાં રમૂજ અનુભવતી હતી.

પતિને મોઢેથી વારેવારે પુ નામના નર્કની અને તારણહારની અને મોક્ષની અને એવીએવી વાતો સાંભળીને લેડી જકલની નજર સામે તો વૈતરણી નદી, પુ નામનું નર્ક, એ નારકીય યાતનાઓમાં શેકાઈ રહેલા માનવીઓ, યમદૂતો અને એમની વચ્ચે નર્કના સિતમો સહી રહેલા સર ભગનનાં ચિત્રો રમી રહ્યાં.

એ કલ્પનાચિત્રો જોઈને લેડી જકલ એવાં તો ગભરાઈ ગયાં કે એમનાથી બોલ્યા વિના ન રહેવાયું :

'અરે, પણ આ અષ્ટગ્રહી આવવાની જ હશે, ને તમારી ઉપર એની અસર થવાની જ હશે તો તે આ ગિરજો ગોર શી રીતે ટાળી આપવાનો હતો ?'

'ગિરજો ગરીબ હશે, પણ એ બ્રહ્મદેવ છે, એ ભૂલશો નહિ, લેડી જકલ !'

'મૂઓ એ લઘરવઘરિયો ને અરધો નાગડો ભામટો. એને તમે દેવ કહીને સાચા દેવનું અપમાન કરો છો.'

'એનો દેખાવ નહિ, એનું દૈવત જુઓ. આજે તો મને આ અષ્ટગ્રહીમાંથી ઉગારનાર બે જ માણસો છે.'

'બે ? બીજા કોણ વળી ?'

'એક તો આપણો ગોર ગિરજો, ને બીજા, બૅરિસ્ટર બુચાજી.'

*

'ગિરજાને ઘેરથી ગાડી પછી આવી છે.'

'પણ ગિરજો આવ્યો કે નહિ?'

'ઝોરાણીમાએ કહ્યું કે ગોર રુદ્રી કરાવવા ગયા છે, એટલે મોડા આવશે.'

'લો સાંભળો સમાચાર! તડ પડે ત્યારે રાંઢા મોંઘા થાય એ આનું નામ. વારુ, બુચાજી શું કહે છે?'

'ફરી ફોન કર્યો હતો. ઘેરથી નીકળી ગયા છે.'

'વકીલોનું આ બહુ સુખ. ખોટે બોલાવો તો ફીની લાલચે સાચે જ હાજર થઈ જાય. બિચારાઓને બેકારી પણ એવી જ છે. કહે છે, આ બુચાજી તો એમના રિજેન્ટ સ્ટ્રીટનાં કોટ-પાટલૂનની ધોલાઈ જેટલું પણ નથી રળતા. સાચી વાત, સેવંતીલાલ!'

'એટલે જ તો વકીલ-બૅરિસ્ટરો કાળાં કપડાં જ પહેરતા આવ્યા છે. એ મેલખાઉ કોટ દસ વરસ સુધી ધોવાય નહિ તોય કોઈને કશી ખબર ન પડે.'

'નહિ, નહિ. કાળો રંગ તો એમનાં કરતૂકનો રંગ છે. એ કજિયા-દલાલોએ કાળાંધોળાં બહુ કરવાં પડે ને! એટલે જ એ લોકો ગાઉન-હુડ કાળાં ને ગલપટા ધોળા રાખે છે.'

ફોનની ઘંટડી વાગી.

સર ભગને, આદતને જોરે જ વાસ્કુટમાંથી રોસ્કોપ ઘડિયાળમાં જોયું. અને બોલી ઊઠ્યા :

'મારકિટનો હશે.'

'જી હા, સાહેબ, મારકિટમાંથી જ છે,' સેવંતીલાલે ફોન ભીંચકીને 'હલ્લો હલ્લો' કરતાં કહ્યું.

'મારકિટમાં મૂકો ને પૂળો, હવે આખી પૃથ્વીનો પ્રલય આવી રહ્યો છે ત્યારે મારકિટના ભાવતાલને શું ધોઈ પીવા ?'

'પણ કહે છે સોનામાં અણધાર્યો ઉછાળો આવી ગયો.' સેવંતીલાલ ફોનના ભૂંગળા પર હાથ દાબીને બોલ્યા.

'એ શાથી ?'

'કહે છે લોકો હિજરત કરે છે ત્યારે માલમિલકત વેચીસાટીને સોનું લેતા જાય છે.'

'સોનું સડે નહિ, એ વાત સાચી. કાગળની નોટો તો ઊધઈ ખાઈ જાય.'

'પાટલો ઊંચે મથાળે ઊઘડીને સાંકડી વધઘટે બંધ રહ્યો છે.'

'મરશે વાયદાવાળા.'

'એરંડામાં નરમાઈ વધી છે.'

'મારો ઝાડુ એરંડાને.'

'સીંગદાણા દેશાવરની લેવાલીમાં ટકી રહ્યા હતા.'

'રોશે એ રાતી પાઘડીવાળા.'

'ઈસબગુલમાં વધારે નરમાઈ.'

'એ તો ઈસબગુલ વિના પણ સહુ નરમઘેંશ જ થઈ ગયા છે ને ?'

'શેરબજારમાં ટેકાના અભાવે કડાકો બોલી ગયો.'

'કડાકો તો હજી બાકી છે. એ તો ચોથી ફેબ્રુઆરીએ બોલશે, મકર રાશિમાં આઠેઆઠ ગ્રહ ભેગા થશે ત્યારે.'

સેવંતીલાલે ફોન ઉપર હથેળી દાબીને કહ્યું :

'કહે છે કે અષ્ટગ્રહ યુતિ વખતે ખગ્રાસ ગ્રહણ થવાનું છે અને ગ્રહણ ઘેરાતી વખતે વિમલ સરોવર ફાટવાની અફવા છે, એટલે ચારેય બાજુ ગભરાટ ફેલાઈ ગયો છે. એ ગભરાટને લીધે જ

બજારો બેસતાં જાય છે.'

'વિમલ સરોવર ફાટશે?' બોલતાં બોલતાં સર ભગનનો સાદ ફાટી ગયો. 'વિમલ સરોવર ફાટે તો તો બધેય જળબંબાકાર થઈ જાય.'

'એટલે જ લોકો માલમિલકત વેચી પરવારીને દૂરદૂર નાસવા માંડ્યા છે.'

'અરે, પણ વિમલ સરોવર ફાટે તો તો બધે પાણીને બદલે મોત જ ફરી વળે.'

'મૂવું આ દિવસ આખો મોતની ને મરવાની જ વાતો શી માંડી બેઠા છો?' આખરે લેડી જકલથી ન રહેવાયું. એમનામાં આ પ્રૌઢ ઉમ્મરે પણ ઊછળતો જીવનરસ આવી મૃત્યુની વાતો સાંભળીને બંડ પોકારી રહ્યો હતો.

'સર ભગન, આજે આપનો ટેનિસ રમવાનો ટાઈમ તમે આ અષ્ટગ્રહીની મોંકાણમાં વેડફી માર્યો.' પત્ની ફરિયાદ કરી રહી.

'લેડી જકલ, તમે તો આપણી તિલ્લુ કરતાંય નાનકડી બાળકી જેવાં જ રહ્યાં. અત્યારે દુનિયા આખી જીવન ને મરણ વચ્ચે ઝોલાં ખાઈ રહી છે ત્યારે તમને ટેનિસ રમવાનું સૂઝે છે?'

'ટેનિસ ન સૂઝે તો બીજું શું સૂઝે? વિમલ સરોવર ફાટવાનું જ હોય અને દુનિયા આખી ડૂબી જ જવાની હોય તો છેલ્લવેલ્લું ટેનિસ તો રમાય એટલું રમી જ લઈએ ને?'

'સિલી!'

'સિલી કહો કે બિલી કહો, મને તો ટેનિસ રમ્યા વિના ચેન નહિ પડે.'

'તમે તો ઘરણટાણે જ ટેનિસ રમવાનો સાપ કાઢ્યો!'

'ત્યારે શું કરું? એક તરફથી તમે જ કહો છો કે, લેડી જકલ તમે ઓવરવેઈટ છો, સોસાયટીમાં શોભતાં નથી, વજન ઘટાડો. એ ઉપરથી ડૌકટરે મને સ્લિમિંગ ડાયેટ ને ટેનિસની ભલામણ

ફરી. અત્યારે તમે જ મને ટેનિસમાં પાર્ટનરશિપ નથી આપતા.'

'આપણી બધી જ પાર્ટનરશિપો હવે હું તિલ્લુને આપી દેવા માગું છું.'

'હાય, હાય! આ શું બાફી માર્યું? બોલો છો કે બકો છો?'

'સૉરી. હું બિઝનેસની પાર્ટનરશિપની વાત કરતો હતો.'

'તો ઠીક', તાત્કાલિક રાહત અનુભવીને તુરત લેડી જકલે ચિંતાતુર પ્રશ્ન પૂછ્યો: 'તે શું તમે બધું તિલ્લુને જ આપી દેશો?'

'છૂટકો જ નથી. આપણે તો પુત્રી કે પુત્ર—જે ગણો તે આ એક તિલ્લુ જ છે ને? પેલા સાહિત્યકારો જેને પુત્રસમોવડી કહે છે, એવી જ. આપણે બેઉ તો, અષ્ટગ્રહીને દહાડે વલ્કલ પહેરીને યજ્ઞવેદી પર બેઠાં હોઈશું; પછી જીવતાં રહીશું તો પાછાં આવીશું.'

'એ વલ્કલ-બલ્કલ મારાથી નહિ પહેરાય. આ તમને સાફ કહી દીધું.'

'પણ આમાં તમારું કહ્યું ન ચાલે.'

'તો કોનું ચાલે?'

'ગિરજાશંકર ગોરનું. ગોરદેવતા કહે એ પ્રમાણે જ બધું કરવું પડે. નહિતર ગ્રહદેવતાઓ કોપે.'

'મૂઆ એ ગ્રહો. આકાશમાં એટલે દૂર રહ્યેરહ્યે પણ લોહી પી ગયા છે.'

'ગ્રહોને ગાળ ન દો, લેડી જકલ. એ સર્વશક્તિમાન છે. આપણે મનુષ્યો મઈ-મગતરાં છીએ. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં સાત ગ્રહોની યુતિ થયેલી ત્યારે મહાભારત યુદ્ધ ખેલાયું હતું. તો આ ફેબ્રુઆરીમાં તો સાતને બદલે આઠ-આઠ ગ્રહો મકર રાશિમાં એકઠા થાય છે, ત્યારે શું નહિ થાય અને શું બાકી રહેશે?'

'તમે જાણો ને તમારા એ ગ્રહો જાણે. હું તો મારે આ ચાલી ટેનિસકોર્ટ ઉપર.'

'પણ એકલાં જ?'

'આ ક્યાં રાંદલમા પાસે સાંતક બેસવાનું છે કે વરઘોડિયાંએ છેડાછેડી બાંધીને ભેગાં જ બેસવું પડે? હું મારે સોલોમનને પાર્ટનર તરીકે બોલાવીશ.'

'સોલોમન! કુત્તામાસ્તર?'

'હા, કુત્તામાસ્તર થયો એથી શું બગડી ગયું? તમારા કરતાં એ વધારે લવ કરે છે. મેન્સ સિંગલ્સમાં તો એ ચેમ્પિયનશિપ લાવ્યો છે.'

સોલોમન આ શ્રીભવન વસાહતનો સત્તાવાર કુત્તામાસ્તર હતો. વિવિધ વર્ણનાં, વયનાં અને ઓલાદનાં વીસ કૂતરાંઓનું ખાસ્સું ટોળું એની સંભાળ તળે રહેતું હતું.

'પણ આજનો દહાડો તમે ટેનિસ નહિ રમો તો શું ખાટું-મોળું થઈ જવાનું છે?'

'આજની મારી કૅલરીઝ વજનમાં ઉમેરાઈ જાય.'

સાંભળીને સર ભગને માનસિક રીતે કાનબૂટ પકડી. પત્નીની દલીલ એમને હૃદયસોંસરી ઊતરી ગઈ. આજે લેડી જકલ ટેનિસ ન રમે તો આજના એમના ખોરાકની બધી કૅલરી વજનમાં ઉમેરાઈ જાય તો અસહ્ય કહેવાય. તેથી જ, એમણે સોલોમનના સંગાથને સત્વર સંમતિ આપી દીધી.

'વારુ જાઓ, રમી આવો. પણ બુચાજી બધા સ્ટૅમ્પ-પેપરો પર દસ્તાવેજ કરે ત્યારે મત્તું મારવા તો આવશો ને?'

'શાવર લીધા પહેલાં નહિ. આમેય, આ સહીસિક્કા કરીને આપણે તો નાહી જ નાખવાનું છે ને? તો હું પહેલેથી જ નાહી-ધોઈને આવીશ.'

'જેવી તમારી મરજી.' કહીને સર ભગને સેક્રેટરીને પૂછ્યું: 'આ બુચાજીને આવતાં હજી કેટલી વાર?'

'નીકળી તો ગયા છે, પણ અત્યારે ટ્રાફિક જામ હોય, એમાં ગાડી ફસાઈ ગઈ હશે.'

'અરે બાવા, ગાડી તો કીથે બી ફસાઈ નહિ હુતી.' કરતાક-ને બૅરિસ્ટર બુચાજી દીવાનખંડમાં પેઠા.

'તો ક્યાં ફસાયેલ ?'

'આય તમારો પેલો ડોરકીપર...કોન બણુચકને પકડી લાઈવા છ ?'

'ગુરખો ? ગુરુચરણ ?'

'હા, એ નેપાલ બાજુની જ ઓલાદ જણાય છે. તે હું જાણે કે ખૂની–લૂટેરો કે ડાકુ હોઉં ને, એમ મને પજવવા લાગિયો. કે'છ કે અજાનિયા માનસોને બંગલામાં પેસવાની જ શેઠે મનાઈ કીધી છ...સાચી વાત, સર ભગન ?'

'સાચી વાત. મનાઈ તો કીધેલી, પણ તમારે માટે નહિ.'

'મેં પન એ ઇડિયટને એમ જ કીધું કે અઈલા અક્કલના બારદાન, બીજા બધા લોક માટે ઘરનાં બારણાં બંધ કરો તો ચાલે, પણ દાક્તર ને વકીલ માટે તો રાઉન્ડ ધ ક્લૉક ઓપન-ડોર રાખવાં જોઈએ. ખરું ને સર ભગન ?'

'સાવ સાચું કહ્યું.'

'અગાઉ હિન્દુ-મુસલમાનનાં હુલ્લડો થતાં ત્યારે ડસ્ક ટુ ડૉન કરફ્યુમાં પણ દાક્તરો-વકીલોને તો ફરવાની છૂટ અપાતી જ. દાક્તરોએ પેલાં ઘવાયેલાંઓની સારવાર કરવી પડે ને વકીલોએ એ ઘાયલ કરનારાઓને જામીનખતના સ્ટૅમ્પ-પેપર આપીને છોડા-વવા પડે. કેમ બોલિયા નહિ, સર ભગન ?'

'અત્યારે તમે સ્ટૅમ્પ-પેપરો લાવ્યા છો કે ?'

'માગો તેટલાં; ને માગો તે સાલનાં ક્વીન વિક્ટોરીયાના મ્હોરાવાલો જૂનામાં જૂનો સ્ટૅમ્પ-પેપર બી આ બુચાજીના બ્રીફ-કેસમાંથી મલી આવશે. જૂનું તે સુનું. કેમ બોલિયા નહિ સર ભગન ?'

'આજે આપણે બોલબોલ કરવાને બદલે મૂંગામૂંગા કામ

કરવાનું છે.'

'તે ફરમાવો ને બાવા, આય સેવક તૈયાર જ છે.'

*

સર ભગન એટલે ભારતના એક ઔદ્યોગિક શહેનશાહ. 'ભગન ગ્રૂપ ઑફ ઇન્ડસ્ટ્રીઝ'ને નામે મશહૂર થયેલ એમનાં અસંખ્ય ઔદ્યોગિક સાહસોનો પ્રસાર અને પથારો પણ એક સામ્રાજ્ય જેટલો જ હતો. એમાં કાપડથી કોલિયરી સુધીનું ને દીવાસળીથી માંડીને દવા-દારૂ સુધીનું બહોળું વૈવિધ્ય હતું. આ ઉદ્યોગપતિ વિશે કહેવાતું કે તેઓ ધૂળમાંથી સોનું બનાવી શકે એવા કાબેલ કીમિયાગર છે. અને સાચે જ સર ભગનના ઔદ્યોગિક સામ્રાજ્યમાં મૅંગેનિઝની ખાણોની સાથેસાથ જ ધૂળખાણોનો પણ સમાવેશ થતો હતો અને સાચે જ એ ધૂળમાંથી તેઓ વૉશિંગ સોડાનું સર્જન કરતા હતા.

આવા ધરખમ સામ્રાજ્યનો ત્યાગ કરવાનું કાંઈ સહેલું નહોતું. છતાં જનક વિદેહી જેવી નિઃસ્પૃહતાથી એમણે આ ઔદ્યોગિક સામ્રાજ્યનું વિસર્જન કરવા માંડયું. પોતાનાં સઘળાં હિતો અને હક્કો એમણે તિલોત્તમાને નામે ચડાવવા માંડયાં.

જેના પરથી સૂરજ કદી આથમતો જ નહિ એવા વ્યાપક બ્રિટિશ સામ્રાજ્યના વિસર્જનનો વિચાર કરનાર અંગ્રેજ મુત્સદ્દીઓ જેવી જ મનોદશા અત્યારે સર ભગન ધરાવી રહ્યા હતા. બ્રિટિશરો બીજા વિશ્વયુદ્ધની પછડાટ ખાઈને ખોખરા થઈ ગયા હતા અને સામ્રાજ્ય સાચવી શકવાને અશક્ત બની ગયા હતા, એમ સર ભગન પણ અષ્ટગ્રહીના ગભરાટમાં ઢીલાઢફ થઈ ગયા હતા.

પોતે દેશભરની કેટલી લિમિટેડ કંપનીઓમાં ડિરેક્ટરપદ ધરાવતા હતા એની ચોક્કસ સંખ્યા ખુદ સર ભગનને યાદ રહી શકતી નહોતી. કેટલી કંપનીઓમાં તેઓ અંકુશાત્મક હિસ્સો ધરાવતા હતા એની સંખ્યા પણ એમણે સેક્રેટરીને પૂછવી પડતી.

ઉપરાંત પોતાની સુવાંગ માલિકીની કેટલી ઔદ્યોગિક સંસ્થાઓ હતી, એનો ચોક્કસ આંકડો એમને ચોપડાઓમાં જોવો પડતો. આર્થિક હિતોનો આવડો જબરો પથારો સંકેલીને પુત્રીને નામે ચડાવતાં પણ કેટલો સમય લાગે! એ તો સારું થયું કે બૅરિસ્ટર બુચાજીના બ્રીફકેસમાંથી માગો તેટલા સ્ટૅમ્પ-પેપર નીકળતા જ રહ્યા અને સેક્રેટરી સેવંતીલાલ એના ઉપર ટપોટપ ટાઈપ કરતા રહ્યા.

આવી રહેલ અષ્ટગ્રહ યુતિથી અકળાઈ ઊઠેલા સર ભગન આજે 'તેન ત્યકતેન ભૂંજીથાઃ'ના ગીતાબોધ્યા ઉપદેશને અમલમાં મૂકી રહ્યા હતા.

દીવાનખંડમાં કોઈના ઉઠમણાનું પાથરણું પડ્યું હોય એવી ઉદાસી છવાઈ ગઈ હતી.

આવી ઉદાસી વચ્ચે એક માત્ર બુચાજી આનંદ અનુભવી રહ્યા હતા. કોઈની દાઢી સળગે ત્યારે તાપણું માણવા મળે એ ઢબે સર ભગનના આ ત્યાગપત્ર ટાઈપ કરાવતાં કરાવતાં આ બેકાર બૅરિસ્ટર-ને પોતાની ફીનો તડાકો પડી રહ્યો હતો; એનો આનંદ એમના હૃદયમાંથી ઊભરાઈને આંખ વાટે છલકાતો હતો.

સાલોમન જોડે ટૅનિસ ખેલીને અને પેટ ભરીને ફુવારા-સ્નાન કરીને લેડી જકલ દીવાનખંડમાં પેઠાં ત્યારે 'શ્રીભવન'ને સિંહદ્વારે ગોકીરો ઊઠતો સંભળાયો:

'મારી નાખ્યો!'

'બાપલિયા રે!'

'બચાવો! બચાવો!'

'વોય માડી રે!'

*

'આ શું ? શાનો ગોકીરો છે ?'

'ગુરુચરન બરાડા પાડતો લાગે છે.'

'કોઈને ઝાંપાને બારણે અટકાવ્યો લાગે છે.'

'એ તો પેલો નાચણિયો–કૂદણિયો હશે.'

'નહિ પપ્પા, કંદર્પકુમાર હવે કોઈ દિવસ આ ઘરમાં પગ નહિ મૂકે,' તિલ્લુએ વચ્ચે ખુલાસો કરી દીધો. 'આ તો ઝાંપા બહાર બીજો જ કોઈ હશે.'

એટલી વારમાં તો ઘુમરાણ બમણું થઈ ગયું. ગુરુચરનના બરાડા વધી ગયા. આજુબાજુથી એકઠા થયેલા રાહદારીઓ દખલ કે દરમિયાનગીરી કરતા હોય કે ચોવટ ડહોળતા હોય એવા અવાજો પણ આવવા માંડચા.

'આ ગુરખો તો સાવ ગુરખો જ રહ્યો. બંગલાનો ચોકિયાત બન્યો છે, પણ અક્કલનો છાંટો ન મળે.'

'એટલે જ તો એ ચોકિયાત બનિયો છ.' બુચાજી બોલ્યા, 'એવનમાં અક્કલ હોતે તો તો આપના જેવો મોટો ઇન્ડસ્ટ્રીયાલિસ્ટ નહિ બનતે ?'

'અરે, પણ આ તો અત્યારથી જ વિમલ સરોવર ફાટયું હોય એવો ગોકીરો કરી પડચો છે.'

'એમાં એનો કશો વાંક નથી, પપ્પા,' તિલ્લુએ સમજાવ્યું, 'તમે એને હુકમ કર્યો છે કે કોઈ પણ અજાણ્યા માણસને કમ્પાઉન્ડના દરવાજામાં પગ જ મૂકવા ન દેવો, પછી એ બીજું શું કરે ?'

'અરે, પણ એમાંય માણસ જરા અક્કલ તો વાપરે કે બુચાજી જેવા બૅરિસ્ટરને પણ રોકી જ રાખે.'

'અરે બાવા, એ ગરીબ મનિસમાં અક્કલ હોતે તો તો તમારી કાની ઇન્ડસ્ટ્રીયલ ટાઈકુન ન બની બેસતે?' બુચાજી બોલ્યા.

આ દરમિયાન સેવંતીલાલ દોડતા દરવાજે પહોંચી ગયેલા. ગુરખાના બરાડા અને રાહદારીઓના અવાજો એકાએક બંધ પડી ગયા હતા તેથી સર ભગનને પણ નવાઈ લાગી.

'પેલો અજાણ્યો માણુસ પાછો ગયો લાગે છે,' એમ સર ભગન હજી તો અનુમાન કરી રહ્યા હતા ત્યાં જ સેવંતીલાલે આવીને કહ્યું:

'નહિ સાહેબ, એ અંદર આવી ગયો છે.'

'કોણ હતો એ? પેલો નાચણિયો કંદર્પકુમાર?'

'નહિ, જી, એ તો આપણો ગિરજો ગોર હતો.'

'અરે, મરે રે એ મૂઓ ગુરખો,' લેડી જકલ કોપી ઊઠયાં, 'એ ગરીબડા ગોરદેવતાને આટલા હેરાન કર્યા એણે? એ અડબંગ આપણા કુળગોરને પણ ન ઓળખે?'

'ગોરબાપા ઓળખાય એવા રહ્યા જ નથી.' સેવંતીલાલે કહ્યું.

'કેમ?'

'એમણે પૂળા એક દાઢી વધારી છે.'

'દાઢી? ગિરજાને દાઢી? એ તો બ્રાહ્મણ છે કે સરદારજી?'

'એવી દાઢી નહિ. પણ મેં એને પૂછ્યું ત્યારે કહ્યું કે ગયા ચોમાસામાં એણે પંચકેશ વધારેલા એની આ દાઢી.'

'તે ચોમાસું ગયું તોય હજી બોડાવી નથી?

આ સવાલ, બારણામાં પેસતો ગિરજો સાંભળી ગયો હશે તે એકાએક પ્રવેશીને બોલી ઊઠયો:

'આ શનિવારે હીરિયા નાઈની ડોસીનું સરામણું કરાવવા જઈશ ત્યારે ભેગાભેગો એને હાથે જ દાઢી કરાવતો આવીશ.'

'મરો તમે,' લેડી જકલ બોલી ઊઠયાં, 'મફત બોડાવવાના

ક્ષોભમાં ને લોભમાં આમ સરદારજી જેવા થઈને ફર્યા કરો છો.'

'એટલે જ પેલો ગુરખો તમને ટેક્સીવાલા સરદારજી સમજી બેઠો ને?' ભુચાજી બોલ્યા.

'નહિ, ગુરખો તો આમને નૃત્યકાર કે ચિત્રકાર કે કવિ કે એવું કશુંક સમજીને ટીપવા લાગેલો.' સેવંતીલાલે સમજાવ્યું, 'ગુરુચરન તો એમ જ માને છે કે દાઢી વધારે એ બધા જ કવિ કે કલાકાર હોય, એટલે એણે તો આંખ મીચીને જ ડંડો ઉગામેલો.'

'એ માણસ તો આમેય આખો દિવસ આંખ મીચીને જ ચોકી કરતો હોય છે.'

'ઈશ્વરે એ કોમને એવી જ આંખો આપી, એમાં ગુરુચરનનો શો વાંક?'

'પણ આપણા ગોરદેવતાને કવિ સમજીને આંધળે બહેરું કૂટી માર્યું ને?' સર ભગને કહ્યું. અને પછી સેવંતીલાલને ફરમાવ્યું: 'જાઓ, ગોરબાપાને આપણા દામા પારેખ પાસે લઈ જાઓ ને ક્લીન શેવ કરાવી લાવો.'

દામા પારેખ એટલે શ્રીભવનના સુવાંગ ક્ષૌરકર્મ કાર્યાલયના અધિષ્ઠાતા. સર ભગનને ત્યાં ફેમિલી ડૉક્ટર, ફેમિલી સૉલિસીટર, ફેમિલી શિક્ષક વગેરેનો જે ગંજાવર કાફલો હતો એમાં ફેમિલી વાળંદ પણ હતા અને એ સ્થાન દામા પારેખને ફાળે આવ્યું હતું. ગોરા લાટસાહેબના જમાનાથી બંગલાની ઓતરાદી વસાહતમાં દામા પારેખના દાદાને વસવાટ મળેલો. આજે તો એમની ત્રીજી પેઢી પાંગરી રહી હતી. ત્રણ-ત્રણ પેઢી થયાં તેઓ આ વસાહતના માલિકને મૂંડતા આવેલા.

સેવંતીલાલ કુળગોરને લઈને દામા પારેખના ક્વાર્ટર્સ તરફ જવા નીકળ્યા એટલે સર ભગને બેવડી રાહતનો દમ ખેંચ્યો: એક તો, દાઢી બોડેલા ગોરદેવતા જોડે વાતચીત કરવામાં આરોગ્યની દૃષ્ટિએ વધારે સ્વચ્છતા જળવાશે એ, અને બીજી, તે મહત્ત્વનાં

ઓચરિયાં ને દસ્તાવેજો ઉપર સહીસિક્કા કરવાનું કામ નિરાંતે પતાવી શકાશે.

સર ભગનની ઇચ્છા મુજબ બધાં જ કાગળિયાં ને કરારપત્રો તૈયાર થઈ ગયાં. એટલે બુચાજી બોલી ઊઠચા :

'બાવાજી, તમે તો કાંઈ ગજબ કરી નાખિયું.'

'શું ?'

'આય લાખ્ખોની માલમિલકત એક નખ જેવડી નાલ્લી પોરીને નામે ચડાવી દીધી...ગજબ કરિયો તમે.'

'આમેય હવે નવા કાયદા મુજબ છોકરીઓને વારસાહક્ક તો મળે જ છે.'

'પણ એ તો બાવા, તમારી હયાતી પછી જ.'

'હવે આ અષ્ટગ્રહીમાં કોઈની હયાતી રહેવાની જ નથી, પછી શું ? ચોથી ફેબ્રુઆરીએ વિમલ તળાવ ફાટે ત્યારે...'

'અરે બાવા, એ તો હજી ફાટે ત્યારે ને ? ફોગટના અત્યારથી જ આટલા ગભરાટમાં શાના ફાટી રહ્યા છો ?'

બુચાજીના આ પ્રશ્નનો ઉત્તર લેડી જકલે જ આપી દીધો :

'એ તો વિમલ તળાવ ફાટે અને એનાં પાણી ફરી વળે એ પહેલાં પાળ બાંધી રહ્યા છે.'

'આય તમારી એસ્ટ્રોલોજી બી કમાલ દેખું છ. બાવા, તલાવ જેવા તલાવને ફાડી નાખવાની વાતો કરે છે, પેલા દુત્તા બમન લોકો.'

'અરે, આસ્તે, આસ્તે બોલો, પેલો ગિરજો સાંભળી જશે તો તમને શાપ આપશે.'

'અરે, જે મનિસ શવિંગ નથી કરી શકતો એ શાપ શું આપવાનો હતો, કપાળ એના બાવાજીનું ?' કહેતાં કહેતાં બુચાજીની નજર તિલોત્તમા તરફ ગઈ અને એ એકાએક બોલી ઊઠચા : 'અલી તિલ્લુ, દુત્તી, આમ મૂછમાં શાની હસી રહી છ ?'

'મને તમારી ઉપર જ હસવું આવે છે.'

'અરે, આ તારાં મમ્મી-પપ્પા અહીં મોતની રાહ જોતાં બેઠાં છે, ને તને હસવાનું સૂઝે છ !'

બુચાજીની વાત સાચી હતી. અત્યારે દીવાનખંડમાં બિછાવેલો અસલી ઇરાની ગાલીચો કોઈના ઉઠમણાની સાદડી જેવો લાગતો હતો. સર ભગન યમરાજના તેડાની રાહ જોતા હોય એવા અસ્વસ્થ જણાતા હતા છતાં એમણે ખેલદિલીથી બુચાજીને કહ્યું :

'ભલે હસે. મારે દીકરો કે દીકરી, જે ગણો તે આ એક તિલ્લુ જ છે. એ ભલે હસતી. એ એક હસતી રહે તો મારું જીવન અને મૃત્યુ બેઉ સાર્થક થશે.'

સાંભળીને તિલ્લુ વધારે હસી.

બુચાજી બોલ્યા : 'ભલે બાવા, ભલે હસવા દો. પોરીને હસવા દો. હસે તેનાં ઘર વસે.'

આથી તો તિલોત્તમાએ વધારે રમૂજ અનુભવી અને વધારે હસવા માંડ્યું. માતાપિતાને અવિનય જેવું ન લાગે એ ખાતર એણે મોં આડે રૂમાલ દાબીને હસવા માંડ્યું.

'કેમ રે, અલી, આમ હાહા હીહી કરે છ ?' બુચાજીએ પૂછ્યું.

તિલ્લુએ યૌવનસહજ શરમ અનુભવી એટલે લેડી જકલે જ ખુલાસો કર્યો :

'એ તો તમે એને હસે તેનાં ઘર વસે એવી વાત કરી ને, એટલે જ.'

'તે એમાં ખોટું સું કીધું ? ને એમાં હસવા જેવું બી સું છ ?'

'કશું જ નહીં. પણ આજકાલની છોકરીઓ ! આ કલા–કલા કરીને નાચ્યા કરે એમાં પછી ઘર ક્યાંથી વસે ?'

'પન હજી ક્યાં મોડું થઈ ગયું છે ?' તિલ્લુની ઉંમર કાંઈ વીતી નથી ગઈ. અમારે પારસીઓમાં તો ચાલીસ વરસ પહેલાં અદરાવાનો આખડિયા બી કોઈને નહીં સૂઝવાનો.'

'તમારી વાત તમે જાણો.' લેડી જકલ બોલ્યાં, 'અમે તો ચાળીસમે વર્ષે સંસારમાંથી પરવારી જઈએ ત્યારે તમે ઘોડે ચડવા નીકળો.'

'હું તો હજી ઘોડે ચડવા નીકળિયો બી નથી, લેડી જકલ.' બુચાજી બોલ્યા, 'મારા બહિસ્તનશીન બાવાજી પચાસમે વરસે પનિયા ઉતા. ને મને તો હજી પિસ્તાલીસમું જ ચાલે છ.'

'ના, ના, તમે તો હજી સાઠના થાઓ ત્યારે જ અદરાવાનો વિચાર કરજો. બાપ કરતાં બેટા સવાયા થાય તો જ શોભે ને?'

લેડી જકલનો આ ટોણો બુચાજીને અણધાર્યો જ મર્મસ્થાને વાગી ગયો. હું પિસ્તાળીસનો થયો અને હજી સાઠનો થવા માટે મારે પંદર વરસ રાહ જોવાની?

આ મહેણું પોતે જ એક સૂચન બની રહ્યું. બુચાજીની આંખ ક્ષણાર્ધ પૂરતી ચમકી ઊઠી.

એ ચમકેલી આંખ સામે બે વસ્તુઓ તરવરતી હતી: એક તો પોતે સામટા સ્ટૅમ્પ-પેપર ઉપર તિલોત્તમાને નામે ટ્રાન્સ્ફર કરેલી સર ભગનની મબલખ મિલકત અને બીજી, એ અઢળક સંપત્તિની વારસદાર, અવિવાહિતા, સોજ્જી ને સુંદર પોરી તિલોત્તમા.

અરે, આ લાખોની વારસદાર પોતાની મહેરદાર બને તો? તો તો આ બૅરિસ્ટરની બેકારી હંમેશને માટે ટળી જાય...

બુચાજીનું દિવાસ્વપ્ન આકાર લઈ રહ્યું.

આમ તો, સર ભગનની આ વકીલાત કરી આપવાથી પોતાની બુચા, બુચા, બુચા ઍન્ડ બુચાની પેઢીને એના વપરાયેલા સ્ટૅમ્પ-પેપરોના હિસાબે થતી રકમ મળશે. બુચાજીને પોતાને આ કામ કરી આપવાની અલગ ફી મળશે. પેઢીના સીનિયર પાર્ટનર તરીકે-નો પોતાને બે આની હિસ્સો વધારે મળશે. પણ એથી શો શુક્કર-વાર વળવાનો હતો? આ તો આંગળાં ચાટીને પેટ ભરવા જેવો ધંધો થયો. પોતાના મેલાઘાણ કાળા ડગલાના ડ્રાયક્લીનિંગનું શું?

આમ ને આમ કડકાબાલૂસ તરીકે જિંદગી ક્યાં સુધી ગુજારવી ?

બુચાજીની આંખ સામે ક્રૂર વાસ્તવિકતાઓથી ભરેલું આ એક ચિત્ર રમી રહ્યું કે તુરત, એને સામે પડછે બીજું કલ્પનાચિત્ર રચાઈ રહ્યું. તિલોત્તમા જેવી તાલેવર મહોરદાર જોડે પોતે અદરાયા હોય તો ? તો તો પોતે ન્યાલ થઈ જાય. આ મેલાઘાણુ કાળા ડગલાના ડ્રાયક્લીનિંગનો સવાલ જ ઊકલી જાય. અરે, પછી તો આ વકીલાતનો કાળોમેશ અળખામણો ડગલો પહેરવો જ શાનો પડે ? પોતે કાયમને માટે આર-બાવન ને આલપાકા સિવાય બીજું કાપડ જ શાના પહેરે ? અને સર ભગન સાચે જ આ અષ્ટગ્રહીમાં ઊકલી જાય તો એમની જગ્યાએ પેલા સોફા પર હું જ બિરાજમાન થઈ જાઉં......

વિવિધ સ્થાવરજંગમ મિલકતોના દસ્તાવેજો ઉપર સર ભગન અને લેડી જકલ મત્તું મારીમારીને પુત્રોને નામે ચડાવી રહ્યાં હતાં તે દરમિયાન બુચાજીની આંખ ચમકી રહી હતી. આ બધી માલમત્તા મારી જ તરફેણમાં આવી પડે, જો ખોદાયજી જરાક જ મહેરબાની કરે...આ પોટ્ટીને મારી મહોરદાર બનાવે તો—

'હજી તે કેટલાં કાગળિયાં બાકી છે ? લેડી જકલ કંટાળીને બોલી ઊઠયાં, 'હું તો સહી કરીકરીને થાકી ગઈ.'

'તે અમે હજારો શૅર સર્ટિફિકેટ ઉપર ને એના ટ્રાન્સફરનાં ઓચરિયાં ઉપર દિવસ ને રાત બિલાડાં ચિતરીએ છીએ તે અમને થાક નહિ લાગતો હોય કે ?' સર ભગને દયાયાચક અવાજે પૂછ્યું.

'ડૉક્ટર કહેતા હતા કે દિવસ આખો બેઠેબેઠે ઓચરિયાં ને ચેકબુકો પર સહીઓ કરી કરીને જ તમને ડિસ્પેપ્સિયા થઈ ગયો છે.'

'એટલે તો એણે તમારી જોડે ટેનિસ રમવાની ભલામણ કરી.'

'પણ તમને શટલકૉક ઉછાળતાં તો હજી ફાવતું નથી, ને ટૅનિસ રમવાની મહેનત કરો, એમાં ડિસ્પેપ્સિયા ક્યાંથી દૂર થાય ?'

'કાંઈ નહીં, હવે આ અષ્ટગ્રહની યુતિ થશે ને વિમલ તળાવ ફાટશે એટલે આપણો જ નિકાલ થઈ જશે, એટલે નિરાંત.'

'અરરરરર ! આવું અમંગળ કાં બોલો ?' એક સ્ટૅમ્પ-પેપર ઉપર સહી કરતાં લેડી જકલની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં.

અને પછી, ઈશ્વરને પ્રાર્થના કરતાં હોય એ ઢબે તેઓ બોલી રહ્યાં :

'હે ભગવાન ! મારું હેવાતણ અખંડ રાખજે.'

આ કરુણ દૃશ્ય સર ભગન જેવા અઠંગ ઉદ્યોગપતિને પણ સ્પર્શી ગયું. એમણે તુરત સેવંતીલાલને પૂછ્યું :

'ગિરજાની દાઢી બોડાઈ રહી કે નહિ ?'

'દાઢી તો ક્યારની બોડાઈ ગઈ છે.'

'તો પછી એ ક્યાં રોકાયો ?'

'નાહવા ગયો છે.'

'અત્યારે એને નાહવાનું સૂઝ્યું ?'

'કહે છે કે મારા યજમાન સિવાયના વાળંદ પાસે દાઢી બોડાવી છે એટલે મારે શુદ્ધિ માટે સાત વાર કટિસ્નાન કરવું પડશે.'

*

## ૫. પ્રલય પહેલાં

'પ્રલય ! ...પ્રલય !'

અષ્ટગ્રહ યુતિની અસરો અંગે આગાહી કરતાં કરતાં ગિરજો ગોર વાક્યમાંના પૂર્ણવિરામની પેઠે જ પ્રલય શબ્દનો ઉપયોગ કરતો હતો.

'સર્વનાશ ! સર્વનાશ !'

વાક્યમાંના અર્ધવિરામ તરીકે એ સર્વનાશનો ઉચ્ચાર કરતો હતો.

'સાત ગ્રહ ભેગા થયેલા ત્યારે કૌરવ–પાંડવનું યુદ્ધ થયું હતું. આ વખતે તો આઠેઆઠની યુતિ છે. મહાભારતને પણ ભુલાવે એવો સંહાર સરજાશે.'

સર ભગન પોતાના કુળગોરને શ્રીમુખેથી એક પછી એક વિગત સાંભળતા જતા હતા, અને અંગેઅંગમાં થરથરતા જતા હતા. જીવનની ક્ષણભંગુરતાનું આવું તીવ્ર ભાન એમને અગાઉ કદીય થયું નહોતું.

લેડી જકલ પોતાના જીવનનો એશ અને આનંદ ઉડાડી મૂકનારા પેલા દૂરદૂરના ગ્રહોને મનમાં ભાંડી રહ્યાં હતાં. મૂઓ એ બુધ ને મૂઓ એ શુક્ર...માંડ ઠરીને શાંતિથી રહેતાં હતાં એમાં એમણે આઠેયે ભેગા થઈને વિઘ્ન ઊભું કર્યું.

અષ્ટગ્રહની આગાહીથી આ દુનિયામાં વધુમાં વધુ દુઃખ લેડી જકલ ઉપર જ ઊતર્યું હોય એમ લાગતું હતું. એમાં મોટામાં મોટું દુઃખ તો હવે પૃથ્વીનો પ્રલય થઈ જાય તો પોતાને

ટેનિસ રમવા નહિ મળે એ બાબતનું હતું. એ પછી બીજા નંબરનું દુઃખ તે હવે પછી પોતાને ચિક્કી ખાવા નહિ મળે એ બાબતનું હતું. લેડી જકલના જીવનની સબળમાં સબળ નબળાઈ જીભની એટલે કે સ્વાદની હતી. જીવનમાં એમણે સઘળાં ક્ષેત્રોમાં જીત મેળવી હતી. પૈસો, પતિ, નાઈટહૂડ, ગાડીઘોડા, વાડી-વજીફા, નોકર-ચાકર, સઘળા મોરચાઓ ઉપર એમને જ્વલંત વિજય સાંપડેલો. એક માત્ર સ્વાદેન્દ્રિયને તેઓ જીતી શક્યાં નહોતાં. એમની જીભ ખટરસ નહિ પણ અપરંપાર રસોના આસ્વાદ માટે હરહંમેશ તલસતી રહેતી. એ તીવ્ર સ્વાદેન્દ્રિયને કારણે જ લેડી જકલે રસો વૈ સઃ સૂત્રને પોતાના જીવનમાં મુદ્રાલેખ જેવું ગણ્યું હતું. એમનાં સર્વ પ્રિય ખાદ્યોમાં લોનાવલાની ચિક્કીનું સ્થાન સર્વોપરી હતું. શીંગ, બદામ અને કાજુની ચિક્કી લોનાવલાથી તાઝા-બ-તાઝા ને નૌ-બ-નૌ રોજરોજ આંગડિયા જોડે મંગાવવાની વ્યવસ્થા આજે વર્ષોથી અમલમાં હતી.

લેડી જકલનાં પ્રિય ખાદ્યોમાં ચિક્કી પછી બીજે નંબરે આંબલીના કચૂકાનું સ્થાન આવતું. કચૂકાનો ઉપયોગ તેઓ માત્ર મુખવાસ તરીકે જ નહિ પણ મુખ્ય વાનગી તરીકે પણ કરતાં. ઘણીય વાર તેઓ એકલા કચૂકા વડે જ પેટ ભરી લેતાં, અને ત્યારે સર ભગનના ફેમિલી ડૉકટર ડેબુની દોડધામ વધી જતી. તેથી જ, અષ્ટગ્રહ યોગમાં કાંઈ ઊંધુંચત્તું થઈ જાય તો મારાં ચિક્કી ને કચૂકાનું શું થશે એવી બાલિશ નહિ પણ બૈરકશાઈ ચિંતા અત્યારે લેડી જકલને અકળાવી રહી હતી.

'લેડી જકલ, તમારો તો જીવ જ ચિક્કી ને કચૂકામાં રહી જવાનો છે.' પત્નીની ચિંતાતુર મુખમુદ્રા નિહાળીને સર ભગન બોલી ઊઠ્યા.

'તે તમને તમારી ચિરૂટ વહાલી એમ અમને અમારી ચિક્કી વહાલી.'

'મેં તો ચિરૂટમાં ક્યારની દીવાસળી ચાંપી દીધી છે.'

'તે દીવાસળી ચાંપ્યા વિના તો એમાંથી ધુમાડો નીકળે જ શાનો અને ધૂમ્રપાન થાય જ કેમ કરીને ?'

'અરે મારો ઝાડુ ધૂમ્રપાનને; મેં ચિરૂટમાં દીવાસળી ચાંપી, એટલે એ પીવા માટે નહિ.'

'ત્યારે ?'

'ગટરમાં પધરાવવા.'

'અરરરરર ! ગટર ગંધાઈ ઊઠશે.'

'શાથી ?'

'તમારી ચિરૂટની ગંધાતી વાસથી. આજ સુધી તમારું મોઢું જ વાસ મારતું હતું.'

'વાસ ? કેવી વાસ ?'

'પેલા રામમૂર્તિના સર્કસમાં સિંહના પાંજરામાંથી માથું ફાટી જાય એવી વાસ આવતી, એવી જ તમારા મોઢામાંથી......'

'છિઃ છિઃ ! તમને તમાકુની એલર્જી છે એટલે જ આમ બોલો છો, લેડી જકલ.'

'મને એકલીને જ તમાકુની એલર્જી હશે ? પેલા દામા પારેખને તો મારી પેઠે તો એલર્જી નથી ને ?'

'તે એનું વળી શું છે ?'

'એને પણ તમારી દાઢી બોડતાં બોડતાં એટલી જ દુર્ગંધ આવે છે. મહેતર મેલું કાઢતો હોય એમ આડું મોં કરીને અસ્તરો ચલાવતો હોય છે.'

'કોઈ દહાડો આડું અવળું બોડી નાખશે તો હું જાનથી જઈશ...અસ્તરાનો ઘા તો તલવાર કરતાંય વધારે ઊંડો ઊતરે.'

'પણ હવે તમારે કેટલા દિવસ દામાના હાથમાં માથું ધરવાનું છે તે ફોગટની ચિંતા કરો છો ?'

'કેમ ? કેટલા દિવસ એટલે ?'

'આ ચોથી ફેબ્રુઆરીએ તો દુનિયા આખીનો જ ઘડોલાડવો થઈ જવાનો છે ને ? પછી દામો પારેખ પણ નહિ રહે ને એનો અસ્તરો પણ નહિ રહે.'

'પણ એ રહે ત્યાં સુધી તો મારે ચેતતા રહેવું પડશે ને ? દામાના અસ્તરાનું એક્સ્ટ્રા રિસ્ક તો એલ. આઈ. સી.વાળાઓ પણ કવર નથી કરતા.'

'દામાનો અસ્તરો તો બહુ તેજીલો હોં શેઠ !' ગિરજો વચ્ચે બોલ્યો. 'આ મારી દાઢી બોડી, આડી ને ઊભી, પણ દામાનો જીવ સાવ ચપટીક હોં શેઠ !'

'કેમ ? તને શું વાંકું પડ્યું ?'

'સાબુ મૂળેય ન વાપરે. સાચોખોટો પીંછો ફેરવીને પછી નકરું પાણી ચોપડીને જ અસ્તરો ઊઝરડે...આ દાઢીની ચામડી હજી ચચરે છે.'

'તારી એ દાઢી નહોતી, જંગલ હતું, જંગલ. એ બોડવા માટે અસ્તરાને બદલે બુલડોઝર ચલાવવું પડે.'

'અરેરે ! મારા ચતુર્માસના પંચકેશ...દામા પારેખે પલક વારમાં હરી લીધા.'

'અલ્યા, પણ આખી પૃથ્વીનો પ્રલય થવાનો છે. પછી તારા પંચકેશને ક્યાં રડવા બેઠો ?'

'એટલે જ તો હું તમને ક્યારનો કહી રહ્યો છું, શેઠ, કે પ્રલય સામે પ્રાયશ્ચિત્ત કરો.'

'કેવી રીતે ?'

'સહસ્રચંડી શાન્તિયજ્ઞ કરીને.'

'હવે ઘરણટાણે ?'

'તે અષ્ટગ્રહ યુતિ સાથે સાચે જ સૂર્યગ્રહણ પણ છે જ. ગ્રહણનો વેધ આપણા દેશમાં નહિ દેખાય, પણ એથી કાંઈ એની અનિષ્ટ અસરમાંથી આપણે થોડાં બચી શકીએ ?'

'દે દાન છૂટે ગિરાન જેવું કરવું પડશે.'

'પણ આ ગ્રહ કાંઈ સામાન્ય નથી. એનો વેધ પણ વેધક છે. એમાંથી છૂટવા માટે તો અસાધારણ દાન કરવું પડશે.'

'અન્નદાન ?'

'નહિ.'

'વસ્ત્રદાન ?'

'આમાં ન ચાલે.'

'તાંબાદાન કે રૂપા-દાન ?'

'આ કાંઈ મામૂલી ગ્રહણ નથી, શેઠ.'

'સુવર્ણદાનની વાત છે ?'

'એટલેથીય રાહુને સંતોષ ન થાય. આ તો પાંચ હજાર વર્ષે પછી આવેલું અસાધારણ ગ્રહણ છે.'

'તો પછી શાના દાનની વાત કરે છે ? એ તારા ગ્રહણમાંથી સૂરજદેવને કન્યાદાન સિવાય બીજું કોઈ પણ દાન આપવા હું તૈયાર છું.'

આટલું કહીને સર ભગને તિલોત્તમા ભણી જરા સંશયગ્રસ્ત અને સૂચક નજર ફેંકી.

કન્યાદાનનો ઉલ્લેખ સાંભળીને તિલોત્તમા લોકરૂઢિ મુજબ જરા લજ્જા અનુભવવાનો ડોળ કરી રહી.

આથી, સર ભગને પોતાના નિવેદનમાં સુધારો જાહેર કર્યો.

'કન્યાદાન પણ આપું, પણ પેલા કપાતર કદંર્પને તો ધોળે ધર્મે પણ નહિ. સમજી ને ?'

'તો પછી કોને આપશો ?'

'પ્રમોદરાયને.'

'પપ્પા, એ પ્રમોદરાયને તો અમે બધી બહેનપણીઓ પ્રમાદધન જ કહીએ છીએ.'

'તે ભલા હું એમ પૂછું, કે પ્રમાદધન શો ખોટો હતો ?

પેલા તમારા મોટા મહાત્મા સરસ્વતીચન્દ્રે તો કુમુદસુંદરીને રઝળાવી, ત્યારે પ્રમાદધને ભલા જીવે એનો હાથ ઝાલ્યો એટલો એનો ઉપકાર તો ગણો ! એટલે જ તો કુમુદસુંદરી કહ્યા કરતી હતી કે પ્રમાદધન મુજ સ્વામી સાચા.'

'અરે, આ ગ્રહાષ્ટકની સામી ઝાળે લગ્ન જેવા શુભ કાર્યની વાત જ ન કરાય.' ગિરજાએ કહ્યું.

પ્રમોદરાય એટલે પ્રકાશ ઔદ્યોગિક જૂથના વારસદાર. દેશના ઔદ્યોગિક ક્ષેત્રે બળિયા જોધ્ધા બે જેવાં બે ઔદ્યોગિક જૂથો કામ કરતાં હતાં : ભગનજૂથ અને પ્રકાશજૂથ. દેશની નેવું ટકા મિલકત અને રાષ્ટ્રીય આવક આ બે જૂથોની તિજોરીમાં જ ઠલવાતી હતી. સર ભગનના મનની મુરાદ એવી હતી કે તિલોત્તમા પ્રમોદરાયને પરણે અને એ રીતે આ બેઉ ઔદ્યોગિક જૂથો સંલગ્ન થઈ જાય તો રાષ્ટ્રની પેલી નેવુંયે નેવું ટકા આમદાની બે કુટુંબોની તિજોરીઓમાં વહેંચાઈ જવાને બદલે આખરે એક જ તિજોરીમાં જમા થઈ રહે.

સર ભગન હજી આ યોજનાના અમલને પંથે હતા એવામાં શ્રીભવનમાં અને તિલ્લુના જીવનમાં કથકલિનર્તક કંદર્પકુમારે પ્રવેશ કર્યો. અને લગનમાં વઘન જેવું થઈ પડેલું. સર અને લેડી બેઉની ઊંઘ હરામ થઈ ગયેલી. એ તો વળી ઈશ્વરે તિલ્લુને સદ્બુદ્ધિ સુઝાડી તે એણે છેલ્લી ઘડીએ કંદર્પકુમારને સમુહોર્તમ્ શુભ લગ્નમના શુકનવંતા શ્રીફળને બદલે પ્રેમવિચ્છેદનું પાણીચું જ પરખાવી દીધું. અને એ નટરાજનો આ બંગલામાંથી કાયમને માટે ટાંટિયો કાઢ્યો, ત્યારે ઘીના ઠામમાં ઘી પડી રહ્યું. સર ભગને પુત્રીને પોતાની કાયદેસરની વારસ બનાવી દીધી. હવે એ પ્રમોદરાય જોડે પરણે તો ભગન ઔદ્યોગિક જૂથની સઘળી અસ્કયામત એ કરિયાવરમાં જ લઈને જાય, એવો સુંદર ઘાટ બૅરિસ્ટર ફુચાજીની કાનૂની સલાહ અનુસાર ઘડાઈ ગયો.

તિલ્લુએ કંદર્પકુમારનો સ્વેચ્છાએ અને સ્વયંભૂ ત્યાગ કરી દીધો તેથી સર ભગન એવા તો ખુશ થયા હતા કે પુત્રી ઉપર તેઓ ઓળઘોળ કરી જવા તૈયાર હતા. અષ્ટગ્રહીમાં પોતાને કશી રજાકજા થાય તો સઘળી માલમત્તા કાયદેસર રીતે તિલ્લુને જ મળે એવી પાકી જોગવાઈ એમણે કરી નાખી હતી. અને હવે પુત્રી પ્રમોદરાય જોડે પરણવા તૈયાર થાય તો તો સર ભગનને સ્વર્ગ વેંત એક જ છેટું રહે એમ હતું. એમણે લેડી જકલ મારફત એ દાણો દાબી જોયો હતો અને જાણવા મળ્યું હતું કે કંદર્પકુમારના નાચણવેડાથી તિલ્લુ એવી તો વાજ આવી ગઈ છે કે હવે પ્રમોદરાય જોડે પરણવાની એ ના નહિ પાડે.

તેથી જ અષ્ટગ્રહીનાં ઘેરાઈ રહેલાં કાળાંઘોર વાદળોમાં સર ભગનને આ એક રૂપેરી કિનાર દેખાતી હતી. પુત્રી એક વાર પ્રમોદરાય જોડે થાળે પડી જાય તો પછી પૃથ્વીનું તો જે થવાનું હોય તે ભલે થાય. આજે સર ભગનને વ્યાપાર-ઉદ્યોગક્ષેત્રે કોઈ હરીફ હોય તો તે પ્રકાશજૂથના ઉદ્યોગો. ભગનજૂથ અને પ્રકાશજૂથ એ બળિયા જોદ્ધા જેવાં બે કુટુંબોના હાથમાં દેશ આખાના અર્થતંત્રની લગામો હતી. આ બે જૂથો એકબીજાની હરીફાઈમાં શક્તિઓ વેડફી નાખવાનો બદલે સાથે મળીને કામ કરે તો? તો તો દેશની આર્થિક સૂરત જ બદલાઈ જાય ને?

સર ભગન આજ સુધી દેશના શાહ-સોદાગર બન્યા હતા, પણ કદી શહેનશાહ નહોતા ગણાયા. દેશ ઉપર એકચક્રે આર્થિક રાજ્ય કરીને આખા અર્થતંત્રને પોતાની આણ તળે લાવવાના એમને કોડ હતા. એને નજર સામે રાખીને તો એમણે કાપડથી માંડીને કાથી સુધીના ઉદ્યોગો સર કરી લીધા હતા. કાપુસ–કરિયાણાથી માંડીને નાળિયેર–સોપારી સુધીનાં બજારો ઉપર એમનો કાબૂ હતો. એની તેજીમંદીની ઊથલપાથલમાં તેઓ ભલભલા ચમરબંધીઓને પણ ધૂળ ચાટતા કરી શકે એમ હતા. આવા શક્તિમાન ઉદ્યોગ-

પતિને દેશ ઉપર એકચક્રે આર્થિક શાસન કરીને ચક્રવર્તી બનવાના એમને અભિલાષ હતા. એ અભિલાષ ફળુંફળું થઈ રહ્યા હતા ત્યાં જ આ ઘરણુટાણે સાપ સમી અષ્ટગ્રહ યુતિ આવી પડી હતી.

'શેઠ, હવે તો એક જ ઉપાય છે,' ગિરજો કહેતો હતો.

'શો ?'

'અષ્ટગ્રહયુતિ સામે સહસ્રચંડી શાંતિયજ્ઞ કરીએ.'

'પણ એથી ઓછી મહેનત કાંઈ થાય એમ નથી !'

'એમાં મહેનત શાની, શેઠ ? યજ્ઞમાં મંત્રો તો અમે બ્રાહ્મણો જ બોલવાના. તમારે તો માત્ર બેઠેબેઠે બલિ જ હોમવાનો.'

'પણ એટલો બધો વખત હું ચિરૂટ પીધા વિના બેસી નહિ શકું.'

'તો તમને ચિરૂટ પીવાની છૂટ આપીશું.'

'અરે, ચંડીયજ્ઞમાં તે ચિરૂટ પિવાય ? માતાજી કોપે નહિ ?'

'એનું પ્રાયશ્ચિત્ત હું કરી લઈશ, ને માતાજીનો કોપ શાન્ત પાડી દઈશ. પણ એક સહસ્ર ઘડા ઘી હોમીને સહસ્રચંડી યજ્ઞ કરો તો આઠેઆઠ ગ્રહો શાંત થઈ જાય, અને આપને મનવાંચ્છિત એવો નવમો ગ્રહ પણ આવી મળે.'

'કોણ ?' સર ભગને મરકમરક હોઠ હલાવતાં પૂછ્યું.

'આપના મનમાં જેની વાંચ્છના છે, એ જ મનવાંચ્છિત...'

'પ્રમોદરાય ?'

'હવે સમજ્યા, મારા શેઠ !' ગિરજો બોલી ઊઠયો.

પ્રમોદરાયનું નામ સાંભળીને તિલ્લુએ કાયદેસરનું મરકલડું વેર્યું અને પછી ઊભી થઈ પોતાના ઓરડા તરફ ચાલી ગઈ.

લેડી જકલ અને સર ભગન બેઉ પુત્રીની આ સૂચક વિદાયને અદકી સૂચક નજરે અવલોકી રહ્યાં. પ્રમોદરાયનો નામોચ્ચાર સાંભળીને લજ્જાશીલ ને સંસ્કારશીલ પુત્રી શરમાય છે તેથી એ ઊભી થઈને ચાલી ગઈ એવું અનુમાન તેઓ કરી રહ્યાં. હવે પ્રમોદ-

રાય જોડે પુત્રીનું પાણિગ્રહણ થાય તો તો સોનામાં સુગંધ મળે, એવી લાગણી સર ભગન અનુભવી રહ્યા.

'કરી નાખો, શેઠ, કરી નાખો.'

'શું ? તિલ્લુનો વિવાહ ?'

'એ તો થવાનો જ છે ને ! આજે નહિ તો કાલે થશે. ડોસી કુંવારી રહી એમ ક્યાંય સાંભળ્યું છે ?'

'પણ તિલ્લુ ડોસી થાય ત્યાં સુધી શું હાથ જોડીને બેઠાં રહીએ ?'

'અરે, તિલ્લુબહેનનો તો તાત્કાલિક લગ્નયોગ હોય એવું મને વરતાય છે.'

'શા ઉપરથી ?'

'એમની જન્મકુંડળીના યોગ ઉપરથી. હું તો મારી નજર સામે જ એનો હથેવાળો થતો જોઈ રહ્યો છું.'

'પણ હું હજી કેમ કાંઈ જોઈ શકતો નથી ?'

'અરે મારા શેઠ, શુભ કામ બધાં શુભ ચોઘડિયે જ થાય. મંગળ ઘડી આવી પહોંચશે ત્યારે તમને ખબરેય નહિ પડે.'

'ના, એમ નહિ. મારે ખબર રાખવી છે. એમ મારી જાણ બહાર કોઈ હાલીમવાલી જોડે એ વીંટી બદલી નાખે એવાં લગ્ન...'

'ગાંધર્વલગ્ન કહેવાય.'

'એ ગધેડિયાં લગન મને ન પોસાય. હું આ મારે સગે હાથે જ કન્યાદાન આપું ત્યારે જ એને સાચું લગ્ન ગણું.'

'સાહેબ! સાહેબ!' સેક્રેટરી સેવંતીલાલ દીવાનખાનામાં ધસી આવ્યા.

'શું છે ?' ભગને પૂછ્યું.

'મિલમાંથી ફોન હતો.

'કોઈ કામદાર સાષ્ટિંગમાં આવી ગયો ?'

'ના.'

'કૉમ્યુનિસ્ટોએ બૉઇલરમાં બૉમ્બ ફોડ્યો છે?'

'જી, ના.'

'તો શું માણસો કામે ચડવાની ના પાડે છે?'

'ના, સાહેબ, ના. મિલમાં કામદારો જ નથી આવ્યા, પછી કામે ચડવાની વાત જ ક્યાં રહી?'

'યુનિયને હડતાલ પડાવી?'

'ના, આ તો મજૂર લોકો દેશભેગા થવા માંડ્યા છે.'

'કેમ? દેશમાં શું દાટ્યું છે?'

'દેશમાં તો કશું નથી, પણ અહીં દટણ સો પટણ જેવું થઈ જશે એવી બીકથી માણસો દેશભેગા થઈ રહ્યા છે. કહે છે કે ચોથી ફેબ્રુઆરીએ આઠ ગ્રહ ભેગા થશે ત્યારે વિમલ તળાવ ફાટશે અને બધું ડૂબી જશે.'

'અરે, મજૂરો પણ ગભરાઈ ગયા છે?'

ગિરજો વચ્ચે બોલ્યો: 'શેઠ, જીવ તો એમને પણ વહાલો હોય ને?'

'પણ એથી આમ ગામ છોડીને નાસી જવાય?'

'એટલે જ તો હું કહું છું કે શાંતિયજ્ઞ કરી નાખો. સહસ્ર મહાચંડી યજ્ઞ કરો તો ગ્રહોની શાંતિ થાય.'

સર ભગન મોંમાં ચિરૂટની જગ્યાએ તર્જની ટેકવીને વિચારમાં પડી ગયા. મિલોમાં કામદારોની ગેરહાજરીથી માંડીને આગામી જળપ્રલય સુધીના મુદ્દાઓ અને એના લાભાલાભનું તોલન કરી જોયું.

થોડી વારે એમણે હુકમની રાહ જોતા ઊભેલા મંત્રીને હુકમ કરી દીધો:

'સેવંતીલાલ, એક્સ્પ્રેસ રિલીઝ તૈયાર કરીને હમણાં જ છાપાંઓમાં મોકલી આપો.'

‘શું લખવાનું, સાહેબ?’

‘અષ્ટગ્રહ યુતિની શાંતિ માટે સર ભગન તરફથી સહસ્ર મહાચંડી યજ્ઞ થશે. સર્વ લોકો એનો ધર્મલાભ થઈ શકશે.’

‘ભલે સાહેબ.’

‘ને નાઈટ એડિટરોને ફોન કરી દો. સમાચાર મોટા ચોકઠામાં ગોઠવે.’

‘ભલે સાહેબ.’

*

## ૬. રૂપિયો બદલાવો

સહસ્ર મહાચંડી યજ્ઞના સમાચાર છાપામાંથી વાંચીને આવી રહેલ અષ્ટગ્રહીના અંધકારમાં ડૂબેલાં લોકોને જાણે કે આશાકિરણ જેવા પ્રકાશનો અનુભવ થયો.

યુદ્ધત્રસ્ત દુનિયાને શાંતિના સમાચાર મળે એવો આ અનુભવ હતો.

'ધરતી હજી સાવ રસાતાળ નથી ગઈ.'

'પ્રલય સામે પાળ બાંધનારા, સર ભગન જેવા પરગજુઓ આ દુનિયામાં પડચા છે ખરા.'

'અરે, આવા ધરમના થાંભલાના પુણ્યપરતાપે તો આ પ્રથમી ટકી રહી છે.'

'ધરતી કાંઈ રસાતાળ થોડી ગઈ છે? ભલે ને અષ્ટગ્રહી આવે કે સોળગ્રહી આવે. સહસ્રચંડી યજ્ઞ થશે એટલે વિમલ તળાવ આડે સતની પાળ બંધાઈ જશે.'

આમ, સર ભગનની અખબારી જાહેરાતને ચારેય બાજુથી આવકાર મળી રહ્યો હતો.

'આનું નામ મહાજનની મોટાઈ. પાપનો પોરો આવે ત્યારે મહાજન આડા ઊભીને કાયાના કોઠલા રચે.'

'ને સર ભગન તો મહાજનના પણ મહાજન. એના વડવાઓએ તો રાણી વિકટોરિયાનેય નાણાં ધીરીને હિન્દુસ્તાનમાં ઇંગરેજનું રાજ ટકાવ્યું હતું.'

'હવે આ શાંતિયજ્ઞ થાય પછી સાત સૂર્યગ્રહણ ભલે ને ઘેરાય. કોઈનો વાળ પણ વાંકો થાય તો કહેજો.'

ગમે તેમ પણ શાંતિયજ્ઞની જાહેરાત કરીને સર ભગને એક જ કાંકરે બે પક્ષી મારી લીધાં હતાં. પોતાની સલામતી ને સુરક્ષાની નેમ તો હતી જ. ઉપરાંત પોતાની મિલોમાંથી કામદારોને દેશભેગા થતા અટકાવવાનો અર્થ પણ એથી સરી જ રહ્યો હતો.

તેથી જ સર ભગનના કેટલાક વિરોધીઓ અને નાસ્તિકોએ તો એમના પર દોષારોપણ પણ કરવા માંડ્યું :

'એ તો મિલોમાં ત્રીજી પાળીમાં કામદારો આવ્યા નહોતા એટલે જ સર ભગને આ યજ્ઞની જાહેરાત કરી.'

'ધરમને નામે કરમ સાધી લેવાનો જ આ કીમિયો.'

આવા હેત્વારોપણને સમર્થન મળી રહે એવા પુરાવા પણ સાંપડી રહ્યા. આમેય, સામાન્ય માનવીઓ જેને પોતાનો દેશ કે વતન ગણતા હતા એ દૂરદૂરનાં ગામડાંઓમાં વેપાર-રોજગાર જેવું કશું હતું નહિ, આવકનાં સાધનો નહિવત્ હતાં, તેમને તો આવી સ્થિતિમાં તળાવ ફાટવાની બીકે અને અષ્ટગ્રહીની અન્ય આફતોથી ગભરાઈને ગામડે ચાલ્યા જવામાં કદાચ જાનની સલામતી સચવાય તોપણ ત્યાં જઈને ભૂખમરો જ વેઠવાનો હતો. આવી મનોદશામાં અષ્ટગ્રહીની શાંતિ કાજેના હોમહવનના સમાચાર એમને માટે રાહતરૂપ નીવડયા. સર ભગને જાહેર કરેલો મહાન યજ્ઞ અષ્ટગ્રહીના કોપને શાંત કરવા જ યોજાયો છે એવી હવા જામવા લાગી. અને અભણ–અજ્ઞાન, અંધશ્રદ્ધાળુ લોકોની ગામડાંઓ ભણીની હિજરત ઓસરવા લાગી.

'હવે તો જીવીશું તોય અહીં જ, ને મરીશું તોય અહીં જ,' એવા ફરજિયાત નિર્ધાર સાથે લોકો ચંડીયજ્ઞમાં બીડું હોમાવાની રાહ જોઈ રહ્યાં.

'યજ્ઞમાં આહુતિ આપીને પાવન થઈએ પછી પ્રલય થાય તોપણ આપણને શાની આંચ આવે?'

'અરે, શાંતિયજ્ઞ થાય પછી પ્રલય થાય જ શાનો? સહસ્ર-

ચંડી યજ્ઞ એટલે શું એ સમજો છો? એક હજાર ઘડા તો એમાં ઘી હોમાશે.'

'સતયુગમાં ધરમરાજાએ આવો જગન કર્યો હતો. ને હવે કળિયુગમાં સર ભગન આવું ધર્મકાર્ય કરી રહ્યા છે.'

'સર ભગન પણ આ કળિયુગના ધર્મરાજા જ છે ને?'

'હા જ તો. નહિતર, આવા કલિકાળમાં આવાં ઇન્દ્રાપુરી જેવાં સુખચેન સાંપડે ખરાં?'

સર ભગન આમ રૂઢિચુસ્ત અને જૂના જમાનાના, ઓલિયા-દોલિયા જેવા આદમી હોવા છતાં અખબારી પ્રસિદ્ધિનું મૂલ્ય બરાબર સમજતા હતા. તેથી જ, ત્રીજી પાળીમાં કામદારોની ગેરહાજરી છે એમ જાણતાં જ એમણે સવારનાં અખબારોમાં શાંતિયજ્ઞના સમાચાર છપાવી નાખેલા. રાતે મોડું થઈ ગયું હોવાથી સેક્રેટરી સેવંતીલાલને જાતે જ છાપાંઓની કચેરીઓ પર દોડાવેલા. અને એમણે અપેક્ષા રાખી હતી એ પરિણામ સાચે જ સિદ્ધ થવા માંડયું.

રોજ ઊઠીને શહેરમાં જ્યોતિષીઓના વર્તારાઓ પ્રગટ થયા જ કરતા. કોઈ કહેતું હતું કે અષ્ટગ્રહીને દિવસે દરિયાનાં પાણી જમીન પર ફરી વળશે, સ્થળ ત્યાં જળ ને જળ ત્યાં સ્થળ થઈ જશે. કોઈ આગાહી કરતું હતું કે એ દિવસે ભયંકર ધરતીકંપ થશે અને ધરતી ઉપરતળે થઈ જશે. વિમલ તળાવને બદલે ત્રીજું વિશ્વયુદ્ધ જ ફાટી નીકળવાની પણ એક આગાહી હતી.

'આ ત્રીજું વિશ્વયુદ્ધ તો રોકડી ત્રણ જ મિનિટ ચાલશે. એ ત્રણ મિનિટમાં તો ધરતીના ત્રણે ખંડ અણુબૉમ્બમાં ભસ્મીભૂત થઈ જશે.'

'એ અણુબૉમ્બની આગની જવાળા આપણને અહીં સુધી ભરખી જવાની છે.'

'અરે ભાઈ, એ આગ સામે જ તો સર ભગને આ ચંડીયજ્ઞ યોજ્યો છે. કોપાયમાન દેવી પ્રસન્ન થશે તો અણુબૉમ્બની આગ પણ

કાંઈ કરી નહિ શકે.'

આજકાલ તિલોત્તમાની નૃત્યપ્રવૃત્તિ બહુ વધી પડી છે.

પુત્રી પ્રત્યે માયા, મમતા ને સહાનુભૂતિ ધરાવનારાં લેડી જકલને પણ આથી અચરજ થઈ રહ્યું છે.'

'અલી તિલ્લુ, સાથે અષ્ટગ્રહીનું મોત ગાજે છે ત્યારે તને હજી નાચવાકૂદવાનું કેમ સૂઝે છે?'

'મોત તો આવવાનું હશે તો આવશે જ. પણ તેથી અત્યારથી કૂદવો મૂકીને રડવા બેસું?'

પુત્રીની આ દલીલમાં માતાને તથ્ય જણાતું હતું.

તિલ્લુનો ઓરડો તો રાત ને દિવસ નૃત્યના ઠેકાથી ગાજી રહ્યો છે. ત્યાં તો આઠેય પહોર જતિસ્વરમ્ ને તિલ્લાણાના બોલ ગાજી રહે છે.

માતા પૂછે છે: 'અલી તિલ્લુ, આ તેં શું માંડ્યું છે?'

'રિયાઝ કરું છું, મમ્મી.'

'પણ એકલીએકલી?'

'કરવી જ પડે, રોજેરોજ પ્રેક્ટિસ ન કરું તો જે શીખી છું એ પણ ભૂલી જવાય.'

'તો પછી આ ઢોલક કોણ વગાડે છે?'

'એ તો ટેઈપ-રેકોર્ડ કરેલ છે. ટેપ વગાડીને જ હું રિયાઝ કરું છું.'

'બળી આ તારી રિયાઝ. પ્રમોદકુમાર આ બધું જાણશે તો તારી સામે પણ નહિ જુએ.'

'એ વાતમાં શું માલ છે? નર્તિકાને જોઈને તો ભલભલા તપસ્વી પણ તપોભંગ થઈ જાય, તો પ્રમોદકુમાર કિસ ગિનતીમેં? વિશ્વામિત્ર જેવા ઋષિ પણ મેનકામાં મોહ્યા હતા કે નહિ?'

અને તિલ્લુની આ દલીલ સાવ સાચી જ પડી. શ્રીભવનમાં પ્રમોદકુમારની અવરજવર વધી પડી.

સર ભગન પણ સુખદ આનંદનો આઘાત અનુભવી રહ્યા. જે યુવાન સામે તિલ્લુ કૃપાદષ્ટિ પણ નહોતી કરતી, એને હવે એ પ્રેમભરી આંખે પોંખવા લાગી છે.

આ સુખદ પલટો શાને આભારી હશે? પુત્રી આટલી કહ્યાગરી શાથી થઈ ગઈ હશે? ગિરજા ગોર જોડે વાતચીતમાં સર ભગને આ અચરજ વ્યક્ત કર્યું. ત્યારે એ ભૂદેવે તો આ પરિવર્તનનો યશ પણ આકાશી ગ્રહોને જ આપ્યો.

'શેઠ, તમારું ગ્રહમાન આજકાલ જોર કરે છે.'

'અષ્ટગ્રહી આવી રહી છે, તોપણ ગ્રહમાન જોર કરે?'

'કેમ નહિ? તમે સહસ્રચંડીનો શુભ સંકલ્પ કર્યો એ જ મોટામાં મોટી ગ્રહશાંતિ ગણાય. અને એનું શુભ ફલ આવવાની શરૂઆત તો થઈ પણ ગઈ.'

'પ્રમોદકુમારની જન્મકુંડલી...'

'હું જોઈ ગયો છું.'

'તિલ્લુના જન્માક્ષર...'

'મેં સરખાવી લીધા છે.'

'લગ્નયોગ કેવોક છે?'

'ઠીકઠીકનો.'

'ક્યારે?'

'એ વાત છે.'

'શી રીતે?'

'એમ કે લગ્ન થાય તો આ અષ્ટગ્રહીની આસપાસમાં જ થઈ જાય. અને ન થાય તો...'

'તો? તો શું?'

'ન થાય તો પછી ક્યારેય ન જ થાય.'

'અરે, એવું તે હોય ?'

'આ ગ્રહોની દુનિયામાં તો એવું જ બને. અણીનો ચૂક્યો સો વરસ જીવી જાય.'

સર ભગનને ઘડી વાર પહેલાં અનુભવવા મળેલો સુખદ આનંદનો આઘાત ઓસરી ગયો અને એની જગ્યાએ હવે નર્યો દુઃખદ આઘાત જ બાકી રહ્યો.

તો હવે એ લગ્નયોગનો શી રીતે લાભ લેવો એ એક જ પ્રશ્ન સર ભગનને મૂંઝવી રહ્યો.

'શેઠ, હું તો કહું છું કે અષ્ટગ્રહી પહેલાં જ એ શુભ પ્રસંગ પતાવી નાખો. ધરમના કામમાં ઢીલ સારી નહિ.'

કુળગોરની દોરવણી અનુસાર સર ભગને સાચે જ પુત્રીના વિવાહ માટે શેઠ પ્રકાશચન્દ્રને ત્યાં માગું મોકલાવ્યું.

'તમારા પ્રમોદરાય જોડે અમારી તિલોત્તમાનો રૂપિયો બદલાવો.'

આ કહેણમાં વાસ્તવિકતા હતી અને વ્યંગ પણ હતો. ઔદ્યોગિક આલમનાં પ્રકાશજૂથ અને ભગનજૂથ સંલગ્ન થાય એમાં રૂપિયો તો સંડોવાયો જ હતો, પણ વાસ્તવમાં એ બદલાવાને બદલે બેવડો થાય એમ હતો. ભગનજૂથનું આખેઆખું ઔદ્યોગિક સામ્રાજ્ય તિલોત્તમા વાંકડા તરીકે લઈ જવાની હતી.

હવે બનવાકાળ છે, તે બન્યું એવું કે એક સવારે સર ભગન દામા પારેખ પાસે દાઢી કરાવતા હતા અને પોતાના આખરી વસિયત· નામા ઉપર છેલ્લું મત્તું મારવા અને બધું કાયદેસર જડબેસલાક કરી નાખવા માટે બૅરિસ્ટર બુચાજીને બોલાવેલા. આગલે અઠવાડિયે શેઠજીએ બુચાજીને હાથે પોતાની સઘળી મિલકતોની માલિકીબદલી કરાવી નાખી ત્યારથી જ એ ગરીબડા ને બેકાર જેવા ધારાશાસ્ત્રીના દિલની ધડકન તો વધી જ ગઈ હતી. એક તો પોતે કુંવારા ને એમાં પાછા કડકાબાલુસ હોવાથી એનાં દિલ ને દાઢ બેઉ સળકી રહ્યાં હતાં.

બુચાજી આવી મનઃસ્થિતિમાં મૂંઝાઈ રહ્યા હતા એવામાં જ સર ભગને એમની હાજરીમાં જ પ્રકાશશેઠને ફોન કર્યો, અને પેલો રૂપિયો બદલવાના સાનુકૂળ સુમુહૂર્ત અંગે પૃચ્છા કરી. સામેથી શો ઉત્તર મળ્યો એ તો બુચાજીને પૂરું સમજાયું નહિ, પણ આટલી અપૂર્ણ માહિતીએ એના દિલના ધડકારા બમણા કરી મૂક્યા.

ક્ષણ વાર તો બૅરિસ્ટરને થયું કે હાય, આ આખુંય ઔદ્યોગિક સામ્રાજ્ય પ્રકાશશેઠને ઘેરે જ ગયું કે શું!

અને બીજી જ ક્ષણે એને એમ પણ થયું કે બેટા, બુચાજી, તારામાં કાંઈ પાણી બળ્યું છે કે નહિ? જિગર હોય તો તું જાતે જ તિલ્લુ જોડે અદરાઈ જા!

વસિયતનામા ઉપર અત્ર મત્તુ, તત્ર શાખ કરીને શેઠે સેવંતીલાલને હુકમ કર્યો:

'આ વિલ બૅંકના વૉલ્ટમાં મૂકી રાખો. મારી રજાકજા થાય ત્યારે જ એ બહાર કઢાવજો.'

સેવંતીલાલ વસિયતનામાનો લિફાફો લઈને બહાર ગયા ત્યારે બુચાજીને લાગ્યું કે એ લિફાફામાં મારું કિસ્મત પણ પુરાઈ ગયું છે, અને એ હવે બૅંકની ઠંડીગાર પેટીમાં કાયમને માટે દફન થવા જઈ રહ્યું છે.

*

## ૭. તિલ્લુનાં તિલ્લાણાં

બૅરિસ્ટર બુચાજીના જીવને જરાય જંપ નથી. એમનો જીવ બૅંકના વાયુઅનુકૂલિત વૉલ્ટના ખાનામાં પુરાયો હોય એમ લાગતું હતું. અતૃપ્ત વાસનાવાળું પ્રેત જિનાત થઈને ભમ્યા કરે એમ એમનો જીવ પેલા વસિયતનામાની પાછળ ભમતો હતો.

હતું તો એ સ્ટૅમ્પ-પેપરનું મામૂલી કાગળિયું, પણ એમાં લખાયેલી મિલકત મામૂલી નહોતી, મબલખ હતી. તિલ્લુને નામે ચડેલી એ અસ્કયામત જેને મળે એને ગાંડો ગરાસ મળે એમ હતો. એ માણસનાં ભાગ્ય વગર અરીઠે ઊઘડી જાય એમ હતાં. એના ભવનો ફેરો કશીય મહેનત-મજૂરી વિના સફળ થઈ જાય એમ હતો. સળી ભાંગીને બે કકડા પણ કર્યા વિના સીધું સાત પેઢીનું સાજું થઈ જાય એવો જોગ હતો.

બુચાજીના જરથોસ્તી જિગરે જિંદગીમાં પહેલી જ વાર ઉચાટ અનુભવ્યો. હાય રે, મારાં આટલાં વરસ સાવ એળે જ ગયાં કે શું ! આ તિલ્લુ તો રોજ મારી આંખ સામે જ ઊભી હતી, છતાં મેં એને કદી નિહાળી જ નહોતી કે શું ! પેલો મુફલિસ નાચણિયો કંદર્પકુમાર એને ભોળવી ગયો, તો હું શું કાંઈ કમ હતો કે !

અને બૅરિસ્ટરના શાયરીશોખીન દિમાગમાં હાફિઝ અને ખય્યામના શૃંગારિક શેરો ધસી આવ્યા. ઇશ્કે હકીકી અને ઇશ્કે મિજાજીનું બેવડું શરસંધાન તેઓ તિલોત્તમા ઉપર કરી રહ્યા.

બૅરિસ્ટરને મન આજ સુધી જે કેવળ અસીલ-પુત્રી જ હતી, એ હવે એકાએક અપ્સરા સમી લાગવા માંડી.

બુચાજીને પહેલી જ વાર પોતાની પ્રૌઢ અવિવાહિત અવસ્થા પ્રત્યે અણગમો ઊપજ્યો. પોતાના મરહૂમ બાવાજી ષષ્ટીપૂર્તિની સાલમાં અદરાયા હતા એ વાત સાચી. એમને મુકાબલે પિસ્તાળીસ વર્ષના બુચાજી તો હજી બાલ્યવયના જ ગણાય. છતાં આજે એમને એકાએક થઈ આવ્યું કે મારી પોણી જિંદગી પાણીમાં જ ગઈ છે. હાય રે, ડુંગરવાડી પર પહોંચવાનું થાય ત્યારે તે કાંઈ શાદી-નવજોત કરાતી હશે?

આટલાં વર્ષ બુચાજીએ બ્રીફની પ્રાપ્તિ માટે જ પુરુષાર્થ કર્યો હતો; કોઈ અસીલની બ્રીફ મળે તો જ બે પાંદડે થઈ શકાય. એવી કપરી સ્થિતિમાં મહેરદાર મેળવવાનું એમને પરવડે એમ પણ નહોતું, પણ હવે તિલોત્તમાને નવી નજરે નિહાળ્યા પછી એમને લાગ્યું કે જિંદગીમાં બ્રીફને બદલે બૈરું મેળવ્યું હોત તો હું વધારે સુખી થયો હોત.

આ જ્ઞાન લાધ્યા પછી એ બેચેન જીવે શ્રીભવનમાં અવરજવર વધારી મૂકી હતી. સર ભગનને કામ હોય કે ન હોય, મુલાકાત માટેનો સમય હોય કે કસમય હોય, પણ બુચાજી તો આવીને બેઠા જ છે.

'કેમ બુચાજી, કેમ આવવાનું થયું?' સર ભગન પૂછતા.

'આ પેલા વાઉચરિયામાં વિટનેસ કોની નખાવશું એ પૂછવા આવ્યો છું.' આવું કશુંક બહાનું કાઢીને બૅરિસ્ટર ગુંદરિયાની જેમ સોફા પર ચીટકી રહેતા અને આંખો ચકળવકળ ફેરવીને તિલોત્તમાની તલાશ કરી રહેતા. એનાં ત્વરિત દર્શન ન થાય તો તેઓ કોઈક બહાનું કાઢીને આજુબાજુના ઓરડાઓમાં પણ ડોકિયું કરી આવતા.

ઘણુંખરું તો, બુચાજી શ્રીભવનમાં આવે ત્યારે તિલોત્તમા નૃત્યની રિયાઝ જ કરતી હોય, બૅરિસ્ટર ડ્રોઇંગ રૂમમાં બેઠા હોય ત્યારે ઉપરની છતમાંથી તા ધિન... તા ધિન... અવાજો આવતા

હોય. તિલોત્તમાના પગના ઠેકા એવા તો જોરથી પડતા કે દીવાનખંડની છત ધ્રૂજી ઊઠતી પણ બુચાજીને તો માથા પર કશો કર્કશ અવાજ થવાને બદલે ઝિન્નતની હૂર નાચી રહી હોય એવો જ મધુર અનુભવ થતો, પોતાના જીવનમાં આવી પરિન્દા જેવી પરી પ્રાપ્ત થાય તો ઝિન્નત બર રૂહે ઝમીન જેવું સુખ સરજાઈ જાય અને એવું સ્વર્ગ સમજી શકનારી શક્તિ તો અહીં શ્રીભવનમાં જ છે, એમ સમજાતાં તેઓ મનમાં ગણગણી રહેતા : હમીનસ્તો... હમીનસ્તો...હતીનસ્તો...

શ્રીભવનમાં બુચાજીની બેઠક એટલી તો વધી ગઈ કે ઓલિયા-દોલિયા જેવા સર ભગનને પણ એમાં વહેમ આવ્યો.

'કેમ બુચાજી! આજે કોરટ નથી કે શું?'

'કોરટ છે, પણ કેઈસ જ ક્યાં છે?'

'સાવ બેકાર?'

'અરે ઝેર ખાવાનું દોઢિયું બી ની મલે.'

'આ પણ ગ્રહાષ્ટકની જ અસર હશે.'

'અરે શું બાવા, આપ લોક આજકાલ ઝઘડતા બી નથી, કે જેથી અમને ગીની બે ગીની કમાવાની મલે.'

'આજકાલ લોકો જીવવાનું કરે કે ઝઘડવાનું? ગ્રહાષ્ટકમાં સહુની જિંદગી જ જોખમમાં છે, ત્યારે કોરટે ચડવાનું કોને સૂઝે?'

'આય તમે હિન્દુ લોક ગ્રહાષ્ટકથી ગભરાઈ બેઠા છો.'

'પણ પ્રલય થશે ત્યારે એ પૂછવા નહિ રોકાય કે તમે હિન્દુ છો કે કોણ છો.' સર ભગનની આવી આગાહીથી બુચાજી સાચે જ ગભરાયા. આમેય તેઓ અજંપો તો અનુભવતા જ હતા, એમાં આવી આવી વાતો સાંભળી તેથી એ અજંપો ઓર વધી ગયો. એ એકલવાયા જીવની બેચેની બમણી થઈ ગઈ. માથા પરની છતમાં વાગી રહેલા તિલોત્તમાના નૃત્યના તોડાઓ બૅરિસ્ટરના દિમાગમાં

ઘણુના ઘાની પેઠે ઝીંકાઈ રહ્યા.

•

આજકાલ તિલોત્તમાની નૃત્ય-રિયાઝ એટલી બધી વધી ગઈ હતી કે એક દિવસ તો સર ભગનને પણ એ ભારે લાગી. એમણે લેડી જકલને આ અંગે ફરિયાદ પણ કરી :

'તિલ્લુએ આ તે શું માંડયું છે? આ તે ઘર છે કે નૃત્યશાળા ?'

'એને નૃત્યશાળામાં જવાની તમે મના કરી છે એટલે બિચારી ઘેર બેઠી પ્રેક્ટિસ કરે છે. એમાં તમને શું નડી ગઈ ?'

'અરે, પણ પ્રમોદકુમારને ખબર પડે કે છોકરી દિવસ આખો નાચ્યા જ કરે છે, તો ?'

'પ્રમોદકુમારને બહુ ગમે છે.'

'શું ?'

'તિલ્લુનાં તિલ્લાણાં.'

'શાથી જાણ્યું ?'

'ગઈ સાલ પેલો કૉન્સર્ટ થયેલો, એમાં પ્રમોદકુમાર તો તિલ્લુના પર્ફૉર્મન્સ ઉપર તાળીઓ પાડીપાડીને થાકી ગયેલા.'

'એ તો પારકી છોકરી કે પારકી પરણેતર નાચે ત્યારે સહુ તાળીઓ જ પાડે. પણ હવે તો તિલ્લુ પ્રમોદકુમારની જ પરણેતર બનશે. હવે એ તાળીઓ પાડશે કે તમાચો ખેંચી કાઢશે ?'

'તમે તો સર બન્યા તોય હજી જૂનવાણી ન મટયા.'

'કેમ ભલા ? મેં વળી શો ગુનો કરી નાખ્યો ?'

'આ આજકાલના યુવાનોના ગમા-અણગમાની તમને શી ખબર પડે ?'

'તે તમને વળી શી મોટી ખબર પડી ગઈ એ કહો ને !'

'આજકાલના યુવાનો તો છોકરીને નૃત્ય ન આવડે તો એને પત્ની તરીકે પસંદ જ ન કરે.'

'આ વળી મારે જૂની આંખે નવા તમાશા જોવાના આવ્યા.'

'ગમે તેમ બોલો ને, પણ પ્રમોદકુમાર તો તિલ્લુનાં તિલ્લાણું જોવા જ રોજ પ્રકાશકુંજમાંથી પોન્ટિયાક લઈને અહીં સુધી આવે છે.'

'પણ તો પછી પ્રકાશશેઠ તિલ્લુનો રૂપિયો કેમ નથી બદલતા?'

'એ કહે છે કે ગ્રહાષ્ટકના ભારે દિવસો જાય પછી જ શુભ કામ કરાય.'

'ભારે દિવસો આવે છે એટલે તો રૂપિયા બદલી લેવાની હું ઉતાવળ કરું છું.'

'પણ ઉતાવળે આંબા ન પાકે.'

'પણ સારા કામ આડે સો વિઘ્ન.' સર ભગને ભય બતાવ્યો, 'માંડ કરીને તિલ્લુનું ભેજું ઠેકાણે આવ્યું છે, ને એમાં ફરી પાછો પેલો નાચણિયો નડે તો શું થાય?'

'એ કંદર્પકુમારનો તો હવે આ બંગલામાંથી ટાંટિયો ટળ્યો એમ જ સમજોની.' કહીને લેડી જકલે હળવે સાદે સમજાવ્યું. 'પણ મને બીક બીજાની છે.'

'કોની?'

'પેલા બણુચક બુચાજીની.'

'હેં? શું બોલ્યાં?'

'પેલો આપણો બણુચક બૅરિસ્ટર.'

'બૅરિસ્ટર કોઈ બણુચક ન હોય. એ બેકાર જ હોય.'

'ગમે તે હોય—મને તો એની બીક લાગે છે.'

'કેવી વાત કરો છો, લેડી જકલ! બુચાજીથી તો કોરટમાં મૅજિસ્ટ્રેટ પણ નથી બીતા ને તમે અહીં બેઠાં એનાથી ગભરાઈ જાઓ છો?'

'તમે સાવ ઊંધું સમજ્યા. મને તો એની બીક તિલ્લુ માટે લાગે છે.'

'હેં !' સર ભગનનો સાદ ફાટી ગયો.

'મને તો એની આંખમાં મેલ લાગે છે.'

'બને જ નહિ. બુચાજીમાં એટલી બુદ્ધિ જ ક્યાં બળી છે ?'

'પણ એ મૂઓ આજકાલ અહીં પડચોપાથર્યો શાનો રહે છે ?'

'પ્રોફેસર છે, એટલેસ્તો.'

'પણ પ્રોફેસર તો બધા બાર લાયબ્રેરીમાં બેસે ને ?'

'ત્યાં ચા પીવાના પૈસા ક્યાંથી કાઢે ?'

'ગમે તેમ કહો, પણ મને તો એ તિલ્લુ સામે જુએ છે કે તુરત પેટમાં ધ્રાસકો જ પડે છે.'

'એ તમારો વહેમ છે, લેડી જકલ.' સર ભગને ખાતરી આપી, 'મનમાંથી આવો વહેમ કાઢી નાખો.'

'અરે, આવી બાબતમાં તમને પુરુષોને શી ખબર પડે ?' અમે અસ્તરીની જાત તો સામા માણસની નજરને પલક વારમાં જ પારખી કાઢીએ.'

'શંકા ભૂત ને મંછા ડાકણ.'

'તમે ભલે ગમે તેમ કહો, પણ મને તો પેલા કંદર્પકુમારનું ભૂત કાઢતાં આ બૅરિસ્ટરનું પ્રેત પેસી જાય એવું લાગે છે. બકરું કાઢતાં ઊંટ પેસે એવું જ.'

'બને જ નહિ. તિલ્લુએ પોતાની અક્કલ શું ઘરેણે મેલી છે કે આવા ખખડેલ ખટારાની સામે નજર પણ કરે ?'

'પણ એ ખટારો પોતે જ મલકાતો મલકાતો તિલ્લુ સામે નજર કર્યા કરે છે એનું શું ?'

'એ તો હસમુખો માણસ છે, એટલે.'

'અરે, મૂઓ એવો હસમુખો. મારી ભોળી છોકરીને ભરમાવી જશે તો મારે તો ઊલમાંથી નીકળીને ચૂલમાં પડવા જેવું થશે.'

'અરે એ પહેલાં તો હું પ્રમોદકુમાર જોડે રૂપિયો બદલાવી નાખીશ.'

*

તિલ્લુનાં તિલ્લાણુંએ સાચે જ ત્રણ માણુસોનું ત્રેખડ રચ્યું હતું. કંદર્પકુમાર તો એના કલાગુરુ તરીકેના વાજબી હોદ્દાની રૂએ શિષ્યાના હાથ માટે ઉમેદવારી કરી રહ્યો હતો. પ્રમોદકુમાર તો વર્ષોથી તિલ્લુનાં તિલ્લાણુાં ઉપર તાળીઓ પાડી રહ્યા હતા, પણ આ ગર્વીલી ને છંકેલી, મનમોજી ને નટખટ યુવતી એને આજ સુધી દાદ દેતી નહોતી પણ અષ્ટગ્રહીના માનસિક દબાણ તળે સર ભગનનો સઘળો દલ્લો પડાવી લેવાની લાલચે હમણાં હમણાં એણે નાટક ભજવવા માંડયું હતું. એ નાટકના પ્રથમ અંકમાં પોતે એવો સ્વાંગ સજ્યો કે આજ સુધી અણુગમતા રહેલા પ્રમોદકુમાર હવે મને પસંદ છે. બીજી બાજુ પ્રકાશશેઠનો એ નબીરો પણ તિલ્લુનાં તિલ્લાણુાંના મોહિનીમાં એવો તો ફસાયો હતો કે પરણું તો તિલોત્તમાને જ, બીજી બધાંય યુવતીઓ મારે મન સાચી બહેન, એવા વસમા શપથ લઈ બેઠો હતો. તેથી જ, પ્રમોદકુમારને જ્યારે જાણુ થઈ કે આજ સુધી અણુનમ રહેલી એ નર્તિકા હવે મારી જોડે બદરાવા તૈયાર થઈ છે, ત્યારે એ તો, નૃત્યની કશીય તાલીમ વિના પણુ, નાચી ઊઠેલો. તિલ્લુએ કરેલી લાંબી ઉપેક્ષાનું જાણે કે વ્યાજ સાથે સાટું વાળવા જ એ સવાર ને સાંજ બબ્બે વાર શ્રી-ભવનમાં આવવા લાગેલો અને પોતાની ભાવિ વાગ્દત્તાનું સાંનિધ્ય સેવવા લાગેલો.

આ ત્રિકોણનું ત્રેખડ કેમ જાણે હજી ઓછું હોય તેમ તિલોત્તમાએ પેલા હસમુખા બૅરિસ્ટર સામે પણ નિર્વ્યાજ હાસ્ય વેરીને એને ગાંડો કરી મૂકેલો. હાફિઝ અને ખય્યામની રંગદર્શી ખયાલાતોમાં વિહરતો એ એકાકી જીવ આજકાલ તિલ્લુ ઉપર જ અંતરનો સઘળો અર્ઘ્ય ઢાલવી રહ્યો હતો.

તિલ્લુ નાચતી રહી. અને આ ત્રણેય જીવોને નચાવતી રહી.

*

અષ્ટગ્રહ યુતિ નજીક આવતી ગઈ તેમ તેમ શ્રીભવનના દેદાર

બદલાતા ગયા. જાણે મોટા લાવલશ્કરે પડાવ નાખ્યો હોય એવો દેખાવ થઈ ગયો. ગોરા લાટસાહેબે બંધાવેલા આ રાજભવનના એકેએક આઉટ હાઉસમાંથી સર ભગને પોતાના નોકરોને કામચલાઉ બહાર કાઢીને ભૂદેવોને ઉતારા આપ્યા, છતાંય જગ્યાની ખેંચ પડી તેથી એને સમાન્તર રાવટીઓ તાણવી પડી. તડ પડે ત્યારે રાંકા મોંઘાં થાય એમ, સહસ્રચંડી યજ્ઞને ટાંકણે જ શહેરમાં બ્રાહ્મણોની તંગી ઊભી થઈ. યજ્ઞમાં હવિ અર્પવા માટે એક હજાર બ્રાહ્મણોની સર ભગને વરદી મૂકી, પણ ઘણા ભૂદેવો તો મોટી દક્ષિણાની લાલચ પણ જતી કરીને પ્રલયની બીકે 'દેશભેગા' થઈ ગયા હતા. એ તો વળી, ભગનજૂથની મિલોમાં કામદારો પૂરા પાડનાર કૉન્ટ્રેક્ટરોએ આ ભૂદેવો પૂરા પાડવાની જવાબદારી માથે લીધી ન હોત તો યજ્ઞ જ થઈ શક્યો ન હોત. એ કૉન્ટ્રેક્ટરોએ બહારગામથી બ્રહ્મપુત્રોને મોટીમોટી દાનદક્ષિણા ને દાપાંની લાલચો આપીઆપીને આયાત કરવા માંડેલા, તે રોજ સવારે સ્ટેશન પર ગાડીઓ ભરાઈભરાઈને ભૂદેવો આવવા માંડેલા.

ખાસ ગોરા લાટસાહેબ અને એમનાં મેમસાબના વિહાર માટે એક જમાનામાં જે ઉદ્યાન બંધાયેલું ત્યાં જબરજસ્ત રસોડાં શરૂ થઈ ગયાં. ગિરજો જાણે મોટા સરસેનાપતિ હોય એ ઢબે આજકાલ યજ્ઞની આ પૂર્વતૈયારીઓ ઉપર દેખરેખ રાખી રહ્યો હતો. મહાયજ્ઞ અધિષ્ઠાતા તરીકે એનો રોફ ને રુઆબ માતાં નહોતાં. સહસ્રચંડી માટે વિશાળ યજ્ઞવેદી બાંધવાનો કૉન્ટ્રેક્ટ તો ભગનજૂથના ખાસ બીલ્ડર્સ ઍન્ડ આર્કિટેક્ટર્સને અપાઈ ગયો હતો. તેઓ એક હજાર ઘડા ઘી સમાઈ શકે એવડો વિશાળ યજ્ઞકુંડ કલાત્મક ઢબે બાંધી રહ્યા હતા.

યજ્ઞનાં દર્શન કરવા અને પ્રલયમાંથી ઊગરી જવા ચારેક લાખ ભાવિકો આવશે, એવો સર ભગનનો અંદાજ હતો. ભગનજૂથની સઘળી મિલોના કામદારોને અષ્ટગ્રહીને દિવસે ચાલુ પગારે

રજા મળવાથી એમણે યજ્ઞમાં ફરજિયાત હાજરી આપવાની વ્યવસ્થા થઈ ચૂકી હતી. આવડા મોટા મનખામાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ કમિશનરને અરજી થઈ ચૂકી હતી. એમણે પોલીસનું ચોકિયાત-દળ અને સંખ્યાબંધ વાયરલેસ-વાન સહિતનું-વધારાનું કૂમકદળ પૂરું પાડવાનું વચન આપ્યું હતું.

સર ભગન આજકાલ બે મોરચા ઉપર ઝઝૂમતા હતા: અષ્ટગ્રહીની અનિષ્ટ અસરો નિવારવાના યજ્ઞમોરચા ઉપર અને નવમા ગ્રહને-પ્રમોદકુમારને પ્રસ્થાપિત કરવા માટેના પુત્રીવિવાહના મોરચા ઉપર.

*

શ્રીભવનના ઉદ્યાનમાં યજ્ઞવેદીના ખોદકામ માટે કોદાળી-તિકમના એકસામટા અવાજ ઊઠી રહ્યા હતા. એની સાથે તિલ્લુના નૃત્યખંડમાંથી તિલ્લાણું ઠેકાઓ તાલ મિલાવી રહ્યા હતા.

સર ભગનના મગજમાં આ બેઉ પ્રક્રિયાઓનો કોઈ રીતે મેળ બેસતો નહોતો. યજ્ઞકુંડનું ખોદકામ ખરી રીતે તો મહાવિનાશકારી પ્રલય સામે પાળ બાંધવાનો પુરુષાર્થ હતો. એ પ્રવૃત્તિમાં સર્વનાશની, મૃત્યુના અનિષ્ટની છાયા કળાતી હતી, એ કુંડના ખોદકામમાં તિકમકોદાળીના ખડખડાટ સાથે તિલ્લુનાં નાચગાનનો ઉલ્લાસભર્યો તાલ શી રીતે મળે ?

સર ભગનની જાડી બુદ્ધિને પણ આ સૂક્ષ્મ વિરોધાભાસ સૂઝી આવ્યો, તેથી એમણે તિલ્લુ સમક્ષ ફરિયાદ કરી :

'દુનિયા આખીનો નાશ થવા બેઠો છે ત્યારે તને આવાં નાચગાન કેમ સૂઝે છે ?'

'સૃષ્ટિના સંહાર વખતે પણ શંકર ભગવાને નૃત્ય તો કર્યું જ હતું. માત્ર, એ તાંડવનૃત્ય હતું.'

'પણ તું તો જમુનાતટે શ્રીકૃષ્ણ સાથે રાસક્રીડા કરતી ગોપીનું જ નૃત્ય કર્યા કરે છે.'

'એ તો હજી સૃષ્ટિનો સંહાર નથી થઈ ગયો ત્યાં સુધી જ.'

'અને અષ્ટગ્રહીને દિવસે એ થશે ત્યારે ?'

'સંહાર થશે કે તુરત જ હું લાસ્યને બદલે તાંડવનૃત્ય શરૂ કરી દઈશ.'

'પણ મને આ તારા સત્યભામાના રૂસણાનો નાચ જરાય નથી ગમતો.'

'પ્રમોદકુમારને તો ગમે છે ને?' તિલ્લુએ પૂછ્યું અને પછી ભારપૂર્વક ઉમેર્યું:

'પ્રમોદકુમાર તો સત્યભામા સિવાય બીજી કોઈનું નૃત્ય જ પસંદ નથી કરતા. નહિતર, શ્રીકૃષ્ણને પણ અષ્ટગ્રહીની જેમ અષ્ટ પટરાણીઓ ક્યાં નહોતી?'

'પણ માનવજાત ઉપર આવી આફત ઘેરાઈ રહી હોય ત્યારે તું મોહિનીઅટ્ટમ્‌માં જ અટવાઈ રહે એ મને બિલકુલ પસંદ નથી.'

'પણ પ્રમોદકુમારને તો પસંદ છે ને? મારે તે પ્રમોદને પ્રસન્ન કરવો કે તમને પ્રસન્ન કરવા?'

'પ્રમોદને સ્તો.'

'હવે સમજ્યા. પ્રમોદધન મુજ સ્વામી સાચા. તો એ મોહિની-અટ્ટમ્‌ને બદલે કુચી-પુડી કરવા કહે તો એ પણ નાચી બતાવવું જોઈએ.'

પિતાપુત્રી વચ્ચે આ વાતચીત ચાલતી હતી એવામાં લેડી જકલ ત્યાં આવી પહોંચ્યાં.

તિલ્લુ પિતાને કહી રહી હતી:

'મારે તો તમે કહો એમ નહિ, પણ પ્રમોદકુમાર કહે એ પ્રમાણે નાચવું પડે.'

લેડી જકલે વચ્ચે ટહુકો કર્યો.

'હમણાં ભલે ને પ્રમોદકુમાર તિલ્લુને નચાવે. પણ પરણ્યા પછી તો મારી તિલ્લુ જ પ્રમોદકુમારને નચાવવાની.'

'દીકરી તો અંતે તમારી જ ને? એમાં વિમાસણ શાનું હોય?'

'તે શું મેં તમને નચાવ્યા છે? એ વાતમાં શો માલ છે?'

'પેલો ગિરજો તો આપણાં લગન વખતે જ બોલી ગયેલો કે

ભગવાનભાઈના ઘરમાં પાઘડીને બદલે ચોટલાનું જ ચલણ રહેવાનું. હવે એ ગુણ તિલ્લુમાં ન ઊતરે એ બને જ કેમ ?'

'પ્રમોદકુમાર તો ભલા જીવ છે. અત્યારથી જ તિલ્લુનો પડયો બોલ ઉપાડી રહ્યા છે. એમની પોન્ટિયાકનું હોર્ન જરા કર્કશ છે એમ તિલ્લુએ કહ્યું કે તુરત પ્રમોદકુમારે એ બદલાવી નાખ્યું.'

'જેણે ગાડીનું હોર્ન બદલી નાખ્યું, એ માણસ બીજું શું નહિ બદલી નાખે ?'

'મને તો લાગે છે કે તિલ્લુનાં ભાગ્ય હવે ઊઘડી ગયાં. ભલું થયું, પેલા ઊખડેલ નાચણિયાના ફંદામાંથી છૂટી એ.'

'રાહુના ગ્રાસમાંથી સૂર્ય છૂટે, એમ જ.'

'તમે તો આ આવતા ગ્રહણની જ લાહ્યમાં છો, તે બીજો કોઈ વિચાર જ નથી સૂઝતો ?'

'પણ આ અષ્ટગ્રહીનું ગ્રહણ કાંઈ જેવું તેવું છે ?'

'પણ આપણા દેશમાં તો દેખાવાનું નથી ને ?'

'ના.'

'બસ તો. દેખવું નહિ ને દાઝવું નહિ.' તિલ્લુના રૂમમાંથી પતિ જોડે બહાર નીકળતાં લેડી જકલે કહ્યું.

'અરે, પણ દેખ્યા વિનાય દાઝવું પડશે.'

'શી રીતે ?'

'દુનિયાના બીજા દેશોમાં તો એ દેખાવાનું જ. અને એની અસર તો આખી માનવજાત ઉપર થવાની. ગિરજાનો ફલાદેશ ખોટો પડે જ નહિ.'

'મૂઓ એ ભામટો. એણે તમારા મગજમાં આ તે કેવું ભૂત ભરાવી દીધું છે !'

'ભૂત નથી ભરાવ્યું. સાચી વાત ઠસાવી છે. પાંચમી તારીખે પરોઢમાં જ પાંચ ને ચાળીસ મિનિટે ગ્રહણ ઘેરાવાનું છે એમાં

મીનમેખ ન થાય.'

'અરે, તે દહાડે જે થવાનું હોય તે ભલે ને થાય. પણ તમે તો આ વિલ કર્યું છે તે દહાડાથી ધરાઈને ધાન નથી ખાતા, ને કાલનો દુકાળ આજે જ પાડીને હાયબળતરા કરી રહ્યા છો.'

'હવે આ હાયબળતરા બહુ ઝાઝા દિવસ ભોગવવાની નથી. પાંચમી તારીખે જ આપણને સહુને શાન્તિ થઈ જશે, કાયમની શાન્તિ.'

'પણ તો પછી આવડો મોટો જગન શા માટે માંડીને બેઠા છો ?' લેડી જકલે શ્રીભવનનો લશ્કરી છાવણી જેવો દેખાવ નિર્દેશતાં પૂછ્યું.

'એ પણ શાન્તિ અર્થે જ છે.'

'કોની ?'

'ગ્રહોની. આઠેઆઠ ગ્રહોની શાન્તિ અર્થે આ યજ્ઞ કરવાનો છે. એ ગ્રહો શાન્ત થાય તો પૃથ્વી પ્રલયમાંથી ઊગરી જાય. વિમલ તળાવ ફાટતું બચી જાય.'

'બળ્યા એ તમારા અષ્ટગ્રહ.'

'અરે અરે! આ શું બોલી ગયાં તમે ? ગ્રહદેવતાઓને વધારે કોપાયમાન કરવા છે ?'

'પેટ બળતાં બોલાઈ જવાય.'

'શું પેટમાં બળ્યું તમને ?'

'મારી એક પૂરી દીકરીનું જીવતર. સગી જનેતાને પેટમાં ન દાઝે તો બીજા કોને દાઝે ?'

'તે તિલ્લુ તમારી દીકરી છે, ને મારી નથી ?'

'છે, તોપણ તમને તો મંગળ ને ગુરુ ને રાહુ ને એવાએવા ગ્રહોની શાન્તિ કરવાની જ લહાય લાગી છે.'

'ને તમને ?'

'મને એ તમારા આઠેય ગ્રહો કરતાં નવમાની વધારે ચિન્તા છે.'

'નવમો ગ્રહ ? ગિરજાના પંચાંગમાં નવમા ગ્રહનું નામ-નિશાન નથી.'

'ગિરજાના પંચાંગમાં ભલે ને ન હોય. ઉમ્મરલાયક દીકરીનાં સહુ માવતરના નસીબમાં એ નવમો ગ્રહ જડાયેલો જ હોય.'

'જમાઈને તમે નવમો ગ્રહ ગણો છો ?'

'ગણવો જ પડે ને ? જમાઈ ને જમ બેઉ સરખા. જાન લઈને જ છુટકારો કરે.'

'લગનની જાન...બીજું કાંઈ નહિ.'

'એ તો જેવાં જેનાં નસીબ, ને જેવી જેની લેણાદેણી. ભાગ્ય પાંસરાં હોય તો બધું સમુંસૂતરું ઊતરે. નહિતર, એ જમાઈ તો જમને પણ સારો કહેવરાવે.'

'મારાં સદ્‌ગત સાસુજીને મારે વિષે શો અનુભવ થયેલો ? જમાઈ તરીકેનો કે જમ તરીકેનો ?'

'એ મારાં માતુશ્રીને તો સ્વર્ગમાં હવે શાન્તિ લેવા દો. મને તો મારી દીકરીની જ ચિન્તા થાય છે. એ કંકુઆળી થઈ જાય એટલે ગંગા નાહ્યાં.'

'પણ ગિરજો આજે સવારે મને કહી ગયો કે આ કાલકૂટ યોગમાં કોઈને કંકુઆળાં કરાય જ નહિ.'

'કારણ કાંઈ ?'

'અશુભ યોગ છે. આ ગોલયોગમાં પરણનાર પણ સુખી ન થાય.'

'મૂઓ એ ભામટો. આપણને સહુને રોજ ઊઠાં ભણાવે છે. હજી હમણાં સુધી તો કહેતો હતો કે બમણાં દાપાં-દખણા આપો તો હોળાષ્ટકમાં લગનનું મૂરત શોધી આપું. ને હવે કહે છે કે

આ અષ્ટગ્રહીમાં શુભ કામ ન થાય ?'

'અરે સેવંતીલાલ !' સર ભગને બૂમ પાડી.

'જી સાહેબ.'

'ગિરજાશંકરને જરા બોલાવજો તો.'

મંત્રીને હુકમ કરીને પછી સર ભગને પત્નીને કહ્યું :

'હવે તમે એ ભૂદેવને મોઢે જ બધું સાંભળી લો, એટલે સંતોષ થાય.'

દેશભરમાંથી મહાચંડીયજ્ઞ નિમિત્તે શ્રીભવનમાં આવી રહેલા ધરખમ જ્યોતિષમાર્તંડો અને જ્યોતિષચુડામણિઓના ઉતારા વગેરેની વ્યવસ્થા કરી રહેલ ગિરજો ઉઘાડે ડિલે જ આવી પહોંચ્યો એટલે શેઠે ફરમાવ્યું :

'આ કાલકૂટ યોગમાં કન્યાદાન કેમ ન દેવાય એ લેડી જકલને જરા સમજાવો.'

ગિરજાએ તો કશો પ્રાસ્તાવિક ખુલાસો કર્યા વિના, સીધું શુદ્ધ સંસ્કૃતમાં જ ભરડવા માંડ્યું :

सप्तग्रह समायोगे
क्षितिशमरणं ध्रुवम् ।
जगत्प्रलयमेवाऽपि
तदानिर्मानुषं जगत् ॥...

'ગુજરાતીમાં, ગોરબાપા, શુદ્ધ ગુજરાતીમાં બોલો,' સર ભગને ફરમાવ્યું.

'શેઠજી, આ શ્લોકનો ભાવાર્થ એમ છે કે સાત ગ્રહોનો યોગ થાય ત્યારે દેશનો રાજવી મરણ પામે અને દુનિયાનો પ્રલય થઈ જતાં આખું જગત નિર્મનુષ્ય થઈ જાય.'

'સાંભળ્યું કે ?' શેઠે પત્નીને પૂછ્યું.

'અરે, આ તો હજી મેં સાત જ ગ્રહોના યોગનો ફલાદેશ આપ્યો.'

'ત્યારે હજી શું બાકી રહે છે?' લેડી જકલે પૂછ્યું.

'એક આઠમો ગ્રહ બાકી છે. આ વખતે તો સપ્તગ્રહીને બદલે અષ્ટગ્રહ યોગ થાય છે ને?'

'તે પણ આથી વધારે બીજી કઈ આફત આવવાની છે?'

ફરી ગિરજાએ એક શ્લોક ગગડાવી માર્યો:

अष्टग्रहैक राशिस्था
गोलयोग प्रकीर्तितः
प्लावयंतिा महीसर्वा
रुधिरेण जलेन वा ॥

'ગુજરાતીમાં બોલ, તને કેટલી વાર ટોક્યો કે અમારી જોડે વાતચીત કરતી વખતે તારે ગુજરાતી માધ્યમનો જ ઉપયોગ કરવો?'

'ભાઈ, મને શી ખબર કે તમે મગન માધ્યમના આટલા બધા આગ્રહી હશો?'

'અલ્યા, પણ તારા અશુદ્ધ સંસ્કૃત ઉચ્ચારમાં અમને કાંઈ સમજાય નહિ તો પછી શુદ્ધ ગુજરાતીમાં જ બોલવું શું ખોટું?'

'તો તો સાંભળો ત્યારે. આ શ્લોકનો ભાવાર્થ એમ છે કે આઠ ગ્રહો એક રાશિમાં આવે છે ત્યારે ગોલયોગ થાય છે. એ વેળા આખી પૃથ્વી ઉપર રુધિર, રક્તપાત ને જળપ્રલય ફેલાઈ જાય છે.'

'તો તો વિમલ તળાવ ફાટવાનું જ?'

'એ તો કુદરત ઉપર આધાર છે. પણ આવા કાલકૂટ અર્થાત ગોલયોગમાં કોઈ શુભ કામ તો કરાય જ નહિ. આપણી તિલ્લુબહેનનું કલ્યાણ વાંચ્છતાં હો, તો કાલયોગમાં એમને કંકુઆળાં કરવાનું મુલતવી જ રાખો.'

સાંભળીને લેડી જકલના પેટમાં ધ્રાસકો પડી ગયો. એમના

ચહેરા ઉપર ઘેરી ચિન્તા છવાઈ ગઈ.

ગિરજો બોલ્યો :

'શેઠજી, આ અષ્ટગ્રહયોગ બે દિવસ ને તેર જ મિનિટ ચાલશે, એમાંથી આપણે હેમખેમ પાર ઊતરી જઈએ એટલે ચૌદમી જ મિનિટે તિલ્લુબહેનનું સુમોરતમ્ શુભલગ્નમ્ કરી આપું, પછી છે કાંઈ ?'

'બોલો, લેડી જકલ, પછી છે કાંઈ ?' સર ભગને ગિરજાનો જ પ્રશ્ન ફરી વાર પત્નીને પૂછ્યો.

'મહારાજ, તમે જરા બહાર જાઓ ને,' લેડી જકલ બોલ્યાં, 'પછી કામ પડશે ત્યારે બોલાવીશ.'

'ભલે શેઠાણીબા, બે દિવસ ને તેર મિનિટ પસાર થઈ જાય પછી એ આઠેય ગ્રહ જખ મારે છે. બહેનને ઝપટવારમાં હથેવાળો કરાવીને ચાર ફેરા ફેરવી દઈશ.'

'બહુ સારું, એ વખતે તમને બોલાવીશ.' લેડી જકલે કટાણું મોઢું કર્યું એ જોઈને જ ગિરજો પોતાની રાવટીમાં ચાલ્યો ગયો.

'મૂઓ આ ભામટો. એ તો સાવ અડબંગ છે, પણ એને વાદે તમેય તમારી સુધબુધ ખોઈ બેઠા છો ?'

'કેમ આવું બોલો છો ?'

'તમે પેલા આઠ ગ્રહની ચિંતામાં પડ્યા છો, ત્યારે મને નવમાની ઉપાધિમાં ઊંઘ નથી આવતી.'

'પણ હવે ઉપાધિ જેવું રહ્યું છે જ ક્યાં ? પ્રકાશશેઠે પોતે જ પ્રમોદકુમાર માટે હા પાડી દીધી છે. કહે છે કે તમારી તિલ્લુનો રૂપિયો સોળ વાલ ને માથે રતિ સાચો.'

'એ વાત સાચી પણ મને ફરી પાછું આમાં કશાક બખડજંતર જેવી ગંધ આવે છે.'

'શાથી ?'

'કાલે રાતે મેં પેલા નાચણિયાને અહીં દીઠો હતો.'

'કોને ? કંદર્પકુમારને ?'

'હા.'

'પણ એ હવે અહીં બંગલામાં પેસી જ શી રીતે શકે ? દરવાજેથી ગુરુચરણ જ એનાં ડેબાં ભાંગી ન નાખે ?'

'મને પણ એ જ સમજાતું નથી કે એ અહીં આવી જ શી રીતે શકે. ઉપર આકાશમાંથી અહીં ઊતરે, એ સિવાય તો બીજો કોઈ રસ્તો જ રહ્યો નથી.'

'તમને કંઈ ભ્રમ તો નથી થયો ને ?'

'ના રે ના. મેં સગી આંખે એને તિલ્લુના રૂમની બારીમાં જોયો. ને હું ઉપર તપાસ કરવા ગઈ તો એ રૂમમાં કંદર્પકુમાર જ નહિ.'

'તમે તો પેલા મહંમદ છેલના જાદુ જેવી વાત કરી !'

'મને પણ એ જાદુ જેવી જ નવાઈ લાગે છે. પાંચ જ મિનિટમાં એ ક્યાં પલાયન થઈ ગયો એ જ સમજાયું નહિ.'

'તમને વહેમ રહી ગયો હશે.'

'વહેમ તો નહીં, પણ મને આમાં કશાક ભેદ જેવું લાગે છે.'

'ભેદ શો હોઈ શકે ?'

'તિલ્લુ આપણને છેતરતી તો નહિ હોય ?'

'બને જ નહિ. હવે એનો જીવ પ્રમોદકુમારમાં લાગ્યો જ છે.'

'તો એ પ્રમોદકુમારને પણ છેતરતી તો નહિ હોય ?'

'એમ કાંઈ પ્રમોદકુમાર મૂરખ છે ?'

'એ મૂરખ ન હોય હોય તોય આપણે કદાચ મૂરખ બની જઈએ તો ?'

'આ બધા તમારા મનના જ માનેલા વહેમ લાગે છે.'

'એટલે જ તો હું ઘડિયાં લગનની ઉતાવળ કરાવું છું. ગ્રહાષ્ટક

હોય કે હોળાષ્ટક હોય, પણ આ કામ ઢીલમાં નાખીશું તો જોખમ ઊભું થશે.'

લેડી જકલ બોલતાં હતાં ત્યાં જ સેવંતીલાલે આવીને કહ્યું:
'શેઠ, બુચાજી બૅરિસ્ટર આવ્યા છે.'

'એમને એક કીટલી ચા ને ચાર ટોસ્ટ આપીને વિદાય કરી દો. કહેજો કે શેઠ કામમાં છે.'

'પણ એ તો કહે છે કે હું શેઠજીને નહિ પણ તિલ્લુબહેનને જ મળવા આવ્યો છું.'

*

## ૯. અંતનો આરંભ

'આ મૂઆ વકીલે તો જો ઉપાડો લીધો છે!' લેડી જકલે બુચાજી ઉપર રોષ ઠાલવ્યો.

'એને તમે મૂઓ કહેશો તેમ એ વધારે જીવશે. પારસીઓ એંસી વરથી ઓછી ઉમ્મરે ડુંગરવાડી પર જતા જ નથી.'

'તે એના ઘરમાં પડ્યોપડ્યો ભલે ને એંસીને બદલે આઠસો વરસ જીવતો. અહીં મારી છોકરીને ખેધે શાનો પડ્યો છે?'

'એ આમેય એકલવાયો જીવ છે. ને હમણુંહમણું એને તિલ્લુનો કૉન્સર્ટ જોયા પછી નૃત્યનો નાદ લાગ્યો છે.'

'ઊતર્યે કાળે ઉજાણી.'

'એ પોતે હવે નૃત્ય શીખવા માગે છે.'

'શિવ શિવ શિવ! બુચાજી નૃત્ય શીખશે તો નૃત્યકારો શું કરશે? હજામત?'

'એ ભલા જીવની ડાગળી જરાક ખસેલી છે.'

'તે ડાગળી ખસેલી હોય તોપણ એ મારી તિલ્લુને ખેધે શાનો પડ્યો છે?'

'અક્કલનો ઓછો છે જરા.'

'પણ માંડ કરીને પ્રમોદકુમારનું ગાડું પાટે ચડી રહ્યું છે એમાં આવો વાયલ માણસ કાંઈક વિઘ્ન ઊભું કરશે તો?'

'એટલી એનામાં પહોંચ ક્યાં બળી છે?'

'મને તો પેલા નાચણિયાના વિઘ્નની જ બીક લાગ્યા કરે છે હવે.'

'એ તમારો મનનો વહેમ છે. બીજું કાંઈ નહિ.'

'પણ મેં એને તિલ્લુના રૂમમાં નજરોનજર જોયો.'

'એ તમારો ભ્રમ જ હશે. કંદર્પકુમારને તો દરવાજેથી જ પેલો રામચરન એની કુકરી મારીને ખતમ કરી નાખે.' સર ભગને સમજાવ્યું, 'એ ચોકિયાત તો હવે ભલભલા જ્યોતિષમાર્તંડોને પણ દરવાજે અટકાવે છે. પછી ગિરજો જઈને એ લોકોની પાકી ઓળખાણ આપે પછી જ દરવાજામાં પેસવા દે છે.'

'પણ ચોરની સો ને શાહુકારની એક. રામચરનને આંખે પાટા બાંધીને પણ એ હરામખોર અહીં આવતો હશે તો ?'

'પણ આવ્યો હોય તો એ પાછો જાય ક્યાં ?'

'મને પણ હવે એ જ સમજાતું નથી કે એ આવ્યો હશે તો પણ પાછો ક્યાં ગયો ?'

'એટલે જ તો કહું છું કે શંકા ભૂત ને મંછા ડાકણ.'

'હવે તો મારી છોકરી પ્રમોદકુમાર જોડે પરણીપષટીને ઠેકાણે બેસે, તો જ મારા મનમાંથી શંકા-ભૂત ઓછાં થાય.'

'થશે બધું—યથાસમયે થશે જ.'

'યથાસમય એટલે ક્યારે ? આમ ને આમ છોકરીનો કન્યાકાળ વીતી જાય, ને મારા જેવી ઘરડીબુઢ્ઢી બની જાય ત્યારે ?'

'તમને કોણ ઘરડાંબુઢ્ઢાં ગણે ?'

'તમે જ તો વળી. હું શું નથી જાણતી ?'

'અત્યારે એ જૂનો ઝઘડો ઉખેળવાની શી જરૂર ? અત્યારે જે પરણે છે એનાં જ ગીત ગાઓ ને.'

'એટલે કે પ્રમોદકુમારનાં જ ને ?'

'હા જ તો વળી.'

'પણ એ હજી ક્યારે પરણશે ?'

'અષ્ટગ્રહી પૂરી થાય કે તરત જ.'

'પણ આજ ને અષ્ટગ્રહીની વચમાં જ કાંઈક ઊંધુંચત્તું થઈ

જાય તો ?'

'અરે, એ વાતમાં શો માલ છે ?'

'મને તો દિન પે દિન આમાં કાંઈક વહેમ જેવું જ લાગ્યા કરે છે.'

'એ તો તમારો સ્વભાવ જ વહેમીલો. મારા ઉપર પણ તમે ક્યાં ઓછો વહેમ રાખતાં ?'

'અરે, અત્યારે એ જૂની વાતોને મારો ને ઝાડુ. અત્યારે તો ઘરમાં હોળી સળગી છે એને ઠારવાને બદલે આડીઅવળી વાતો તમને સૂઝે છે શી રીતે ?'

'પણ શી રીતે ઠારું ?'

'તિલ્લુનાં ઘડિયાં લગન કરી નાખો.'

'પ્રકાશશેઠ એમ માને ખરા ? એમને પણ દીકરાના લગનની ધામધૂમનો લહાવો લેવા હોય કે નહિ ? ઘડિયાં લગનથી તો ભાગેડુ લગન જેવો દેખાવ થાય. એમાં આપણી પણ આબરૂ શી ?'

'તમે આબરૂ આબરૂ કર્યા કરો છો, પણ મને તો લાગે છે કે આમાં હવે મોડું કરવામાં આપણી આબરૂ ઉપર જ બટ્ટો લાગી જશે.'

'શી રીતે ?'

'પેલો નાચણિયો કાંઈક વિઘન નાખશે તો...'

'ફરી શંકા ભૂત ને મંછા ડાકણ.'

સર ભગન આમ ફરી વાર પત્નીને ઠપકો આપી રહ્યા હતા ત્યાં જ સેક્રેટરી સેવંતીલાલ દીવાનખંડમાંથી પાછા ફર્યા ને બોલી રહ્યા :

'બુચાજી ચા પીવાની ઘસીને ના પાડે છે.'

'તો શું પીવું છે ? ચાને બદલે તાડી ?'

'કોણ જાણે !'

'તાડી પીવી હોય તો જાય સીધા તાપીને કાંઠે ફ્લાબંગમાં બેસીને. બધા છાંટા માસ્તરો જાય છે ત્યાં તાડી મળશે.'

સેવંતીલાલે કહ્યું: 'એ તો કહે છે કે હું અહીં ચા પીવા નથી આવ્યો.'

'ત્યારે શા માટે આવ્યો છે? એની ફી તો ચૂકવી દીધી છે ક્યારની.'

'એ તો કહે છે કે હું અહીં નૃત્યકલાનું પાન કરવા આવ્યો છું.'

'એ નખોદિયાને હું જ નૃત્યપાન કરાવી દઉં, થોભો જરા.' કહીને સર ભગન દીવાનખાના તરફ ઊપડ્યા.

*

સર ભગનની ઉપાધિઓનો પાર નથી. દીવાનખંડમાં બૅરિસ્ટર બુચાજી જોડે હજી એમણે બેએક મિનિટ પણ વાત ન કરી ત્યાં તો એક પછી એક રાવફરિયાદ આવવા માંડી:

'સાહેબ, એક હજાર ડબા ઘી ભરેલાં વૅગનોની સ્પેશિયલ હજી સાઇડિંગમાં જ પડી રહી છે અને સ્ટેશન માસ્તર કહે છે કે સાંજ સુધીમાં ખાલી નહિ કરો તો......'

'તો ડૅમરેજ ચડાવશે, એટલું જ ને?'

'ના જી, એ તો કહે છે કે અમારા મજૂરો બધા જ ઘીના ડબા રસ્તા પર ફેંકી દેશે, અને સ્પેશિયલ પાછી ઊપડી જશે.'

'કારણ કાંઈ?'

'કહે છે કે આજકાલ વૅગનોની ખેંચ છે એટલે આમ આગવી ગુડ્ઝ ટ્રેઈનને સાઇડિંગમાં જ પડી રહેવા ન દેવાય.'

'તે શું હજારેય ડબા રસ્તા પર ઢોળી દેવાય?'

'પણ સાંજ સુધીમાં આપણે કબજો નહિ લઈએ તો રેલવેવાળા તો એ સાચે જ રસ્તા પર ઢોળી નાખીને ગુડ્ઝ ટ્રેન પાછી લઈ જશે.'

'અરે, તો તો થઈ રહ્યું ને? તો તો સહસ્રચંડી યજ્ઞમાં એક સહસ્ર કુંભ ઘીનો હોમ શી રીતે થાય?'

'પણ તો પછી બીજો ઉપાય શો?'

'આપણા અન્ડરગ્રાઉન્ડ ગોદામમાં.'

'મર્સરાઈઝ્ડ મલમલ ભરી છે.'

'એમાં આ ડબા ખડકી દો.'

'પણ સાહેબ, મલમલ મર્સરાઈઝ્ડ...' મહેતાજીએ સાવ નાજુક અવાજે આ શબ્દો ઉચ્ચાર્યા, કેમકે વાત નાજુક હતી, અને મામલો પણ નાજુક હતો. શ્રીભવનમાંનું ભૂગર્ભ ગોદામ ખરેખર-ભેદી હતું. મૂળ તો ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ આ છૂપું ગોદામ સંકટકાલમાં દારૂગોળો સંઘરવા માટે બાંધેલું પગ સર ભગનના હાથમાં આ મિલકત આવ્યા બાદ એ ભૂગર્ભ ભોંયરાનો ઉપયોગ તેઓ સિક્કા વગરનો મર્સરાઈઝ્ડ માલ છુપાવવા માટે કરતા.

'એ મલમલ કાઢીને ઘીના ડબા ભરી દો.'

'પણ સાહેબ, આ મર્સરાઈઝ્ડ...સુપરફાઈન માલ...'

'સુપરફાઈન માલ કરતાંય, સહસ્રચંડી યજ્ઞ વધારે મહત્વનો છે.'

'જી સાહેબ.'

'મજૂરોને બોલાવીને બધું ફેરવી નાખો.'

'જી...'

શેઠજીએ માંડ કરીને એક મહેતાજીને પતાવ્યા ત્યાં તો બીજા ઊભા જ છે.

'ભૂદેવોનો ભરાવો વધતો જાય છે.' ામલોમાં ગાંસડીઓના ભરાવા અંગે ફરિયાદ કરવાની હોય એ શૈલીમાં મહેતાજીએ રાવ ખાધી.

પણ ગાંસડીઓનો ભરાવો વધે ત્યારે તો એના ભાવ ગગડે, જ્યારે આ ભૂદેવોના ભરાવામાં એ નિયમ લાગુ પડતો નહોતો.

'આટલો બધો ભરાવો શાથી થયો ?' શેઠજીએ પૂછ્યું.

'સર્વજણ નોતરાને લીધે.'

'એટલે ?'

'ગિરજાએ દેશ આખામાં નોતરું ફેરવી દીધું છે.'

'દેશ આખામાં ?'

'જી હા. કોના બાપની દિવાળી ? ગિરજાને ક્યાં ગાંઠનું ખર્ચવું પડે એમ હતું ? નાત નાતનું જમે ને મુસાભાઈનાં વા–પાણી...'

'મહાચંડી યજ્ઞમાં બ્રાહ્મણો તો નોતરવા જ પડે ને ?'

'પણ કેટલા ?'

'ગિરજો નોતરે એટલા.'

'પણ શેઠ, શહેરની બધી જ ધરમશાળાઓ ભરાઈ ગઈ છે. અને રોજ ત્રણેય ટંક ટ્રેન આવે છે ને નવાંનવાં ટોળાં શ્રાભવનનું સરનામું પૂછતાં આવતાં જ જાય છે.'

'એ તો પુણ્યકાર્ય માટે આવે છે. આપણા મહેમાન છે.'

'એ સાચું, પણ એમને મારે ઉતારવા ક્યાં હવે ?'

'તંબૂ-રાવટીઓ તાણો.'

'હવે ખાલી જગ્યા જ નથી રહી.'

'લૉજ–વીશીઓમાં ?'

'ત્યાં તો મહાચંડી યજ્ઞના દર્શનાર્થીઓનો દરોડો પડ્યો છે.'

'સાચે જ ?'

'જી, હા. લૉજવાળાઓને તડાકો પડી ગયો. ભાવ બમણા કરી નાખ્યા છે.'

'એ લોકોની કમાણી આ ક્ષણભંગુર દુનિયામાં ક્યાં સુધી ટકશે ? અષ્ટગ્રહીની આફતમાં બધું સાફ થઈ જશે.'

'પણ સાહેબ, મને આ ભૂદેવોનો ભરાવો મૂંઝવી રહ્યો છે.'

સર ભગનને હોઠે શબ્દો આવી ગયા : 'ફૂંકી મારો.' પણ તુરત તેઓ એ શબ્દો ગળી ગયા. આ કાંઈ ગાંસડીઓનો ભરાવો નહોતો કે ભાવ વધારે ગગડતા અટકાવવા અને વધારે નુકસાની ટાળવા માલ ફૂંકી મારી શકાય. આ તો, પરમ પૂજ્ય ભૂદેવો હતા. તેથી જ એમણે એ બ્રહ્મપુત્રો પ્રત્યેના પૂજ્યભાવથી પ્રેરાઈને મહેતાજી-ને હુકમ કરી દીધો :

'આપણા બીજા બધા બંગલાઓ ઉઘડાવી નાખો, અને એમાં નવાં રસોડાં ખોલાવી દો.'

'એ તો ઉઘડાવી જ નાખ્યા છે.'

'તો પણ હજી સંકડાશ પડે છે ?'

'જી, હા.'

'તો આપણાં ગેસ્ટ હાઉસો વાપરવા માંડો.'

'ગેસ્ટ હાઉસ ?'

'કેમ ? એ ન વાપરી શકાય ?'

'પણ એ તો ગોરા સાહેબો માટે.'

'અરે, હવે માથે મહાકાળ તોળાઈ રહ્યો છે ત્યારે કાળા-ગોરાના ભેદ શાના પાડવા ? કોને ખબર છે કાલની ?'

સર ભગન આજકાલ સંસારની અને સૃષ્ટિની ક્ષણભંગુરતાની જ મનોદશામાં હતા.

મહેતાજીઓ, મુનીમો, મંત્રીઓ વગેરેની એક પછી એક ફરિયાદનો પોતે નિકાલ લાવતા જતા હતા એવામાં જ શ્રીભવનના માળીએ આવીને ફરિયાદ કરી :

'શેઠજી !'

'અલ્યા, તું હજી ફરિયાદ કરવામાં બાકી રહી ગયો હતો ?'

'શેઠજી, મારે કાંઈ ફરિયાદ કરવાની નથી.'

'ત્યારે શા માટે આવ્યો છે ?'

'આપણા વકીલસાહેબ છે ને.'

'કોણ ? બુચાજી ?'

'જી, હા.'

'એ તો હજી હમણાં સુધી અહીં હતા ને ?'

'જી, ના. એ થોડી વાર સામે બગીચાને બાંકડે બેઠા હતા.'

'તે શું છે હવે ? ચા પીને ચાલ્યા ગયા છે કે નહિ ?'

'જી નહિ, એ બેશુદ્ધ થઈ ગયા છે.'

'શાથી પણ ?'

'દઈ જાણે, શેઠ.'

'સેવંતીલાલ, બુચાજીની સારવારની સગવડ કરો. જરૂર પડે તો ડૉક્ટરને બોલાવો, નહિતર બુચાજીને જ ડૉક્ટર પાસે લઈ જાઓ.'

*

મોડી રાતે પણ સર ભગનના જીવને જંપ નહોતો. લેડી જકલ એમને એક જ આગ્રહ કરી રહ્યાં હતાં.

પ્રકાશશેઠને મળીને પ્રમોદરાયનાં લગનની તિથિ પાકી કરાવી નાખો તો જ હા, નહિતર ના.

સ્ત્રીહઠ સમક્ષ લાચાર બનીને સર ભગને બૂમ પાડી :

'સેવંતીલાલ !'

જવાબ મળ્યો કે સેવંતીલાલ તો હજી હૉસ્પિટલમાં બુચાજીની સારવારમાં જ છે.

વધારે લાચાર બનીને, પ્રકાશશેઠને ટેલિફોન જોડવા જેવું કામ સર ભગનને જાતે જ કરવું પડ્યું.

પણ કરમની કઠણાઈ તો જુઓ ! સર ભગન જેવા ભગન જાતે ટેલિફોન જોડે ને સામેથી કોઈ ઉપાડે જ નહિ.

ડાયલ મચડમચડ કર્યા પછી આખરે એક વાર ફોન જોડાયો અને સામેથી એ ઊંચકાયો પણ ખરો, ત્યારે કોઈએ સીધોસરખો જવાબ જ ન આપ્યો.

એમ બને ખરું કદી ?

પ્રકાશશેઠના બંગલામાં તો ઓરડે ઓરડે એક્સ્ટેન્શન, અને શૌચગૃહના કૉમોડ ઉપર પણ ટેલિફોનનો પ્લગ. પ્રકાશશેઠ માટે તો કહેવાતું કે તેઓ તો જાજરૂમાં બેઠેબેઠે પણ ટેલિફોન ઉપર લાખ સ્થાપે ને સવા લાખ ઉથાપે. એમને તો ઉદ્યોગો ઉપરાંત શૅરસટ્ટામાં પણ સો બહોળાં કામકાજ, તેથી એમને ફોન મળવામાં એક મિનિટનું પણ મોડું થાય તો હજારોની હારજીત થઈ જાય. પણ આજે

અચરજ તો જુઓ ! પ્રકાશશેઠને ત્યાં કોઈ ફોન જ ઉપાડે નહિ, ને ઉપાડે ત્યારે સરખો જવાબ જ આપે નહિ.

આખરે રાતે બે વાગ્યે સેવંતીલાલ હૉસ્પિટલમાંથી પાછા આવ્યા ત્યારે શેઠે પૂછ્યું :

'બુચાજીને કેમ છે ?'

'બ્લડ પ્રેશર બેહદ વધી ગયું છે.'

'શાથી !'

'ડૉક્ટર કહે છે કે એને જ્ઞાનતંતુઓ ઉપર આઘાત લાગી ગયો છે.'

'પણ કેમ કરીને ?'

'કાંઈ ખબર નથી પડતી પણ બેશુદ્ધિમાં 'ટિલ્લુ, ટિલ્લુ' રટયા કરે છે.'

'મરે મૂઓ એ બુચાજી !' લેડી જકલ બોલી ઊઠયાં.

'તે એ ડૉક્ટરની હાજરીમાં જ બોલબોલ કરે છે ?' ભગને પૂછ્યું.

'ના, નર્સની હાજરીમાં.'

'એ પણ એ જ થયું ને ?' લેડી બોલ્યાં, 'પારકાંની હાજરીમાં મારી કાચી કુંવારી છોકરીની વગોવણી કરી રહ્યો છે એ કપાતર !'

'પણ નર્સ એમાં કશું સમજી નથી. ટિલ્લુ એટલે કોણ, એમ મને પૂછ્યું ત્યારે મેં કહ્યું કે, એ તો બુચાજીના પ્યારા કૂતરાનું નામ છે.'

'એને જ લાયક છે એ અલેલટપ્પુ !' જકલ બોલ્યાં.

'વારુ, પણ પ્રકાશશેઠનો ફોન બગડી ગયો છે કે શું ?'

'ના રે, એ તો હું તમને કહેતાં જ ભૂલી ગયો.'

'શું ?'

'શહેરમાં અત્યારે જબરી અફવા છે.'

'શાની ? વિમલ તળાવ ફાટવાની ?'

'ના, એ તો હજી અષ્ટગ્રહીને દિવસે. આ તો પ્રકાશશેઠની આસામી...'

'એને શું થયું ?'

'કાચી પડી ગયાની અફવા.'

'કાચી પડી ? બને જ કેમ ? કાપડમાં તો તેજી...'

'ચમકના સટ્ટામાં સાફ...'

'શિવ શિવ શિવ ! હું તો એક સાંધું ત્યાં તેર તૂટે છે.'

'બજારમાં બહુ જોરદાર અફવા છે કે પ્રકાશશેઠે પાઘડી ફેરવી.'

સાંભળીને લેડી જકલના મોઢામાંથી ઊંડા શ્વાસ નીકળી ગયા.

સર ભગનને થયું કે અષ્ટગ્રહીનો આરંભ આજથી જ થઈ ગયો કે શું ?

*

સર ભગન તો પ્રકાશશેઠને ફોન ન જોડી શક્યા, પણ જોતજોતાંમાં સર ભગન ઉપર ઉપરાઉપરી ફોન આવવા માંડ્યા.

એ સંદેશાઓમાં ચિંતા, આઘાત, આનંદ અને આગાહીઓનું સુંદર સંમિશ્રણ હતું.

બજારોનાં સ્થૂલ બારણાં તો અત્યારે, મધરાતે બંધ હતાં, છતાં નાણાંબજાર નામની એક અપાર્થિવ ને અદૃષ્ટ છતાં અત્યંત સંવેદનશીલ વસ્તુ અત્યારે હાલકડોલક જણાતી હતી. પ્રકાશશેઠ પાણીમાં બેસી જાય એના છાંટા અનેક ઉદ્યોગપતિઓને ઊડે એમ હતા. તેથી જ સૂકા ભેગું લીલું પણ બળી રહ્યું હતું.

અણુના વિભાજનમાંથી પ્રત્યાઘાતપરંપરા ઊભી થાય એ ઢબે પ્રકાશજૂથના દેવાળાનો ધક્કો સંખ્યાબંધ ઔદ્યોગિક પેઢીઓને વાગી રહ્યો હતો. રેલગાડીના એંજિનનો ધક્કો દરેક ડબામાં થઈને છેક ગાર્ડ–વાન સુધી વિસ્તરી રહે એવો ઘાટ થયો હતો. મોટાંના મેલાણમાં જે નવાણિયાં કુટાઈ ગયાં હતાં એમની ફરિયાદો સર ભગન ઉપર આવી રહી હતી.

'મારી નાખ્યા...મારી નાખ્યા...'

'નામચીન વેપારી મારી ખાય ને નામચીન ચોર માર્યો જાય એ વાત સાવ સાચી પડી.'

'પ્રકાશશેઠનાં તો નામ મોટાં ને દર્શન ખોટાં જેવું જ થયું. મોટાંની મોટી પોલ નીકળી.'

પ્રકાશજૂથ ડૂલ થાય તો એથી ભગનજૂથને પણ ધક્કો લાગે એમ હતો. તેથી સર ભગનની ચિંતા બેવડી બની ગઈ. એક તો, માંડ કરીને થાળે પડવા આવેલું તિલોત્તમાનું વેવિશાળ વિઘ્નમાં આવી પડતું હતું. અને વળી માથેથી પોતાનાં ઔદ્યોગિક સાહસોને આર્થિક ઘા ખમવો પડતો હતો એ અદકલહાણમાં.

પ્રકાશશેઠે પાઘડી ફેરવવાથી નાણાંબજાર નરમ પડવા છતાં અફવાઓના બજારમાં અસાધારણ ઉછાળો આવ્યો હતો. સર ભગનના ટેલિફોનનાં દોરડાં સતત ધ્રૂજી રહ્યાં હતાં.

'પ્રકાશશેઠનો પત્તો જ નથી.'

'કહે છે કે સૂઈ ગામની સરહદેથી ઊંટ પર બેસીને પાકિસ્તાનમાં ઊતરી ગયા છે, એટલે હવે કોઈ લેણદાર ત્યાં સુધી પહોંચી જ શકે નહિ.'

'ખોટી વાત. પ્રકાશશેઠ પોતાના બંગલામાં જ છે, પણ જાજરૂમાં છુપાઈ રહ્યા છે. અને ત્યાં બેઠે ખાનગી ટેલિફોનથી બધો વહેવાર કરી રહ્યા છે.'

'એ પણ ખોટી વાત છે. પ્રકાશશેઠની ધરપકડનું વૉરન્ટ લાવનાર સાર્જન્ટને જ શેઠે એક લાખ રૂપિયાની કડકડતી લીલી નોટો પકડાવી દીધી. વૉરન્ટમાં પ્રકાશચંદ્ર લખેલું ત્યાં સુધારીને પ્રકાશમલ્લ કરી નાખ્યું, અને શેઠની ભેંસોના તબેલાવાળા ભૈયાજી પ્રકાશમલ્લને લૉકઅપમાં ધકેલી દીધો. શેઠ વતી એમનો ભૈયો જેલ ભોગવ્યા કરશે.'

આવુંઆવું સાંભળીને સર ભગનનો જીવ હાથ નહોતો રહેતો.

'શું અત્યારે જ જાઉં પ્રકાશશેઠને મળવા !'

'ખબરદાર !' લેડી જકલ આડાં ઊતર્યાં. 'અત્યારે દીવાનખંડનો ઉંબર ઓળંગે એને મારી આણ છે.'

રામવનવાસ વેળા પર્ણકુટીને ઉંબરે સીતાજીને જે શિસ્તભાવનાથી આ આણ અનુલ્લંઘનીય ગણવી પડતી એવી જ શિસ્ત-

બુદ્ધિથી સર ભગન લેડી જકલના આ હુકમને શિરસાવંદ્ય ગણીને શાન્ત થઈ ગયા.

'તો પછી પ્રકાશશેઠની સંડાસ-લાઈન જોડું ?'

ક્રુશ્ચોફ ને કેનેડી જેવા માંધાતાઓ ઠંડા યુદ્ધને ગરમ યુદ્ધમાં પલટાતું અટકાવવા મોઢામોઢ વાત કરી શકે એ ઉદ્દેશથી ક્રેમલીન અને વ્હાઈટ હાઉસ વચ્ચે 'ગરમાગરમ' દોરડાની હોટ ટેલિફોન લાઈન નંખાઈ એ પહેલાં જ ઉદ્યોગક્ષેત્રના આ બે મહારથીઓ સર ભગન અને પ્રકાશશેઠ વચ્ચે ટેલિફોનની આવી એક આગવી ખાનગી લાઈન કામ કરતી જ હતી. કોઈ વાર આ બેઉ માંધાતાઓ શેરહોલ્ડરોને નવરાવવા માગતા હોય કે શૅરબજારમાં તારવણી કરનારાઓને તારાજ કરવા ઇચ્છતા હોય કે, બજારમાં ખાનગી ખેલો કરીને મલાઈ જમી જવાની પેરવીમાં હોય ત્યારે ત્યારે તેઓ આ ખાનગી ટેલિફોન લાઈનનો ઉપયોગ કરતા. કહેવાતું કે પ્રકાશશેઠે એમના જીવનના બધા જ મહત્ત્વના અને કટોકટીભર્યા નિર્ણયો શૌચકૂપ પર બેઠેબેઠે જ લીધા હતા. સાદ્યંત સંગેમરમર વડે સુશોભિત એ શૌચગૃહ તો પ્રકાશશેઠ માટે એક પ્રેરણાસ્થાન બની રહેલું. આજે એકાએક પાઘડી ફેરવવાનો શકવર્તી નિર્ણય પણ એમણે આ પવિત્ર સ્થાને જ લીધો હશે એ બાબતમાં સર ભગનને લવલેશ શંકા નહોતી. તેથી જ તેઓ ત્યાં ફોન જોડવા થનગની રહ્યા હતા, પણ લેડી જકલ એ સામે વાંધો લઈ રહ્યાં હતાં.

'બળ્યો એ ટેલિફોન ને બળી એ વાતચીત.'

'અરે એમ તે બોલાય ? પ્રકાશશેઠ એટલે કોણ ? ગમે તેમ તોય, આપણા ભાવિ વેવાઈ.'

'હવે શાના વેવાઈ ? એ દેવાળિયાને ઘરે હવે દીકરી આપે છે મારી બલારાત.'

'અરે, એ શું બોલ્યાં ?'

'સાચું જ બોલી છું.'

'પણ આટલી મહેનત–મજૂરી કરીને માંડમાંડ તિલ્લુને મોઢે પ્રમોદકુમાર માટે હા ભણાવી, ત્યારે તમે જ હવે એમાં પથરો નાખશો ?'

'નાખવો પણ પડે. તમને તમારી દીકરી વહાલી નહિ હોય, પણ મને, જનેતાને તો પેટની જણીનું દાઝે કે નહિ ?'

'પણ દાઝતું હોય તો આવું અવિચારી વેણ બોલાય ?'

'પૂરેપૂરો વિચાર કરીને જ બોલી છું.'

'તો શું હવે પ્રમોદકુમાર વેરે તિલ્લુનો વિવાહ નથી જ કરવો ?'

'ધોળે ધરમેય એ ઘર મારે ન જોઈએ.'

'પણ કારણ કાંઈ ?'

'આંગળી–ચીંધણું થઈ ગયું, એટલે જ.'

'શી રીતે ?'

'આ દેવાળું કાઢ્યું એ રીતે જ તો. બીજી કઈ રીતે વળી ?'

'પણ દેવાળું કાઢવું એ તો આજકાલ આર્થિક સદ્ધરતાની સાખ ગણાય છે.'

'બળી એ સાખ. એ ભૂખડીબારસના ઘરમાં મારી દીકરી શું સુખી થવાની હતી ?'

'અરે, આવા સદ્ધર આસામીને તમે ભૂખડીબારસ ગણો છો ? માણસે કેટલાં દેવાળાં કાઢ્યાં, એ ઉપરથી તો એનામાં કેટલો કસ છે એનો અંદાજ કઢાય છે.'

'બળ્યો એ કસ. મને તો એમાં આબરૂના કાંકરા થયા લાગે છે.'

'તમને બૈરાં માણસોને શી ખબર પડે કે પૈસો કેમ પેદા થાય છે. પૂછો કોઈ મારવાડીને. એકાદ બે વાર દેવાળું કાઢ્યા વિના એની ઊંચી સાખ જ ન બંધાય.'

'એવી સાખને શું ધોઈ પીવી છે ? એક વાર નાક કપાયા પછી નાણાંવાળા થયા તોય શું ને ન થયા તોય શું ?'

'એ તો નવે નાકે દિવાળી કરાય. આ વેપારધંધાના મામલામાં

તમે બૈરાંલોક શું સમજો ?'

'અમે તો દીવા જેવું સમજીએ કે દેવાળિયાને ઘેર દીકરી ન અપાય.'

'આનું નામ જ સ્ત્રીહઠ.'

'જે કહો તે. હું મારી પેટની જણીને આવા દેવાળિયાને ઘેર નહિ જવા દઉં.'

ટેલિફોનની ઘંટડી રણકતી જ રહી. હવે તો સર ભગન પણ નાણાંબજારના અહેવાલો અને અફવાઓથી કંટાળી ગયા. રિસીવરનું ભૂંગળું સેવંતીલાલને સોંપી દીધું.

'તમે સાંભળો આ ફોન. ખાસ કાંઈ જાણવા જેવું હોય તો મને વાત કરજો.'

સેવંતીલાલે એક જાણવા જેવી વાત સર ભગનને કહી સંભળાવી :

'બજારમાં અફવા છે કે પ્રકાશશેઠે ઝેર ખાધું છે.'

'બને જ નહિ,' સર ભગન બોલ્યા, 'પ્રકાશશેઠના લેણદારોએ ખાધું હશે.'

'નહિ શેઠ, આ તો જોરદાર અફવા છે કે પોલીસ ધરપકડ કરવા આવે એ પહેલાં જ પ્રકાશશેઠે આપઘાત કરી નાખ્યો.'

'બને જ નહિ. આપઘાત તો પેલા ઉઘરાણીવાળાઓ કરશે. પ્રકાશશેઠ તો સો વરસ જીવશે.'

ફોન ઉપર સેવંતીલાલ જે સાંભળતા હતા એ અફવાઓ હતી, ત્યારે સર ભગન જે કહેતા હતા એમાં સ્વાનુભવની સચ્ચાઈનો રણકો હતો. પ્રકાશશેઠે આપઘાત કરવાની શી જરૂર છે ? આપઘાત તો કરે એમના નાહી બેઠેલા લેણદારો.

છતાં આવીઆવી અફવાઓ સાંભળીને સર ભગનને ઘડીભર તો થઈ ગયું કે હું પોતે જ પ્રકાશશેઠને ત્યાં જઈને સાચીખોટી વાત શી છે એની જાતતપાસ કરી આવું. પણ શ્રીભવનના બંગલાની

બહાર પગ ન મૂકવાની લેડી જકલે જે આણ બાંધી હતી એ ઉલ્લંઘવાની એનામાં હિંમત નહોતી.

'સવારમાં બેત્રણ બેંકો ઉપર ડિપોઝિટરોના દરોડા પડશે એમ કહેવાય છે.' સેવંતીલાલ ટેલિફોન-સંદેશાઓનું દોહન કહી સંભળાવતા હતા, 'પ્રકાશશેઠ જેમાં ડિરેક્ટર છે એ બેંકોને પણ મોટો ધક્કો લાગ્યો છે.'

'માર્યા ઠાર! હવે પેલા સમાજવાદીઓ પાર્લામેન્ટમાં બધી જ બેંકોનું રાષ્ટ્રીયકરણ કરાવવાનો દેકારો માંડશે. સૂકા ભેગું લીલુંય બાળી નાખવાના.'

વળી થોડી વારે સેવંતીલાલે ટેલિફોન-સંદેશાઓનો સારાંશ કહી સંભળાવ્યો :

'આજે રાત આખી લોકો ઊંઘતા નથી... સવારના પહોરમાં બેંકો ઊઘડવાની રાહ જોઈ રહ્યા છે. અષ્ટગ્રહી કરતાંય વધારે ગભરાટ આ આર્થિક આંધીએ ફેલાવ્યો છે. કહે છે કે વિમલ તળાવ ફાટશે ત્યારે પણ આટલી આર્થિક હોનારત નહિ થાય...'

'ત્યારે તો આ અષ્ટગ્રહીનાં જ એંધાણ. ગ્રહાષ્ટાક યોગમાં શાસ્ત્રોએ પ્રલય થવાનું ભાખ્યું છે, તે આર્થિક પ્રલય પણ હોઈ શકે.'

શેરોમાં બંધ બજારે પણ એવો તો કડાકો બોલી ગયો છે કે હજારો કુટુંબો પાયમાલ થઈ જશે. આ વખતનું વલણ જ ચુકવાશે નહિ.'

'લોકો કહે છે કે વિમલ તળાવની જળરેલથી પણ આટલું નુકસાન તો ન જ થયું હોત.'

સેવંતીલાલે આપેલા આ સારાંશ સાંભળીને સર ભગન ઠંડાગાર થઈ ગયા. એમણે આરંભથી જ જ્યોતિષમાં સેવેલી અંધશ્રદ્ધા હવે વધારે ને વધારે અંધ બની રહી. ગિરજા ગોરે કરેલી આગાહીઓ અતિશયોક્તિને બદલે અલ્પોક્તિ જેવી જ જણાવા લાગી. હજી સાચો ગ્રહાષ્ટાક યોગ તો થવાનો બાકી છે; એ દિવસે જ્યારે સૂર્યગ્રહણ

ઘેરાશે ત્યારે તો શું નહિ થાય એની કલ્પના જ સર ભગનને મુંજવી રહી.

તેથી જ, મોડી રાતે પથારીમાં પડવા છતાંય એમને ઊંઘ ન આવી. વિમલ તળાવ ફાટતાં પહેલાં જ પ્રકાશશેઠને કારણે આ આર્થિક આભ ફાટી પડયું, એના પ્રત્યાઘાતો વિચારવામાં એમને વિચારવાયુ જેવું થઈ પડયું. એક દૃષ્ટિએ જોતાં પ્રકાશશેઠ જેવા બળિયા હરીફનો આ રીતે કાંટો નીકળી ગયો તેથી સર ભગનનો પ્રગતિમાર્ગ નિષ્કંટક થતો હતો. પણ તિલ્લુનું સંભવિત શ્વશુરગૃહ આર્થિક રીતે સાફ થઈ ગયું એથી માંડ કરીને થાળે પડેલી સમસ્યા ફરી સળગવા માંડતી હતી.

હવે તિલ્લુનું શું ?

લેડી જકલે દેવાળિયાના ઘરમાં મારી દીકરી નહિ આપું, એવો દાખવેલો હઠાગ્રહ છેક ખોટો નહોતો, એમ સર ભગનને હવે રહી-રહીને સમજાવા લાગ્યું. વાત તો સાચી. એમ કાંઈ ભૂખડીબારસ ઘરમાં આવી રતન જેવી દીકરીને ફેંકી દેવાય? પણ તિલ્લુ પ્રમોદ-કુમારને નહિ તો બીજા કોને પરણશે? પેલા નાચણિયાને? બુચાજી બૅરિસ્ટરને? આ તો ઊલમાંથી નીકળીને ચૂલમાં પડવા જેવું જ થાય.

અરેરે જીવ! આના કરતાં તો ભગવાને મને દીકરી જ ન દીધી હોત તો હું કેવો સુખી થાત!

વહેલા પરોઢ પૂર્વે હજી તો સર ભગનના મગજમાં આવો વૈરાગ્યભાવ ઊપજી રહ્યો હતો ત્યાં જ એમના શયનગૃહને બારણે ટકોરા પડયા.

જેમતેમ કરીને ડ્રેસિંગ ગાઉન ચડાવીને સર ભગન બહાર નીકળ્યા ત્યાં સેવંતીલાલે સમાચાર આપ્યા :

'પ્રકાશશેઠ અને પ્રમોદકુમાર આવ્યા છે.'

સર ભગને ઘડિયાળમાં જોયું તો ત્રણ ને વીસનો સુમાર હતો. હજી તો પરોઢ થવાને પણ સારી વાર છે, ત્યારે આ લોકો

શા માટે આવ્યા હશે? કશી આર્થિક મદદ માગવા? આજની આફતમાંથી બચવા અહીં છૂપો આશ્રય માગવા આવ્યા હશે?

'પધારો શેઠ, બહુ વહેલા કાંઈ?'

'શુભ કામે આવ્યા છીએ.'

'ફરમાવો.'

'તમારી તિલ્લુને આ પ્રમોદ જોડે પરણાવી દો.'

'હેં?'

'કહું છું, તમારી છોકરીને મારા છોકરા જોડે પરણાવી દો.'

'અરે, પણ એમ તે કાંઈ...'

'કહું છું, હમણાં જ પરણાવી દો. પાંચ જ મિનિટમાં.'

'અરે, પણ આ તે કાંઈ આઈસ્ક્રીમ ખાવા જેવી વાત છે કે પાંચ જ મિનિટમાં પતાવી દેવાય?'

'પણ તો પછી તમે તિલ્લુનું માગું મારે ત્યાં શા માટે નાખ્યું?'

'જખ મારવા.' ઉજાગરાથી થાકેલા સર ભગનથી ગુસ્સામાં બોલાઈ ગયું.

'તો હવે એ પૂરું જ કરો. જલદી કરો કંકુના.'

'અરે, પણ તમે તો કાંઈ ઘોડે ચડીને આવ્યા છો?'

'અમારી પાસે હવે વધારે સમય નથી.'

'સમય ન હોય તો પધારો આપને ઘરે પાછા.'

'મારો પ્રમોદ અહીંથી પરણ્યા વિના પાછો નહિ જ ફરે.'

'તમે તો પરાણે પુણ્ય કરાવવા જેવી વાત કરો છો'

'એટલે જ કહું છું કે સીધી રીતે માની જાઓ. તિલ્લુને જલદી હસ્તમેળાપ માટે તૈયાર થવાનું કહી દો.'

'શેઠ, દીકરી મારી છે, તમારી નથી.'

'તમારી છે એટલે જ તો તમારી પાસે આવવું પડ્યું છે. વધારે સમય ન બગાડો. ગોરમહારાજને મારી ગાડીમાં જ લાવ્યો છું. તિલ્લુને તૈયાર કરો.'

'અને ન કરું તો ?'

'તો...' કહીને પ્રકાશશેઠે ખિસ્સામાં હાથ નાખ્યો.

એ હાથ ખિસ્સામાંથી બહાર નીકળ્યો ત્યારે એમાં એક અમેરિકન પિસ્તોલ હતી.

પ્રકાશશેઠ બોલી રહ્યા :

'તો આ તમારી સગી નહિ થાય, કે શરમ નહિ રાખે.'

*

## ૧૧. ....મુજ સ્વામી સાચા

સર ભગનને ભ્રાંતિ થઈ કે જાગું છું કે ઊંઘું છું ? પ્રકાશ-શેઠ મારી સામે પિસ્તોલ ધરે એ સાચું હોય કે સ્વપ્ન ?

એ ભ્રાંતિ દૂર કરવા પોતે ઊંઘરેટી આંખો ચોળી જોઈ. હાથ ઉપર ચૂંટી પણ ખણી જોઈ, અને ખાતરી કરી લીધી કે હું જાગું છું, ઊંઘતો નથી, અત્યારે સંપૂર્ણપણે સજાગ છું, સ્વપ્નમાં નથી જ નથી.

અરે, પણ તો પછી આ પ્રકાશશેઠ પોતે તો સ્વપ્નમાં નહિ હોય ? મારી પુત્રીનો વિવાહ પરાણે નક્કી કરાવવા મારી સામે પિસ્તોલ ધરે એ તે કાંઈ સાચી વાત હોઈ શકે ? મારી તિલ્લુ તે શું કોઈ ચીજવસ્તુ છે કે આમ પિસ્તોલની અણીએ એને લૂંટી જઈ શકાય ?

તેથી જ સર ભગને એમને પૂછવું પડયું :

'શેઠ, ભાંગ-બાંગ તો નથી પીધી ને ?'

'સ્કૉચ નથી મળતો તે ભાંગ પીવી પડે ? મને શું બાવો સમજી બેઠા છો ?'

'બાવા તો તમે સાચે જ હવે બની ગયા છો. આ બજારમાં બધે...'

'અરે વાતમાં શો માલ છે ? ગામ આખાને બાવા બનાવીને જ રહીશ.'

'એ તો હું અત્યારે નજરે જ જોઈ રહ્યો છું. મને પણ બાવો બનાવવા જ આવ્યા છો ને, શેઠ ?'

'ખોટી વાત. હું તમને બાવો નહિ પણ વેવાઈ બનાવવા આવ્યો છું.'

'પણ બંદૂકની અણીએ? બંદૂક બતાવવાથી વેવાઈ ન બનાવાય, બાવા જ બનાવાય.'

'એ હું આગળ ઉપર જોઈ લઈશ. અત્યારે તો કન્યા પધરાવો સાવધાન! અક્ષર સવાનો સમય વીતી જાય છે.'

આ સાંભળીને આવી આપત્તિમાં પણ સર ભગનથી હસ્યા વિના રહેવાયું નહિ. બોલ્યા :

'શેઠ, આ તે શી સુગલ માંડી છે?'

'સુગલ નથી, સાચી વાત કહું છું.'

'પણ એ સીધીસાદી રીતે, સભ્યતાથી કહોને. આમ બંદૂક બતાવીને પરાણે પુણ્ય તે કરાવાતું હશે?'

'પણ સીધીસાદી રીતે લોકો પુણ્ય કરે એવા સોજા ક્યાં છે? એ તો નાક દબાય તો જ મોં ઉઘાડે એમાંના છે.'

'એટલા માટે જ મારું પણ નાક દબાવવા આવ્યા છો?'

'સર ભગન, સાચું કહું તો, મારું પોતાનું નાક સાચવવા અત્યારે તમારું નાક દબાવવું પડે છે.'

'એ તો તમે મને અત્યારના પહોરમાં ઊંઘમાંથી જગાડ્યો ત્યારે જ સમજાઈ ગયું હતું. પણ શેઠ, નાક સાચવવા માટે આવો રસ્તો લેવાય?'

'એ તો જેવા સંજોગ.'

'પણ પૈસાની જરૂર પડે એટલે શું હાથમાં પિસ્તોલ લેવાય?'

'એ તો હાજર સો હથિયાર.'

'તમારી દાનત હું સમજી ન શકું એટલો મૂરખ નથી, પ્રકાશશેઠ. મારી તિલ્લુ મારી વારસદાર છે. અને એને તમારા પ્રમોદ જોડે પરણાવીને મારા બધો દલ્લો હાથ કરી લેવાની તમારી દાનત છે એ હું ક્યાં નથી જાણતો?'

'અરે, પણ તમારા જીવતાં જ હું કેમ કરીને તમારો દલ્લો હાથ કરવાનો હતો?'

'હું તો હવે કેટલું જીવવાનો?'

'તમે તો હજી કડેધડે છો.'

'પણ આ અષ્ટગ્રહી આવે છે ને?'

'તેથી શું?'

'એમાં કદાચ હું...' બોલતાં બોલતાં સર ભગનનો અવાજ ધ્રૂજી ગયો. ગળે ડૂમો ભરાયા જેવું પણ લાગ્યું.

'કેમ? કેમ? આ શું? ભગન શેઠ?' સર ભગનની આંખમાં પાણી જોઈને પિસ્તોલધારી પ્રકાશશેઠ પણ પીગળી ગયા. પૂછ્યું: 'અષ્ટગ્રહીથી આટલા ગભરાઈ કેમ ગયા છો!

'આઠેઆઠ ગ્રહ એકઠા થવાના.'

'અરે, ભલેને આઠને બદલે નવ એકઠા થાય.'

'પણ યુતિમાં મને મારા દેહનો ભરોસો નથી.'

'અરે, શું આમ પોચકાં મૂકો છો, ભગન શેઠ?'

'ગ્રહાષ્ટકમાં મહાપ્રલય થાય એ ટાળવા તો મેં મહાસહસ્રચંડી યજ્ઞ રાખ્યો છે.'

'એટલે જ તો દેશ આખામાં ઘીનો દુકાળ ઊભો થયો છે.'

'સાચે જ?'

'હા, ઘીના હજારો ડબા તમારા યજ્ઞ માટે સંઘરી બેઠા છો ને તમે?'

'એ તો સંઘરવા જ પડે.'

'પણ એથી બજારમાં ક્યાંય ઘીનો છાંટો નથી મળતો. બનાવટી વેજીટબલ પણ કાળા બજારમાં ચાલી ગયું છે.'

'એ કાળાંધોળાં કરનારાઓનો અષ્ટગ્રહીને દહાડે ઘડોલાડવો થઈ જવાનો છે. મારા જન્મસ્થાનમાં પણ નીચના ગ્રહો છે, એટલે મારી ઉપર આપત્તિ છે. એટલે જ, ચોથી ફેબ્રુઆરીએ હું કદાચ ઊકલી

જાઉં તો મારો બધો વારસો તો તિલ્લુને જ મળે ને?'

'અરે એમ વારસો મેળવવો એ કાંઈ બચ્ચાંના ખેલ છે?'

'હું જાણું છું કે તમે બૅરિસ્ટર બુચાજી કનેથી બધી બાતમી મેળવી લીધી છે. મેં મારી મિલકતની શી વ્યવસ્થા કરી છે એ તમે મારા સૉલિસિટર પાસેથી જાણી લીધું છે. અને એટલે જ, અત્યારે તમે પ્રમોદનાં ઘડિયાં લગન કરાવીને આ બધી મિલકત પચાવી પાડવાના વેતમાં જ છો.'

'તમે મારી બદનક્ષી કરો છો. હું તમારી ઉપર કેસ માંડીશ.'

સર ભગનને તો વહાણાના પહોરમાં સૂડી વચ્ચે સોપારી જેવી સ્થિતિ થઈ પડી. આમાંથી હવે શી રીતે માર્ગ કાઢવો એ વિચારવા એમણે સૂચન કર્યું:

'શેઠ, તમે અત્યારે ઉશ્કેરાટમાં છો. જરા ચાપાણી પીને શાંત થાઓ.'

'હું અત્યારે તમારી ચા પીવા નથી આવ્યો. ગોળ ખાવા આવ્યો છું. પ્રમોદના વિવાહ કરીને ગળ્યું મોઢું કરાવો.'

'એય થશે. ઘીના ઠામમાં ઘી પડી રહેશે. જરા શાંતિ રાખશો તો બધાંય સારાં વાનાં થશે.'

સર ભગને માંડ કરીને અતિથિઓને દીવાનખંડમાં બેસાડ્યા. તેઓ જોઈ શક્યા કે પ્રકાશશેઠ અત્યારે અવસ્થ અને ઉશ્કેરાયેલા હતા. છેલ્લેછેલ્લે એમણે શેરસટ્ટામાં જબરી ખોટ ખાધી ત્યારથી તેઓ આવો જ ઉશ્કેરાટ અનુભવતા હતા. તેથી જ, સટ્ટામાં નુકસાની જતાં હાર્યો જુગારી બમણું રમે એને બદલે તેઓ બમણાને બદલે ચચ્ચાર ગણું રમી નાખતા હતા. બજારભાવ તૂટતા હોવા છતાં તેઓ મોટી વેચવાલી કરી નાખતા, અને તેજી હોય ત્યારે લેવાલી કરતા. એ હાર્યો જુગારી ઉશ્કેરાઈને બમણું નહિ પણ ખોટું રમી નાખતો હતો. એ આંધળુકિયાં કરવામાં જ એમણે આવી ભયંકર આર્થિક હોનારત નોતરી હતી. અને હવે, એમાંથી ઊગરવા માટે

પણ અહીં પુત્ર પ્રમોદકુમારને ઝટપટ પરણાવી લેવાની બાબતમાં પણ એવાં જ આંધળુકિયાં કરી રહ્યા હતા. એમની સમક્ષ હવે એક જ તરણોપાય હતો : સર ભગનનો દલ્લો હાથ કરી લેવાનો અને એ માટે એક જ ઉપાય હતો: સર ભગનની વારસદાર તિલ્લુને પ્રમોદકુમાર વેરે પરણાવી દેવાનો.

તેથી જ, પ્રકાશશેઠના આ છેલ્લા જુગારના દાવમાંથી છટકવા સર ભગને છેલ્લો ઉપાય અજમાવ્યો.

'પણ તિલ્લુને તો પૂછવા દો.'

'એને પૂછવાની જરૂર જ નથી.' પહેલી જ વાર પ્રકાશશેઠના કહ્યાગરા પુત્ર પ્રમોદરાય બોલ્યા.

'અરે, મારી પુત્રીને પૂછ્યા વિના શું એને પરણાવી દઉં ?'

'પણ એ મારા પ્રેમમાં છે.'

'એટલે તો એને ખાસ પૂછવું પડે કે તું પ્રેમમાં રહેવા માગે છે કે પછી પરણી જ નાખવા માગે છે!'

'પણ મને તો એણે તિલ્લાણાંને તાલે પરણવાનો કોલ દઈ દીધો છે.'

'તો હું ખુશીથી પરણાવી દઈશ. પણ એક વાર મારે એના વિચારો તો જાણવા જ જોઈએ ને?'

'ભલે જાણી લો. જાઓ.' પ્રકાશશેઠે લશ્કરી છટાથી હુકમ કરી દીધો.

સર ભગને ઊભા થવા કર્યું ત્યારે એમણે જોયું કે બારણા નજીકથી કોઈક ઝડપભેર દોડી જતું હતું. એ પડછાયો જ એમને જોવા મળ્યો, પણ એથી તો એમને વધારે વહેમ આવ્યો. એમણે તુરત લેડી જકલને જગાડયાં, અને અત્યારના પહોરમાં આવી પડેલી આફત વિશે વાત કરી.

ઝડપી મસલત પછી બેઉએ નક્કી કરી નાખ્યું કે પ્રકાશશેઠના ફાંસલામાં આપણે ફસાવું નહિ.

'તો ચાલો આપણે તિલ્લુને ઝટપટ સમજાવી દઈએ.'

'પણ મારે તો અત્યારે મારાં કૂતરાં જોડે મૉર્નિંગ વૉકમાં જવાનું છે.'

'અરે, જરા મોડાં જજો. આપણી ઉપર આવી આફત આવી છે ત્યારે તમને કૂતરાં કેમ યાદ આવે છે?'

'આ તમે અષ્ટગ્રહીની મોંકાણ માંડી છે ત્યારથી મને તો એક જ ચિંતા થયા કરે છે: મારાં કૂતરાંનું શું થશે?'

'અરે, અત્યારે તો ચિંતા છે કે આપણું પોતાનું શું થશે? આપણી તિલ્લુનું શું થશે? અષ્ટગ્રહી પહેલાં જ આ લોકો તો આવીને બેઠા છે તિલ્લુને લઈ જવા.'

'એમની મજાલ છે, પારકી છોકરીને પરાણે ઉઠાવી જાય! આમ પિસ્તોલ બતાવીને તે કોઈ પરણવા આવતું હશે?'

'એ તો હવે તિલ્લુને તમે ઝટપટ સમજાવો તો જ કામ થાય. તિલ્લુ ચોખ્ખું કહી જ દે કે હું પ્રમોદકુમાર જોડે નહિ પરણું, તો જ આ પ્રકાશશેઠની બલા ટળે.'

'ચાલો, સમજાવીએ. હું મૉર્નિંગ વૉકમાં જરા મોડી જઈશ.'

પતિ-પત્ની બેઉ તિલ્લુના ઓરડા તરફ જતાં હતાં ત્યાં સામેથી સેવંતીલાલ મળ્યા. એમણે વફાદાર મહેતાજીની અદાથી ઊભા રહી જઈને સમાચાર આપ્યા:

'હૉસ્પિટલમાંથી ફોન હતો. બૅરિસ્ટર બુચાજી...'

'ઊપડી ગયા કે નહિ?' લેડી જકલે પૂછ્યું.

'નહિ. એને સન્નિપાત થઈ ગયો છે, અને 'ટિલ્લુ', 'ડીયર ટિલ્લુ' એમ જ બકવાટ કર્યા કરે છે.'

'મરે મૂઓ એ કાગળો. જલદી ડુંગરવાડી ભેગો થાય તો જાન છૂટે.'

'તમે એનું મૃત્યુ વાંચ્છશો તો એ વધારે જીવશે.'

'ત્યારે શું એને શતં જીવ શરદઃ એવો આશીર્વાદ આપું?'

'તમે કશું જ ન કરો. એને કુદરત ઉપર છોડી દો. જે થવાનું હશે તે થશે.'

'ભલે,' કહીને લેડી જકલ આગળ ચાલ્યાં.

તિલ્લુના ઓરડામાં પેસતાં એમણે જોયું કે પુત્રી તો ક્યારની જાગીને બેઠી હતી, તેથી એમનાથી પુછાઈ ગયું :

'આટલી વહેલી ઊઠી છે ?'

'મારે નૃત્યની પ્રેકિટસ વહેલા પરોઢમાં જ કરવી પડે છે.'

'એક આ નૃત્યે નખ્ખોદ કાઢયું.'

'હજી સુધી તો નથી કાઢયું, અને કોઈ કાઢી પણ નહિ શકે, જો તિલ્લુ જરા સમજદારી બતાવશે તો.'

'શી સમજદારી બતાવું, બાપુજી ?'

'તેં પ્રમોદકુમાર જોડે પરણવાનું નક્કી કરેલું ને ?'

'તમારી જ સૂચનાથી.'

'તો હવે અમારી સૂચના છે કે તું ન પરણીશ. લાખ વાતે પણ ન પરણીશ.'

'કેમ ? શા માટે ?'

'કારણ તને પછી નિરાંતે સમજાવીશું. પણ અત્યારે તો એ લોકો અહીં આવીને બેઠા છે. એમને તારે ઘસીને ના કહી દેવાની છે.'

'શું ?'

'કે હવે હું પરણવા જ માગતી નથી.'

'પણ હું તો પ્રમોદકુમારને કોલ આપી ચૂકી છું.'

'એ કોલ કૅન્સલ કરજે.'

'આ કાંઈ ટેલિફોનના ટ્રંક બુકિંગ છે કે કોલ કૅન્સલ કરી નખાય ? આ તો લગ્ન જેવી પવિત્ર વાત ગણાય.'

'પણ એ લગ્ન કરવા માગનાર અપવિત્ર છે એનું શું ? એની દાનત શુદ્ધ નથી. એ પ્રમોદકુમાર તને પરણીને મને બાવો બનાવવા માગે છે.'

'તમારું તમે જાણો. હું તો એને પરણવાનો પવિત્ર કોલ આપી જ ચૂકી છું, તમારી જ આજ્ઞાથી'.

'હવે એ આજ્ઞાનું ઉલ્લંઘન કરી નાખ.'

'મારા જેવી આજ્ઞાંકિત પુત્રીને આવું શું શીખવો છો ?'

'તારા જ હિતમાં શીખવીએ છીએ. પ્રમોદકુમારને પનારે પડીશ તો પાયમાલ થઈ જઈશ.'

'જે થવાનું હોય તે થાય. હું એને વચન આપી બેઠી છું.'

'પણ એ વચન આપ્યું ત્યારના પ્રમોદકુમાર જુદા હતા અને હવે આજના પ્રમોદકુમાર જુદા છે.'

'એ તો તમારી નજરે. મારી નજરે તો મને એક જ પ્રમોદ-કુમાર દેખાય છે.'

'ગાંડી છોકરી !'

'પ્રેમમાં પડેલાં બધાં જ ગાંડાં ગણાય છે.'

'અરે, પણ પ્રેમ તો તારું જીવતર ધૂળધાણી કરી નાખશે.'

'જે થવાનું હોય તે ભલે થાય. મારે હવે એક જીવતરમાં બે જીવતર નથી કરવાં.

'ઓહોહો !' લેડી જકલ અદ્દલ સ્ત્રૈણ લટકો કરીને બોલ્યાં, 'જોઈ મોટી સતી !'

'જે કહો તે. હું તો હવે એક જ રટણ કરું છું.''

'કયું ?'

'કે પ્રમોદકુમાર મુજ સ્વામી સાચા.'

પુત્રીનો આ હઠાગ્રહ જોઈ સર ભગનને શંકા ગઈ. તિલ્લુ કશીક રમત તો નથી રમતી ને ? હજી હમણાં સુધી પેલા નાચણિયા પાછળ ઘેલી થયેલી પુત્રી અત્યારે એકાએક આમ પ્રમોદકુમારનું રટણ શાથી કરી રહી છે ? હવે એને આ ભયાનક માર્ગેથી પાછી શી રીતે વાળવી ?

આખરી ઉપાય તરીકે પિતાએ પુત્રીને કહ્યું :
'અમે તને પ્રાર્થના કરીએ છીએ...'
'પ્રાર્થના તો હું પ્રમોદકુમાર માટે કરી રહી છું.'
'શું ?'
'કે ત્વમેવ ભર્તા ન ચ વિપ્રયોગઃ'
સાંભળીને સર ભગન ઠંડાગાર થઈ ગયા.
નીચેથી પ્રકાશશેઠનો બરાડો સંભળાયો :
'સર ભગન ! હજી કેટલી વાર ? શુભ ચોગડિયું વીતી જાય છે.'

*

'સર ભગન ! હવે ઉતાવળ કરો. અમૃત ચોઘડિયું વીતી જાય છે.' નીચેને માળેથી ફરી પ્રકાશશેઠની બૂમ સંભળાઈ.

સર ભગનને લાગ્યું કે અત્યારે તો અમૃત ચોઘડિયાને બદલે મારા નસીબમાં કાળ ચોઘડિયું ચાલી રહ્યું છે. માથે પડતો આવેલો ભાવિ વેવાઈ સાચે જ મારે માટે કાળ જેવો બની રહ્યો છે. મારી સઘળી માલમત્તાનો, ને એક પૂરી પુત્રીનો કોળિયો કરી જવા એ અહીં આવીને બેઠો છે.

તેથી જ સર ભગનને લાગ્યું કે અત્યારે તો મારી આબરૂનું અસ્તિત્વ પણ તિલ્લુના હાથમાં છે. અને તેથી જ, એમણે પુત્રીને કહી દીધું :

'તિલ્લુ, હવે તો મને તું જ તારે કે તું જ મારે.'

'હું તમને શા માટે મારું ? મારે પિતૃહત્યા નથી વહોરવી. હું પિતૃઘાતી બનવા નથી માગતી.'

'તો પછી મને મારવાને બદલે તારવાનું પણ તારા જ હાથમાં છે.'

'કેવી રીતે ?'

'પ્રકાશશેઠના છોકરાને પરણવાની ના કહી દે.'

'એક શરતે કહું.'

'બોલ, શી શરત છે ?'

'તમે જે વિલ બનાવ્યું છે તે મને સોંપી દો.'

'વિલ ? એનું વળી તારે શું કામ પડ્યું ?'

'મારે એ સુધારવું છે.'

'કેમ? મેં તને વારસદાર તો બનાવી જ છે.'

'પણ એ તો તમારા મૃત્યુ પછી ને?'

'હા જ તો. વિલનો અર્થ જ એ કે માણસની હયાતી પછી એનો અમલ થાય. મારી રજાકજા થાય તો તું હોલ ઍન્ડ સોલ વારસદાર બનીશ જ.'

'પણ હું તમારી રજાકજા સુધી રાહ જોઈને બેસી રહેવા માગતી નથી.'

'કેમ?'

'મારે તો તમારી હયાતીમાં જ બધું હાથ કરવું છે.'

'ભલે, જેવી તારી ઇચ્છા. હયાતી પછી કે હયાતી પહેલાં, બધું એક જ છે. અંતે તો આ બધી માલમિલકત—વાડી-વજીફા તારે માટે જ છે ને? હું ને તારી મમ્મી તો આમેય હવે કેટલા દહાડા?'

'હવે સમજ્યા, પપ્પા...તો લાવો તમારું વિલ.'

'હમણાં જ સેવંતીલાલને કહીને બૅંકના સેફમાંથી મંગાવી લઉં છું. પણ તું પ્રકાશશેઠને સમજાવી દે.'

'એમને તમે જ મારા વતી કહી દો કે તિલ્લુએ વ્રત લીધું છે.'

'શેનું?'

'અષ્ટગ્રહ યુતિ થઈ જાય ત્યાં સુધી પુરુષજાતના કોઈ પણ પ્રાણીનું મોઢું નહિ જોવાનું. તમે એમને કહેજો કે હું પણ તિલ્લુ જોડે આડો પડદો રાખીને જ વાત કરું છું.'

'પણ આવી વાત એ સાચી માનશે ખરા?'

'શું કામ નહિ માને? પ્રમોદકુમારને પરણવાની ગરજ છે અને ગરજને જ્ઞાન ન હોય.'

'ભલે, તો હવે આ આખી બાજી તારે હાથ છે, હોં દીકરી.'

'પપ્પા, હવે તમે બેફિકર રહેજો. મારા હાથમાં જે બાજી હોય એમાં બીજું કોઈ જીતી જ ન શકે.'

'રંગ છે દીકરી તારી અક્કલને, ને રંગ છે તારી હિંમતને,'

સર ભગન બોલી રહ્યા.

ફરી નીચેથી પ્રકાશશેઠની હાકલ સંભળાઈ:

'સર ભગન, હજી કેટલી વાર ? અમૃત ચોઘડિયું વીતી જાય છે. ઝટ કરો.'

'એક મિનિટમાં જ આવ્યો, પ્રકાશશેઠ.' કહીને સર ભગન નીચે જવા નીકળ્યા.

તિલ્લુએ એમને છેલ્લે છેલ્લે હિંમત આપી:

'ગભરાશો નહિ, પપ્પા, હું એમને ઘોળા મૂળા જેવા જ પાછા મોકલી આપીશ.'

'ધન્ય છે, દીકરી !'

'પણ તમે મને તમારું વિલ જલદી મોકલી આપો.'

'બેંકનો સેફ ખૂલે એટલી જ વાર. સેવંતીલાલને મારતી કેડિલેક દોડાવું છું.'

'ને જુઓ પપ્પા, પેલા પ્રકાશશેઠની પિસ્તોલથી તમે ગભરાશો નહિ.'

'પિસ્તોલથી કોણ ન ગભરાય ? પિસ્તોલ જોઈને મને તો આવી શિયાળાની ઠંડીમાં પણ પરસેવો છૂટી જાય છે.'

'તમે પણ સામી પિસ્તોલ બતાવજો, એટલે એ સીધોદોર થઈ જશે.'

'પણ આપણી પાસે પિસ્તોલ છે જ ક્યાં ?'

'લો, આ બનાવટી પિસ્તોલ તમે લઈ જાઓ.' તિલ્લુએ પોતાનું કબાટ ખોલતાં કહ્યું : 'આ ખોટી પિસ્તોલ અમે ડાન્સબેલેમાં વાપરતાં હતાં, એ તમને પણ નાટક કરવામાં કામ આવશે.'

'લાવ, હાજર સો હથિયાર.'

*

સર ભગનનો જવાબ સાંભળીને પ્રકાશશેઠ ધૂંવાંપૂંવાં થઈ ગયા.

'મારી જોડે છેતરપિંડી રમો છો ?'

'જી, ના. હું તો તિલ્લુએ કહેલો સંદેશો જ તમને કહી સંભળાવું છું. એણે અષ્ટગ્રહ યુતિ થાય ત્યાં સુધી એકલાં જ રહેવાનું વ્રત ધીધું છે.'

'પણ આવું વ્રત તે હોય ?'

'શેઠ, અષ્ટગ્રહની યુતિ એવી આફતભરી છે કે માણસોને એમાંથી ઊગરવા જાતજાતનાં વ્રતો લેવાં પડયાં છે. આ મેં પોતે જ સહસ્રચંડી યજ્ઞનું વ્રત લીધું છે ને ?'

'તમારું વ્રત તો સમજી શકાય એમ છે. પણ તમારી છોકરી આવું વ્રત લે એ વિચિત્ર લાગે છે.'

'વિચિત્ર તો મને પણ લાગે છે. પણ આજકાલની છોકરીઓ તો તમે જાણો છો ને ?'

'મારે એકેય છોકરી જ નથી, પછી શી રીતે જાણું ?'

'એટલા નસીબદાર છો, શેઠ કે તમારે એકેય છોકરી નથી, માત્ર છોકરો જ છે. તિલ્લુ જેવી દીકરી ઘરમાં હોત તો ખબર પડત કે સાપના ભારા કેમ સચવાય છે.'

'એટલે જ તો હું તમને કહું છું કે તમારે માથેથી એ સાપનો ભારો ઉતારીને મારા પ્રમોદના હાથમાં સોંપી દો એટલે તમે હળવા ફૂલ થઈ જાઓ.'

'પણ એ અષ્ટગ્રહ યુતિ પછી જ થઈ શકે. ત્યાં સુધી તો તિલ્લુએ વ્રત લીધું છે'.

'આવી ભણેલગણેલ છોકરી વળી વ્રત-વરતોલા જેવા વહેમમાં માનતી હશે ?'

'આજ સુધી તો નહોતી માનતી. પણ આ ગ્રહાષ્ટક યોગની આગાહીઓ સાંભળીને એવી તો ગભરાઈ ગઈ છે કે હમણાં તો રોજ ડાન્સની પ્રેક્ટિસ છોડીને આઠેય પહોર જપ-તપ જ કર્યા કરે છે.'

'મને આવી ભક્તાણી પુત્રવધૂ જરાય પસંદ નથી. પણ આ પ્રમોદે રઢ લીધી છે એટલે હું લાચાર છું.

'હું પણ અષ્ટગ્રહી પૂરી થાય ત્યાં સુધી લાચાર જ છું.'

'પણ ત્યાં સુધી અમે શું કરીએ ? માખો મારતા બેસી રહીએ ?

'એ આપની મુન્સફીની વાત છે. બાકી તિલ્લુના વ્રતપાલનમાં વચ્ચે આવવાનું પાપ તો હું ન જ કરી શકું.'

'આ પિસ્તોલ જોઈ છે ?' પ્રકાશશેઠે ફરી પિસ્તોલ બતાવી.

'તમે આ પિસ્તોલ જોઈ છે ?' સર ભગને પોતાના ડ્રેસિંગ ગાઉનમાંથી પિસ્તોલ કાઢીને બતાવી.

'આ તો બૅલેન્સ ઑફ ટેરર થઈ ગયું. ચાલો ત્યારે, હવે યુદ્ધ-વિરામ કરી નાખીએ,' કહીને પ્રકાશશેઠે પિસ્તોલ ખિસ્સામાં મૂકીને સર ભગન સાથે હાથ મિલાવ્યા. પછી ઉમેર્યું :

'આપણે હવે વેવાઈઓ તરીકે ક્યારે હાથ મિલાવીશું ?'

'ગ્રહાષ્ટાક યોગ પૂરો થયા પછી.'

'પણ એ તો છેક પાંચમી ફેબ્રુઆરીએ પૂરો થશે. ત્યાં સુધી અમારે...'

'રાહ જોવાની. પાંચમી ફેબ્રુઆરીને હવે ક્યાં પેટમાં દુઃખે છે ? દિવસને જતાં શી વાર ?'

'પણ એટલા દિવસ અમે શી રીતે પસાર કરીશું ?'

સર ભગન સમજ્યા કે પ્રકાશશેઠ અત્યારે પ્રમોદકુમાર વતી બોલી રહ્યા છે. વિરહાગ્નિમાં શેકાતા ભાવિ વરરાજા અષ્ટગ્રહી સુધીના દિવસો શી રીતે પસાર કરશે એવી પ્રકાશશેઠ ફરિયાદ કરે છે એમ સમજીને સર ભગન એક આદર્શ પુત્રીપિતા તરીકે જરા શરમાઈને મૂંગા રહ્યા, તેથી પ્રકાશશેઠે ફરી એ જ ફરિયાદ કરી :

'પણ એટલા દિવસ અમે કેમ કરીને પસાર કરીશું ?'

આ પ્રશ્નમાં વપરાયેલ 'અમે'નો બહુવચની પ્રયોગ સર ભગનને જરા વિચિત્ર લાગ્યો.

'સુખેદુઃખે સમય પસાર થઈ જશે, શેઠ.'

'પણ આટલા દિવસ ક્યાં પસાર કરવા ?'

આ પ્રશ્નમાંનો સ્થળસૂચક 'ક્યાં'' શબ્દપ્રયોગ સર ભગનને વધારે વિચિત્ર લાગ્યો.

'અષ્ટગ્રહીની આફત પૂરી થાય ત્યાં સુધી અમારે ક્યાં જવું ?' હવે પ્રકાશશેઠે તોડીફોડીને વાત કહી દીધી.

સર ભગન વધારે મૂંઝાયા. એમણે સહજ રીતે કહી દીધું :

'આપને બંગલે જ તો.'

'બંગલે જઈ શકીએ એમ નથી. પોલીસ–પહેરો બેસી ગયો છે.' પ્રકાશશેઠનો અવાજ નરમઘેંશ હતો.

હવે સર ભગનને આખી રમત સમજાઈ ગઈ.

પ્રકાશશેઠ બોલતા રહ્યા :

'સર ભગન, તિલ્લુએ ભલે અષ્ટગ્રહી સુધીનું કુંવારાવ્રત લીધું. પણ એટલા દિવસ અમને બેઉને અહીં આશરો આપો.'

'તમને બેઉને ?'

'હા.'

'શેઠ, પ્રમોદકુમાર માટે તમે આશરો માગો તો એ હજી સમજી શકાય. વરરાજા આઠ દિવસ વહેલા તોરણે આવી પહોંચ્યા એમ ગણાય. પણ તમે પોતે, વરરાજાના પિતા પણ અહીં ?'

'અહીં સિવાય બીજે ક્યાંય અમે જઈ શકીએ એમ નથી.'

સર ભગનને તો અષ્ટગ્રહીની તોળાતી આફતમાં પણ આવું સાંભળીને રમૂજનો અનુભવ થયો. પ્રમોદકુમાર ભાવિ ઘરજમાઈ તરીકે અહીં પડી રહેવાનો મનસૂબો કરે એ તો હજી સમજી શકાય. પણ એના પિતા પ્રકાશશેઠ, એક વેવાઈ ઊઠીને અહીં ઘર–વેવાઈની પેઠે પડ્યા રહેવાનો પેંતરો રચે એ તો સર ભગનને ભારે કઢંગી સ્થિતિ લાગી.

'હવે તમે ખુશીથી અમારે માટે ચા-પાણી મંગાવો ને ભોજનમાં પણ અમારા ભાગનાં મૂઠી દાળભાત વધારે ઓરવાનું મહારાજને કહી દો. પણ એ સાથે અમારા ઉતારાનો પણ બંદોબસ્ત કરાવો.'

'તમે તો જાણે જાન જોડીને આવ્યા હો એમ જાનીવાસો જ માગો છો કે શું ?

'જેમ ગણો તેમ. અત્યારે તો આ શ્રીભવન સિવાય આ ધરતી ઉપર અમારે બીજો કોઈ આશરો નથી.'

ભોળાભટાક સર ભગનને પ્રકાશશેઠની દયા આવી. પણ એમણે એક સાવ સાચી ને નાજુક પ્રકારની મુશ્કેલી સમજાવી.

'શેઠ, શ્રીભવનમાં તો આજકાલ કોઈને ઉતારો આપવા જેટલી જગ્યા જ ક્યાં રહી છે ?'

'આ તો નાનાસરખા ગામડા જેટલો મોટો રજવાડી બંગલો છે.'

'પણ એકેએક ઓરડા રોકાઈ ગયા છે.'

'કોણે રોક્યા છે ?'

'ભૂદેવોએ.'

'ભૂદેવો !'

'હા સહસ્રચંડી યજ્ઞ માટે આવેલા ભૂદેવોએ એક તસુ જગ્યા પણ ક્યાં રહેવા દીધી છે ? બગીચામાં રાવટી-તંબૂ તાણવા પડ્યા છે.'

'તો અમારે માટે એક વધારે રાવટી તણાવો.'

'તમને રાવટીમાં ઉતારો અપાય ?'

'પેલા ભામટાઓને અપાય તો મને કેમ ન અપાય ? હું એ ગોરમહારાજોથી પણ ગયો ?'

'નહિ નહિ, શેઠ. તમે ઊંધું સમજ્યા. હું તો એમ કહેવા માગતો હતો કે તમને રાવટીમાં ઉતારવામાં તમારો મોભો કેમ સચવાય ?'

'અરે, મારો ઝાડુ મોભાના નામને.'

'પણ તમારું સ્ટેટસ.'

'અરે જહન્નમાં ગયું સ્ટેટસ. અત્યારે તો હું શેરીએ રઝળતા ભિખારી જેવો થઈ ગયો છું.'

'ભિખારી થાય નહિ તમારા શેરહોલ્ડરો !'

'એ તો થયા જ છે. પણ ભેગો હું પણ સાવ મુફલિસ થઈ ગયો.'

'અને જ નહિ. મૅનેજિંગ એજન્ટો આ દેશમાં કદી મુફલિસ થતા સાંભળ્યા છે ? એટલે તો સરકારનો ડોળો મૅનેજિંગ એજન્સી ઉપર છે. સમાજવાદીઓ સત્તા ઉપર આવે તો આપણું તો મોત જ કરી નાખે.'

'પણ આમાં તો સમાજવાદીઓ સત્તા ઉપર આવ્યા પહેલાં જ મારું મોત કરી નખાયું.'

'કેવી રીતે ?'

'મારી જ ગફલતથી બૅરિસ્ટર બુચાજીએ ઓચરિયા-દસ્તાવેજોમાં ક્યાંક ગોસમોટાળો કરી નાખ્યો. એમાં મારું મોત થઈ ગયું.'

'એ બ્રીફલેસ બૅરિસ્ટરનું મગજ હમણાં ઠેકાણે નથી. ઓડનું ચોડ વેતરી નાખે છે.'

'એવું જ કર્યું છે. એને ભરોસે હું રહ્યો, એમાં જ આ મોંકાણ થઈ પડી. લેણદારોને મારે પાઈએ પાઈ ચૂકવવી પડશે.'

'તો તો આફત...'

'પૂરેપૂરી.'

'કાંઈ ઉપાય કરો.'

'એ ઉપાય કરવા માટે પણ મારે અહીં આશરો જોઈશે.'

સર ભગનને તો નમાઝ પઢતાં મસીદ કોટે વળગવા જેવું થયું. છતાં પિસ્તોલની ધાકથી પ્રમોદકુમારને પોતાની પુત્રી પરણાવી દેવી પડે એના કરતાં એમને અન્ય બાવાસાધુઓ અને બ્રાહ્મણો જોડે જોડે રાવટીમાં આશરો આપવામાં ઓછું નુકસાન હતું. તેથી જ એમણે પ્રકાશશેઠ આવ્યા તો નાખો વખારે, જેવું વલણ અપનાવીને ચા-પાણી મંગાવ્યાં. કહ્યું :

'મારી તો હજી બેડ ટી પણ બાકી છે.'

'પણ મારી તો રિટાયર થવા વખતની કોફી પણ બાકી છે.'

'કેમ ?'

'હું કાલ રાતનો રિટાયર થયો જ નથી. સમી સાંજનો પૈડાં ઉપર જ આંટા મારું છું. હરામ છે જરાય ઊંઘ કરી હોય તો.'

'હવે અહીં રાવટીમાં નિરાંતે ઊંઘ ખેંચજો.'

'પણ એ રાવટીઓમાં તમારા બાવાબ્રાહ્મણો કોઈ મને ઓળખી કાઢશે તો ?'

'એ લોકો ક્યાં તમારા શેરહોલ્ડરો છે ?'

'અરે, પણ આજકાલ તો બાવાઓના પણ મોટા બૅંક-ઍકાઉન્ટ નીકળી આવે છે. છાપાંમાં નથી વાંચતા ?'

'પણ એમાં તમારે ગભરાવાની જરૂર નથી.'

'પણ ન કરે નારાયણ, ને કોઈક મને ઓળખી પાડે ને પોલીસને ખબર આપે તો ?'

'તો તમે વેશપલટો કરી નાખો.'

'કેવી રીતે ?'

'તમે પણ એ બાવાઓ ને બ્રાહ્મણો જેવી દાઢી પહેરી લો.'

'એવું તે કરાય ?'

'એમાં શું ? જાન બચાવવા ગમે તે કરવું પડે.'

'પણ હું પ્રકાશશેઠ, ઉદ્યોગોનો બેતાજ બાદશાહ ઊઠીને બાવાનો વેશ પહેરું ?'

'આમેય બાવા બન્યા જ છો, તો એનો વેશ પહેરવામાં શો વાંધો ?' સર ભગને સમજાવ્યું : 'ટોપી પહેરવામાં ત્રણ ગુણ : નહિ વેરો, નહિ વેઠ, બાવો બાવો સહુ કરે ને સુખે ભરે પેટ.'

'પણ હું કોણ ? પ્રકાશજૂથનો રાજા.'

'એ બધું હવે ભૂલી જાઓ. ને પગમાં ઝાંઝરિયાં ન પહેરવાં હોય તો ઝટપટ દાઢી પહેરી લો. તમે થઈ જાઓ ગુરુ ને પ્રમોદકુમાર

થઈ જાય ચેલા. અષ્ટગ્રહી સુધી અહીં રોજ માલમલીદા મળશે ને સહસ્રચંડીના હવનમાં બીડું હોમાઈ ગયા પછી હું દાનદક્ષિણા પણ આપીશ.'

'દાન ?'

'હા, હા, દાન. છૂટે હાથે દાન આપીશ.'

'પણ પ્રમોદકુમારને તો દાન નહિ, કન્યાદાન આપજો.'

'ગ્રહણની ઘડીએ રાહુના મોઢામાંથી ચંદ્રનો મોક્ષ કરાવવા જે દાન અપાતું હશે તે પ્રમોદકુમારને પણ મળશે જ.'

*

## ૧૩. અમૃતમાંથી ઉદ્વેગ

'હાશ ! જાન છૂટી.'

માંડ કરીને પ્રકાશશેઠને અને પ્રમોદમારને બાવાસાધુને વેશ રાવટીમાં પધરાવ્યા પછી સર ભગન છુટકારાનો દમ ખેંચી રહ્યા.

'આવા ગળેપડુ માણસ તો ક્યાંય ન જોયા. તિલ્લુના વેવિશાળ માટે અમસ્તું વેણ નાખેલું એમાં તો સામેથી પિસ્તોલ તાકીને આવી પહોંચ્યા. કેમ જાણે મેં છોકરી પરણાવવા માટે એને સ્ટૅમ્પ-પેપર ઉપર સહી કરી આપી હોય ! કેમ જાણે મેં સાઈન્ડ, સીલ્ડ ઍન્ડ ડિલિવર્ડ જેવો પાકો સોદો કરી નાખ્યો હોય એમ આ તો પિસ્તોલની અણીએ તિલ્લુનો કબજો લેવા જ આવી પહોંચ્યા, મારા બેટાઓ !'

'આજકાલ તો છોકરીના વિવાહ માટે કોઈને વાત કરવામાંય જાનનું જોખમ છે,' લેડી જકલે ટાપશી પુરાવી.

'અરે, પણ આ ગળેપડુ માણસની દાદાગીરી તો જુઓ ! કહે કે આ અમૃત ચોઘડિયામાં જ લગ્નવિધિ પતાવી નાખો. હું ગોર-મહારાજને લઈને આવ્યો છું...જાણે મર્સરાઈઝ્ડની ગાંસડીઓ ભરી જવા લારી લઈને આવ્યા હોય એમ.'

'અરે, એની મૂઆની દાનત જ હતી ખોરાં ટાપરાં જેવી. તિલ્લુને બહાને આપણી બધી માલમિલકત કબજે કરી લેવાની.'

'પણ મને શી ખબર કે એની પાછળ સી. આઈ. ડી.ની સ્પેશિયલ ક્રાઈમ બ્રાન્ચની પોલીસ પડી હશે, ને બાપ-દીકરો જાન બચાવવા અહીં આવી પહોંચ્યા હશે !'

'આવ્યા તો ભલે આવ્યા. આમેય આ સેંકડો સાધુ–બ્રાહ્મણો અહીં રોટલા ખાય છે તો એમાં બે જીવ વધારે.'

'અરે, રોટલાને ક્યાં રડો છો ?—એની પિસ્તોલની ગોળીમાંથી આપણે બચી ગયાં એ જ મોટી વાત ગણો ને ? જાન બચ ગઈ, લાખો પાયે.'

'એ પિસ્તોલ તો તમે કબજે કરી લીધી છે ને ?'

'એમાં હું ભૂલ કરું ખરો ?' સર ભગને ખિસ્સામાંથી પ્રકાશશેઠની પિસ્તોલ કાઢીને હાથમાં રમાડતાંરમાડતાં કહ્યું, 'તિલ્લુની નાટકની પિસ્તોલ જોઈને એમણે આ ફેંકી દીધી, એવી જ મેં ઊંચકી લીધી.'

'એ હવે સંઘરી રાખજો.'

'કેમ ?'

'સંઘર્યો સાપ પણ કામ આવે.'

'પણ એ સાપ નથી, પિસ્તોલ છે.'

'એ તો વધારે કામ આવે. આજકાલ આપણા ઉપર અષ્ટગ્રહીની આફત તોળાઈ રહી છે ત્યારે તો આવું સાધન હાથવગું જ રાખવું સારું.'

જીવલેણ આફતમાંથી આજે થયેલા છુટકારાની ખુશાલીમાં સર ભગને બ્રેકફાસ્ટ ઉપર વધારે સમય ગાળ્યો. પૉરિજ એક વાર પૂરું થઈ ગયું તે એમણે બીજી વાર મંગાવ્યું. સાથે સાથે એમણે સેવંતીલાલને હુકમ કર્યો :

'આજનાં છાપાં ?'

'તૈયાર છે, સાહેબ.'

આખા બ્રેકફાસ્ટ ટેબલ ઉપર મોસાળાની છાબની ઢબે છાપાં પથરાઈ ગયાં અને એમાં ઠેરઠેર, અસ્સલ અઢાર કૅરેટનાં સોનાના અલંકારોની જેમ પ્રકાશશેઠની છબીઓ ચમકી રહી.

'અરે, આ પ્રકાશશેઠ તો સાચે જ પ્રકાશી ઊઠ્યા છે ને !'

પૉરિજનો ચમચો મોઢામાં મૂકતાં લેડી જકલ બોલી ઊઠયાં.

'પરાક્રમ એવાં મોટાં કર્યાં છે, પછી તો પ્રકાશી જ ઊઠે ને ?'

'અરે, પણ આ વાંચ્યું કે ?'

'શું ?'

'નાસતા ફરતા પ્રકાશશેઠને પકડી પાડવા બોલાવવામાં આવેલી સ્પેશિયલ પોલીસ.'

'હાય રે, આવા માણસને આપણે ઘેર કયાં આશરો આપી બેઠાં આપણે ?'

'આપતાં અપાઈ ગયો.

'અરે, પણ આપણા ઉપર પોલીસનું લફરું થશે તો ?'

'કહીશું કે એ તો ચંડીયજ્ઞમાં સાધુવેશે આવી પહોંચ્યા હશે.'

'અરે, પણ આ વાંચો તો ખરા !' લેડી જકલે એક સમાચાર તરફ ધ્યાન દોર્યું. 'પ્રકાશશેઠની છેતરપિંડીને પરિણામે કરોડોની પાયમાલી...કારખાનાંઓ, બૅંકો, વીમા કંપનીઓ વગેરે ડૂલ. ચમકના સટ્ટાએ વાળેલું સત્યાનાશ.'

'આ અષ્ટગ્રહીનાં જ એંધાણ...શાસ્ત્રમાં કહ્યું છે એવો જ પ્રલય થયો. વિમલ તળાવ ફાટયું હોત તોય આટલાં માણસો નાહી ન રહેત.'

'વિમલ તળાવમાં તો આ વિસ્તારનાં માણસોને જ સહન કરવું પડત. પણ પ્રકાશશેઠે, તો દેશ આખાનાં લોકોને નવરાવ્યાં.'

'અને તે પણ ગોળને પાણીએ.'

'અને આ વાંચ્યું કે ?'

'શું ?'

પ્રકાશશેઠની એકેએક મિલકત ઉપર સીલ વાગી ગયાં છે અને માથે પોલીસનો પહેરો મુકાઈ ગયો છે.'

સર ભગન હસી પડયા. બોલ્યા : 'એ પહેરો ભરનારી પોલીસ પણ ઉલ્લુ બનવાની.'

'કેમ ?'

'એમાંની એકેય મિલકત પ્રકાશશેઠને નામે નહીં રહી હોય.'

'ત્યારે મધુ શેઠાણીને નામે હશે ?'

'ના, એ તો મુલતાનીઓને ઘેરે ગીરો મુકાઈ ગઈ હશે.'

'મુલતાનીને ઘેરે ?'

'હા, પણ એકે જ મુલતાનીને ઘેરે નહિ.'

'ત્યારે બે-ત્રણ મુલતાનીઓએ ભાગીદારીમાં બધું ગીરો રાખ્યું હશે ?'

'ના, ના, પ્રકાશશેઠે એક જ મિલકત ઉપર ચચ્ચાર મુલતાનીઓ પાસેથી હૂંડીઓ લીધી હશે.'

'અરરર ! તો તો એ મુલતાનીઓ પણ રોવાના.'

'એ જ લાગના છે એ. દસ દસ ટકા વ્યાજ કાંઈ અમસ્તાં ખવાય છે ?'

લેડી જકલ હજી પણ છાપાંમાંથી મથાળાં વાંચી રહ્યાં હતાં : 'ચમકના સટ્ટાએ સરજેલી પાયમાલી...હાય રે ! પ્રકાશશેઠ, આવો સટ્ટો ન કર્યો હોત તો !'

'પણ એમને કરોડપતિમાંથી અબજોપતિ થવું હતું.'

સેવંતીલાલે આવીને કહ્યું :

'સાહેબ, પ્રકાશશેઠ જોડે પેલી જીપમાં આવેલ ગોરમહારાજ ઉતાવળા થાય છે. કહે છે કે અમૃત ચોઘડિયું વીતી ગયું ને હવે ઉદ્વેગ શરૂ થઈ ગયું છે.'

'એને કહો કે અમૃત કે ઉદ્વેગ કોઈ ચોઘડિયું નથી રહ્યું. હવે તો કાયમનું કાળ ચોઘડિયું જ છે.'

'પેલો જીપવાળો તો પોતે જ તોરણે આવ્યો હોય એટલો ઉતાવળો થાય છે.'

'એને પણ માનભેર વિદાય કરી દો. કહી દો કે પ્રકાશશેઠ પાછલે દરવાજેથી ઘરભેગા થઈ ગયા છે. માટે તું પણ જલદી ઘરભેગો થઈ જા.'

ઉપરથી તિલ્લુએ મોટે અવાજે કહ્યું :

'પપ્પા, સેવંતીલાલને કહો, સેફમાંથી તમારું વિલ લાવીને મને આપી જાય.'

'અરે, પણ બૅન્ક તો ઊઘડવા દે.'

સેવંતીલાલ બોલ્યા :

'આજે સરકારે બધી બૅન્કો બંધ રખાવી છે, પ્રકાશશેઠને કારણે. ગભરાટ એવો છે, કે બૅન્કો ઉપર ડિપોઝિટરોનો દરોડો પડે તો બધી બૅન્કોને ફડચામાં લઈ જવી પડે.'

'છતાં સેફમાં વૉલ્ટ બંધ ન હોય તો આપણા લૉકરમાંથી વિલ કાઢી લાવો.'

'ભલે સાહેબ.'

*

આજનો દિવસ સર ભગન માટે આફતથી ભરપૂર ઊગ્યો હતો. વહેલા પરોઢમાં જ એમને પ્રકાશશેઠ જેવા સંભવિત વેવાઈનું મોઢું જોવું પડ્યું, એથી આખો દિવસ બગડ્યો હતો.

બૅન્કના લૉકરમાંથી સેવંતીલાલ વિલના કાગળો લઈ આવ્યા અને સવારના પહોરમાં થયેલી શરત મુજબ એ તિલોત્તમાને સુપરત કરવા પડ્યા.

'દીકરી, તારે શરણે છું,' વિલ સોંપતી વેળા સર ભગને કહ્યું હતું : 'મને જિવાડવો કે મારવો તારા હાથમાં છે.'

'મારા હાથમાં શાનું ? પેલા તમારા ઊંચા આકાશમાં વસે છે એ આઠ ગ્રહોના હાથમાં છે.'

'એ તો કુદરતનો કોપ ગણાય. આઠ ગ્રહોની યુતિ કાંઈ આપણા હાથની થોડી વાત છે ?'

'આપણા હાથની વાત નહિ, એ તો ગિરજા ગોરના હાથની

વાત છે. એના ભરમાવ્યા ભરમાયા છો તે હવે ભોગવજો એનાં ફળ.'

'દીકરી, પણ તું તો આ વિલમાં મારા ઉપર દયા કરજે જરા.'

'તમે નાહકના ગભરાઓ છો, પપ્પા. વિલનો અમલ તો માણસના મૃત્યુ પછી જ થાય. અને એ વખતે માણસ ક્યાં જોવા આવે છે કે મારી પાછળ શું થયું ?'

'પણ કદાચ મારું મૃત્યુ નહિ થાય તો ?'

'એટલે ?'

'એટલે કે આ અષ્ટગ્રહ યોગમાંથી હું હેમખેમ ઊગરી જાઉં તો ?'

'તો તો આફત થશે.'

'આફત ?'

'મારે માટે.'

'તે તું શું એમ ઇચ્છે છે કે હું મરી જાઉં.'

'હું નહિ. તમારા એ ગ્રહો એવું ઇચ્છે છે. તમારો ગિરજો ગોર એવું ઇચ્છતો હશે.'

'ગિરજો મને ઉગારી લેવા આ બધી મહેનત કરે છે. ગ્રહશાંતિ માટે તો આ મહાસહસ્ત્રચંડી યજ્ઞ કરાવે છે.'

'એ તો એના ઉદરની ક્ષુધાશાંતિ માટે આ બધી ધાંધલ કરાવે છે. એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા.'

'તું તો નૃત્યો શીખી ત્યારથી નાસ્તિક થઈ ગઈ છે. બાકી ગિરજો સાચે જ જ્ઞાની માણસ છે.'

'એ તો અષ્ટગ્રહ યોગને દિવસે ખબર પડશે કે ગિરજો જ્ઞાની છે કે ગમાર.'

પિતાપુત્રી વચ્ચે આમ વાતચીત ચાલતી હતી ત્યાં સેવંતીલાલ બારણા નજીક આવી ઊભા. એ વફાદાર સેવક આજકલ બહુ જ વ્યગ્ર રહેતા હતા. સર ભગન એની વ્યગ્રતા વાંચી જઈને બોલ્યા :

'કેમ સેવંતીલાલ ? કાંઈ મુશ્કેલી છે ?'

'એવું જ કાંઈક...'

'શું છે?'

'ટેલિફોન.'

'ક્યાંથી?'

'હોસ્પિટલમાંથી.'

'કેમ? બુચાજી ઊકલી ગયા?'

'ના ઊકલતા જ નથી.'

'તો પછી ફોન શા માટે?'

'એ ઊકલતા નથી માટે જ. સિસ્ટર કહે છે કે તમારા પેશન્ટનો સન્નિપાત બેહદ વધી ગયો છે. 'ટિલ્લુ, ટિલ્લુ' એવી બૂમો પાડીને બધી જ નર્સોની પાછળ દોડે છે.'

'અરે! આ તો સાવ અડબંગ જ નીકળ્યો!'

'મેટ્રને કહ્યું કે તમારા પેશન્ટનાં તોફાનોથી હૉસ્પિટલને આઠ હજાર રૂપિયાનું નુકસાન થયું છે.'

'આઠ હજાર? અષ્ટસહસ્ર...યુતિમાંના ગ્રહો જેટલી જ સંખ્યા...' સર ભગન મનશું ગણગણી રહ્યા. પછી સેવંતીલાલને પૂછ્યું, 'પણ એ ગાંડો માણસ આટલું બધું નુકસાન કેવી રીતે કરી શકે?'

'ઇસ્પિતાલમાં ત્રીસ બલ્બ ભાંગી નાખ્યા, બે હજારની ક્રોકરી-નો ખુરદો કરી નાખ્યો અને ત્રણ રેફ્રિજરેટરોને નુકસાન પહોં-ચાડયું, એમ મેટ્રન કહે છે.'

'માળો, આ બુચાજી તો બડો ઉસ્તાદ નીકળ્યો. આવી ખબર હોત તો આપણે બીજા કોઈ સૉલિસિટરો રાખત. આ તો બેકાર બૅરિસ્ટર સસ્તો પડશે એવી ગણતરીએ એને રોક્યો, પણ ઊલટાનો બમણો મોંઘો પડી ગયો.'

'હૉસ્પિટલવાળાઓ કહે છે કે તમારા પેશન્ટને તુરત અહીંથી લઈ જાઓ ને અમારી ફી અને નુકસાની ભરી જાઓ.'

'લો સાંભળો! ધરમ કરતાં ધાડ પડે એ આનું નામ. બુચાજી સાથે આપણે નહિ સ્નાન, નહિ સૂતક, ને એ આપણો પેશન્ટ શાનો ગણાય?'

'એને હોસ્પિટલમાં આપણે જ મુકાવ્યો છે ને? એનાં કોઈ સગાંવહાલાંને તો આપણે ઓળખતાં નથી, એટલે એના વાલી તરીકે આપનું જ નામ લખાવ્યું છે.'

'હું એનો વાલી? શિવ શિવ શિવ! આ આફતનું પડીકું મારે માથે ક્યાં નાખ્યું?'

'હવે તો એને અહીં લાવ્યા વિના છૂટકો જ નથી, સાહેબ.'

લેડી જકલને આ બાબતની જાણ થઈ ત્યારે એમણે પણ સેવંતીલાલની વાતને ટેકો આપ્યો.

'હોસ્પિટલમાંથી તો એને ઝટ ઘરભેગો જ કરો. એ મૂઓ ત્યાં હજાર માણસની હાજરીમાં તિલ્લુ તિલ્લુ કરીને મારી દીકરીનું નામ લીધા કરે તે મારી તિલ્લુના ફજેતીના ફાળકા જ થાય કે બીજું કાંઈ?'

'તિલ્લુ તો બુચાજીના ટોમી કૂતરાનું નામ છે, એમ આપણે બધી સિસ્ટરોને ઠસાવ્યું છે.'

'સિસ્ટરો તો સમજશે, પણ બીજાં માણસો થોડાં સમજવાનાં છે? આમ ને આમ મારી દીકરી વગોવાઈ જશે તો એનો વિવાહ નહિ થાય.'

'તિલ્લુ માટે તો અત્યારે વિવાહ જોડવા કરતાં પ્રમોદકુમાર જોડેનો તોડવાની જ વધારે ચિન્તા છે ને?'

'પણ એ તોડીને પણ ફરી કોઈક સાથે જોડવો તો પડશે જ ને? આ બુચાજી જેવો ડોસો કુંવારો મરે, પણ ડોસી કોઈ કુંવારી મરી સાંભળી છે ક્યાંય?'

'પણ આવા ગાંડા માણસને આપણા ઘરમાં તે કેમ ઘલાય?'

'એ ગાંડો બીજે ક્યાંય જઈને મારી છોકરીનું નામ બોલ-

બોલ કરે એ કરતાં તો અહીં આપણે ઘેર જ પડી રહે એ સારું કે નહીં ?'

'તમારી વાત વિચારવા જેવી તો ખરી,' સર ભગને કહ્યું, 'પણ આમ છાણે ચડાવીને વીંછી ઘરમાં લાવવાનું મને બહુ પસંદ નથી.'

'અરે, પેલા ઝેરી સાપને ઘરમાં પેસવા દીધા પછી આ વીંછીમાં શો વાંધો છે?'

'ઝેરી સાપ ? કોણ ?'

'તમારા પ્રકાશશેઠ, બીજું કોણ ? ચમકના સટ્ટામાં દુનિયાને પાયમાલ કરીને હવે મારી દીકરીને પાયમાલ કરવા આવ્યા છે.'

'એ બિચારાનો સમય બારીક આવી ગયો. વેપારધંધામાં તો એમ જ ચાલે. કોઈ વાર ચડતી, કોઈ વાર પડતી.'

'તે પોતાની પડતીમાં આપણને પણ ભેગા પાડવાનો એણે પેંતરો કરેલો ને ?'

'ડૂબતો માણસ તણખલાને બાઝે, એના જેવું.'

'પણ આપણને બાઝે તો એની જોડે આપણે પણ ડૂબી મરીએ ને ?'

'અરે, તમે હજી જુઓ તો ખરાં, લેડી જકલ, આમાંથી કાંઈક જુદો જ ઘાટ ઊતરશે.'

'ધૂળ ને ઢેફાં ઘાટ ઊતરશે ? લાખોપતિ ઊઠીને બાવાને વેશે બાવાસાધુ જોડે રહે એ માણસનો હવે વળી શો ઘાટ ઊતરવાનો હતો ?'

સેવંતીલાલે વચ્ચે પૂછ્યું :

'સાહેબ, બુચાજીને હૉસ્પિટલમાંથી અહીં લાવવા જાઉં કે ?'

'છૂટકો છે કાંઈ ?' સર ભગન બોલ્યા.

'હાથે કરીને શા માટે ઘરમાં ઘો ઘાલો છો ?' લેડી જકલ હજી વિરુદ્ધ હતાં.

'તમે હજી મારી યોજનાનો આશય સમજતાં નથી, લેડી જકલ. એ બુઢિયો બુચાજી હોસ્પિટલમાંથી બીજે ક્યાંય જાય એ કરતાં અહીં જ પડ્યો રહે એમાં આપણી આબરૂ વધારે સચવાશે.'

'કોને ખબર છે, આ અષ્ટગ્રહીમાં આપણી આબરૂનું શું થશે.'

સર ભગતે સમજાવ્યું :

'મને તો લાગે છે કે બુચાજી અહીં રહેશે અને તિલ્લુને જોશે તો કદાચ એનું ગાંડપણ ચાલ્યું પણ જશે.'

'નહિ પપ્પા, આપની ભૂલ થાય છે.' તિલ્લુ બોલી.

'કેમ ?'

'મને જોવાથી બુચાજીનું ગાંડપણ ઘટશે નહિ પણ વધશે.'

'શા ઉપરથી કહે છે ?'

'મારા અનુભવ ઉપરથી.'

'કેવી રીતે ?'

'તે દિવસે પણ મને જોઈને જ એના મગજની કમાન છટકેલી.'

'ખરેખર ?

'હા તમે એને દીવાનખાનામાં બેસાડવાને બદલે બહાર લૉનમાં બાંકડા પર બેસાડી રાખેલો ને ?'

'હા.'

'ત્યારે એની નજર મારા રૂમની બાલ્કની ઉપર જ હતી.'

'માળો આ બુચાજી તો બડો ખેપાની નીકળ્યો.'

'તે હું બાલ્કનીમાં આવી કે તુરત એ મને જોઈને મૂર્છા ખાઈ ગયેલો.'

'અરરરરરરર !'

'અરરરર શું કરો છો ?' લેડી જકલે પતિને ટોક્યા, 'મૂઓ એ મેલી નજરનો એ જ લાગનો હતો. હવે એને પાછો અહીં લાવશો ને ફરી તિલ્લુને જોશે તો ફરી મૂર્છા ખાશે ને

મર્કટને મદિરા જેવું મળશે.'

'તો એને અહીં ન લાવીએ.'

'નહિ સાહેબ,' સેવંતીલાલે સમજાવ્યું, 'કાયદેસર આપણે જ એના વાલી તરીકે પેશન્ટનો કબજો સંભાળવો પડશે, ને હૉસ્પિ-ટલમાં નુકસાનીના આઠ હજાર ભરવા પડશે.'

'ખાતર ઉપર દીવો.' લેડી જકલ બોલ્યાં.

'છૂટકો જ નથી. લાવો, ભુચાજીને લાવો, તિલ્લુની નજરથી એને દૂર રાખજો.'

'પણ કેવી રીતે દૂર રાખીશું ?'

'એને પણ પેલી રાવટીમાં પ્રકાશશેઠ અને પ્રમોદકુમાર જોડે મૂકી દો. એ બેઉ માંહોમાહે ફોડી લેશે.'

*

સાપના ભારા જેવાં સંખ્યાબંધ આફતનાં પોટલાં શ્રીભવનમાં સંઘરીને સર ભગન મોડી રાતે થાક્યાપાક્યા પલંગમાં પડ્યા ત્યારે એમની માનસિક દશા બાણશય્યા પર પોઢેલા ભીષ્મ-પિતામહ કરતાંય વધારે ભયંકર હતી. એ પ્રાચીન પિતામહને તો શરશય્યા પર પણ શાન્તિનો અનુભવ થતો હતો, ત્યારે સર ભગન-ને તો ફોમ-રબરગર્ભિત ગાદલામાં પણ ચિંતાઓનાં તીણાં ભાલાં ભોંકાતાં હતાં.

આવી રહેલી અષ્ટગ્રહયુતિ ઉપરાંત પણ બીજી અનેક આપત્તિઓ વેંઢારી રહેલા સર ભગનને તો શૂળી પર સેજ બિછાવ્યા જેવો અનુભવ થઈ રહ્યો હતો.

હવે આ મધરાત પછી કોઈનો ફોન ન આવે, અને સેવંતી-લાલ મને જગાડે નહિ તો સારું, એમ સર ભગન ઇચ્છતા હતા. આજકાલ શ્રીભવનમાં ટેલિફોનની ઘંટડી રણકે એટલે કશીક આફતના જ સમાચાર આવે એવો એમનો સ્વાનુભવ હતો. તેથી જ, ટેલિફોનની ઘંટડીનો અવાજ એમને મૃત્યુઘંટના રણકાર જેવો લાગતો હતો. હમણાં સેવંતીલાલ શયનગ્રહની કૉલબેલ દાબશે અને વળી કોઈક નવીન આફતની વધામણી ખાશે એવા ભયથી સર ભગન જંપી જ નહોતા શકતા.

ટેલિફોનની ઘંટડી રણકતી નહોતી તોપણ સર ભગનના કાનમાં એના ભણકારા વાગતા હતા. પોતાના શયનગૃહની કૉલબેલ વાગતી નહોતી તોય એનો સુમધુર ઝંકાર ઝંઝાનિલ જેવો કાનમાં

અથડાતો હતો.

આ બધી અષ્ટગ્રહ યુતિની જ આફત, એમ તેઓ સ્વાનુભવે સમજી રહ્યા હતા, કઈ ઘડીએ શું બનશે, એ કરતાં શું નહિ બને એની કલ્પના જ એમને અકળાવી રહી હતી. પોતે ભભૂકતા જ્વાળામુખીના શિખર પર સૂતા હોય એવી અસ્થિરતાની લાગણી એમને ઘેરી વળી હતી.

અરેરે! આ અસ્થિરતા કરતાં તો જ્વાળામુખીની જ્વાળામાં હું ખાખ થઈ જાઉં તોય ઓછી પરેશાની થશે. અને હવે પરેશાન થવામાં બાકી પણ શું રહ્યું છે! આજે તિલ્લુએ મારા વિલના, મારી જ નજર નીચે જે હાલહવાલ કરી નાખ્યા એનાથી વધારે આફત હવે બીજી કઈ બાકી રહી હશે? મારું આખુંય વસિયતનામું મારી જ પુત્રીએ મારે જ હાથે સુધરાવીને મને તો જીવતેજીવ બાવો કરી મૂક્યો. અરે, બાવાઓ પાસે પણ બૅંક બૅલેન્સ હોય છે, ત્યારે મને તો આ ઘરમાં તિલ્લુની દયા ઉપર જ જીવવું પડે એવા દિવસ આવી રહ્યા છે.

સર ભગનના હૈયામાં બેવડી હોળી સળગતી હતી; એક તો, વિધિના લેખ જેવી અફર અષ્ટગ્રહ યુતિ અને બીજી, સમાજ જેને નવમો ગ્રહ ગણે છે એ જમાઈની પસંદગી. જમાઈપદેચ્છુ પ્રમોદકુમાર તો શ્રીભવનમાં ઘરાર-જમાઈની ઢબે આવીને બેસી ગયો હતો. એને માનભેર અને આબરૂભેર શી રીતે પાછો કાઢવો એ અંગે સર ભગન મૂંઝવણમાં હતા, પ્રમોદકુમારના નામ ઉપર ચોકડી પાડચા પછી પુત્રી પોતાના સ્વયંવરની વરમાળા કયા સુપાત્રના ગળામાં આરોપશે એ પણ એક સવાલ હતો. આમ નવનવ ગ્રહો અત્યારે સર ભગનના હૈયામાં હમચી ખૂંદીને એમને હેરાનપરેશાન કરી રહ્યા હતા.

આવી રહેલ અનિષ્ટનાં એંધાણ આગોતરાં વરતાય એ ન્યાયે એમને કશુંક આવી રહ્યું હોવાની ભીતિ સતાવી જ રહી હતી.

અને એ ભીતિ સાચી પણ પડી જ.

શ્રીભવનમાં સર ભગન સિવાય સહુ જંપી ગયા હતા ત્યારે સેવંતીલાલે વફાદારીપૂર્વક પોતાના માલિકને સંદેશો આપ્યો :

'ઇન્સ્પેકટર ગોગટે પોલીસ પાર્ટી લઈને આવ્યા છે.'

'માર્યા ઠાર ! પોલીસ પાર્ટી ?' સર ભગત બોલી રહ્યા. 'પણ પોલીસ પાર્ટીઓને તો આપણે અષ્ટગ્રહીને દિવસે બોલાવી છે ને ?'

'એ તો બંદોબસ્ત માટે...'

'ત્યારે આ શા માટે આવ્યા છે ?'

'કશીક ઝડતી લેવાની વાત કરે છે.'

'ઝડતી ? શાની ? ખાંડની ગૂણીઓની તો સ્યુગર કન્ટ્રોલરે આપણને સ્પેશિયલ પરમીટ આપી છે.'

'એ માલસામાનની ઝડતી માટે નથી આવ્યા.'

'ત્યારે શાની ?'

'કોઈ શકમંદ આરોપીઓને શોધવાની વાત કરે છે.'

'શકમંદ આરોપીઓ ? અહીં શ્રીભવનમાં ?' સર ભગન શિયાંવિયાં થઈ ગયા. અષ્ટગ્રહીનો દોષ હજી કેટલોક બાકી હશે એની કલ્પના કરતાં આંખે અંધારાં આવવા માંડયાં.

'અહીં આપણા બંગલામાં શકમંદ આરોપીઓ ?'

'સાહેબ, એ તો પ્રકાશશેઠને ને પ્રમોદકુમારને શોધવા આવેલા છે. એમના ઉપર જામીન વિનાનાં વૉરન્ટ છે ને ?'

'અચ્છા ! હવે સમજાયું !' આટઆટલી આપત્તિઓ વચ્ચે સર ભગન આનંદી ઊઠયા.

'એમ વાત છે ત્યારે. પ્રકાશશેઠને પકડવા આવ્યા છે ?'

'જી, હા.'

'અંધારામાં પણ સર ભગનની અજય આંખોમાં આનંદની ઝલક દેખાઈ આવી. એમને થયું કે હજી મારું પુણ્ય પરવાર્યું નથી. આ સર્વગ્રાહી આફતમાંથી ઊગરવાની આશા હજી છે ખરી.

અષ્ટગ્રહી કરતાંય વધારે વસમી આફત આમ આપમેળે જ ચાલી જતી હોય તો એનાથી વધારે રૂડું બીજું શું ?'

'ભલે, ગોગટેને કહી દો કે તમે ખુશીથી તમારા શકમંદ આરોપીઓને પકડી શકો છો.'

સર ભગનના હતાશ હૃદયમાં પહેલી જ વાર આનંદના ઓઘ ઊછળ્યા. ટાઢે પાણીએ જ ખસ જવા બેઠી છે તો હવે ઊનું પાણી કરવા બળતણ ક્યાં બાળવું ?

સર ભગન એક જમાનાના નાઈટહૂડધારી હોવાથી પોલીસ ઇન્સ્પેક્ટર એમનો માનમોભો જાળવવા શ્રીભવનમાં પ્રવેશવાની રજા માગતા હતા.

'એમને ખુશીથી આવવા દો.' સર ભગને સેવંતીલાલને સૂચના આપી, 'કાયદાનું પાલન કરવામાં આપણે એમને સહકાર આપવો ઘટે.'

'ભલે સાહેબ,' કહીને સેવંતીલાલ ગયા.

પોતાના બંગલામાં મધરાતે પોલીસ આવ્યા તેથી જાણે પ્રભુ પધાર્યા હોય એવો ઉલ્લાસ સર ભગનના ચિત્તમાં વ્યાપી રહ્યો. ધરાર પટેલની ઢબે ઘરવેવાઈ અને ઘરજમાઈ બની બેઠેલા એ બાપ-દીકરાનો આમ આપમેળ જ નિકાલ થઈ જાય તો એક મોટો હૈયાભાર હળવો થાય એમ હતો. તેથી જ આ દરોડો પાડવા આવેલા પોલીસ અફસર એમને દેવદૂત જેવા લાગ્યા.

અજાજૂડ શ્રીભવનમાં પોલીસની શોધક-બત્તીઓના શેરડા આમતેમ ઝબકી ઊઠયા. એ સર ભગનને અષ્ટગ્રહીના કાજળઘેરા અંધકારમાં આશાના સૂર્યકિરણ સમા લાગ્યા.

ઘણા દિવસ પછી એટલે કે ઘણી રાતો પછી આજની રાતે સર ભગનને થોડો જંપવારો મળ્યો. થોડા કલાક તેઓ સ્વસ્થ નિદ્રા ખેંચી શકયા.

એ સુખદ તંદ્રાવસ્થામાં જ એમણે આજના સુખદ બનાવ બદલ અંબામાનો આભાર માની લીધો, અને આવા દેવી ઉપકાર

બદલ એમણે આવતી પૂનમે અંબામાને સવાશેર શુદ્ધ ચાંદીનું છત્તર ચડાવવાની માનતા પણ માની લીધી.

અરે, પણ આવતી પૂનમ તો હજી ઊગે ત્યારે ને ? તુરત સર ભગનના મનમાં ભય અને વહેમનાં વમળ ઊઠ્યાં. એ પૂનમ આડે તો હજી અષ્ટગ્રહ યુતિ પડી છે એનું શું ?...પણ તુરત એમણે આ સંશયનું સમાધાન શોધી લીધું...આજે પેલા જમ જેવા જમાઈપદેચ્છુની અને જમથીય ચડિયાતા વેવાઈપદેચ્છુની ટાઢે પાણી-એ ખસ કાઢવા જેટલો અંબામાએ મારી ઉપર ઉપકાર કર્યો છે, તો આવતી પૂનમ સુધી મને જીવતો રાખવાની કૃપા પણ મારી એ જ કુળદેવી કરશે. આ આફતમાંથી ઊગરીશ તો સીધો જ અંબા-માના પગમાં પડી જઈશ.

વહેલા પરોઢમાં આમ માંડ કરીને સર ભગન રાહતનો દમ ખેંચી રહ્યા હતા. હવે કોઈ નવી આફત આવવાનો ભય નથી, પેલા કાળમુખા બાપ–દીકરો પોલીસની કસ્ટડીમાં પડી ગયા છે, એથી તેઓ નિરાંતનો શ્વાસ ખેંચતા હતા. ત્યાં જ શ્રીભવનના પ્રવેશદ્વારે કશીક ધાંધલ થતી સંભળાઈ. ગુરખો ગુરુચરન એની શુદ્ધ નેપાળી ભાષામાં નકાર ભણી રહ્યો હતો. અને સામેથી સંખ્યા-બંધ માણસો શુદ્ધ કાઠિયાવાડી બોલીમાં શોરબકોર કરી રહ્યા હતા. એ ધીંગી ધરતીનાં ધીંગાં માણસો એમનાં નરવાં ગળાંમાંથી નક્કર બોલ ઉચ્ચારી રહ્યાં હતાં :

'એલા એય અડબંગ, કોની માએ સવાશેર સૂંઠ્યું ખાધિયું છે કે જલાલપર–બાદલાના નગરશેઠના ઘરની જાનુંની આડો ઊભો રૈ શકે ?...ચીરીને મીઠું ભરી દેશું હા !...આંયાકણે પાલિયાળું ભાળી ગયો હો તો હજી હજાર દાણ વચાર્ય કરી જોજે, હા !'

એક તરફ તળપદી કાઠિયાવાડી બોલીનો તાશીરો ફૂટતો હતો, ને સામેથી ગુરુચરન વધારે ને વધારે જોશથી નકાર ભણતો હતો.

'એલા અકલના ઓથમીર, તું કોની સામે આડો ઊભો છો એનું તને ભાન બળ્યું છે કાંઈ ? જલાલપર–બાદલાના પાઘડીબંધા નગરશેઠ હા !...જેની ખુડસી દરબારગઢની કચારીમાં દોલતસંગ બાપુની પડખોપડખ પડે, હા !...જેની મૂછયે લીંબુ લટકે ને જેના નામનાં અન્નછેતર હાલે એવા નગરશેઠના ઘરની જાન આવી છે. હા !... દોલતસંગ બાપુને ને નગરશેઠને એક જ થાળીમાં હાથ એવા જલાલપર–બાદલાના અરધા ગામધણી, હા ! આવા મોટા ખોરડાના ઘરની જાન આવી, એની આડે ઊભીને અપશકન કરાવતાં શરમાતો નથી. માળા મત્યફરેલ ?'

પોતાના બેડરૂમની બાલ્કનીમાં ઊભાઊભા સર ભગન આ બુમરાણ સાંભળી રહ્યા હતા. એમાં શુદ્ધ કાઠિયાવાડી ઉચ્ચારોમાં વારેવારે જલાલપર–બાદલા ગામનો ઉલ્લેખ સાંભળી તેઓ ભડકી ઊઠયા.

જલાલપર–બાદલા ? અને તેમાંય પાછા ત્યાંના નગરશેઠ ?... સર ભગન ઘડીભર તો વિચારમાં પડી ગયા. એ સુપરિચિત ગામના સુપરિચિત નગરશેઠનું નામ યાદ કરવા માથું ખંજવાળી રહ્યા ત્યાં તો એ શોરબકોરમાંથી જ એ નામોચ્ચાર સંભળાઈ ગયો.

'એલા એય વાયલ ! જલાલપર–બાદલા જેવા ગામના નગર-શેઠનું નામ પૂછતાં શરમાતો નથી, માળા મૂરખ ? તારો અવતાર એળે ગયો, અવતાર હા !... જલમ ધરીને કોઈ દી વખત વેરસીનું નામ કાને સાંભળ્યું છે કે નહિ ? જલાલપર–બાદલાને ચારેય સીમાડે વખતચંદ વેરસીના નામના સિક્કા પડે, હા !...વખત વેરસીના નામની હૂંડીનો સરગાપુરીમાંય સીકાર થાય, હા !...'

વખતચંદ વેરસી ?...નામ સાંભળીને જ સર ભગનનાં મોતિયાં મરી ગયાં. આ આફત અત્યારે અહીં ક્યાંથી ટપકી પડી ? ઘરણ-ટાણે આ સાપનો હવે શો ઉપાય કરવો ?

'સેવંતીલાલ !' શેઠે બૂમ પાડી.

'એ તો દરવાજા પર ગયા છે. કાઠિયાવાડી લોકોનું મોટું-મસ ટોળું આવી પડ્યું છે, એને અટકાવવા બીજા ચોકિયાતોને લઈને દરવાજે આડા ઊભા છે.

સાંભળીને સર ભગને બીજા નોકરોને હુકમ કર્યો.

'એ લોકોને અટકાવો નહિ. અંદર આવવા દો.'

અને પછી મનશું ગણગણ્યા : 'એ તો પડશે એવા દેવાશે. અત્યારે આફતનું આભ ફાટ્યું છે એમાં થીંગડું કેમ કરીને દેવાય ?...લાખ ભેગી સવા...બહુ દુખિયાંને દુઃખ નહિ ને બહુ ઋણિયાંને ઋણ નહિ...'

સર ભગનનો શબ્દ દરવાજે પહોંચ્યો અને શોરબકોર બધો શાન્ત થઈ ગયો. શેઠની આજ્ઞાનો સત્વર અમલ થયો.

આખુંયે હાલરું આનંદની ચિચિયારીઓ કરતું હડુડુડુ કરતું બંગલામાં પેઠું.

એના આગમનમાં વિજયટંકાર સંભળાતો હતો.

'ભાઈની ભલાઈએ કાંઈ ઘરની માલીપા ઘરવા નથી દીધાં આપણને, કાકા કહીને ઘરમાં ઘાલ્યાં છે.'

'માલીપા ઘરવા નો દ્યે તો જાય ક્યાં ? આપણે કાંઈ માગણ ભિખારી કે અતીત – અભ્યાગત થોડાં છંયે ? વેવાઈ છંયે, વેવાઈ.'

'વેવાઈમાં પણ વળી પાછા વરનાં માવતર એટલે આપણો હાથ ઊંચો ને કન્યાવાળાનો એટલો નીચો.'

'ઈ તો આદિકાળથી હાલતું આવ્યું છે. ગમે ઇવા તોય આપણે વરવાળા, ને ઇવડાં ઇ કન્યાવાળાં.'

થોડી વારમાં આખું લાવલશ્કર બંગલા નજીક આવ્યું. ત્યાં તો એક સાચાં ઘી–દૂધ ખાધેલા ગળામાંથી ગજવેલ જેવો અવાજ ઊઠ્યો :

'કાં ભગવાનજી વેવાઈ ! કેમ છો ? ક્યાં કણે મેડીને મોલે ખેતરના ચાડિયાની વોડ્યે ઊભા છો, તી આ વખતચંદ વેવાઈને

સામે લેવા આવવાનુંય સૂઝતું નથી ! પગે મેંદી મેલી છે કે શું ?... ક્યાં ગિયાં અમારાં જકલ વેવાણ્ય ?...'

સર ભગન તો આ વખતે વેરસીની વૈખરી સાંભળીને પોતાનાં ડેન્ચર કચકચાવી રહ્યા હતા. પોતાને વિષે એ વેવાઈ જે કાંઈ ભરડી ગયા એ બધું તો એમણે ખમી ખાધું પણ કાઠિયાવાડના એ રોનકી માણસે 'અમારાં જકલ વેવાણ્ય'ને મર્મભરી ઢબે સંભારીને જે ઠેકડી કરી લીધી એ તો સર ભગનને હાડોહાડ વ્યાપી ગઈ.

એટલામાં તો બેડરૂમમાંથી લેડી જકલ પણ આ ઘોંઘાટમાં પોતાનો નામોચ્ચાર સાંભળીને જાગી ગયાં. ધૂંવાંપૂંવાં થતાં બાલ્કનીમાં ધસી આવ્યાં. પતિને પૂછી રહ્યાં :

'કોણ છે એ મૂવો મને વેવાણ કહેનારો ?'

'આપણા વેવાઈ છે.'

'કયા વેવાઈ ?'

'વખતચંદ વેવાઈ. વખત વેરસીવાળા.'

લેડી જકલને બાલ્કનીમાં જોઈને નીચેથી વખત વેરસી બે હાથ જોડીને બોલી રહ્યા :

'જેસી કરસણ, વેવાણ્ય, જેસી કરસણ.'

'આ કોણ બોલબોલ કરે છે ?' લેડી જકલ ફરી પતિને પૂછી રહ્યાં.

'ન ઓળખ્યા તમે ? આ તો આપણી તિલ્લુના સસરા... વખત વેરસી.'

'યૂ મીન, જૂના સસરા ?'

'યેસ.'

'તો હવે અહીં એનું શું દાટ્યું છે ?'

'એ જાન જોડીને આવ્યા લાગે છે.'

'નો કિડિંગ, ભગન ?'

'નો, નો.'

ફરી નીચે ટોળામાંથી વખતચંદે બૂમ પાડી :

'એલા એય ભગલા, ભૂંડો લાગશ ભૂંડો ! માળા, મરદ જેવો મરદ ઊઠીને આ સાડલા પેરનારિયું હાર્યે ઇંગરેજીમાં ગૉટપીટ કરતાં શરમાતો નથી ?...બાઇડિયું તો અમેય પરણ્યા'તા...એક નંઈ, તણ્ય તણ્ય...ઈ તો સંધિયુંય આ મારા સાત ખોટયના ખીમચંદને નમાયો મેલીને સરગાપુરીમાં પોંચી ગઈયું એટલે... બાકી તું કાંઈ નવી નવાઈનો પરણ્યો છો, હેં ? તેં કાંઈ આકાશ-માંથી ઇન્દરરાજાની અપસરા ઉતારી છે, હેં ? છાનોમાનો હેઠો ઊતર્ય, હેઠો ઝટ.'

'આ લોકો શા માટે અહીં આવ્યાં છે ?' લેડી જકલે પતિને પૂછ્યું.

એમનો આ પ્રશ્ન નીચે સુધી સંભળાયો તેથી માથા પર રંગબેરંગી ટ્રંકો ને પેટીઓ મૂકેલું એ આખુંય ટોળું એકસામટું પોકારી ઊઠ્યું :

'ગંગા પધરાવવા આવ્યાં છીએ...તમને કાંઈ ચોખા ચડાવવા નહીં આવ્યાં, જાન જોડીને આવ્યાં છીએ.'

*

## ૧૫. ભ્રમગોટાળો

'હવે રાખો રાખો, ભગવાનજી વેવાઈ...આવી વાયડી વાતું કરવી રેવા દિયો....'

'અરે પણ આટલાં વર્ષ વીતી ગયાં પછી તમે ખીમચંદનાં લગનની વાત કરો, એ તે ક્યાંનો ન્યાય ?'

'તી લગન તો લગનને સમે જ થાય કે વહેલાં થાય ? ને અમારા ઘરનો સંજોગ પણ જોવા જોઈએ કે નહિ ? ઉપરાઉપરી છ વરસથી અમારા ઘરમાં શોગ જ હાલ્યા કરતો'તો. મારું તો કળસીએક કુટુંબ...એકનો શોગ માંડ માંડ પૂરો થાય ત્યાં બીજું કોઈ પાછું થાય. બીજાનો પૂરો થાય ત્યાં ત્રીજું...આમ હું કેમ કરીને ખીમચંદનાં લગન લઉં ?'

'પણ અમે તો એ વાત જ ભૂલી ગયા હતા કે તિલ્લુનું વેવિશાળ તમારા ખીમચંદ વેરે કરેલું.'

'હવે રાખો, રાખો, ભગવાનજી વેવાઈ, તમે બહુ રોનક કરી આજે. પણ ભલા માણસ, લગન – પરિયાણ જેવી વાતમાં તી આવી સુગલ કરાય ?'

'હું સુગલ નથી કરતો. સાચું કહું છું. આપણાં છોકરા-છોકરીના વેવિશાળની વાત જ અમે તો સાવ ભૂલી ગયાં હતાં.'

'તમે તો મજાના આવી વાત ભૂલી જાઓ પણ હું એમ શેનો ભૂલું ? તમને તમારું નાક વહાલું નહિ હોય, પણ આ વખત વેરસીએ પોતાનું નાક હજી ઘરાણે નથી મેલ્યું, હાં !'

'મને અત્યારના પહોરમાં આવી ચર્ચાઓ પસંદ નથી.'

'ચર્ચા તો મનેય પસંદ નથી. પણ તમે મોઢામાં આંગળાં નાખીને બોલાવો છો એટલે મારે બોલવું પડે છે.'

'તમે આમંત્રણ વગર અહીં આવ્યા જ શા માટે?'

'ગજો પઇણાવવા આવ્યા છીએ, કાંઈ તમારું રૂપાળું મોઢું જોવા નથી આવ્યા.' વખતચંદ શેઠ જોડે બીજા પાંચ-સાત વડીલ જાનૈયાઓ પણ બોલી ઊઠ્યા.

'પણ કાંઈ અગાઉથી સમાચાર આપ્યા વિના સીધા અહીં આવી પહોંચો એ તે કેમ ચાલે?'

'પણ આગોતરી જાણ્ય કરવા જેટલું તમે ટાણું જ ક્યાં રે'વા દીધું'તું? તમે તો મારા ખીમચંદની વહુને બારોબાર સવેલી જ પરણાવી દેવાના હતા ને?'

'શું? શું કહ્યું?'

'સવેલી. બીજું શું? અમને જલાલપર – બાદલાવાળાને સાવ અંધારામાં રાખીને ઓલ્યા પ્રકાશશેઠના છોકરા વેરે અમારી કન્યાના ફેરા ફેરવી દેવા છે તમારે તો.'

'કોણે કહ્યું તમને?'

'તમે તો શેના કહો? તમારે તો સંચોડી સવેલી જ પઇણાવી દેવી'તી, પણ અમારાં નસીબ જરાક પાધરાં તી વળી ઊડતા વાવડ આવી પોગ્યા.'

'કેવી રીતે?'

'ઇ તો મારા ખીમચંદે એનાં કરમ થોડાં વેચી ખાધાં હતાં કે તમારા ગોરખધંધાની અમને ગરીબ માણસને ખબર ન પડે?'

'પણ ખબર કેવી રીતે પડી એ તો કહો.'

'ઇ તો ભલું થાજો અમારા ગામના લટપટિયાનું....'

'કોનું?'

'અમારા રઘલા નાઈની છોકરીના છોકરાનું. ઈ અમારા ગામના

વાળંદનો ભાણેજ, એટલે અમારો સહુનો ગામભાણેજ ગણાય. આંચાકણે વિમલ તળાવ ફાટશે એવી ફેહમાં ને ફેહમાં ઈ છોકરો અમારે ગામડે આવી પૂગ્યો. ને ધોડતોકને મને સમાચાર આપવા આવ્યો.'

'શું ? શું ?'

'ઇ કિયે મામા, મામા, આપણા ખીમભાઈની કન્યા તો બીજા કોઈને પરણવાની છે. ભગનશેઠે દીકરીનાં ઘડિયાં લગન લેવરાવ્યાં છે.'

'એ ગધેડાએ આવું ગપ્પું હાંક્યું જ શી રીતે ?'

'વાત થયા વિના એને ગંધ થોડી આવી હશે ? પણ મારા ખીમાનાં નસીબ એટલાં ચડિયાતાં કે આગોતરી ખબર પડી ગઈ. વાત સાંભળીને આખું જલાલપર – બાદલા રાડય પાડીને બેઠું થઈ ગયું, કે કોની જણનારીએ સવાશેર સૂંઠય ખાધી છે કે અમારા ગામની વહુને આડેથી વરી જાય ?'

'અરે, પણ આ વાત જ સાવ ખોટી છે.'

'હવે ખોટી કિયો તો ખોટી, ને સાચી કિયો તો સાચી, મારા ખીમચંદનાં નસીબે જોર કર્યું, તી અમે તો જાડાં માણસની જાન જોડીને હાલી નીકળ્યાં.'

'તે તમે સહુ સાચે જ હાલી નીકળ્યાં છો. આમ તે કાંઈ પારકી છોકરીને પરણવા નિકળાતું હશે ?'

'તી પરણવાનું તો પારકી છોકરી હારે જ હોય ને ? ઘરની છોકરીને તે કોઈ પરણતું હશે મલકમાં ક્યાંય ? પછી તમારા કુળની રીત તમે જાણો, હોં શેઠ!' કહીને વખતચંદ વેવાઈએ કાઠિયાવાડી મર્મવાણીમાં સર ભગનને ટાઢા ચાંપ્યા.

'જુઓ, અત્યારના પહોરમાં તમે મારી સાથે આમ ખોટી જીભાજોડી ન કરો. મૂળ મુદ્દાની વાત કરો.'

'મૂળ મુદ્દાની વાત ફક્ત એટલી જ કે અમે જલાલપરથી જાન જોડીને આવ્યાં છીએ. અમારા ખીમચંદ હાર્યે તમારી તિલુના ચાર ફેરા ફેરવી દિયો એટલે તમારે માથે ઘીના ઘડા.'

'લો બોલ્યા! ફેરા ફેરવી દો. મારી તિલ્લુને તમે લોકો શું સમજી બેઠા છો?'

'અમારા ખીમચંદ વેરે વરાવેલી કન્યા જ, બીજું કાંઈ નહિ.'

'એ વાત નહિ બની શકે.'

'શું બોલ્યા?'

'મારી તિલ્લુ હવે તમારા છોકરાને નહિ પરણી શકે.'

'હેં?' આખી જાનમાંથી એકસામટા હુંકાર ઊઠયા.

'સાચું કહું છું. હું મારી છોકરીને સવેલી બીજે ક્યાંય પરણાવવા માગતો નથી. છતાં એ મનોમન બીજાને વરી ચૂકી છે.'

'ઇ બીજો છે કોણ? કાંઈ ખબર પડે?'

'એ એનો ઇચ્છાવર છે.'

'અરે એવા ઇચ્છાવર-બિચ્છાવર માર્યા ફરે. ઓળખો છો અમે કોણ છીએ? જલાલપર-બાદલાના જાનૈયા હા, બીજે ક્યાંયના નહિ. અમારા ગામની વરેલી કન્યાને સવેલી લઈ જનારને ચીરીને મીઠું ભરી દઈએ, હા! અમે ઓછા ઊતરીએ તો અમારી નદીનું પાણી લાજે, હા!'

'તમે લોકો કયા યુગમાં જીવો છો?'

'કળયુગમાં જ. નહિતર કાંઈ આવાં કપટ થાય? અમારે વેરે વરાવેલી કન્યાને કાંઈ આડેથી પારકાંને પરણાવી દેવાય?'

'પણ હજી તિલ્લુ કોઈને પરણી જ નથી ને.'

'ઇ તો પગલાંફેર થયો, એમાં બચી ગઈ. મારા ખીમચંદનાં નસીબ જોર કરતાં હશે, તી અમે ટાણાસર જ આવી પૂગ્યાં. જરાક અસૂરાં થયાં હોત તો હથેવાળો થઈ જતાં વાર નો લાગત.'

'હું તમને સો વાતની એક વાત કહી દઉં?'

'ઇ સાંભળવા તો અમે જલાલપર-બાદલાથી આંયા લગણ લાંબા થઈને આવ્યા છીએ.'

'તો સાંભળી લો. બરાબર સાંભળી લેજો...'

'શું ?'

'કે મારી તિલ્લુ તમારા છોકરા વેરે પરણશે જ નહિ.'

'તો કોના છોકરા હારે પરણશે ?'

'એ એની ઇચ્છાની વાત છે. એ ઇચ્છાવરને જ પરણશે.'

'અરે, વાતમાં શો માલ છે ? તો તો અમારી જનેતાનાં દૂધ જ લાજે. ઇ એનો ઇચ્છાવર અમારી સામે આવે તો ખરો ! એનાં છઠ્ઠીનાં ધાવણ કાઢી નાખીએ, હા !'

સર ભગન જેમજેમ સમજાવટ કરતા જતા હતા તેમતેમ જાનૈયાઓનો લડાયક મિજાજ વધતો જતો હતો.

'અમે જલાલપર–બાદલાથી આંયાકણે ગગો પઇણાવવા આવ્યાં છીએ, ડાકોરની જાત્રાએ નથી નીકળ્યાં, હા !'

'ખીમચંદને ખભે છેડાછેડી બાંધ્યા વિના આંયાથી આઘા ખસે ઇ બીજા, હા !'

'ને એમાં અમારી કન્યાને આડેથી કોઇ વરી જાશે તો આડી લાશું ઢળી જાશે લાશું, હા !'

'ઇ તમારો પ્રકાશશેઠ છે ક્યાં ? અમારી સામે હાજર તો કરો, તો એને ખબર પાડી દઇએ કે પારકી કન્યાને સવેલી કેમ પરણી જવાય છે, હા !'

'એનાં હાડકાં ખોખરાં કરી નાખીએ, એટલે એનેય ખબર પડે કે જલાલપર–બાદલાનું પાણી કેવું હોય છે, હા !'

આ ધમકીઓ સાંભળીને સર ભગને કહ્યું. 'એનાં હાડકાં ખોખરાં કરવા માટે તમારી જરૂર નહિ પડે.'

'કેમ ?'

'કરનારાં કરશે જ. પણ તમે હવે અત્યારના પહોરમાં ચા–પાણી પીને શાન્ત થાવ.'

'ચા–પાણી તો અમે પાલઘર સ્ટેશનેથી પીને આવ્યા છીએ. હવે તો ખીમચંદનાં પાણિગ્રહણ થઇ જાય એટલે હાંઉ.'

'આમ ઘોડે ચડીને તે પાણિગ્રહણ થતાં હશે?'

'તો વિવાહવાજનમાં વરરાજા ઘોડે ન ચડે તો શું ગધેડે ચડે?'

'પણ આટલી ઉતાવળ?'

'ઉતાવળ ન કરીએ તો તો આડેથી કોક સવેલી જ ઉપાડી જાય.'

'ધીરજ રાખો, શેઠ, ધીરજનાં ફળ મીઠાં છે.'

'મીઠાં નહિ, માઠાં છે. આ આટલાં વરસ લગી અમે ખીમચંદનાં લગનનું દબાણ ન કર્યું, ને તમારી તિલ્લુ ભણે છે, ભણે છે, એમ સમજીને ધીરજ ધરીને બેઠાં રયાં, ત્યારે જ આમ અંતરિયાળ જાન જોડવાના દિવસ આવ્યા ને?'

'તમે નાહકની આટલી ઉતાવળ કરીને અહીં સુધીનો ધક્કો ખાધો.'

'ઉતાવળ ન કરી હોત તો તો મારો ખીમો વા ખાતો જ રઈ જાત. પણ મેં મારી અકલ કાંઈ ઘરાણે થોડી મેલી છે? રાઘવા નાઈએ મારી દાઢી કરતાં કરતાં વાત કાઢી કે ભગનશેઠની છોકરી પ્રકાશશેઠના છોકરાને પરણશે, કે તરત મેં તો છ વાળંદને કહી દીધું કે, એલા હવે હાંઉ કર્ય, દાઢી બવ સારી ઊતરી ગઈ છે, અવળો હાથ નથી લેવો. સમજ્યા ને ભગનશેઠ? નાઈ અવળો હાથ લેવા રોકાય ને એમાં અસરું થઈ જાય તો? તો તો પછે આંયાકણે ઓલ્યો પ્રકાશશેઠ અમારી કન્યાને સવેલી લઈને હાલતો જ થઈ જાય ને? ને મારા ખીમાનાં લગનનું અમૃત ચોઘડિયું ઊતરી જ જાય ને? એટલે અમે તો ઊભાંઊભાં જાન જોડી. વાજેવાજ રેલ પકડી. ભાતાંપોતાં બાંધવાય નો રોકાણાં. જાનૈયાએ પણ કીધું કે હવે તો ભોજન કરશું ભગવાનજી વેવાઈને માંડવે જ.'

'એ તો હું ક્યારનો તમને સહુને કહું છું કે તમે આ કાઠિયાવાડી રેલગાડીનાં કોલસીકસ્તરથી રજોટાયેલાં હવે જલદી

નાહીધોઈને જરા ચોખ્ખાં થાઓ તો હું ભોજનની પણ વ્યવસ્થા કરાવું.'

'તી ભોજન કાંઈ ભાઈની ભલાઈએ થોડા આપશો ? ગગાની જાન જોડીને આવ્યાં છીએ, કાંઈ સદાવ્રત ઉઘરાવવા નથી આવ્યાં.'

'આજકાલ મારે આંગણે હજારો માણસોનાં રસોડાં ચાલે છે, એમાં તમે પાંચપચીસ જાનૈયા કાંઈ ભારે નહિ પડો. તમારે માટે હું ખાસ મિષ્ટાન્ન રંધાવીશ.'

'તી મિષ્ટાન્ન તો કાકા કહીને રંધાવવાં પડશે ને ? ઉપકાર થોડો કરો છો ? અમે તો વરવાળાં કહેવાઈએ. અમારો હાથ ઊંચો ને કન્યાવાળાનો નીચો.'

'હવે તમે બહુ ઊંચાનીચા થયા વિના છાનાંમાનાં અહીં રહો. નહિતર પછી...'

'નહિતર પછી ? નહિતર વળી તમે શું કરી લેવાના છો ?'

'નહિતર મારે તમારી સામે પોલીસ પગલાં લેવાં પડશે.'

'પોલીસ પગલાં ? કારણ કાંઈ ?'

'તમે આ બંગલામાં ગેરકાયદે ગૃહપ્રવેશ કર્યો છે.'

'લ્યો સાંભળજો સમાચાર ! અરે, અટાણુના પહોરમાં ત્હણે દરવાજે ઊભા રહીને જકલ વેવાણ્યને હાથે મારા ખીમચંદનું પોંખણું ન કરાવ્યું, એટલે તમને ગેરકાયદે ગૃહપ્રવેશની વાત સૂઝી ને ?'

'તમે સહુ અત્યારે મારી દયા ઉપર જ છો.'

'હવે હાંઉ કરો, હાંઉ, ભગવાનજી વેવાઈ. તમે તો બવ રોનક કરી અમારી. તમે તો સળંગ સુગલી નીકળ્યા.'

'સુગલ નથી કરતો. સાવ સાચું કહું છું. તમારે લોકોએ અહીંના અન્નક્ષેત્રમાં અષ્ટગ્રહ યુતિ સુધી રહેવું-જમવું હોય તો તમને છૂટ છે. લાખ ભેગી સવા. બાકી, તમારા ચિરંજીવી ખીમ-ચંદને તમે મારો જમાઈ બનાવવા માગતા હો તો ખાંડ ખાઓ છો.'

આખરે સર ભગને સાચી વાત કરી જ દીધી.

આ સાંભળીને જાનૈયાઓનો ઉશ્કેરાટ બમણો વધી ગયો. સહુ એકી અવાજે પૂછી રહ્યા.

'ખીમચંદને તમારો જમાઈ નથી બનાવવો, તો પછી એનું સગપણ શું કામ કર્યું હતું ?'

'તોડી નાખવા જ.' સર ભગને બીજી પેટછૂટી વાત હિંમતપૂર્વક સંભળાવી દીધી.

જાનૈયાઓનો ઉકળાટ ઓર વધી ગયો. એકસામટો ગોકીરો ઊઠ્યો :

'તોડી નાખવા સારુ જ સગપણ કર્યું હતું ? બોલતાં શરમાતા નથી !'

'આ શું બચ્ચાંના ખેલ સમજી બેઠા છો ?'

'અમને શું ઉલ્લુ બનાવવા નીકળ્યા છો ?'

'છોકરી પરણાવવી નહોતી તો એના ચાંદલા શા માટે કર્યા ? જખ મારવા ?'

'જખ મારવા નહિ, માથેથી ભાર ઉતારવા.'

'ભાર ? શાનો ભાર ?'

'નીચના ગ્રહનો.'

'આ શી વાત કરો છો ?'

'ભાઈ, અમારા ગિરજા ગોરે મને જે વાત કહેલી એ જ હું તમને કહું છું.'

'શું કહ્યું હતું ગિરજા ગોરે વળી ?'

'એણે મારી તિલ્લુની જન્મકુંડળી માંડીને કહેલું કે છોકરીના ગ્રહ તો બહુ સારા છે. ફક્ત એના પતિભવનમાં નીચના ગ્રહની નજર છે.'

'એટલે શું ?'

'એટલે એમ કે તિલ્લુનો એક વિવાહ થશે, એ તૂટી જશે,

પછી જ બીજા વિવાહનો યોગ છે.'

'કાંઈ સમજાણું નહિ, ભગન વેવાઈ.'

'ગિરજાએ એમ કહ્યું હતું કે તિલ્લુનો એક વિવાહ ફોક જવાનો યોગ છે.'

'હા.'

'એટલે અમે વિચાર્યું કે જો એના નસીબમાં આમ પહેલો વિવાહ તૂટવાનું જ માંડ્યું છે, તો ચાલો, ઝટપટ એક વાર વિવાહ કરીને તોડી નાખીએ, એટલે...'

'એટલે પછી લગનની લેન ક્લીયર થઈ જાય, એમ જ ને?'

'ભાઈ, અમને તો ગિરજા ગોરે સલાહ આપી એમ કર્યું.'

'પણ એ તમારો ગોર પણ કેવો ગમાર કે આવી અવળી સલાહ આપી.'

'ગિરજાને તો અમે ગોરદેવતા ગણીએ છીએ. એનો બોલ એટલે બ્રહ્મવાક્ય. એટલે જ એણે તિલ્લુની કુંડળી વાંચીને ભવિષ્ય ભાખ્યું ત્યારે અમે ગભરાઈ ગયાં. પછી ગિરજાએ જ આ સટકો સુઝાડ્યો.'

'લગનના સગપણ જેવા સગપણને તમે સટકો ગણો છો?'

'હું નહિ, અમારા ગોરદેવતા—'

'અરે, એ તમારો ગોર મહારાજ દેવતા નહિ પણ કોયલા છે કોયલા. નહિતર એ આવી અવળમત્ય તમને સુઝાડે જ નહિ.'

'એણે તો છોકરીના હિતમાં સલાહ આપી કે...'

'કે વિવાહ કરીને તોડી નાખો, એમ જ ને?'

'હા, એમ જ. કુળગોર કહે એમ કરવું જ પડે ને?'

'અરે, પણ કુળગોર તો કાલે સવારે કહેશે કે કૂવામાં પડો, ને એમ છતી આંખે કૂવામાં પડશો?'

'અત્યારે તો અમારા ગિરજાનો દોરવ્યો દોરવાઉં છું, ને આ ગ્રહાષ્ટકની યુતિ થાય છે એમાં હું સાચે જ ઊંડા કૂવામાં

ઊતરી રહ્યો છું.'

'એ તો તમે જાણો ને તમારો ગોર જાણે. અમે તો એક જ વાત સમજીએ. અમારા ખીમચંદને કંકુઆળો કર્યા વિનઃ અમે અહીંથી ખસવાના નથી.'

'પણ તમારા ખીમચંદને કંકુઆળો કરવાની વાત હવે મારા હાથમાં નથી રહી.'

'કેમ ભલા? તમે તે કન્યાના બાપ છો કે કોણ છો?'

'બાપ છું, એટલે જ આમાં હવે મારું કાંઈ ચાલે એમ નથી. મારી પુત્રી હવે પરણવાની બાબતમાં પિતાને પૂછે એવી નથી.'

'એ તમે જાણો ને તમારી છોકરી જાણે. અમે તો કપાઈને કટકા થઈ જશું, પણ ખીમચંદની કન્યાને અહીંથી લીધા વિના પાછા નહિ જ જઈએ.'

'આવી હઠ તે હોય?'

'આ તો રાજહઠ છે. વરરાજા પણ અઢી દિવસના રાજા જ ગણાય છે ને?'

'પણ એ તમારી રાજહઠ અમારા ગિરજાશંકરની ગોરહઠ પાસે નહિ ચાલે.'

'અરે, વાતમાં શો માલ છે? ક્યાં છે ઇ તમારો ગિરજો ગોર? આંયાકણે હાજર કરો તો પાંહર્યો દોર કરી દઈએ. અમે કોણ? જલાલપર-બાદલાના અડધા ગામધણી હા!'

'લ્યો, મ્હણેથી પેલા ભૂદેવોનું ટોળું આવે છે એમાં ટકોમૂંડો કરાવેલ છે એ જ અમારો ગિરજો ગોર છે. તમે એની જોડે કરી લેજો માથાફોડ.'

કોઈ મોટા પ્રતિનિધિમંડળની આગેવાની લઈને મુખ્ય પ્રધાનને મળવા આવી રહ્યો હોય એ ઢબે ગિરજો રુઆબભેર આવી ઊભો. એની પાછળ ભૂદેવોનું ટોળું કશીક રાવફરિયાદ કરતું હોય એ ઢબે કલકલાટ કરી રહ્યું.

'શેઠ, આ તે શો અન્યાય!' ગિરજો ગરજી રહ્યો.

'તને શું વાંકું પડયું અહીં શ્રીભવનમાં?'

'અરરર! બીજા કોઈ ઉપર નહિ ને બ્રહ્મપુત્રો ઉપર પોલીસનો પંજો પડયો?'

'શું થયું?' સર ભગન ચોંકી ઊઠયા.

'અમારા પરમ પૂજ્ય આચાર્ય-દેવ શ્રી ૧૦૦૦૮ પ્રખર પંડિત, જ્યોતિષમાર્તંડ શ્રી શ્રી—'

'અલ્યા, જલદી મૂળ નામ જ ભસી મરની, ડિગ્રીઓ તો નામને છેડે આવે કે પહેલાં?

'અરે, એવા મહાન ડિગ્રીધારી જ્યોતિષાચાર્ય શ્રીમદ્ જટાશંકરાચાર્યજીને અને એમના સુશિષ્ય શ્રી શ્રીમદ્—'

'નામ? નામ બોલની ઝટ.'

'સુશિષ્ય શ્રી જ્યોતિષકલ્પતરુ શ્રીમદ્ ભૈરવેશ્વરાનંદજી...'

'એ બેઉએ દાઢી વધારેલી?'

'દાઢી શું, પંચકેશ વધારેલા.'

'બસ, તો એમાં જ પોલીસે આ ભાંગરો વાટ્યો.'

'કેવી રીતે?'

'આંધળે બહેરું કુટાઈ ગયું અંધારામાં.'

'એટલે?'

'લાલીને બદલે માલી જેવું જરાક થઈ ગયું. બ્રહ્મગોટાળો જ.'

'પણ અમારા પૂજ્ય આચાર્યને અને એમના શિષ્યપ્રવરને આ રીતે પોલીસ પકડી જાય એ તે ક્યાંનો ન્યાય? એટલે કે ક્યાંનો અન્યાય?'

'એ અન્યાયનો હું ઉપાય કરું છું.'

'કેવી રીતે?'

'એ રીત-બીતની તમારે શી પંચાત? હું તમારા આચાર્યને ને એમના શિષ્યને પોલીસની કસ્ટડીમાંથી હમણાં જ છોડાવી

મંગાવું છું.'

અને તુરત સર ભગને હાક મારી: 'સેવંતીલાલ!'

'જી.'

'આ રાતને અંધારે આંધળે બહેરું કુટાઈ ગયું.'

'શું થયું સાહેબ?'

'જેની આપણે ટાઢે પાણીએ ખસ કાઢવાની હતી એ જોડી તો હજી નિરાંતે બેસી રહી છે, ને બદલામાં બે બ્રહ્મપુત્રોને ઇન્સ્પેક્ટર ગોગટે પકડી ગયા છે.'

'પણ આ ભૂલ શાથી?'

'દાઢી જોઈને જ...વારુ, પણ હવે જલદી જાઓ. ને લૉક અપમાંથી એમને પાછા લઈ આવો.'

*

## ૧૬. તારો વર

'હાય રે હાય! આ તો અન્યાયની અવધ આવી રહી.'

'પોલીસ ખાતાનો એ અધમ ઇન્સ્પેક્ટર સમજે છે શું એના મનમાં?'

'એને અધમ નહિ, અધમાધમ કહો.'

'અને બીજા કોઈને નહિ ને આપણા દેવતુલ્ય આચાર્યશ્રીને અને એમના પટશિષ્યને ગુનેગાર ગણ્યા?'

'ઇન્સ્પેક્ટર ગોગટે કહે છે કે રાતને અંધારે મારી ભૂલ થઈ ગઈ. બેઉની દાઢી જોઈને હું છેતરાઈ ગયેલો.'

'પણ ભૂલ થઈ ગઈ તો હવે એ સુધારતો શા માટે નથી?'

'પોલીસ ખાતામાં એક વાર લેવાઈ ચૂકેલું પગલું પાછું ખેંચી શકાય જ નહિ. પોલીસનું પગલું એટલે પણછમાંથી છૂટેલું તીર. એ તીરની જેમ પોલીસનું પગલું પણ પાછું ખેંચી શકાય જ નહિ.'

'અરે, પણ જગદ્‌ગુરુ સમા આપણા જ્યોતિષમાર્તંડને અને એમના પ્રખર શિષ્યપ્રવરને આ પેલા લબાડલફંગાઓ જોડે લૉક-અપમાં પુરાઈ રહેવું પડે એ તે ક્યાંનો ન્યાય?'

'ન્યાય નહિ, અન્યાય કહો.'

'અન્યાય નહિ, અનાચાર કહો.'

'જે ધરતી ઉપર આવા અધર્મનું આચરણ થાય એ ધરતી પર પ્રલય ન થાય તો બીજું શું?'

'આ પોતે જ અષ્ટગ્રહ યુતિનાં આગોતરાં એંધાણ. જ્યોતિષશાસ્ત્રે ભાખ્યો છે એ મહાપ્રલય હવે તો થવો જ સમજવો.'

'આવા અનાચારી પોલીસ ઇન્સ્પેક્ટરોને પાપે જ પૃથ્વી

રસાતાળ ગઈ.'

શ્રીભવનની બ્રહ્મપુરીમાં ખળભળાટ મચી ગયો હતો. બધા જ બ્રહ્મપુત્રો ઊકળી ઊઠયા હતા. રાતના અંધારામાં આંધળે બહેરું કુટાઈ ગયું હોવા છતાં પોતે ભૂલથી ભળતા જ માણસોને પરહેજ કરનાર ઇન્સ્પેકટર ગોગટે હવે પોતાની ભૂલ સુધારવાની ઘસીને ના પાડતા હતા. એમની નજર પોતાના ભાવિ પ્રમોશન ઉપર હતી. એમને પ્રકાશશેઠ અને પ્રમોદકુમાર જેવા બે ધરખમ ગુનેગારોને જેર કર્યાનો જશ ખાટવો હતો. હવે એ ગુનેગારો ખોટા પકડાયા છે, એવું જાહેર થાય તો પોતાની બઢતીમાં અંતરાય આવે એટલું જ નહિ, આવી ગંભીર ગફલતને કારણે કદાચ હોદ્દામાં બઢતીને બદલે એકાદ પાયરી પતન પણ આવી પડે એવો ભય હતો. તેથી જ એમણે પેલા ખીમચંદની વરરાજાહઠ જેવી જ પોલીસહઠ લીધી હતી. 'મે : પકડેલા આરોપીઓને હું નહિ જ છોડું.'

'અરે, પણ જ્યોતિષમાર્તંડ શ્રીમદ્ જટાશંકરાચાર્યજીની હાજરી વિના આપણા સહસ્રચંડીયજ્ઞમાં વિઘ્ન આવશે એનું શું !' ગિરજો ફરિયાદ કરતો હતો.

'અરે, યજ્ઞયાગના ક્રિયાકાંડમાં કયાંક ક્ષતિ આવશે તો ચંડીમાતા પોતે જ કોપશે. ને પેલા ઇન્સ્પેકટરને પાપે આપણું પણ ધનોતપનોત નીકળી જશે.'

'શાન્તં પાપં...શાન્તં પાપં...'

બ્રહ્મપુરીમાં અહિંસક બળવા જેવું વાતાવરણ જામી ગયું. એક જુવાન બ્રહ્મપુત્રે દલીલ કરી :

'આ બધી જવાબદારી, આપણા યજમાન તરીકે સર ભગનની જ ગણાય. એમણે પોતે જામીન બનીને આપણા આચાર્યોને છોડાવવા જોઈએ.'

'નહિ. સર ભગને તો એકથી લાખ રૂપિયા સુધીના જામીન આપવાની ઑફર કરી જોઈ. પણ, જે વૉરન્ટ તળે આ ધરપકડો

થઈ છે એ વૉરન્ટ જ જામીનલાયક નથી. પ્રકાશશેઠને અને પ્રમોદકુમારને રિમાન્ડ ઉપર જ રાખવાનો હુકમ છે.'

'રીઢા ગુનેગારોને તો રિમાન્ડ ઉપર જ રાખવા પડે ને?'

'હા જ તો, મોટાંની તો, એબ પણ મોટી જ હોય. કલંક પણ ચન્દ્રમાં જ હોય, ટમકુડાક તારામાં ક્યાંય કલંક દેખાયું છે?'

જલાલપર–બાદલાવાળા જાનૈયાઓને સર ભગને માંડ કરીને શાંત પાડ્યા, ત્યાં આ બ્રહ્મપુત્રોનો બળવો એમને પજવી રહ્યો. એમને સમજાઈ ચૂક્યું કે ખરે જ, મારી માઠી ગ્રહદશા બેઠી છે. અષ્ટગ્રહ યુતિને દહાડે પણ આથી વધારે આફત તે બીજી કઈ આવવાની હતી?

મારી નાઈટહૂડની લાગવગ વાપરીને પણ તમારા જ્યોતિષમાર્તંડોને હું છોડાવી લાવીશ, એવી હૈયાધારણ તેઓ આપી રહ્યા, પણ બ્રાહ્મણોએ તો બ્રહ્મહઠ લીધી હતી.

'અમારા આચાર્યનાં દર્શન કર્યા વિના અમારે અન્નનો દાણો અગરાજ.'

આવા આકરી પ્રતિજ્ઞા સાંભળીને સર ભગનને તો ચિંતામાં ચિંતા ઉમેરાઈ ગઈ. પોતે યજમાન હતા, અને બ્રહ્મપુત્રો અતિથિઓ હતા. એ અતિથિઓ ભૂખહડતાળ પર ઊતરે અને ન કરે નારાયણ ને એમાંથી એકાદ બે ઉપવાસીઓ ઊકલી જાય તો તો એ બ્રહ્મહત્યાનું પાપ તો મારે માથે જ ચડે ને! અષ્ટહના પ્રકોપમાં આ અતિથિઓની આત્મહત્યાનો કોપ વળી ક્યાં ઉમેરવો! આના કરતાં તો સાચા ગુનેગારોને સામે ચાલીને પોલીસ ચોકીમાં રજૂ કરી દઈને પેલા બે નિર્દોષ ગુરુશિષ્યને છોડાવી લાવવા એ સલાહભર્યું છે એમ સમજીને સર ભગન શહેરના પોલીસ કમિશનરને મળવા નીકળ્યા.

તિલોત્તમાને આજે નૃત્યની રિયાઝમાં રોજ કરતાં વધારે સમય લાગ્યો.

મોડે મોડે સુધી નૃત્યના તોડા સાંભળીને લેડી જકલને પણ

ચીડ ચડી. એમને થયું કે ઘરઆંગણે આટઆટલા મુરતિયાઓ તિલ્લુને વરવા આવી પહોંચ્યા છે ત્યારે એને નાચવાનું શે સૂઝે છે!

'આ નાચણવેડાએ જ ઘરનું નખોદ કાઢી નાખ્યું,' એવો નિસાસો મૂકીને લેડી જકલ પોતાના શ્વાનટોળા જોડે મૉર્નિંગ વૉક માટે નીકળી પડચાં.

અતિથિઓ વડે ઠાંસોઠાંસ થઈ ગયેલા શ્રીભવનમાં જલાલપરની જાન આવતાં તો દુકાળમાં અધિક માસ જેવી આફત થઈ હતી, પણ ભગનશેઠે લાજેશરમે આ વણનોતર્યા જાનૈયાઓને આશરો આપવો પડેલો અને એ માટે એમણે યજ્ઞમંડપની નજીકમાં જ અંતરિયાળ એક તંબૂ તાણી આપવો પડેલો.

આ જાનીવાસાની સામે જ તિલ્લુના નૃત્યખંડની બાલ્કની પડતી હતી.

લાંબી રિયાઝ પછી તિલ્લુ બાલ્કનીમાં બહાર આવી ત્યારે પરસેવે રેબઝેબ હતી. આજે એણે 'ઇન્દ્રવિજય' નૃત્યનાટકની રિયાઝ કરી હતી. એની યોજના ઇન્દ્રાણી બનવાની હતી. એ નાટકમાં ઇન્દ્ર કરતાંય એના સેનાપતિનું વધારે મહત્ત્વ હતું. કેમકે તખતા ઉપર વધારેમાં વધારે યુદ્ધખેલન એણે જ કરવાનું હતું. તેથી કાર્તિકેયનું પાત્ર કંદર્પકુમારે પોતે જ લઈ લીધું હતું, જેથી જ એને વધારેમાં વધારે નૃત્ય કરવાની તક મળે. પણ કમનસીબે દેવોના સેનાપતિ તરીકે કાર્તિકેયના પાત્રને ન્યાય કરી શકે એવી કંદર્પકુમારની શારીરિક સંપત્તિ નહોતી. નૃત્યકલાના નિયમ મુજબ એ ઉઘાડે ડિલે તખતા ઉપર પ્રવેશે ત્યારે પ્રેક્ષકો એના ભાથામાંનાં તીર ગણવાને બદલે એના પાંડુરંગી માયકાંગલા શરીરની પાંસળીઓ જ ગણી રહે એવી સ્થિતિ હતી. અને આ સ્થિતિ, કલાદષ્ટિએ તિલોત્તમાને અસહ્ય લાગતી હતી. એણે કંદર્પકુમારની શારીરિક દરિદ્રતા ઢાંકવા માટે એને ગોદડાના અસ્તરવાળું બખતર પહેરાવીને યુદ્ધમાં ઊતરવાનું સૂચન કરી જોયેલું, પણ દિગ્દર્શકે એ હસી કાઢેલું, 'સત્યયુગમાં

લડાઈમાં બખતરો વપરાતાં જ નહિ. બખતર તો પોલાદયુગ પછી જ આવ્યાં.'

કંદર્પકુમારની સુકુમાર શારીરિક હાલતને કારણે એના મિત્રો એને 'મેઈડ ઇન જાપાન' કહીને હાંસી કરતા. આના ઉત્તર રૂપે કંદર્પકુમારને બદલે તિલ્લુ જવાબ આપતી : 'જાપાને તો જર્મનીને હંફાવેલું એ ભૂલી ગયા ?' આના વળતા ઉત્તરમાં મિત્રો કહેતા : 'હા, ભાઈ, ઝાઝા નબળા લોકથી કદી ન કરીએ વેર.'

આ ટોણો તિલોત્તમાને શલ્યની જેમ ખટકચા કરતો હતો. એ ખટકા સાથે એ બાલ્કનીમાં ઊભી હતી ત્યાં જ એની નજરે એક પૌરુષમૂર્તિ પડી. બાલ્કનીની સામે જ તાણવામાં આવેલી રાવટીમાં જાણે આબેહૂબ ઇન્દ્રનો જ સેનાપતિ બેઠો હોય એવું દૃશ્ય એણે જોયું. ઘરનાં દૂઝણાંનાં સાચાં ઘી–દૂધ ખાઈને ઉછરેલો એ યુવાન હૃષ્ટપુષ્ટ હતો એટલું જ નહિ; એના ચહેરા ઉપર પૌરુષનું સ્વાભાવિક ઓજસ પણ હતું. એનામાં કેવળ ઇન્દ્રના સેનાપતિને લાયક શારીરિક સંપત્તિ જ નહોતી, સેનાની માટે અનિવાર્ય એવું શસ્ત્ર પણ એના હાથમાં શોભતું હતું. એણે જરકસી જામો પહેર્યો હતો. માથા પર છોગાળો સાફો બાંધ્યો હતો. હાથમાં ચાંદીના મ્યાન વડે ચમકતી તલવાર શોભતી હતી.

ખીમચંદ અત્યારે તોરણે આવેલા વરરાજાના પાઠમાં હતો.

તિલ્લુને થયું કે આ તો આજકાલ શ્રીભવનમાં કીડિયારાની પેઠે ઊભરાતા સહસ્રમહાચંડી યજ્ઞ માટે આવેલા અનેક બ્રાહ્મણોમાંનો એક હશે અને દક્ષિણાની લાલચે અહીં બેઠો હશે. પણ આ ગરીબ બ્રાહ્મણ ચંડીયજ્ઞની દક્ષિણા જ લેવાને બદલે દેવોની સેનાનું સેનાનીપદ સ્વીકારે તો ?

આવો વિચાર તિલ્લુના મગજમાં ઝબકી ગયો અને એની આંખ એક મહાન શોધના આનંદથી ચમકી ઊઠી. 'ઇન્દ્રવિજય'

નૃત્યનાટિકામાં કાર્તિકેયની ભૂમિકા કંદર્પકુમારને બદલે આ પૌરુષ-ભર્યો યુવાન કરે તો ? તખતા ઉપર સુદૃઢ યુવાન સાચે જ શૌર્યમૂર્તિ તરીકે શોભી રહે.

તિલ્લુ તો ઇન્દ્રવિજયની રજૂઆતની નજરે જ ખીમચંદને અવલોકી રહી. ખીમચંદ તો મોઢે વરરાજા યોગ્ય ભાર રાખીને રાવટીમાં બેઠો હતો. પણ શિરસ્તા મુજબ જેને સમાજ તરફથી અઢી દિવસનું કાચું રાજ મળે છે એ વરરાજાથી સાવ આસન વિના તો બેસાય જ નહિ, તેથી જાનૈયાઓએ એને ઉપરાઉપરી બે ટ્રંક ગોઠવીને એની ઉપર રેશમી રજાઈ નાખીને રાજ્યાસન જેવું બનાવી આપ્યું હતું. એ આસન ઉપર ખાંડાધારી ખીમચંદ વીરાસનમાં બેઠેલા કોઈ ઠાકોર જેવો શોભતો હતો. એની તાજીતાજી ઊગેલી અને જલાલપરના નાઈ પાસે કતરાવેલી નવોદિત મૂછોમાં તિલ્લુને અજબ મોહિની લાગતી હતી. સર્વત્ર 'ક્લીન-શેવ' જ જોવાને ટેવાયેલી એની સૌંદર્યદૃષ્ટિને ખીમચંદની મૂછોના કાતરા કામણગારા લાગ્યા. નગરજીવનની ખીબાંઢાળ ને ગદ્યાળી જીવનશૈલીમાં ખીમચંદના હાથમાંનું ખાંડું એને મર્દાનગીનું પ્રતીક લાગ્યું. એની અ-ભાન મોહકતા ઉપર એને ઓળઘોળ કરી જવાનું મન થયું.

ક્યાંય સુધી તિલ્લુ બાલ્કનામાં જ ઊભી રહી. સામે રાવટીમાં કાટી-લોઢાની ટ્રંકો ઉપર રજાઈ પાથરીને બેઠેલો ખાંડાધારી યુવાન કાર્તિકેય તરીકે કેવો લાગે, એની એ કલ્પના કરી રહી.

ખીમચંદ અત્યારે પણ વરરાજાનો વેશ જ ભજવી રહ્યો હતો. તિલ્લુ એને ઇન્દ્રવિજય નાટકમાં કાર્તિકેયના વેશમાં કલ્પી રહી હતી. આ ગ્રામીણ સૌંદર્ય સ્પૉટલાઇટના અજવાળામાં કેવું શોભી ઊઠે એનો એ અંદાજ કાઢી રહી અને એ અંદાજ એને કંદર્પકુમાર કરતાં ઘણો ઊંચો લાગ્યો. ક્યાં કંદર્પનું નર્યું ખડમાંકડી જેવું હાડકાનું માળખું અને ક્યાં આ યુવાનની હૃષ્ટપુષ્ટ ભરી દેહયષ્ટિ !

ધીમે ધીમે તિલ્લુ આ યુવાનને કંદર્પ જોડે જાણે કે ત્રાજવે

તોળી રહી. અને એ તુલનામાં એ કંદર્પ કરતાં ઘણો ઘણો નમતો જોખાતો જણાયો. આ ગામડિયા જુવાનના એકેએક સૌંદર્યબિંદુને કંદર્પ જોડે સરખાવી જોતાં, જોતજોતાંમાં તો કંદર્પ એની નજરમાંથી જાણે સાવ ઊતરી જ ગયો. માત્ર નાટકના પાત્ર તરીકે જ નહિ, પોતાના જીવનના પાત્ર તરીકે પણ આ ખાંડાધારી યુવાન એની આંખમાં વસી ગયો.

આ ગરીબ બ્રાહ્મણ ચંડીયજ્ઞમાં ભાગ લેવાને બદલે ઇન્દ્રવિજયમાં કામ કરવા તૈયાર થાય તો ? દેવોના સેનાની સાચા કાર્તિકેય સ્વામી પણ આટલા સુંદર નહિ હોય, એમ તિલ્લુને સમજાઈ ગયું.

કોણ હશે આ યુવાન ?

તિલ્લુના મનમાં એ જાણવાની તાલાવેલી જાગી.

લેડી જકલ પોતાના શ્વાનજૂથ જોડે ફરીને પાછાં આવ્યાં. ડૉક્ટરની સૂચના મુજબ તેમણે આ કાર્યક્રમ પછી તુરત જ સ્નાનાગારમાં જવાનું હતું. પણ એ પહેલાં તિલ્લુએ એમને હાક મારી.

'મમ્મી !'

'શું છે ?'

'જરા નજીક આવો તો.'

લેડી જકલને પણ નવાઈ લાગી. પુત્રીએ આટલા પ્રેમથી એમને કદી બોલાવ્યાં નહોતાં. તિલ્લુના વર્તનમાં હંમેશાં તાંડવની જ નૃત્યશૈલી વરતાતી, લાસ્યનો એમાં સમૂળો અભાવ હતો. તેથી જ તિલ્લુએ આજે લાસ્યના લહેકાથી માતુશ્રીને સંબોધ્યાં તેથી લેડી જકલને આનંદનો આઘાત લાગી ગયો. તેઓ હરખાતે હૈયે બાલકનીમાં ગયાં એટલે પુત્રીએ પૂછ્યું :

'પેલો સામે હાથમાં તલવાર લઈને બેઠો છે એ કોણ છે ?'

'તારો વર.'

'શું બોલ્યાં ?'

'તારો વર.'

*

## ૧૭.

## કન્યાદાન કોને ?

**માતાને મોઢેથી 'તારો વર !' એવા શબ્દો સાંભળીને** તિલ્લુ તો આનંદનો આઘાત અનુભવી રહી.

આ શું ? હું જેના સૌંદર્યની સરલતા ઉપર વારી જાઉં છું, એ મારો વર જ નીકળ્યો ? આ તે સ્વપ્ન છે કે સત્ય ? મમ્મી સાચું કહે છે કે મશ્કરી કરે છે ? એ સુંદર યુવાન મારો સુંદર વર હોઈ જ શી રીતે શકે ? એની જોડે વળી મારો વિવાહ ક્યારે થયો છે ? મમ્મી આ તે મજાક કરે છે કે શું ?

'પણ આની જોડે મારો વિવાહ ક્યારે થયો છે ?'

'તું હજી પારણામાં હતી ત્યારે જ.'

'એટલે ?'

'તારો જનમ થયો અને આપણે સહુ ખોડિયારની માનતા ઉતારવા કાઠિયાવાડમાં ગયાં હતાં ત્યારે જ વખતચંદ વેરસીને ઘેર તારો વિવાહ કરતાં આવેલાં.'

'પણ કોને પૂછીને ?'

'ગિરજા ગોરને.'

'પણ વિવાહ તો મારો હતો કે ગિરજા ગોરનો ?'

'વિવાહ તારો, પણ સલાહ ગિરજા ગોરની.'

'શી સલાહ હતી ?'

'એણે કહ્યું કે તિલ્લુની જન્મકુંડળીમાં નીચના ઘરનો એક ગ્રહ છે, એટલે એને વિવાહવિચ્છેદનો યોગ થાય છે.'

'પછી ?'

'પછી તો ગિરજાની સલાહ પ્રમાણે જલાલપર-બાદલામાં જ વખત વેરસીના છોકરા જોડે તારા ચાંદલા કરી દીધેલા.'

'મને પૂછ્યા વિના જ ?'

'તું તો હજી બાળોતિયામાં બંધાયેલી પડી હતી, એમાં તને પૂછવું કેમ કરીને ?'

'પણ એ ઉમ્મરે તે કાંઈ વિવાહ કરાતા હશે ?'

'આ વિવાહ ક્યાં લગન માટે કરેલા ?'

'ત્યારે શા માટે કરેલા ?'

'એ તો પેલા નીચના ગ્રહનો સુટકો કરી નાખવા સારુ.'

'કેવી રીતે ?'

'વિવાહ કરીને પછી એ વાત જ માંડી વાળી, જાણે કે કશું થયું જ નથી.'

'અરે, પણ વિવાહ કર્યા પછી વાત જ માંડી વાળી ? એ તે કાંઈ રીત કહેવાય ?'

'વાત માંડી ન વાળીએ તો શું ? માંડવો રોપીને પેલા ભૂતના ગળામાં વરમાળા પહેરાવીએ ?'

'એને તમે ભૂત કહો છો ?'

'ભૂત ન કહું તો શું પલિત કહું ? આ એના દીદાર તો જો જરા ? હાથમાં જૂનવાણી ખાંડું લઈને બેઠો છે ! જાણે કે મોટો રાયજંગ જીતી આવ્યો.'

'મમ્મી, એ સાચે જ રાયજંગ જીતી શકે એવો પ્રતાપી લાગે છે.'

'જા રે જા ! આ જડભરત જેવા છોકરામાં તે શું બળ્યું છે ?'

'મમ્મી, આ જડભરત નથી, આ તો જાજરમાન લાગે છે.'

સાંભળીને લેડી જકલ તો મનમાં જ સમસમી ઊઠયાં. 'અરે રામરામ ! આ ગામડિયા ગમારમાં તે છોકરી શું ભાળી ગઈ હશે કે આમ એનાં મોંફાટ વખાણ કરે છે ?' તેથી જ એમણે પુત્રીનું મન આ યુવાનમાંથી પાછું વાળવા ખાતર કહ્યું :

'અરે! આવા અડબંગ ને અભણ માણસ જોડે તે કાંઈ લગ્ન કરાતાં હશે? આપણે તો આ વિવાહની વાત જ વિસારે પાડી દીધી હતી. પણ આ લોકો તો એને ગામડેથી તારાં લગ્નની વાત સાંભળીને સામેથી જાન જોડીને આવી પહોંચ્યા છે.'

'સામેથી જાન જોડીને આવ્યા છે?'

'હા...વણુતેડયા ને વણુનોતર્યા. એ તો પાછા જવાના ધોયેલા મૂળા જેવા જ.'

'એટલે?'

'એટલે કે જેવા આવ્યા છે એવા જ પાછા જશે. પેલા છોકરાના દીદાર તો જુઓ! મૂછોના કાતરા કાપવા જેટલીય એને ફુરસદ નથી!'

તિલ્લુ શી રીતે સમજાવે કે ખીમચંદના હોઠ ઉપર શોભતા એ મૂછોના કાતરા તો એની મર્દાનગીનું પ્રતીક બની રહ્યા છે?

'પણ એની જોડે મારો વિવાહ થઈ ગયો, એટલે તો એ મારો વર જ ગણાય ને?'

'અરે શાનો વર ને શાની વાત વળી? આ તો ઘોડિયાં લગન જેવો બાળવિવાહ હતો.'

'બાળવિવાહ હોય કે વૃદ્ધવિવાહ હોય; પણ વિવાહ તો ખરો જ ને?'

'અરે આ તો છુટકો કરવા સારુ વિવાહ કર્યો હતો. ગિરજા ગોરના કહેવાથી માથેથી એક ઘાત ઉતારવાનો જ આ ત્રાગડો હતો.'

'મમ્મી! મમ્મી!' કહીને તિલ્લુ લેડી જકલને બાઝી પડી.

માતાને નવાઈ લાગી, પુત્રીએ આટલું ઝનૂની વહાલ તો જિંદગીભરમાં કદી બતાવ્યું નહોતું.

'મમ્મી!' માતાને મડાગાંઠ જેવા મજબૂત આશ્લેષમાં લઈને તિલ્લુ વહાલ વરસાવી રહી. 'હાઉ સ્વીટ! હાઉ સ્વીટ!'

લેડી જકલ તો વધારે મૂંઝાયાં. કદી મોઢાં સંબોધન વડે પણ

ન બોલાવનારી આ નર્તિકાને આજે આટલું વહાલ શાનું ઊભરાઈ આવ્યું? અને 'સ્વીટ', 'સ્વીટ' શાની કહી રહી છે?

આ મીઠાશ ખરેખરી મધુરતા છે કે પછી ખારાશ છે?

'મમ્મી! તમે મારે માટે કેવો સરસ વર શોધી કાઢ્યો છે?'

મમ્મી તો સાંભળીને ઠંડાંગાર થઈ ગયાં.

'આ તો ખરેખર કાર્તિકેય જેવો શોભે છે.'

લેડી જકલ તો જમીન પર જ જડાઈ ગયાં. એમને થયું કે ગૂંચવાયેલા કોકડામાં આ વળી નવી ગૂંચ ક્યાંથી ઉમેરાઈ પડી?

'મમ્મી, તમે આટલાં વરસ સુધી કાંઈ કહ્યું જ કેમ નહિ?

'શું કહું! તારું કપાળ?'

'કપાળની નહિ, આ કાર્તિકેયની વાત મને કેમ ન કહી? ખરેખર, સાચો કાર્તિકેય પણ આટલો સોહામણો નહિ હોય.'

પુત્રીની આ વાણી સાંભળીને માતાને તો હાસ્યનો ને રુદનનો મિશ્ર અનુભવ થઈ રહ્યો.

'મમ્મી! હું કેવી નસીબદાર છું! મને કેવો મજાનો વર મળ્યો! મારી બહેનપણીઓ મારી કેવી ઈર્ષ્યા કરશે!'

લેડી જકલને કહેવાનું મન તો થઈ આવ્યું કે હવે હદ થઈ ગઈ, હવે બોલવાનું બંધ કર, આ તો આંધળે બહેરું કુટાઈ રહ્યું છે. પણ તિલ્લુનો આનંદોલ્લાસ એવો તો તીવ્ર હતો, એની અભિવ્યક્તિ એવી તો અણખૂટ હતી, એની વાણી એવી તો અસ્ખલિત હતી કે એની બોલબોલ આડે પોતાને કશું બોલવાનો અવકાશ જ રહેતો નહોતો.

'ઓહ! હાઉ વન્ડરફૂલ! મમ્મી! હું તમારો કેવી રીતે ઉપકાર માનું?'

'તારે ઉપકાર માનવાની જરૂર જ નથી.'

'કેમ! આવો સરસ વર મારે માટે તમે શોધી કાઢ્યો, છતાં...'

'પણ એની સાથે તારે પરણવાનું જ નથી.'

'કેમ નહિ ?'

'આવા ગામડિયા, ગમાર જોડે તે કાંઈ જિંદગી વિતાવી શકાય ?'

'શટ અપ !' તિલ્લુએ કથકલી શૈલીએ નાક પર તર્જની મૂકીને મમ્મીને મૂંગાં થવાની આજ્ઞા કરી.

લેડી જકલને પુત્રીનું સાચું કથકલી સ્વરૂપ જોવા મળ્યું.

'મારા વરને ગામડિયો ને ગમાર કહેતાં શરમાતાં નથી ?'

'આવા રોંચાને ગમાર ન કહું તો શું સુંદરવર કહું !'

'સુંદર કે અસુંદરનો નિર્ણય કરનારાં તમે કોણ ?'

'અમે કોણ? અમે તારાં માબાપ છીએ. હું તારી મા છું.'

'તેથી શું થયું ? લગ્ન તો મારે કરવાનાં છે કે તમારે ?'

'લગ્ન ભલે તારે કરવાનાં હોય, પણ કન્યાદાન તો મારે જ આપવાનું ને ?'

'કન્યાદાન ભલે તમે આપો, પણ દાનમાં તો હું જ અપાવવાની કે તમે ?'

'પણ એ દાન કોને આપવાનું, એ તો મારે જોવું જોઈએ કે નહિ ?'

'શા માટે ?'

'કુપાત્રને તો કન્યાદાન અપાય જ નહિ.'

'આવા સરસ યુવાનને તમે કુપાત્ર કહો છો ? કાર્તિકેયને પણ ઝાંખો પાડે એવા માણસને તમે કુપાત્ર ગણો છો ?'

જોતજોતાંમાં મા–દીકરી વચ્ચે સુપાત્ર અને કુપાત્ર અંગે એવી તો જીભાજોડી જામી કે એનો તાલ નિહાળવા સામેના તંબૂમાંથી બધા જ જાનૈયાઓ બહાર આવી ઊભા, એનો પણ એમને ખ્યાલ ન રહ્યો.

'હાય હાય ! આ વખતચંદ વેવાઈ સામા આવીને ઊભા છે !' કરતાંકને લેડી જકલ તો શરમનાં માર્યાં બાલ્કનીમાં મોં ફેરવી ગયાં ને ઝડપભેર ઓરડામાં પેસી ગયાં.

*

'આ તો સાચે જ ઘરણુટાણે સાપ નીકળ્યો કહેવાય.' સર ભગન પત્નીને મોઢેથી 'બાલકની દશ્ય'નો અહેવાલ સાંભળ્યા પછી બોલી રહ્યા હતા.

'આના કરતાં તો પેલો નાચણિયો કૂદણિયો સાત થોક સારો હતો.' લેડી જકલ કહેતાં હતાં.

'મને પણ લાગે છે કે તિલ્લુ આવા ગામડિયા ગમારને જાય એ કરતાં તો પેલા ગરીબ કલાકારને પરણે તો એ વધારે શોભે.'

'ને સમાજમાં આપણો કલાપ્રેમી તરીકે મોભો પણ વધે.'

'હા જ તો. જુઓને, રાવબહાદુર ઈસરદાસજીની છોકરી રન્ના પેલા ન્યુડિસ્ટ ચિત્રકાર અવધૂતને પરણી, એમાં તો રાવબહાદુર પોતે મૉડર્ન આર્ટના પૅટ્રન ગણાઈ ગયા.'

'ને પેલાનાં ચિત્રો જુઓ તો સાવ ઉઘાડાં જ માથે આબરૂનું ઢાંકણુ જ ન મળે.'

'એ અવધૂત તો પોતાને હિન્દુસ્તાનનો પિકાસો ગણાવે છે. નગ્ન ચિત્રશૈલીનો એ પિતા ગણાય છે.'

'મૂઓ એ પિતા ! એનાં ચિતરકામ જોઈનેય લાજી મરીએ અમે તો. માણુસ જેવાં માણુસ સાવ ઉઘાડાં. માથે આબરૂઢાંકણ પહેરણું તો ઠીક પણ આછી ચીંદરડી પણ ન મળે.'

'એનું નામ જ અર્વાચીન કલા કહેવાય છે. એટલે જ તો એ અવધૂતના પ્રદર્શન ઉપર પોલીસની રેઈડ પડેલી ને ?'

'ને એ રેઈડ પડયા પછી જ, કહે છે કે રન્નાએ એને પરણવાની હઠ લીધેલી. પોલીસે ચિત્રો જપ્ત કર્યાં ત્યારે જ રન્નાને ભાન થયું કે અવધૂત મહાન કલાકાર છે.'

'ના, એ ચિત્રો જ મૂળ રન્નાનાં હતાં.'

'રન્નાએ દોરેલાં !'

'ના, રન્ના ઉપરથી દોરાયેલાં.'

'એટલે ?'

'એટલે કે રન્ના અવધૂતના મૉડેલ તરીકે કામ કરતી.'

'હાય રે હાય ! સાવ નવસ્ત્રાં ચિત્રોમાં એ મૉડેલ બનતી ? એને શરમ પણ નહિ થતી હોય ?'

'આ તો મૉડર્ન આર્ટ છે.'

'મેલો લાલબાઈ એ મૉડર્ન આર્ટમાં, હું તો એ અવધૂતના પ્રદર્શનમાં પેઠી એવી જ લાજી મરી.'

'તમે હજી એટલાં પછાત છો. બાકી રાવબહાદુર પોતે પેલા અવધૂતને જમાઈ બનાવીને ઘણા જ પ્રગતિશીલ ગણાઈ ગયા, અને ચિત્રકલા એકેડેમીના પ્રમુખ પણ બની ગયા.'

'તો પછી આપણે પણ કંદર્પકુમારને જમાઈ બનાવીએ તો ?'

'તો મારે પણ નાટ્યકલા એકેડેમીના પ્રમુખ બનવું પડે.'

'તે બનજો, એમાં ખોટું શું ?'

'અને તમારે શુભ હસ્તે કલાકારોને ઇનામો વહેંચવાં પડશે.'

'તે વહેંચીશું, એમાં શું ? પડશે એવા દેવાશે.'

'તો પછી કંદર્પકુમારને સમજાવીએ.'

'શું ?

'કે કોઈ પણ હિસાબે તિલ્લુને પરણી જા.'

'અરે, એ તો પરણવા તૈયાર જ બેઠો છે. આપણી ધાકથી બિચારો બંગલામાં પગ મૂકતાં બીએ છે.'

'તો એને કહી દઈએ કે આજથી તું જ અમારો જમાઈ છે અને અમે જ તારાં સાસરિયાં.'

'પણ તિલ્લુ ?'

'તિલ્લુને ખબર જ ન પડે એ રીતે આપણે 'કંદર્પકુમારને સમજાવીએ.'

'ભલે, ચાલો. ધરમના કામમાં ઢીલ નહિ.'

*

## ૧૮. 'હું વરી ચૂકયો છું'

'અહીંથી આગળ હવે ગાડી નહિ જઈ શકે.'

'એમ બને જ કેમ?

'ગાડી ચાલી શકે એટલી મોકળાશ જ અહીં નથી.'

'તો પછી શું અમે પગે ચાલતા જઈએ?'

'બીજો છૂટકો જ નથી.'

'તોબાહ! તોબાહ!'

કટાણું મોઢું કરીને સર ભગન અને લેડી જકલ પોતાની કેડિલેકમાંથી હેઠાં ઊતર્યાં. દેવલોકમાં વસતા જીવોનું ક્ષીણ પુણ્યે મૃત્યુલોકમાં પતન થઈ રહ્યું હોય એવો એ અકારો અનુભવ હતો. પણ પેટની પેઠે જ પુત્રીને ખાતર ગમે તેવી વેઠ કરવા તૈયાર થયેલાં આ માવિત્રો મન વાળીને આગળ વધ્યાં.

શેઠશેઠાણીની મોખરે ચાલતો ડ્રાઈવર આ સાંકડી નેળમાં થોડી થોડી વારે સામે મળનાર માણસોને પૂછી રહ્યો હતો.

'કંદર્પકુમાર ક્યાં રહે છે?'

'કયો કંદર્પકુમાર? સાચું નામ બોલો તો ખબર પડે.'

'તે નામ તે વળી ખોટું હોઈ શકે?'

'પણ આવું ફેન્સી નામ તે સાચું હોઈ શકે?'

'ફેન્સી?' સર ભગન વિચારી રહ્યા: હા, કંદર્પકુમાર નામ તો ફેન્સી જ લાગે છે. મર્સરાઈઝ્ડ કાપડ જેવું જ. જાણે નવીન જાતની ફૂલાવાયલ પણ. તો પછી એનું સાચું નામ શું હશે? કંદર્પકુમાર નહિ, તો પછી એ કયો કુમાર હશે?

સર ભગન કરતાં લેડી જકલ વધારે ચોખલિયા હતાં. એમનાથી

આ ગલીમાંની ઊડતી ભેજ અને ગટરની મિશ્ર વાસ ખમાતી નહોતી. તેથી તેઓ તો નાક આડે રૂમાલ દાબીને ચાલતાં હતાં. ને મનમાં ને મનમાં નૃત્યકારને ભાંડી રહ્યાં હતાં : 'બળ્યા એના નાચણવેડા! આવા નર્કાગારમાં એ જીવતો હશે કેમ કરીને ?'

'ના, ભાઈ ના. આવું વિચિત્ર નામ તો અમે કોઈ દી ક્યાંય સાંભળ્યું નથી.' શેરીના સહુ માણસો કહી રહ્યા ત્યારે સર ભગને ડ્રાઈવરને પૂછ્યું.

'સરનામું બરોબર છે ?'

'બરોબર જ છે.'

લેડી જકલને વ્યવહારુ બુદ્ધિ સૂઝી. એમને સમજાઈ ગયું કે આ ફેન્સી નામ વડે તો કલાકારને કોઈ નહિ ઓળખે. તેથી એમણે પોતાના ભાવિ જમાઈને નામને બદલે કામથી ઓળખી કાઢવા પૃચ્છા કરવા માંડી.

'અલ્યા ભાઈ, આ ગલીમાં કોઈ નાચવા–કૂદવાવાળો રહે છે કે નહિ ?'

'પેલા ઊંચાઊંચા હનુમાનકૂદકા મારે છે એ ?'

'મારતો જ હશે,' કહીને લેડી જકલે અનુમાન કર્યું કે કથકલી શૈલીનું બીજું નામ કૂદકાશૈલી જ છે.

'ને લાંબી જટા જેવા વાળ વધાર્યા છે એ જ કે?' લોકોએ સામી પૃચ્છા કરી.

'હા, હા, એ જ.'

'ને ધોળે દિવસે આંખમાં મેશ આંજીને ફરે છે એ જ કે?'

'અદલ એ જ. બીજો કોઈ નહિ.'

'અરે એ તો આ સામેના મેડા ઉપર રહે છે. પણ હવે મકાનમાલિક એને ખાલી કરાવવાના છે.'

'કેમ ?'

'નાચીનાચીને એનો ધાબો ઢીલો કરી નાખ્યો છે, એટલે.'

લેડી જકલને નવાઈ લાગી. આ પાશેર હાડકાંવાળો નર્તક પણ નાચીને ધાબો ઢીલો કરી નાખે તે એ કેટલુંક નાચતો હશે એની તેઓ કલ્પના કરી રહ્યાં.

એ ઢીલા ધાબાવાળા મકાનની નજીક પહોંચતાં તો સર ભગનને નાકે દુર્ગંધનો દમ આવી ગયો. અરરર! એ કલાકાર આવી જગ્યામાં કેમ કરીને જીવી શકતો હશે? પણ તુરત એમને કુટુંબના કલાશિક્ષકે જ કહેલી વાત યાદ આવી ગઈ, કે કલા તો આવા વાતાવરણમાં જ પાંગરી શકે, કમળ તો કાદવમાં જ ઊગી શકે.

માંડ કરીને પતિ-પત્ની ઢીલા ધાબાવાળા મેડા ઉપર પહોંચી શક્યાં. ઉપર ગયા પછી એમને પ્રત્યક્ષ ખાતરી થઈ કે કંદર્પકુમારે કથકલી શૈલીએ કૂદકા મારીમારીને આ ખડખડ પાંચમ મેડાને વધારે ખોખરો કરી નાખ્યો હતો.

મેડાને એક ખૂણે તૂટીફૂટી ખાટ ઉપર કંદર્પકુમાર પડચો હતો; સાવ હતાશ ને હારી ગયેલો. પોતાનાં સંભવિત સાસુ-સસરાને માનભેર આવકાર આપવાને બદલે એણે તો એમને ઊધડાં જ લઈ નાખ્યાં.

'શા માટે અહીં આવ્યાં છો?'

'તમારાં દર્શન કરવા.'

'દર્શન દેવોનાં કરાય, મારાં નહિ.'

'તમે પણ અમારી દીકરી માટે દેવતુલ્ય જ છો ને?'

'એક સમયે હતો, હવે નહિ.'

'કેમ?'

'કારણ તો તમે જ મારા કરતાં વધારે જાણો છો.'

'શું?'

'તિલ્લુએ મને તિલાંજલિ આપી છે. મારો વિશ્વાસઘાત કર્યો છે.'

'એ તો બાળક છે, બાળકબુદ્ધિમાં કશું કાંઈ બોલીચાલી ગઈ હોય તો એના વતી અમે માફી માગીએ છીએ.'

'બાળકબુદ્ધિમાં નહિ, યૌવનબુદ્ધિમાં જ આમ કર્યું છે, અને જાણીબુઝીને જ બધું કર્યું છે.'

'શું ?'

'મારું અપમાન...ઘોર અપમાન.'

'અમારે ઘેર તમારી આગતાસ્વાગતામાં તિલ્લુને હાથે કાંઈ કસૂર થઈ હોય તો એના વતી અમે માફી માગવા જ આવ્યાં છીએ.'

'એમ માફી માગવાથી આ અપમાનનો બદલો નહિ વળી શકે.'

'તો તમે કહો એ માગીએ અથવા આપીએ.'

'હું જે માગું છું એ તમે નહિ આપી શકો,' કંદર્પકુમારે કહ્યું.

સાંભળીને લેડી જકલ જરા શરમાઈ ગયાં. સર ભગન પણ એનો ભાવાર્થ સમજી ગયા. બેઉને ખાતરી થઈ ગઈ કે કલાકાર તિલ્લુના હાથની જ માગણી કરી રહ્યો છે. જેના ગ્રહણ આડે આજ સુધી અમે વિઘ્નો નાખતાં આવ્યા છીએ એ પુત્રીના પાણિગ્રહણની જ અત્યારે માગણી થઈ રહી છે અને એનો સ્વીકાર કરવા તો અમે અત્યારે સામે ચાલતાં આવ્યાં છીએ. તેથી જ તેઓ ઉમંગભેર પૂછી રહ્યાં.

'બોલો, બોલો. તમારી શી માગણી છે?'

'કહું છું કે એ તમે પૂરી નહિ પાડી શકો.'

'વાતમાં શો માલ છે ? તમે બોલો એટલી જ વાત.'

'એ તમારા હાથની વાત નથી.'

'હાથની વાત કરવા જ અમે અહીં સુધી આવ્યાં છીએ.'

'તમે શું નાટકના નિર્માતા છો ?' કંદર્પકુમારે કરડાકીથી પૂછ્યું.

આવો અણધાર્યો પ્રશ્ન સાંભળીને સર ભગન અને લેડી જકલ મુંઝાઈ રહ્યાં. 'લગ્નને અને નાટકને શો સંબંધ ?'

'તમે શું આ નાટકના સૂત્રધાર છો કે મારી માગણી પૂરી કરી શકો ?' કલાકારે ફરી પૂછ્યું.

સર ભગને સામું પૂછ્યું :

'તમે કયા નાટકની વાત કરો છો ?'

'ઇન્દ્રવિજય.'

'ઇન્દ્રવિજય ?'

'હા. એ ડાન્સ-બેલેનું દિગ્દર્શન તમે કરો છો કે તિલ્લો ?'

'તિલ્લી જ.'

'તો પછી કયા અધિકારે તમે મારી માગણી પૂરી કરવા અહીં આવ્યાં છો ?'

હવે જ સર ભગનને સમજાયું કે આમાં કશુંક આંધળે બહેરું કુટાઇ રહ્યું છે તેથી જ એમણે પૂછ્યું.

'આપની માગણી શી છે એ કહો તો કાંઈક સમજ પડે, ને એનો ઉપાય પણ શોધી શકું.'

લેડી જકલે પણ ભાવિ જમાઈને આગ્રહ કર્યો.

'તમને રાજી કરવા તો અમે તમારું ઘર શોધતાં અહીં સુધી આવ્યાં છીએ. તમારી માગણી શી છે એ કહો તો અમે એ પૂરી કરીએ.'

'મારી માગણી એક જ છે.'

'બોલો, બોલો, કંદર્પકુમાર !'

'કાર્તિકેયની ભૂમિકા મને પાછી મળવી જ જોઈએ.'

'કયો કાર્તિકેય ?' સર ભગને પૂછ્યું. એમને થયું કે તિલ્લુના બહોળા મિત્રવર્તુળમાંના કોઈક યુવાનની વાત થઈ રહી છે.

'કયો કાર્તિકેય ?' એવો પ્રશ્ન પૂછીને સર ભગન બાઘામંડળની પેઠે તાકી રહ્યા ત્યારે લેડી જકલ એમની વહારે આવ્યાં. તિલ્લુને મોઢેથી એમણે કાર્તિકેય શબ્દ બેચાર વાર સાંભળેલો. ખીમચંદના સૌન્દર્યની સરખામણીમાં એણે વારેવારે કાર્તિકેયનો ઉલ્લેખ કરેલો. તેથી એમને એ નામ જરાજરા પરિચિત તો હતું જ, તેથી એમણે પતિની બાઘાઈ દૂર કરવા કહ્યું, 'એ કંઈ સાચા કાર્તિકેયની વાત નથી કરતા.'

'સાચા નહિ તો ખોટા ?'

'નાટકના માણુસની વાત છે.' લેડી જકલ બોલ્યાં.

'શિવ, શિવ, શિવ !' કંદર્પકુમાર પોકારી ઊઠ્યા. 'આ તે કેવું ઘોર અજ્ઞાન !'

'કેમ ભલા ? અમારો શો ગુનો થયો ?'

'આ તમે કાર્તિકેયનું નામ પણુ નથી સાંભળ્યું ?'

'ન સાંભળ્યું હોય તેથી શું થયું ? ઓળખાણુ–પિછાણુ વિના નામ ક્યાંથી સાંભળીએ ?'

'અરે, હું તો ઇન્દ્રવિજયવાળા કાર્તિકેયની વાત કરું છું.'

'પણુ હું એને ઓળખતો જ ન હોઉં, પછી એનું નામ ક્યાંથી જાણું ?'

'શિવ શિવ શિવ ! તમે લોકો આટલા અસંસ્કારી હશો એવું મેં નહોતું ધાર્યું.'

'જેટલી સંભળાવવી હોય એટલી સંભળાવી લો. આજકાલ મારા ઉપર ગ્રહાષ્ટક ઉપરાંત પણુ એક વધારાના ગ્રહની દશા ચાલે છે.'

'હું દેવોના સેનાપતિ કાર્તિકેયની વાત કરું છું ત્યારે તમે તમારા ઓળખીતાપાળખીતામાં એની ખોળ કરો છો.'

'વોય ધાડેના !' સર ભગન પોકારી ઊઠ્યા 'ત્યારે આમ તોડીફોડીને કહેતા હો તો કેવા વહાલા લાગો ! બાકી, અમે શાસ્ત્રો થોડાં વાંચ્યાં હોય કે દેવલોકોના સેનાપતિનું નામ સાંભળ્યું હોય ?'

'એ સેનાપતિ કાર્તિકેયની ભૂમિકા મને પાછી મળવી જોઈએ.'

'તે એ લઈ કોણે લીધી છે તમારી પાસેથી ?'

'તમારી સુપુત્રીએ.' કહીને કંદર્પકુમારે ગર્જના કરી, 'આ કંદર્પકુમાર સિવાય કાર્તિકેયની ભૂમિકા ભજવનારનો જાન સલામત નહિ રહે.'

આવી લડાયક ભાષા સાંભળીને સર ભગન ગભરાયા.

'આપ શાન્તિથી વાત કરશો તો આપની બધી જ માગણી હું પૂરી કરવા મથીશ.'

'સેનાપતિ શાન્ત શી રીતે રહી શકે ? એ ગામડિયાએ મારું હડહડતું અપમાન કર્યું છે.'

'કયો ગામડિયો ?'

'પેલો જલાલપર–બાદલાથી આવ્યો છે ને, હાથમાં મોટીમસ તલવાર લઈને, એ.'

'એણે તમારું અપમાન કર્યું ?'

'તમારી છોકરી મારે બદલે એ જંગલી જડભરતને કાર્તિકેયનો રોલ આપવા માગે છે એ મારું અપમાન નહિ તો બીજું શું ?'

'એ જલાલપરના જંગલી જડભરતને આપણે સીધોદોર કરી દઈએ.'

'કેવી રીતે ?'

'તમે મારું કહ્યું કરો તો.'

'શું ?'

'મારી પુત્રી જોડે લગ્ન કરો તો તમે કહો એની ભૂમિકા અપાવું.'

'છિઃ છિઃ છિઃ'

'કેમ આમ છિછકારો કરો છો ?'

હું તો વરી ચૂક્યો છું, શેઠ.'

'સાચું કહો છો ?'

'જી, હા.'

'કોની જોડે ?'

'કલા જોડે.'

'કલાબહેન ?'

'ના, બહેન નહિ, એકલી કલા જ.'

'અહીં ઘરમાં તો ઘરવાળાં જેવું કોઈ કળાતું નથી. બૈરાંછોરાં સહુ દેશમાં ગયાં છે?' સર ભગને પૂછ્યું.

સાથેસાથે લેડી જકલ પણ બોલી ઊઠયાં : 'તિલ્લુએ આ વાત તો અમને કોઈ દી કરી જ નહોતી કે તમે તો પરણેલા છો.'

'તમારી બેઉની ગેરસમજ થાય છે. હું તો હજી પરણ્યો જ નથી.'

'હાશ ! અમારો તો જીવ અધ્ધર થઈ ગયો હતો. તમે કહ્યું કે હું તો કલા જોડે પરણી ગયો છું.'

'કલા એટલે મારી નૃત્યકલા.'

'તો ઠીક...તો કશો વાંધો નહિ. મને તો થયું કે આવો કનૈયા-કુંવર જેવો જમાઈ આપણા નસીબમાંથી ખસ્યો કે શું?'

'શેઠ, તમે કાંઈક ભ્રમમાં લાગો છો.'

'હું જરાય ભ્રમમાં નથી. મને પાકો ભરોસો છે કે હું તમને જમાઈ બનાવી શકીશ.'

'મને જમાઈ બનવામાં રસ નથી.'

'ત્યારે શામાં રસ છે?'

'કાર્તિકેય બનવામાં.'

'શિવ શિવ ! લક્ષ્મી ચાંદલો કરવા આવી છે ત્યારે તમે હજી મોં ધોવા જાઓ છો?'

'હું લક્ષ્મીને નહિ. કલાને વર્યો છું.'

'કલાને ભલે ને વર્યો, એમાં શો વાંધો છે? પણ હવે મારી દીકરીને વરો એટલે રંગ રહી જાય.'

'હું મારી કલા ઉપર શોક લાવવા નથી માગતો.'

'પણ આમાં શોકની વાત જ ક્યાં આવી? મારી તિલ્લુ તમારી કલાને થોડી નડવાની હતી? તિલ્લુ પણ કલાને જ વરેલી છે ને?'

'નહિ. એ પેલા જલાલપરવાળા જંગલીને વરશે એવો મને વહેમ છે.'

'અમને પણ એ જ વહેમ છે. એટલે તો તમને વિનંતી કરું છું કે તમે મારી પુત્રીનું પાણિગ્રહણ કરો.'

'નહિ કરી શકું. જેણે મારી કાર્તિકેયની ભૂમિકા ઝૂંટવી લઈને મારું ઘોર અપમાન કર્યું એની સામે હવે હું નજર પણ નહિ કરું.'

'તિલ્લુ સામે નહિ તો અમારી સામે તો રહેમનજર કરો.'

'નહિ કરું, જ્યાં સુધી કાર્તિકેયનો પાઠ મને નહિ મળે ત્યાં સુધી.'

*

## ૧૯. નાટકનું ચેટક

'ફુલહોલ કલાકાર આવા અડબંગ જ હોય.'

'હું તો પહેલેથી જ કહેતો હતો કે આવા માથાફરેલ માણસમાં આપણે ઠરીશું નહિ, છતાં તમે માનતાં જ નહોતાં, લેડી જકલ.'

કંદર્પકુમારને ઘેરથી શ્રીભવન ભણી પાછાં ફરતાં સર ભગન આખે રસ્તે આ નિષ્ફળ ફેરા બદલ પત્ની સમક્ષ રોષ ઠાલવી રહ્યા હતા.

'ગમે તેવા કલાકાર કહો, પણ અંતે તો નાચણિયાંની જ જાત.'

'આવા ભાંડ-ભવાયાનો તે કાંઈ ભરોસો હોય ?'

'અરે, એ હૈયાફૂટાના નસીબમાં આવી રતન જેવી છોકરી ક્યાંથી લખી હોય, કે એને હા પાડવા સદ્‌બુદ્ધિ સૂઝે ! ભાઈસાબ બોલી ગયા : 'હું તો મારી કલાને વરી ચૂક્યો છું.'

'પેટમાં કકડતી ભૂખ લાગશે ત્યારે ખબર પડશે કે કલાને વરવાથી કેવું પરિણામ આવે છે.'

લેડી જકલ પણ આવો જ વસવસો કરી રહ્યાં હતાં :

'કરમની કઠણાઈ તો જુઓ, કે આજ સુધી આ કંદર્પકુમાર આપણી ભોળી છોકરીને ભોળવી ન જાય એટલા ખાતર આપણે ઉજાગરા વેઠતાં હતાં ને હવે સામે ચાલીને આપણે જ એના ભમરાળા કપાળમાં ચાંદલો કરવા ગયાં, ત્યારે ભાઈસાહેબ મોં ધોવા ગયા.'

'અરે, એના ભાગ્યમાં તિલ્લુ જેવી છોકરી ક્યાંથી હોય ! ગારાના દેવને તો કપાસિયાની જ આંખ હોય ને ?'

'અરે, પણ એ બે બદામના માણસનો મિજાજ તો જુઓ ! ધડ દઈને આપણું અપમાન કરી નાખ્યું !'

'આપણે તો આ કંદર્પકુમારને કન્યા આપવાનું કહેણુ નાખીને સોનાની જાળ પાણીમાં જ નાખી.'

'પાણીમાં નહિ, કાદવમાં...સાવ કુપાત્રે દાન કર્યા જેવું થયું.'

'પણ તિલ્લુના નસીબમાં ખીમચંદ જ લખ્યો હશે તો એ મિથ્યા કેમ કરીને થાશે ?'

'પણ એ ગામડિયો ગમાર આપણા જમાઈ તરીકે શોભશે શી રીતે ?'

'તિલ્લુ તો કહે છે કે એ કાર્તિકેયનો અવતાર તમારા જમાઈ તરીકે ભલે ન શોભે, મારા વર તરીકે તો સરસ શોભશે.'

'કપાળ એનું.'

'ને વળી આજે તો સવારના પહોરમાં શેખી કરતી હતી કે આવો રૂડો રૂપાળો વર તો જેણે આગલે ભવ પાંચે આંગળીએ પરમેશ્વર પૂજ્યા હોય એને જ મળે.'

'છોકરીનું મગજ ખસી ગયું છે.'

'મેં પણ એને એ જ કહ્યું. તો, મને સામેથી સંભળાવ્યું કે પ્રેમમાં પડેલાં માણસોનાં મગજ ખસી જ જતાં હોય છે.'

'એ તો નાટકનો સંવાદ બોલી ગઈ.'

'તે આ નાટકે જ નખોદ કાઢ્યું ને ? આ ઇન્દ્રવિજયનો ઉપાડો ન લીધો હોત તો આ ખીમચંદની પારાયણ જ ઊભી ન થાત.'

'છોકરી સાવ મૂરખ છે. એને ભાન નથી કે કાલે અષ્ટગ્રહીમાં બધું નાશ પામશે તો ઇન્દ્રવિજય પણ અટવાઈ જશે.'

અષ્ટગ્રહીના સંભવિત ઉલ્કાપાતની કલ્પના પતિ–પત્ની બેઉને ગભરાવી રહી. લેડી જકલને અત્યારે પોતાની જંગી કૂતરાં-ફોજની ચિંતા સતાવી રહી. ગ્રહાષ્ટક યોગમાં સર્વનાશ સરજાઈ જાય તો મારાં પ્રાણપ્યારાં કૂતરાં–કૂતરીનું શું થશે એની ફિકરમાં ઘડીભર તો તેઓ પુત્રીના પ્રણય–પરિણયના પ્રશ્નને પણ વીસરી ગયાં. એમના

મોંમાંથી સાહજિક ઉદ્‌ગાર નીકળી ગયો :

'બળ્યું આના કરતાં તો ગિરજો કહે છે તેમ પૃથ્વીનો પ્રલય થઈ જાય તો આ બધા આધિ-વ્યાધિમાંથી છૂટીએ. ઇન્દ્રવિજયનું નાટક ને ચેટક બધું ઊકલી જાય, ને ખીમચંદ ને વખતચંદ બેઉની ઉપાધિ આળસી જાય.'

'હા, એવું થાય તો તો ઉત્તમ. એથી અદકું રૂડું બીજું શું ? કાંઈ દેખવું પણ નહિ ને દાઝવું પણ નહિ.' સર ભગન પણ આશ્વાસન અનુભવી રહ્યા.

પણ પતિ-પત્ની શ્રીભવનમાં પહોંચ્યાં ત્યાં તો એમને નસીબે પુષ્કળ દેખવાનું ને દાઝવાનું તૈયાર હતું.

કેડિલેકમાંથી પગ બહાર મૂકતાંની વાર જ સર ભગનને એમના વેવાઈ વખતચંદે પોંખવા માંડચા.

'શેઠ, આ તમારું તે ઘર છે કે ધોલકું ?'

'કેમ ? તમને શું લાગે છે ?'

'અહીં કાંઈ લક્ષણ ખાનદાન ઘરનાં નથી દેખાતાં.'

'શા ઉપરથી કહો છો ?'

'આ તમારી દીકરીના દેદાર ઉપરથી.'

'કેમ ભલા, મારી દીકરીએ તમારું શું બગાડયું છે ?'

'અરે, મારા છોકરાની જિંદગી બગાડી નાખશે. મારા ખીમચંદને નાટકમાં ઉતારવા લઈ ગઈ.'

'નાટક-નૃત્ય એ તિલ્લુના શોખનો વિષય છે.'

'તે પોતે ભલે ને શોખ કર્યા કરે, મારા ખીમાને શું કામે એની વાદે કૂચે મેળવે છે ? અરે, અહીં લગન કરવા આવ્યાં છીએ કે આમ નાટક કરવા ?'

'એમાંથી શું થશે એ હું પોતે જ હજી ચોક્કસ કહી શકતો નથી.'

'શેઠ, મને આ છોકરીના નાચણવેડા પસંદ નથી.'

'આપણી પસંદગી કે નાપસંદગીનો આમાં સવાલ જ નથી. આપણે પોતે જ તિલ્લુને પસંદ નથી.'

'અરે, પણ અમારે જલાલપરમાં કોઈ જાણી જાય કે વખત વેરસીના ખીમાની વહુ તો નાચનખરાં કરે છે, તો મારી તો સાત પેઢીની આબરૂ જાય.'

'તો નાચનખરાં ન કરે એવી વહુ શોધી લો.'

'શું બોલ્યા ? ફરી બોલો જોઉં.'

'કહું છું કે તમારા ખીમચંદ માટે સારી વહુ શોધી લો.'

'ને તમે સુખેથી તમારી છોકરીને સવેલી બીજે ક્યાંય પરણાવી દેશો, એમ ? અરે, વાતમાં શો માલ છે ? તો તો અમારી જલાલપરની નદીનું પાણી લાજે, પાણી. અમારી મૂછ્યુંનાં મોવાળાં લાજે.'

'મને તમારી જોડે જીભાજોડી કરવાનો સમય નથી. મારે આજે મહાચંડી યજ્ઞની તૈયારી કરવાની છે.'

આટલું કહીને સર ભગન ગુસ્સાભેર ચાલ્યા ગયા એટલે વખતચંદ વેવાઈ વધારે ઉશ્કેરાયા. જાનૈયાઓએ વળી એમના ઉશ્કેરાટમાં ઉમેરો કર્યો.

'એ નખ જેવડી છોકરી એના મનમાં સમજે છે શું ? આપણા ખીમચંદને એ નાટકિયાનો વેશ પહેરાવી જાય તો તો થઈ રહ્યું ને ?'

'આ ભગન વેવાઈને તો હવે આબરૂ જેવું કાંઈ રહ્યું જ નથી, એટલે જેમ કરે એમ પરવડે. એની છોકરી નાટક શું, ચેટક કરે, મુજરા કરે તોય એને વાંધો નહિ. પણ આપણી તો લાખ રૂપિયાની આબરૂ. જલાલપર-બાદલાના આખા પંથકમાં આપણી સોના જેવી શાખ. ત્યાં ખબર પડે કે આપણો ખીમો નાટકમાં ઊતર્યો છે તો આપણી આબરૂના કાંકરા જ થાય કે બીજું કાંઈ ?'

'કંચન ભયો કથીર જ, બીજું શું ?'

'એટલે, અમે તો કહીએ છીએ કે ખીમચંદને લોંઠાએ કરીને પણ પાછો તેડી આવીએ. ઓલી જોગમાયા એને ભરમાવીને લઈ ગઈ છે, તી કોને ખબર છે, કાંઈક દોરાધાગો કરીને છોકરાને ગાંડોઘેલો કરી મૂકે તો ?'

'માનો ન માનો, પણ અમને તો આમાં કાંઈક વહેમ જેવું લાગે છે.'

'આમાં ભગનશેઠનું જ કાંઈક કારસ્તાન હશે. આપણા જેવા અણગમતા વેવાઈની ટાઢે પાણીએ ખસ કાઢવાનો જ આ પેંતરો લાગે છે.'

'આપણે અહીં પારકી જણીને વહુ કરવા આવ્યાં છીએ, પણ આપણો પેટનો જણ્યો દીકરો જ ખોઈ ન બેસીએ તો સારું.'

આવા આવા તર્કકુતર્કને પરિણામે આખી જાનમાં ગભરાટ ફેલાઈ ગયો. ડોસા–ડગરાઓ તો વરરાજાના ભાવિ અંગે અમંગળ કલ્પનાઓ પણ કરી રહ્યા.

'પીઠી ચોળેલ વરરાજાને ઉંબરા બહાર પગ જ કેમ મૂકવા દેવાય ?'

'રાંદલમાના ઉથાપન પહેલાં વરરાજા આઘા જાય જ કેમ કરીને ?'

'આપણા ગોતરીજ કોપશે તો ધનોતપનોત કાઢી નાખશે.'

જોતજોતામાં સહુ જાનૈયાઓ એવા તો ઉશ્કેરાઈ ગયા કે ખીમચંદને પાછો લાવવા તેઓ શ્રીભવનમાં તિલ્લુના રિહર્સલરૂમ ભણી ધસી ગયા.

તિલ્લુના રિહર્સલરૂમમાંથી નૃત્યના તોડાને તાલ આપતા ઢોલકનો અવાજ દૂરથી જ સાંભળી જઈને જાનૈયાઓ વધારે ઉશ્કેરાયા.

'આ ભગનશેઠની અવળચંડાઈ તો જુઓ અવળચંડાઈ ! લગનના ઢોલ વગડાવવાનું સૂઝતું નથી, ને અહીં નાચમુજરાના ઢોલ ધડૂસે છે !'

'આ બધાં પાયમાલીનાં જ અંધાણ. ભગનશેઠનાં હવે વળતાં પાણી છે. માણસને માઠા દિવસ આવવાના હોય ત્યારે જ આવાં અપલખણ સૂઝે. નહિતર કોઈ ગૃહસ્થી માણસના ઘરમાં આવા નાયકણ જેવા નાચમુજરા તે હોય ?'

'આ અમીરાત હવે આથમવા બેઠી છે. ગૃહસ્થી માણસના ઘરમાં નાટક–ચેટક થાય પછી એમાં લક્ષ્મીનો વાસ રહે જ કેમ કરીને ?'

ભગનશેઠના સંભવિત પતનની આવી આગાહીઓ કરતુંકરતું આખુંય હાલરું રિહર્સલરૂમ ઉપર પહોંચીને બહારથી બૂમો પાડવા લાગ્યું :

'ખીમચંદ! એય ખીમચંદ !'

પણ સામેથી બંધ ઓરડાનું બારણું ઊઘડવાને બદલે કે કોઈનો જવાબ સાંભળવાને બદલે ઢોલકના અવાજમાં ઉમેરો જ થતો જણાયો.

'ખીમચંદ ! એલા એય ખીમચંદ !'

ફરી પોકારો થયા, પણ સામેથી કશો જવાબ ન મળ્યો, ત્યારે જાનૈયાઓની ધીરજ ખૂટી અને વરરાજાને એમના વિધિસરના માનાર્થસૂચક આખેઆખા નામે બોલાવવાને બદલે એમના ઘરગથ્થુ નામે સંબોધવા લાગ્યા.

'એલા ખીમા, એય ખીમલા !'

આવું આત્મીયતાસૂચક સંબોધન ઉચ્ચારવા છતાંય સામેથી ખીમલાએ ઉત્તર આપવા જેટલી આત્મીયતા ન દાખવી. ઊલટાનો, ઢોલકનો ઘોંઘાટ વધતો જ રહ્યો. હવે એ કર્કશ ઘોંઘાટમાં ગોંગનો અવાજ પણ ભળ્યો.

'આટલા ચસકા શાના સંભળાય છે ?' જાનૈયાઓને અચરજ થઈ રહ્યું.

'અંદર લડાઈ ચાલે છે.' નજીકમાંથી પસાર થતા એક નોકરે કહ્યું.

'લડાઈ ? શાની લડાઈ ?' જાનૈયાઓ ગભરાઈ ગયા. રખે ને આપણા વરરાજાને કાંઈ રજાકજા થઈ બેસે, એવો ભય સેવી રહ્યા.

'અલ્યા ભાઈ, મોઢામાંથી ફાટ તો ખરો, અંદર શાની લડાઈ ચાલે છે ?' જાનૈયાઓ પેલા નોકરને પૂછી રહ્યા.

'અલ્યા, કોની વચ્ચે લડાઈ જામી છે ?'

'દેવ ને દાનવ વચ્ચે.'

'શું ? શું બોલ્યો ?'

'અરે, આ તો નાટકની લડાઈ ચાલે છે. સાચી નહિ.'

'તંયે ઠીક. અમારો ગગો માલીપા ગયો છે, એટલે લડાઈનું નામ સાંભળીને પેટમાં ફડકો પડી ગયો.'

અને સાચે જ, રિહર્સલરૂમમાં વાદ્યકારો ઢોલક અને ગોંગ ઉપર જે બેફામ બઘડાટી બોલાવતા હતા એ સાંભળીને ભલભલાના પેટમાં ફડકો પડી જ જાય એમ હતો. દેવદાનવ યુદ્ધમાં કાર્તિકેય એકેક ખડ્ગપ્રહાર કરતો હતો અને ઢોલક ઉપર એકેક જોરદાર થાપી પડતી હતી અને ગોંગ ઉપર દાંડી રમતી હતી. યુદ્ધની અસરકારકતા વધારવા અન્ય વાદ્યકારો પણ શક્ય તેટલા તીવ્ર, તીણા, કર્કશ અવાજો ઉપજાવી રહ્યા હતા. આ સામટા કોલાહલની અસર દાનવો ઉપર નહિ તોય જાનૈયાઓ ઉપર તો થઈ જ.

'અલ્યા ભાઈ, આમાં ખીમો તો ખેમકુશળ હશે ને ? પારકી લડાઈમાં નવાણિયો કુટાઈ જાય નહિ.'

'હા ભાઈ, નાટક કરતાં ચેટક થઈ પડશે તો ?'

'આવી લડાઈ કર્યા વિના વરરાજા શું ભૂંડા લાગતા હતા ?'

'હાલો, ઝટ બારણાં ઉઘડાવીને ખીમાને બારો કાઢો. . એટલે ગંગ નાહ્યા. આજકાલ અષ્ટગ્રહના દિવસો બહુ ભારવાળા ગણાય.'

ડાહ્યાં ઘરડેરાંઓની આ સલાહ જુવાન જાનૈયાઓએ તુરત અમલમાં મૂકી દીધી અને જઈને સીધા રિહર્સલરૂમનાં બંધ બારણાં ધબધબાવવા લાગ્યા. સાથે સહુ જાનૈયાઓએ સામટું બુમ-

રાણુ મચાવ્યું :

'અલ્યા એય ખીમલા, ઝટપટ બારો નીકળ, નકર થાશે જોયા જેવી.'

'મેલ તારા નાટકમાં લાલબાઈ, ને થા મોઢાગળ.'

કેટલાક વધારે ઉદ્દામ જાનૈયાઓએ તો તિલ્લુને ઉદ્દેશીને પણ ધમકીઓ ઉચ્ચારી :

'એલી એય જોગમાયા, અમારા વરરાજાને બારો કાઢય, નીકર થાશે જોયા જેવી, હા ! અમે કોણ છંયે તું ઓળખશ ? જલાલપર–બાદલાનું પાણી.'

'અમને શું ભાંડ–ભવાયા સમજી બેઠી છો તી અમારા વરરાજા પાસે આવા નાચણવેડા કરાવે છે ? અમે કોણ ? જલાલપર–બાદલાના અરધા ગામધણી.'

અંદરથી કશો જવાબ ન મળ્યો ત્યારે આખરે જીવ પર આવેલા જાનૈયાઓએ બહાર એવી તો બધડાટી બોલાવી કે એનો અવાજ દેવ–દાનવ યુદ્ધના અવાજ કરતાં વધી ગયો, અને રિહર્સલમાં એ અંતરાયરૂપ બની રહ્યો.

અંદર એકાએક રિહર્સલ થંભી ગયું. ઝાંઝ અને ઢોલક શાન્ત થઈ ગયાં. કાર્તિકેયના ખડ્ગપ્રહારો થંભી ગયા.

વિજયોન્મત્ત જાનૈયાઓ બેવડા ઝનૂનથી પોકારી રહ્યા :

'ખીમચંદ, એલા એય ખીમચંદ !'

ઓરડામાં કશોક અપસ્ષ્ટ અવાજ ઊઠયો અને એકાએક બારણું ઊઘડયું.

જાનૈયાઓ તો પોતે ઊંઘમાં છે કે જાગે છે એવી ભ્રાન્તિ અનુભવી રહ્યા.

બારણાના ઉંબરા પર આવી ઊભેલા ખીમચંદના દીદાર જોઈને જાનૈયાઓ ડઘાઈ ગયા. કેટલાક તો આંખો ચોળતા રહ્યા.

'આ શું ? આ તો ખીમચંદ જ છે કે બીજો કોઈ ?'

'વખત વેરસીનો ખીમો આ પોતે જ કે બીજો કોઈ ?'

'આ તે કયા રાજાનો વેશ હશે ?'

આવો સંભ્રમ થાવનું કારણ એ હતું કે ખીમચંદ અત્યારે કાર્તિકેયના ડ્રેસ રિહર્સલમાં હતો. એની આંખમાં કાળાશને બદલે રતાશ હતી. એના હાથમાં ખડ્ગ હતું.

ખીમચંદની બાજુમાં શચિ ઇન્દ્રાણીની ભૂમિકામાં તિલોત્તમા ઊભી હતી. એની નજર કુપિત જાનૈયાઓ કરતાંય કાર્તિકેયની માંસલ ભુજાઓ ઉપર વધારે ઠરતી હતી.

ખીમચંદે સાચા કાર્તિકેયની કરડાકીથી જાનૈયાઓને પૂછ્યું :

'શું છે ?'

'હોય શું બીજું ? વરરાજો થઈને આવા વરણાગિયા વેશ કાઢતાં લાજતો નથી ?'

'હાલ્ય ઝટ જાનીવાસે. થા ઝટ મોઢાગળ મૂંગોમૂંગો.'

'તેં તો જલાલપરની સોના જેવી શાખ સાવ કથીરની કરી નાખી, માળા ઓટીવાળેલ.'

'મૂંગા રહો.' આખરે ખીમચંદ બોલ્યો.

સાંભળીને વખતચંદ શેઠ તો મોઢું વકાસી રહ્યા. આ તે મારો પુત્ર ખીમો પોતે જ બોલે છે કે કોઈ પારકો માણસ ? મારા કાન તો કહ્યું કરે છે ને ?

'અલ્યા, અમને મૂંગા રહેવાનું કહે છે, તે તારા કાનમાં કાંઈ કીડા ભરાઈ ગયા ?'

'પણ તમે ગોકીરો કરીને અમારું નાટક અટકાવ્યું શા માટે ?' સેનાપતિના વેશમાં ખીમચંદ બોલી રહ્યો.

સાંભળીને તિલ્લુએ સંમતિસૂચક સંતોષ દર્શાવ્યો.

જાનૈયાઓને તો અચરજની અવધિ આવી રહી. મેરી બિલ્લી ઔર મેરેકુ મ્યાંઉ જેવો અનુભવ થઈ રહ્યો.

'અલ્યા, ગોકીરો ન કરીએ તો શું મૂંગામૂંગાં માળા જપીએ ?

માળા અડબંગ!'

'મૂંગા રહો, અને અહીંથી ચાલ્યા જાઓ.'

'હવે રાખ્ય, રાખ્ય, તેં તો બવ રોનક કરી, ખીમચંદ, માળા નાટકિયા કીધા એટલે હાંઉં. એને રાજાપાઠ સીધો મગજમાં જ ચડી જાય.'

'એટલે તો તને આંચકણેથી પાછો તેડવા આવ્યા છીએ. આવા નાટકવેડા ભગનશેઠને ભલે શોભે. આપણને ગરીબ માણહને આવું ન પોહાય.'

'કહું છું કે મારા સસરાનું અપમાન ન કરો.' ખીમચંદે ગર્જના કરી. એમાં કાર્તિકેયનો કડપ ને કરડાકી હતાં.

*

સર ભગનની સ્થિતિ અત્યારે સૂડી વચ્ચે સોપારી જેવી થઈ પડી હતી.

એક તરફ ગિરજો જોર આ યજમાન દંપતીને ચંડીયજ્ઞ માટે પૂજામાં બેસવાની તાકીદ કરી રહ્યો હતો; બીજી બાજુ વખતચંદ વેવાઈ એમનો જીવ ખાઈ રહ્યા હતા : 'લાવો મારો દીકરો !'

'ક્યાંથી લાવું ?'

'પાતાળ ફોડીને પણ મારા છોકરાને હાજર કરો, નહિતર થાશે જોયા જેવી.' કાઠિયાવાડી વખતચંદ વેવાઈ કરડા અવાજે ધમકી આપતા હતા.

'અરે, પણ મારી દીકરી જેવી દીકરી ખોવાઈ ગઈ એનું તો કાંઈ કહેતા નથી, ને "મારો છોકરો, મારો છોકરો"ની જ મોંપાટ લઈ બેઠા છો.'

'તમારી છોકરીનું તમે જાણો. હું તો મારા છોકરાની વાત કરું છું એને પાછો હાજર કરો, નીકર થાશે જોવા જેવી, હા અમે જલાલપર-બાદલાના રહેનારા છીએ, હા. કોઈ કાચી માયા ન સમજશો.'

'તમે ગમે એટલી ધમકી આપશો એ નકામી છે. હું આ બાબતમાં સાવ લાચાર છું.'

'ધમકી ન આપીએ તો શું તમને ચોખા ચડાવીએ ? અમારો રતન જેવો છોકરો આજે હાથથી ગયો એનું કાંઈ નહિ ?'

'પણ એમાં મારો જીવ શાના ખાવા બેઠા છો ?'

'કેમ ભલા ? તમે તમારી છોકરીના બાપ છો કે કોણ છો ?'

'પણ એથી શું થયું ?'

'ઈ તમારી છોકરીએ જ મારા જુવાનજોધ છોકરાને છૂમંતર કરી દીધો છે. કામરુદેશની કામિની જેવાં કોણ જાણે કેવાં કામણ કર્યાં છે, તી ભલી હશે તો તો મારા બાળાભોળા ખીમાને પગે દોરો બાંધીને પોપટ જ બનાવી દીધો હશે.'

'મારી દીકરી ઉપર આવા ગલીચ આક્ષેપો કરો છો ? હું તમારી ઉપર બદનક્ષીનો દાવો માંડીશ.'

'હવે રાખો રાખો, ભગનશેઠ ! તમારા જેવા તો બહુ જોઈ નાખ્યા. દાવા માંડવાવાળાનાં ડાચાં જ નોખી ભાત્યનાં હોય.'

'એમ કે ? દાવો માંડી બતાવું કે ? બોલાવું મારા બુચાજીને ?' કહીને સર ભગને હાક મારી : 'સેવંતીલાલ !'

'જી !' કરતા સેવક સેવંતીલાલ આવી ઊભા.

'બુચાજીને બોલાવો. ડેફેમેશનની નોટિસ ડિકટેટ કરાવો.'

શેઠની આજ્ઞાનું સત્વર પાલન કરવાને બદલે સેવંતીલાલે એમના કાનમાં હળવેકથી ફૂંક મારી : 'બુચાજી તો અત્યારે 'ટિલ્લુ ! ટિલ્લુ !' કરતો એવો તો તોફાને ચડ્યો છે કે માળીની ઓરડીમાં પૂરી દેવો પડ્યો છે.'

'ઇ તમારા બુચાજી-ફુચાજી માર્યા ફરે. અમે કાયદા-કોરટથી કાંઈ ગભરાઈએ ઇ માંયલાં નથી, સમજ્યા ? આ તો જલાલપર-બાદલાનું પાણી છે.' વખતચંદ વેવાઈએ સંભળાવ્યું.

ગિરજાએ પણ વિનંતી કરી :

'શેઠ, આ કાવાદાવા ને કોરટ-કચેરી તો જીવતા રહો તો નિરાંતે કરજો ને. અત્યારે તો અષ્ટગ્રહીની ચિંતા કરો ને ! મારે મહાપૂજા પહેલાં તમને ને જકલ શેઠાણીને સાંતક બેસાડવાં પડશે.'

'સાંતક-બાંતક માર્યા ફરે, પહેલાં પરથમ મારા ખીમાને ચટ હાજર કરો.' વખતચંદે ગર્જના કરી.

'ખીમો કાંઈ મારા ખિસ્સામાં છે કે કાઢીને હાજર કરી દઉં ?'

'ખિસ્સામાં નથી તો બીજે ક્યાં છે, ઇ ઝટ બોલી નાખો, નહિતર થાશે જોયા જેવી.'

'હું પોતે જ અત્યારે મારા વિલનાં કાગળિયાં લેવા માટે તિલ્લુને શોધું છું. મને જ ખબર નથી કે એ ક્યાં ચાલી ગઈ છે.'

'તમારી છોકરી તો ગઈ, પણ ભેગો મારા છોકરાને શા માટે લેતી ગઈ ?'

'રિહર્સલ માટે જ તો...'

'શું ?'

'એના નાટકની રિહર્સલ માટે જ.'

'પણ આ તો નાટકનું ચેટક કરી નાખ્યું એનું શું ?'

'એ માટે તમે જ જવાબદાર છો.'

'કેમ ભલા ?'

'તમે બધાએ મળીને એને રિહર્સલમાં ખલેલ શા માટે કરી ? તમે લોકોએ એને શાંતિથી અહીં રિહર્સલ કરવા દીધી હોત તો એ શ્રીભવન છોડીને બહાર જાત જ નહિ.'

'લ્યો સાંભળો સમાચાર ! આ તો ચોર કોટવાળને દંડે એવો ઘાટ થયો.'

'દંડીશ જ. હું તમને જ દંડીશ. મારી દીકરીને અહીંથી નસાડવા બદલ હું તમને જ જવાબદાર ગણું છું. સેવંતીલાલ, જાઓ, પોલીસ કમિશનરને ફોન કરો, ને આ આખીય જાનને લૉક અપમાં પુરાવો.'

'અમારો કાંઈ ગુનો ?'

'મનુષ્યના અપહરણમાં મદદ કરવાનો.'

ગિરજો બોલ્યો : 'શેઠ, અત્યારે ઘરણટાણે પોલીસનાં લફરાં ક્યાં ઊભાં કરો છો ? આપણી પૂજા ખોટી થાય છે. અષ્ટગ્રહ યોગની તૈયારી જ છે.'

'પણ એ પહેલાં મને વળગેલા આ નવમા ગ્રહનો નિકાલ કરી નાખવા દો.' કહીને સર ભગન પોતે જ ફોન કરવા ચાલ્યા.

*

'ઓમ્ સ્વાહા!'
'ઓમ્ સ્વાહા!'
'ઓમ્ સ્વાહા!'

યજ્ઞની વેદી ઉપર મંત્રોચ્ચાર થઈ રહ્યા છે. એક જમાનામાં બ્રિટિશ સરકારનું નાઈટહૂડ પામેલા અને સૂટેડબૂટેડ રહેનારા સર ભગન સંજોગવશાત્ ઉત્તરીય–ઉપરણાભેર બાજઠ પર બેઠા છે અને ગિરજા ગોરની 'સમર્પયામિ' સૂચના સાથે યજ્ઞની વેદીમાં સમર્પણ કરી રહ્યા છે.

સેંકડો બ્રહ્મર્ષિઓના મંત્રોચ્ચાર વડે શ્રીભવનનું વાયુમંડળ આંદોલિત થઈ રહ્યું છે.

ગ્રહાષ્ટક યોગની અનિષ્ટ અસરો નિવારવા માટે સર ભગને આદરેલો સહસ્રમહાચંડી યજ્ઞ પૂરજોશમાં જામ્યો છે, પણ યજ્ઞ-કર્તાના દિલને કરાર નથી. એમના અંતરમાં અનેકવિધ ઉચાટ છે. સાપના ભારા સમી પુત્રી પરણવાને બદલે નાટકનું પાત્ર બનવાની હઠ લઈ બેઠી છે. એ પુત્રીના હાથની ઉમેદવારી માટે એક નહિ, બે નહિ, ત્રણ નહિ, પણ ચચ્ચાર ઉમેદવારો શ્રીભવનને આંગણે અડ્ડો લગાવીને પડ્યા છે. જે માણસ તિલ્લુને ભોળવી જઈને પરાણે જમાઈ બની બેસે એવો સર ભગનને ભય હતો, અને જેનો ભય નિવારવા એમણે એકથી વધારે ઉપાધિઓ વહોરેલી એ નટરાજ કંદર્પકુમાર હવે છેલ્લી ઘડીએ અવિવાહિત જ રહેવાનો હઠાગ્રહ કરીને અને નૃત્યકલા સિવાય કોઈને નહિ વરવાનો નિર્ધાર કરીને શ્રીભવનમાં "ઇન્દ્રવિજય" નૃત્યનાટકની રિહર્સલો

અટકાવવા આંટા મારી રહ્યો હતો. 'મરી જઈશ, પણ એ નાટક ભજવવા નહિ જ દઉં,' એવા એણે શપથ લીધા હતા. 'કાર્તિકેયની ભૂમિકા મારા સિવાય જે કોઈ કરશે એનો જાન સલામત નહિ રહે,' એવી ધમકી એ ઉચ્ચારી રહ્યા હતા.

પ્રકાશશેઠના પુત્ર પ્રમોદકુમાર પણ તિલ્લુને પરણવાની લાલચે અહીં આવેલા, એ આખરે જાન સલામત રાખવા અને પોલીસના વૉરન્ટને હાથતાળી આપવા અહીં શ્રીભવનમાં જ ભરાઈ રહ્યા હતા. એમને મધરાતે પકડવા આવેલી પોલીસ પણ અંધારામાં પ્રકાશશેઠ અને પ્રમોદકુમારને બદલે એક દાઢીધારી જ્યોતિષાચાર્ય અને એમના શિષ્યને પકડી ગઈ હતી, અને હવે પ્રતિષ્ઠા ખાતર એ ભૂલ સુધારવાની અને એ નિર્દોષ બ્રહ્મર્ષિઓને મુક્ત કરવાની ના પાડતી હતી. યજ્ઞવેદી ઉપર બેઠેલા સર ભગન આ ધરાર ઘરજમાઈ અને ઘરસસરાની જોડલીને સંભારી રંજ સાથે રમૂજ પણ અનુભવતા.

તિલ્લુને જોઈને મગજની સમતુલા ગુમાવી બેઠેલ બૅરિસ્ટર બુચાજી આજકાલ તોફાને ચડવાથી એને માળીની ઓરડીમાં પૂરી રાખવો પડ્યો હતો. એને શ્રીભવનની બહાર જવા દેવામાં સર ભગનને પોતાની પ્રતિષ્ઠાનું તેમ જ ચક્રમ બૅરિસ્ટરના જાનનું જોખમ જણાતું હતું.

જલાલપર–બાદલાથી આવેલા જાનૈયાઓએ પણ વરરાજાહઠ પકડી હતી: 'લાવો અમારો વરરાજો.' પણ વરરાજા ખીમચંદને તો કાર્તિકેય તરીકેની ભૂમિકાની ડ્રેસ રિહર્સલ કરાવવા તિલ્લુ આખા નાટકનો રસાલો લઈને કોઈક અજાણ્યા સ્થળે ચાલી ગઈ હોવાથી સર ભગનની ચિંતા બેવડી બની ગઈ હતી. આ દરમિયાન 'લાવો અમારો ખીમચંદ', 'લાવો અમારો વરરાજા', આવી હઠ પકડીને એવું તો ધાંધલ મચાવ્યું કે સર ભગને એ ત્રાસમાંથી છૂટવા પોલીસ બોલવી અને આ જાનૈયાઓને બંગલામાંથી બહાર કાઢવાની વિનંતી કરી, પણ જાનૈયા બીજા કોઈ ગામના નહિ પણ

જલાલપર–બાદલા જેવા પાણીવાળા ગામના હોવાથી ગામની નદીના પાણીની પ્રતિષ્ઠા જાળવવા એમણે બેઠો સત્યાગ્રહ શરૂ કર્યો અને શ્રીભવનમાંથી એક તસુ પણ ખસવાનો ઇનકાર કરેલો. અત્યારે યજ્ઞના "સ્વાહા! સ્વાહા!" એવા સમર્પણના સૂત્રોચ્ચાર, અને બ્રહ્મષિઁઓના મંત્રોચ્ચાર વચ્ચે પણ દૂરદૂર બેઠો સત્યાગ્રહ કરી રહેલા જાનૈયાઓના સત્યાગ્રહના સામૂહિક સૂત્રોચ્ચાર સંભળાઈ રહ્યા હતા.

'જલાલપર ઝિંદાબાદ!'

'વખત વેરસી ઝિંદાબાદ!'

*

'ઓમ્ સ્વાહા!'

'ઓમ્ સ્વાહા!'

ચંડીયજ્ઞમાં ઘીની આહુતિ અપાતી રહી. વેદીની જવાળાઓ ઊંચી ને ઊંચી ચડતી રહી.

અષ્ટગ્રહ યોગ આગળ વધતો રહ્યો.

બ્રહ્મર્ષિઓ મંત્રોચ્ચાર કરતા રહ્યા, પણ સહુના પેટમાં એક ફડકો તો રમતો જ રહ્યો કે હમણાં પૃથ્વીનો પ્રલય થઈ જશે; અબઘડી જ વિમલ સરોવર ફાટશે ને ધરતી પર જળબંબાકાર થઈ જશે.

શ્રીભવનનો દેખાવ કોઈ જંગી શહેર જેવો થઈ ગયો છે. સેંકડો બ્રહ્મપુત્રો ને હજારો દર્શનાર્થીઓથી આ વસાહત ઊભરાઈ રહી છે. યજ્ઞનાં પુણ્યના લાભ લઈને અષ્ટગ્રહીના તાપમાંથી ઊગરી જવાની લાલચે અહીં ભાવિક માણસોનું કીડિયારું ઊભરાઈ રહ્યું છે.

પતિની સંગાથે, સર ભગનની જોડાજોડ બાજઠ ઉપર બેઠેલાં લેડી જકલને અત્યારે તિલ્લુની ચિંતા નહોતી, વિમલસરની ઉપાધિ નહોતી, જલાલપરના જાનૈયાઓની વ્યાધિ પણ નહોતી, એમને તે

અત્યારે એક જ ફિકર હતી : પોતાના જબરજસ્ત શ્વાનજૂથની. રખેને પૃથ્વીનો પ્રલય થાય તો એ પ્રાણપ્યારાં કૂતરાંઓના શા હાલ થાય એની ચિંતામાં એમનું ચિત્ત યજ્ઞવિધિમાં પણ ચોંટતું નહોતું.

'ઓમ્ સ્વાહા !'

'ઓમ્ સ્વાહા !'

યજ્ઞવિધિમાં રાત પડી.

આખું શ્રીભવન વીજળીની ઝાકઝમાળ રોશનીથી ઇન્દ્રાપુરી સમું શોભી રહ્યું.

અષ્ટગ્રહીનો દિવસ તો હવે આથમી ગયો છતાં હજી સુધી જ્યોતિષીઓની આગાહી મુજબનો કશો ઉલ્કાપાત થયો નહિ તેથી સહુ સુખદને બદલે દુઃખદ આશ્ચર્ય અનુભવી રહ્યા.

સર ભગનને પણ ઘડીભર તો થયું કે આ તો મેં નાહક ગભરાઈ જઈને આ સહસ્રચંડી યજ્ઞ આણ્યો. ગિરજા ગોરે મને મફતનો ગભરાવી માર્યો, અને આ ખરચના ખાડામાં ઉતારી દીધો. યજ્ઞકુંડના ખાડા તરફ ઉદાસી નજરે નિહાળતાં સર ભગન પોતે કરી નાખેલા આંધળા ખર્ચનો અંદાજ આંકી રહ્યા.

આ તો હું નાહક મૂર્ખ બની ગયો, અને નાણાંની બરબાદી કરી બેઠો કે શું, એવો સર ભગનને વસવસો થઈ રહ્યો હતો ત્યાં જ એકાએક આખા યજ્ઞમંડપમાં અંધારું ઘોર થઈ ગયું.

ચારે બાજુથી ગભરામણની ચિચિયારી ઊઠી.

*

## ૨૧. દીકરીએ દીવો રહેશે ?

'પ્રલય શરૂ થઈ ગયો કે શું ?'

'કે પછી વિમલ તળાવ ફાટયું ?'

'ભાગો, ભાગો...મારી નાખ્યા...મારી નાખ્યા...'

આંખના પલકારામાં જ એ બની ગયું. ઇન્દ્રાપુરી જેવી ઝળાંહળાં રોશની એકાએક બુઝાઈ જતાં એ માનવમેદની મૂંઝાઈ ગઈ. આમેય, સહસ્રચંડી યજ્ઞનાં દર્શને આવેલાં એ ભોળુડાં ને ભયગ્રસ્ત લોકો અજ્ઞાનતિમિરમાં તો અટવાતાં જ હતાં. અત્યારે વીજળીનો પ્રકાશ પણ બુઝાઈ જતાં એ અંધશ્રદ્ધાળુઓ વિશેષ આંધળાં બનીને આમથી તેમ અટવાવા લાગ્યાં.

'આનું નામ જ અષ્ટગ્રહીનો શાસ્ત્રકથિત ઉલ્કાપાત.'

'શાસ્ત્રવચન મિથ્યા થાય જ કેમ ? મોડેમોડે પણ પરચો થયો ખરો.'

'અલ્લાને ઘેર દેર છે, પણ અંધેર તો નથી જ.'

'એટલે જ તો અહીં અંધારું ઘોર થઈ ગયું ને!'

આખા શ્રીભવનમાં આ યજ્ઞવેદીની જ્વાળાઓ સિવાય બીજે ક્યાંય પ્રકાશનું નામ જ ન રહ્યું. એ સાર્વત્રિક અંધકાર વચ્ચે યજ્ઞવેદીની લબકારા લેતી લાલચોળ જ્વાળાઓ વધારે બિહામણી બની રહી. ઊંડાઊંડા નર્કાગારમાં યમરાજ નૃત્ય કરી રહ્યા હોય એવો એ ભયપ્રેરક દેખાવ હતો.

સર ભગન થોડી ક્ષણ એવા તો સ્તબ્ધ બની ગયા કે ભય-સૂચક પોકાર કરવાનાય એમને હોશ ન રહ્યા. આ અણધાર્યા

અંધકારથી તેઓ એવા તો હેબતાઈ ગયેલા કે રાબેતા મુજબ પોતાના ઈષ્ટ દેવનું સ્મરણ કરવાનું ય એમને ન સૂઝયું. એ હેબત પૂરી થયા પછી જ એમના મોંમાંથી માંડમાંડ શબ્દો નીકળી શકયા :

'મેઈન સ્વિચનો ફ્યુઝ ગયો લાગે છે. ઇલેક્ટ્રિશિયનને બોલાવો.'

પણ વીજળીના મિકેનિકને બોલાવે કોણ ? અંધકારમાં જે ભાગાભાગ ને નાસાનાસ મચી ગઈ, એમાં સહુ પોતપોતાનો જીવ વહાલો ગણુતા હતા. સર ભગનના હુકમનું પાલન કરવા કરતાં અહીંથી પલાયન થવામાં જ સહુ સેવકોને સલામતી જણાતી હતી.

આ અરાજકતા જોઈને સર ભગન વધારે ચિડાયા. બત્તીનો ફ્યુઝ સમરાવવા માટે મિકેનિકને પણ કોઈ બોલાવતા નથી, એ જોઈને એમણે પોતાના મંત્રીને બૂમ પાડી : 'સેવંતીલાલ !'

પણ આજન્મ સેવક સેવંતીલાલ પણ અત્યારે શેઠની તહેનાતમાં રહેવાને બદલે સલામતી શોધવા આઘાપાછા થઈ ગયા હતા.

'સેવંતીલાલ !' શેઠે લગભગ ચીસ પાડી.

આડે દિવસે શેઠના અરધા બોલ ઉપર એકથી એકવીસ સેવકો ખડે પગે ઊભા રહી જતા ત્યાં અત્યારે એમના પોકારનો ઉત્તર આપનાર પણ કોઈ નહોતું.

'ગુરુચરન !'

'રામશરન !'

સર ભગન સેવકોનાં નામ પોકારી રહ્યા, પણ સામેથી કોઈએ 'જી, હજૂર !' કે 'આવ્યો, શેઠ સાહેબ' કે 'ફરમાવો હુકમ' જેવો પડઘો જ પાડયો નહિ.

આ અણધાર્યા અંધકારથી ઘાંઘાં થઈ ગયેલાં લેડી જકલે પણ પતિને સહાય કરવા નોકરોનાં નામો પોકારવા માંડયાં :

'જદુનાથ !'

શ્રીભવનના જૂનામાં જૂના પહેરેગીરે અત્યારે પોકાર સાંભળ્યો

નહોતો. કદાચ એ વફાદાર સેવક દરવાજાની 'ડ્યુટી' છોડીને અહીં આવતાં અચકાતો હશે, એમ સમજીને એમણે કૂતરાં-માસ્તરને હાક મારી જોઈ : 'ખાનખાનાન !'

પણ ખાનખાનાનનો દિવસ ફર્યો હોય તો જ હોંકારો આપે ને !

દરમિયાન હરઘડીએ ઘુમરાણ વધતું જતું હતું. અફાટ જનમેદનીની ધક્કામુક્કી ચાલતી હતી. એ નાસભાગમાં એવી તો ધમાચકડી મચી ગઈ હતી કે અંધારામાં માણસો પડતાંઆખડતાં કચડાવા લાગ્યાં હતાં. બાળકો અને વૃદ્ધોની કરુણ ચીસો વારેવારે સંભળાતી હતી. એ ઉપરથી સમજાતું હતું કે આ આંધળી નાસભાગમાં ડોસાંડગરાં ને બાળકોનો કચ્ચરઘાણ નીકળી રહ્યો છે.

અંધારામાં સર ભગનને કશું દેખાતું નહોતું, પણ ભયંકર ગોકીરો અને તીણી ચીસો ઉપરથી એમને ખાતરી થઈ ગઈ કે અત્યારે આ અંધાધૂંધીમાં જીવતાં જીવોને સોથ વળી રહ્યો છે. જીવની સલામતી શોધવાની ધાઈમાં ને ધાઈમાં એ લોકો પોતાના જીવ ગુમાવી રહ્યા છે. જાણે કે ગેબીમાંથી ઊઠતી હોય એવી એ ટોળામાં કચડાતાં માણસોની મરણચીસો કાળજું કમ્પાવી મૂકે એવી હતી. એ સાંભળીને ભગનને થયું કે આ સહસ્રચંડીયજ્ઞનું પુણ્ય તો મને મળવાનું હશે ત્યારે મળશે, પણ મારે આંગણે થઈ રહેલી આ નિર્દોષ માનવીઓની હત્યાનું પાતક તો મારે માથે ચડશે જ. એથી, અકળાઈ ઊઠીને એમણે કુળગોરને જ બૂમ પાડી :

'ગિરજા, અરે ઓ ગિરજા !'

પણ ગિરજો કાંઈ ગાફેલ નહોતો કે આવી જીવનમરણની આફતટાણે પોતાના યજમાનની તહેનાતમાં ઊભો રહે. એ તો, શ્રીભવનમાં લાઈટ ગયું અને અંધારપટ પથરાયો એ ઘડીએ જ, આ તો અષ્ટગ્રહીનો પ્રલય આવ્યો જ, એમ સમજીને દાનદક્ષિણાની પણ રાહ જોયા વિના કે યજ્ઞમાં બીડું પણ હોમાવ્યા વિના રફૂ-

ચક્કર થઈ ગયો હતો.

અરે, જે કુલગોરની સૂચનાથી મેં આ યજ્ઞ યોજ્યો, અને જેને પરિણામે આ આફત ઊભી થઈ, એ માણસ પોતે પણ મંત્રો ભણતોભણતો એકાએક અલોપ થઈ ગયો છે, એમ જાણીને સર ભગનને એવી તો ચીડ ચડી કે આખરે તેમણે જોશીલી ને જોમવંતી શુદ્ધ કાઠિયાવાડી બોલીમાં પોકાર પાડ્યો :

'એલા એય ગિરજા ! માળા નખેદ, ક્યાં ગુડાણો છો ?'

'અરરર શેઠજી !' સાંભળીને એક બ્રહ્મપુત્ર અંધારામાં પણ ફરિયાદ કરી રહ્યો : 'તમારા યજ્ઞના અધિષ્ઠાતા પ્રત્યે આવો તુચ્છકાર દાખવો છો ? આ યજ્ઞનું પુણ્ય-ફળ ચાલ્યું જશે.'

'પુણ્યફળ ગયું જાહન્નમમાં. અત્યારે તો એનાં પાપનાં જ આ ફળ ભોગવું છું.'

સર ભગન તો ગભરાટમાં ને ગભરાટમાં બગીચાના માળીથી માંડીને રસોડાના મહારાજ સુધીના નોકરોને પોકારી રહ્યા, પણ અત્યારે કોણ એવો મૂર્ખ હોય કે જીવનું જોખમ ખેડીને શેઠની સેવામાં હાજર થાય ?'

'અલ્યાઓ, કોઈ તો મેન-સ્વિચનો ફ્યુઝ બંધાવો, તો અહીં અજવાળું થાય.'

લેડી જકલ પણ બૂમો પાડતાં રહ્યાં, સર ભગનનાં આદર્શ અર્ધાંગના તરીકે તેઓ પતિની પડખોપડખ ઊભાં રહ્યાં.

તેથી જ આખરે તરણોપાય તરીકે સર ભગન પોતે જ વીજળીના સ્વિચબોર્ડ તરફ ધસી જવા તૈયાર થયા ત્યારે લેડી જકલે એમને વાર્યા : 'નથી જાવું આવા કાળાઘોર અંધારામાં.'

'પણ ફ્યુઝ નવો બંધાવું તો લાઈટ ચાલુ થાય.'

'પણ જશો કેમ કરીને ? પ્હણે માથે માથું તો સૂઝતું નથી.'

'એટલે જ હું એનો ઉપાય કરાવવા માગું છું.'

'પણ અહીં તલપૂર જગ્યા તો છે નહિ. માથે થાળી ફેંકીએ

તો અધ્ધર ને અધ્ધર રહી જાય એવો મામલો છે. આમાં તમે મારગ કરશો કેમ કરીને ?'

પતિ-પત્ની આમ વાતો કરતાં હતાં એવામાં વધારે ચીચિયો ઊઠ્યો. ધક્કામુક્કી જોડે કશીક મારપીટ થતી હોય એમ લાગ્યું. સામટી ભયસૂચક ચીસો ઉપરથી લાગતું હતું કે લોકો ઉપર કશુંક વીતી રહ્યું છે. સામૂહિક લાઠીમાર થતો હોય એવો એ અનુભવ હતો.

સર ભગનની બુદ્ધિ બહેર મારી ગઈ. આમેય અંધારામાં એમને કશું સૂઝતું નહોતું. પણ પોતાને આંગણે આકસ્મિક જ સરજાઈ રહેલા આ મૃત્યુકાંડથી તો તેઓ માનસિક રીતે પણ દિશાશૂન્ય બની ગયા.

'અરે, કોઈ રીતે અજવાળું તો કરો !' સર ભગન આર્દ્ર અવાજે પોકારી રહ્યા.

યજ્ઞવેદીની જવાળાઓ પણ નવું 'ઓમ્ સ્વાહા' બંધ થયા પછી ઓસરી ગઈ હતી. લેડી જકલને યાદ આવ્યું કે બળતામાં ઘી હોમીએ તો ભડકો થાય અને ભડકામાંથી પ્રકાશ પણ પેદા થાય. તેથી જ એમણે સૂચવ્યું :

'અરે, આ તે શો ગજબ ! શ્રીભવનમાં સો મણ ઘીએ અંધારું ? ક્યાં ગયા પેલા ઘીના હજારો ગાડવા ? માંડો હોમવા.'

સર ભગનને આ સૂચન સાંભળીને નિરાશાના તેમજ સાચા ઘોર અંધકારમાં આશાકિરણ દેખાયું. કોણે કહ્યું કે સ્ત્રીઓની બુદ્ધિ પાનીએ હોય છે ? તુરત એમણે લેડી જકલના સૂચનનું સમર્થન કર્યું.

'અરે, બ્રહ્મદેવો, ઊભા છો શું મોઢું વકાસીને ? ને પેલા ગાડવા ઊંચકીઊંચકીને ઘી અહીં રેડવા માંડો, તો જરા અજવાળું થાય.'

'એ ગાડવા તો ક્યારના ઊંચકાઈ ગયા છે, શેઠ !'

'હેં ? ઊંચકાઈને ક્યાં ગયા ?'

'એના જવાને ઠેકાણે. ઘણાય લોકોની નજર એ ગાડવા ઉપર

હતી. એમણે એ ઘર ભેગા કરી દીધા.'

આ સાંભળીને સર ભગનને બીજી એક વાતની ચિંતા પેઠી : આ જબરી માનવમેદની અહીં લૂંટફાટને રવાડે ચડશે તો? શ્રીભવન-ના બંગલામાં જ પેસી જશે તો?

પણ તુરત સર ભગનને થયું કે મિલકતની રક્ષા કરતાં અત્યારે તો દેહની રક્ષા વધારે તાકીદની ગણાય. જાન બચ ગઈ લાખો પાયે, એ સૂત્ર સંભારીને તેઓ સલામતીની શોધમાં લાગી ગયા. શિર સલામત તો પઘડિયાં બહોત એમ સમજીને તેઓ આ ધમસાણમાં શિર શી રીતે સલામત રાખવું એની જ ચિંતા સેવી રહ્યા.

એમણે જોઈ લીધું કે આ અથડામણમાંથી હેમખેમ ઊગરવું મુશ્કેલ છે. અને જ્યાં સુધી અજવાળું થાય નહિ ત્યાં સુધી આ અથડામણ અટકે એમ નથી. પણ આ ધમસાણમાં અજવાળું થાય પણ કેમ કરીને? યજ્ઞનિમિત્તે યોજાયેલી રોશનીમાં વીજળી પ્રવાહના બેહદ દબાણને લઈને ફ્યુઝ ઊડી ગયો. પણ એ ઓગળી ગયેલો તાર ફરી બાંધવાનું કામ તો બે જ મિનિટનું, પણ એ કરે કોણ? આ ગાંડાતૂર માનવમહેરામણને એ સૂઝે શી રીતે?

લોકો તો અત્યારે એક જ ચિંતામાં હતા. અષ્ટગ્રહ યોગની આફત શરૂ થઈ ગઈ છે, કેમ કે, ગ્રહણ ઘેરાવા માંડ્યું છે. આ દેશમાં ભલે ને ગ્રહણ ન દેખાય, પણ દુનિયામાં બીજે સ્થળોએ ગ્રહણ થાય એની અસર આપણા ઉપર થયા વિના રહે?

'એ ગ્રહણનો વેધ શરૂ થયો હશે. અને અહીં આપણું વિમળ તળાવ ફાટ્યું હશે.'

ગભરાટમાં બેફામ નાસભાગ કરતાં લોકો એમ જ સમજી ગયાં હતાં કે વિમળ તૂટી ગયું છે અને એનાં પાણી અહીં આવી રહ્યાં છે.

'હમણાં જ બધે જળબંબાકાર થઈ જશે અને આપણે જીવતાં જ ડૂબી મરીશું.'

'બ્રહ્મપુત્રોની વાણી મિથ્યા થાય જ કેમ કરીને? સહુ કહેતા હતા કે અષ્ટગ્રહ યોગમાં વિમલ તળાવ ફાટશે જ.'

'પણુ આ તો હવે આભ ફાટયું એવો ઘાટ થયો છે. જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ જેવું થઈ જવાનું. આમાંથી હવે ઊગરવું કેમ કરીને ?'

'શ્રીભવનમાંથી ઝટપટ બહાર નીકળીને રામટેકરી ઉપર ચડી જઈએ તો ત્યાં તળાવનાં પાણી નહિ પહોંચે.'

'પણુ અહીંથી બહાર નિકળાશે જ કેમ કરીને ? અહીં જ દફ્ણુ સો પફ્ણુ જેવું થઇ જવાનું છે.'

અને એ વાત સાચી હતી. જીવ બચાવવા મરણિયા થઈને આમતેમ નાસાનાસ કરનારાઓ વાસ્તવમાં તો, શ્રીભવનમાં જ આંધળા પાડાની જેમ ઘૂમી રહ્યા હતા. વીજળીનો પ્રવાહ બંધ થતાં જ હેબતાઈ જઈને હુડુડુ કરતાં ઊઠેલાં લોકો બહાર નીકળવાની મથામણુમાં એક વિરાટ હમચી ખૂંદી રહ્યાં હતાં. ગુરબો ગુરુચરન જયાં આઠેય પહોર ઊંઘતો-જાગતો બેસી રહેતો, એ શ્રીભવનના સિંહદ્વાર સમો દરવાજો કયાં આવ્યો એ જ અત્યારે અંધકારમાં કોઈને સમજાતું નહોતું. દસવીસ કે સો-બસો માણુસો નહિ પણુ આખો જનસમૂહ અત્યારે ધક્કે ચડયો હતો. કોઈ મનફાવતી દિશામાં આગળ વધી શકે એમ જ નહોતાં. એ તો, પાછળથી ધક્કો લાગે એ રીતે જ આગળ ધકેલાતાં હતાં. ઊંડા કૂવામાં ઊડતાં આંધળાં ચામાચીડિયાં આમથી તેમ, કૂવાની દીવાલ જોડે અથડાયા કરે એ ઢબે આ જનમેદની અહીંથી તહીં અથડાઇ રહી હતી.

મેદાનના કોઇ ચોક્કસ ખૂણામાંથી વારેવારે કરુણુ તીણી ચીસો ઊડયા જ કરતી હતી. મનુષ્યની એ અંતિમ મરણુચીસોનું પ્રમાણુ હવે વધતું જતું હતું. એ ચીસો પોતે જ આ ગભરાયેલી મેદનીને વધારે ગભરાવવાનું કામ કરતી હતી. આ સામૂહિક મરણુચીસો પાછળ અષ્ટગ્રહીનો જ હાથ છે એ બાબતમાં કોઈને લવલેશ શંકા રહી નથી.

આ અણુધાર્યો ઉલ્કાપાત નિહાળીને અંધકારમાં પણુ સર ભગતની આંખે અંધારાં આવી રહ્યાં હતાં. એકાએક એમણે લેડી જકલને ફરિયાદ કરી કે આપણુને-માબાપને-આવી આફતમાં મૂકીને

તિલ્લુ નાટકમાં રિહર્સલ કરવા ચાલી ગઈ.

'એ ચાલી ગઈ એટલી નસીબદાર.'

'કેમ ?'

'આ આફતમાંથી ઊગરી જશે.'

'કેવી સિલી વાત કરો છો લેડી જકલ !'

'સિલી નહિ, સાચી વાત કરું છું. રિહર્સલને બહાને તિલ્લુ ઘરમાંથી નાસી ગઈ, એટલી ઈશ્વરની આપણી ઉપર કૃપા સમજવી.'

'કૃપા કે અવકૃપા ?'

'કેમ ?'

'એમ કે, આ ધમસાણમાં આપણે બેઉ મરી પરવારીશું તોય આપણો વંશવેલો તો જીવતો રહેશે જ.

'આપણો વંશ ? ને એનો વળી વેલો ?'

'હા, કેમ ? દીકરીએ પણ દીવો રહેશે.'

'અરે, પેલો દીવો કેમ કરીને થયો ?' સર ભગન બાઘામંડળની જેમ દૂરદૂર તાકી રહ્યા.

એમની નજર શ્રીભવનના બંગલાને બીજે માળે તિલ્લુના રિહર્સલરૂમ ઉપર ઠરી હતી. એ ઓરડાની સ્ટેઈનગ્લાસની બારીમાં એકાએક દીવાનો ઉજાસ દેખાયો હતો.

'ફ્યુઝ ઊડી ગયો છે તો પછી તિલ્લુના રૂમમાં દીવો કેમ કરીને થયો હશે ?' સર ભગન તાજુબી અનુભવી રહ્યા.

'આ અજવાળું ઇલેક્ટ્રીસિટીનું ન હોય.'

'ત્યારે શાનું ?'

'તેલના દીવાનું...સાચું કહું તો દીવીઓનું.'

'પણ તિલ્લુ પાસે એવી દીવીઓ આવી ક્યાંથી ?'

'એ તો રોજ દીવીઓ પેટાવીને જ ડાન્સ કરે છે ને ? નટરાજ આગળ ઘીનો દીવો પેટાવ્યા વિના અલારિપુ આગળ જ વધી ન શકે.'

'તો તો આપણો દીકરીએય દીવો રહેશે ખરો.'

*

ચોગમ પથરાયેલા અંધારપટમાં તિલ્લુના રિહર્સલરૂમનો એ દીવો સર ભગનને આશાકિરણ જેવો લાગ્યો ખરો. પણ એક ક્ષણ પૂરતો જ. બીજી જ ક્ષણે એ આશાકિરણ જાણે કે બુઝાઈ ગયું અને કોઈક ભયની લાગણી સંચારિત થઈ રહી. આવી આસમાની સુલતાની આફત વચ્ચે મારી એ એકલી-અટૂલી દીકરી શું કરતી હશે ? આ હાલાકીમાં એના શા હાલ થયા હશે ?

'તિલ્લુ ! તિલ્લુ !' નાનું બાળક પોતાનાં માતાપિતાને પોકારે એવી અસહાયતાથી સર ભગન પોકાર પાડી રહ્યા.

શ્રીભવનના પ્રાંગણમાં અત્યારે અનેકવિધ પોકારો ઊઠી રહ્યા હતા. અહીં ઊમટેલી માનમેદનીમાં અનેક યુગલો વિભક્ત થઈ ગયાં હતાં. સંખ્યાબંધ પત્નીઓ એમના પતિદેવોથી જુદી પડી ગઈ હતી. પુત્ર-પુત્રીઓ એમનાં માબાપથી વિખૂટાં થઈ ગયાં હતાં. આ સહુ લોકો પોતપોતાનાં આપ્તજનો માટે પોકાર પાડી જ રહ્યાં હતાં. એ બૂમાબૂમમાં વળી કચડાતાં-પિટાતાં માણસોની ચીસાચીસો ઉમેરાતી હતી. પરિણામે આ સામટા કોલાહલમાં સર ભગનની બૂમ દટાઈ જતી હતી. તેથી તો તેઓ બમણા આવેશથી બૂમ પાડી રહ્યા હતા.

'તિલ્લુ ! તિલ્લુ !'

જે યજ્ઞવેદી પરથી મોડી વાર પહેલાં 'ઓમ્ સ્વાહા ! ઓમ્ સ્વાહા !'ના શબ્દોચ્ચાર ગુંજી રહ્યા હતા ત્યાં હવે 'તિલ્લુ ! તિલ્લુ !' એવા આર્તનાદ ઊઠી રહ્યા.

'બૂમો ન પાડો,' લેડી જકલે કહ્યું. 'ચાલો, આપણે જ તિલ્લુ પાસે પહોંચી જઈએ.'

'પણ કેવી રીતે પહોંચીએ ? મને તો અહીં રસ્તો જ સૂઝતો નથી.'

'એ તો તમને માઈનસ ટ્રેવેલ્વનાં ચશ્માં છે, એટલે. ચાલો તમે મારી પાછળપાછળ આવી પહોંચો.' કહીને પત્નીએ પતિનો હાથ ઝાલ્યો.

શહેરની શેરીઓ અને પોળોમાં અંધભિક્ષુકો 'હરિ રામ લીલા રે ભગવાન લીલા' ગાતાંગાતાં ચાલે છે એવો જ દેખાવ થઈ રહ્યો. લેડી જકલ મોખરે ચાલીને પતિને પોતાની પાછળ પાછળ દોરી રહ્યાં.

પણ આ હૈયેહૈયું દળાય એવી ભીડમાં બહુ ઝડપથી આગળ જઈ શકાય એમ નહોતું. ચારેય બાજુથી ધક્કા આવી રહ્યા હતા અને કુંભમેળામાં નાગા બાવાઓને નિહાળીને હાથીઓ ગાંડા થયા હોય એવી ગભરામણ ફેલાઈ ગઈ હતી. પરિણામે સબળાં લોકો નબળાં લોકોને કચડીને પણ પોતાનો જીવ બચાવવા જે નાસભાગ કરતાં હતાં તેમાં આ યજમાન દંપતી પણ ધક્કે ચડી રહ્યાં હતાં.

પણ લેડી જકલ જરાય નિરાશ ન થયાં. કાળા ડીબાણ અંધકારમાં તિલ્લુના રિહર્સલરૂમના દીવાને ધ્રુવતારક ગણીને આ માનવમહેરામણ વચ્ચેથી એમણે માર્ગ કરવા માંડચો. પોતે આડાં-અવળાં ધક્કે ચડી જતાં હતાં, છતાં વર્ષો પહેલાં લગ્નમંડપમાં પોતે ઝાલેલો એ સર ભગનનો હાથ તેઓ છોડતાં નહોતાં.

અંધારામાં એકાએક એમને અનુભવ થયો કે અમે અત્યારે કશાક ઊંચા ચડાણ પર ચડી રહ્યાં છીએ. એમને નવાઈ લાગી. આ તો મારા બેડમિંટન અને ટેનિસ કોર્ટની જગ્યા છે. અહીં સાવ સપાટ ને સમથળ મેદાનમાં આ ઊંચું ચડાણ ક્યાંથી આવી ગયું ? પણ એમના પગ તળે કશુંક સળવળતું જણાયું અને એ સળવળતો પદાર્થ કણસતો સંભળાયો ત્યારે જ એમને સમજાયું કે આ તો ધક્કામુક્કીમાં પટકાઈ પડેલાં ને કચડાઈ ગયેલાં માણસો અહીં પડચાં છે, અને એમની લોથોએ જ આ સપાટ મેદાનમાં આવું

ઊંચું ચડાણ ઊભું કર્યું છે.

લેડી જકલ તો કમ્પી ઊઠયાં : અરરરર ! આ જીવતાં ને મરેલાંનાં મુડદાંને કચડવાં પડે છે !...પણ તેઓ અસહાય હતાં. તેઓ ધારે તોપણ આ ચડાણ હવે ટાળી શકે એમ નહોતાં. એક વાર જનમેદનીને ધક્કે ચડયા પછી ગતિ કે પ્રગતિનો દિશાદોર એમના હાથમાં રહ્યો નહોતો. સદ્‌ભાગ્યે મોટા ભાગની મેદની બંગલામાંથી બહાર નીકળવા મથતી હતી, તેથી આ ધક્કામુક્કી અને ઘસારાનું વહેણ બંગલાના મુખ્ય દરવાજાની દિશામાં હતું અને તેથી આ યજમાન દંપતી પણ અનાયાસે જ તિલ્લુના રિહર્સલરૂમ ભણી ધકેલાઈ રહ્યાં હતાં, એટલું વળી આ આફતમાં આશ્વાસન હતું.

શ્રીમતી જકલ, લેડી જકલ બન્યા પછી જિંદગીમાં અત્યારે પહેલી જ વાર અડવાણે પગે ચાલી રહ્યાં હતાં. યજ્ઞવિધિમાં બેસવા માટે પણ તેઓ મજાનાં શેમોય લેધરનાં સુંદર શુઝ પહેરીને આવેલાં પણ ગિરજા ગોરના સૂચનને માન આપીને બાજઠ પર બેસતાં પહેલાં એમણે એ પગરખાં બાજુ પર ઉતારી નાખેલાં. અત્યારે અડવાણા પગે ચાલવાનું એમને ફાવતું તો નહોતું જ. વારેવારે પગ મોચવાતો જતો હતો. પણ પોતાની આજુબાજુનાં તેમ જ પગ નીચેનાં માણસો મરણશરણ થઈ રહ્યાં હતાં, એ જોઈને તેઓ પગની મોચની વેદના વીસરી જઈને આગળ વધી રહ્યાં હતાં. ગુમરાહ જહાજ દીવાદાંડી જોઈને પોતાનો પંથ કાપે એ ઢબે લેડી જકલ પણ તિલ્લુના રિહર્સલરૂમનો દીવો જોઈને આ મુડદાંઓ વચ્ચેથી માર્ગ કરી રહ્યાં હતાં.

'હજી કેટલું દૂર છે?' થોડીથોડી વારે સર ભગન પૂછી રહ્યા હતા.

'હજી તો આપણે અરધે રસ્તે માંડ પહોંચ્યાં. હજી તો માળીની ઓરડી સુધી આવ્યાં.'

સર ભગનને નવાઈ લાગી કે ક્યારનો હું લેડી જકલનો હાથ

ઝાલીને ચાલચાલ કરી રહ્યો છું, છતાં માળીની ઓરડી સુધી જ આવી શક્યો ? પણ એમને ક્યાં ખબર હતી, કે જનમેદની જોડે પોતે પણ અત્યારે ચકરાવે જ ચડી ગયાં છે ? ગતિ ગમે એટલી થયા કરે, પણ પ્રગતિ તો નજીવી જ થાય. આ હમચી ખૂંદવા જેવા અનુભવથી સર ભગન બહુ થાકી ગયા. ડેડીલેકમાંથી ઊતરીને આટલું બધું પગપાળા ચાલવાનો એમને આ પહેલો જ અનુભવ હતો. આથી પગનાં તળિયાંમાં આંટણ પડી જશે કે શું એવો એમને ભય લાગતો હતો. પણ અત્યારે આ અથડાઅથડીમાં જીવતાં રહેવું હોય તો આ પગપાળી મજલ કરીને પણ સામેના મકાનમાં પહોંચી જવામાં જ માલ છે, એ સમજાતાં એમને વાર ન લાગી. તેથી જ, તેઓ લેડી જકલને કહી રહ્યા :

'હવે જલદી ચાલો, જલદી ચાલો. બિચારી તિલ્લુ આપણી ચિંતા કરતી હશે.'

'એ તો એવી સાજા કાળજાની છે કે આપણી કોઈની ચિંતા કરે એમ નથી. ચિંતા તો મને એની થાય છે.'

'શી ?'

'પેલા ખીમચંદમાં મોહી પડી છે એથી જ તો વળી. એને નાટકમાં કાર્તિકેય બનાવ્યો છે ત્યારથી એનું મગજ ઠેકાણે નથી.'

'એમાં એનો બહુ વાંક નથી, લેડી જકલ.'

'કેમ ?'

'એણે પહેલી જ વાર આવો હૃષ્ટપુષ્ટ જુવાન જોયો છે.'

'હૃષ્ટપુષ્ટ ?'

'ખીમચંદ ગમે તેવો તોય ખાધેપીધે તો સુખી રહ્યો ને ? વળી પાછો ગામડાનો માણસ. સાચાં ઘી–દૂધ ખાધેલાં, એટલે શરીરે તંદુરસ્ત જ લાગે.'

'તંદુરસ્ત લાગે છે કે ભીમસેનના ભાઈ જેવો લાગે છે ?'

'એ તો તમને એવું લાગે. બાકી તિલ્લુને તો એ કાર્તિકેયની

ભૂમિકા માટે...'

'મૂઓ એ કાર્તિકેય.'

'અરે, ઇન્દ્રના સેનાપતિને ગાળ દેવાય ?'

'પણ આ ખીમચંદ ક્યાં સાચો સેનાપતિ છે ? આ બધું નાટક જ છે.'

'આ નાટક જ નખોદ કાઢશે એમ લાગે છે.'

'કેમ ?'

'નાટકમાંથી ચેટક ન થાય તો મને કહેજો.'

માળીની ઝૂંપડી વળોટયા પછી ફરી પાછું ચડાણ આવ્યું. અહીં વધારે માણસોની લોથો ઢળી હોય એમ લાગ્યું. માનવશરીરોના એ ગંજમાંથી ઊંડેઊંડેથી આછા ઊંહકારા ઊઠતા હતા. એ ઉપરથી લાગતું હતું કે છેક તળિયે દટાયેલા કોઈ માણસના ખોળિયામાં હજી જીવ રહ્યો છે ખરો. પણ અત્યારે સહુ પોતપોતાના જીવ બચાવવા નાસભાગ કરે છે એમાં કોણ કોને બચાવવા જાય ?

'આપણા બંગલામાં આજે હજારો માણસની હત્યા થઈ ગઈ હશે.'

'પણ એમાં આપણો શો વાંક ? આપણે થોડી એમની હત્યા કરી છે ? લાઈટ બંધ થયું એની જ આ મોકાણ.'

'પણ આ હત્યાનું પાપ તો આપણે માથે ચડે ને ?'

'હું તો તમને પહેલેથી જ કહેતી હતી કે આ બંગલો ન લેશો. લાટસાહેબના વખતથી જ આ જગ્યા વહેમવાળી ગણાય છે.'

'પણ અહીં આવીને તો આપણે સુખી થયાં. લાટસાહેબની સાયબી ને સરનો ખિતાબ પામ્યાં.'

'હવે એ ખિતાબને શું ધોઈ પીવો છે ? લાટસાહેબો આ દેશમાંથી ગયા, પછી સર કે લેડી સામે કોઈ નજર પણ ક્યાં નાખે છે ? ઊલટાનું આ વહેમવાળા રહેઠાણમાં આ રામાયણ

ઊભી થઈ.'

'આ રામાયણ પેલા ગધેડા ગિરજાએ જ ઊભી કરાવી. એ હરામખોર મારા હાથમાં આવે તો એની ગળચી જ પીસી નાખીશ.'

'ના, ના, જોજો આવું કાંઈ કરી બેસતા. આટલી બધી હત્યા ઉપર વધારાની એક બ્રહ્મહત્યા ચડશે.'

'પણ હું તો આ મુડદાં ખૂંદીખૂંદીને વાજ આવી ગયો.'

'હવે બહુ નહિ ખૂદવાં પડે. આપણે પોર્ચ પાસે આવી ગયાં છીએ.' લેડી જકલે કહ્યું.

મોટી મેરેથાન રેઈસ પૂરી કરીને આવ્યાં હોય એમ પતિપત્ની પોર્ચ નજીક પહોંચતાં હાંફી રહ્યાં હતાં. પણ અત્યારે શ્વાસ હેઠો મૂકવા જેટલો એમને સમય નહોતો. પુત્રીને મળવા અદ્ધર શ્વાસે જ તેઓ સીડી ચડી રહ્યાં, કેમકે વીજળી બંધ થતાં બંગલાનાં બધાં જ એલેવેટરો ખોટકાઈ ગયાં હતાં.

પગથિયાં ચડતાં એમણે રિહર્સલરૂમમાંથી વિચિત્ર અવાજ સાંભળ્યો. નૃત્યના તોડા કે મૃદંગની થાપીને બદલે મંત્રોચ્ચાર જેવો અવાજ આવતાં પતિપત્ની વિચારમાં પડી ગયાં.

'આ તે શું ? અહીં પણ મંત્રો ?' યજ્ઞવેદી ઉપર ક્યારના મંત્રો સાંભળી સાંભળીને ત્રાસી ગયેલાં દંપતીને અહીં પણ એવો જ અવાજ જણાતાં કંટાળો આવ્યો.

પણ બીજી જ ક્ષણે સર ભગતને વહેમ આવ્યો. અહીં રિહર્સલરૂમમાં વળી મંત્રો શાના ? નૃત્યનાટકના રિહર્સલમાં વળી સપ્તપદી જેવો શબ્દોચ્ચાર ક્યાંથી ઊઠ્યો ? એમણે લેડી જકલને પૂછ્યું :

'આ ઇન્દ્રવિજય નાટકમાં પરણવાનો સીન-બીન આવે છે ખરો ?'

'આ તો લડાઈનું નાટક છે. ઇન્દ્રનો સેનાપતિ ખડ્ગ વીંઝયા કરે છે.'

'તો પછી એમાં આવા સંસ્કૃતના શ્લોકો ક્યાંથી આવ્યા ?'

'આ માત્ર નાટક નથી.'

'ત્યારે ?'

'નૃત્યનાટક છે.'

'તેથી શું થયું ?'

'એમાં લડાઈ પણ સાવ ધીમેધીમે, નાચતાંનાચતાં જ કરાય– નૃત્યના તોડા પ્રમાણે જ બધું થાય. નહિતર ભૂલ થઈ જાય.'

'પણ એમાં ઇન્દ્રરાજા પરણતા હોય એવો સીન છે ખરો ?'

'ના રે, ઇન્દ્રને પરણવાની જરૂર જ શી ? ઇન્દ્રાણી તો ઐરાવત હાથીની જેમ કાયમ માટે એક જ હોય. નવાનવા ઇન્દ્ર આવે ને જાય, પણ એની ઇન્દ્રાણી તો એક જ હોય. પછી એને પરણવાનો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?'

'તો પછી ઇન્દ્રવિજયને બદલે સીતાસ્વયંવરની રિહર્સલ તો નહિ કરતાં હોય ને ?'

'શા ઉપરથી કહો છો ?'

'આ અવાજ મને કોઈક સપ્તપદીના શ્લોકો જેવો સંભળાય છે.'

'એ તો આપણે ક્યારનાં યજ્ઞવેદી ઉપર બેઠાં હતાં, એટલે ગિરજાના મંત્રોના તમને ભણકારા વાગતા હશે.'

આવું સ્વરચિત આશ્વાસન અનુભવતાં પતિપત્ની સીડીનું છેલ્લું પગથિયું પૂરું કરીને તિલ્લુના રિહર્સલરૂમમાં પેઠાં તો સામેનું દશ્ય જોઈને લેડી જકલ તો મૂર્છિત થઈને ઢળી જ પડ્યાં. સર ભગને પોતાનાં માઈનસ બાર નંબરનાં ચશ્માં સાફ કરીને ફરી આંખે ચડાવી જોયાં, છતાં એમને દશ્યની વિગતોમાં કશો ફેરફાર જણાયો જ નહિ.

ખીમચંદ ખુમારીભેર ખભા પર ખાંડું મૂકીને ફેરા ફરતો હતો, એની પાછળ પાનેતર પહેરેલી તિલોત્તમા તણાતી હતી. ગિરજો ગોર મંત્રો ભણી રહ્યો હતો.

સર ભગને ત્રાડ મારીને પૂછ્યું :

'ગિરજા, આ શું ચાલી રહ્યું છે?'

'શેઠ, ચોથું મંગળ વરતે છે.'

'શાનું મંગળ વળી?'

'તિલ્લુબહેનના લગનનું.'

'કોની સાથે?'

'આ વખત વેરસીના ખીમચંદ સાથે.'

'શું બોલ્યો?'

'શેઠ, તિલ્લુબહેનનાં ઘરણુપાણી એના ઘરમાં જ લખ્યાં હશે એ મિથ્યા કેમ થાય?'

'હરામખોર! આમ કોઈનાં લગન કરાવી દેતાં શરમ નથી આવતી?'

'શેઠજી! લગન ન કરાવું તો મને ગરીબ બ્રાહ્મણને દાપાં-દખણાં ક્યાંથી મળે?'

'અરે કેમ ચોર દાપાં ને કેમ ચોર દક્ષિણા,' શેઠે ગર્જના કરી, 'આ લગન કદી નહિ થઈ શકે.'

'હવે તો પૂરાં થઈ ગયાં, શેઠજી. આ ચોથું મંગળ પણ પૂરું થયું, લો!'

'અરે મંગળ-બંગળ માર્યાં ફરે. આ ગામડિયા ગમારને હું મારી છોકરી કદી નહિ પરણાવું.'

તિલ્લુ બોલી: 'પણ અમે તો પરણી ગયાં, પપ્પા!'

'હું જોઈ લઈશ, આ વખત વેરસીનો છોકરો અહીંથી જીવતો બહાર કેમ નીકળી શકે છે.'

'ક્ષેમુ!' તિલ્લુએ ખીમચંદને સંકેત કર્યો. એને કાર્તિકેયની ભૂમિકા આપ્યા પછી તિલ્લુએ ખીમચંદના તદ્‌ભવમાંથી તત્સમ સુધી જઈને 'ક્ષેમેન્દ્ર' એવું સંસ્કૃતકરણ કરી નાખેલું.

એ સંસ્કૃતમય વહાલસોયું સંબોધન સાંભળતાં જ ખીમચંદ સંકેત સમજી ગયો અને કેડ પરના મ્યાનમાંથી તલવાર ખેંચીને

ઊભો રહ્યો.

'પપ્પા, આ સાચી તલવાર છે,' તિલ્લુ સમજાવી રહી, 'મારી સ્ટેજ પ્રોપર્ટી નથી.'

સર ભગનને પણ સમજાઈ ગયું કે આ હથિયાર લાકડા ઉપર રૂપેરી રોગાન લગાવેલું નહિ પણ જલાલપરના લુહારની કોઢમાં ગામની જ નદીનું પાણી પાયેલી સાચી ને તાતી તલવાર છે.

એ તીક્ષ્ણ હથિયારનો તાપ જોઈને જ સર ભગન એક ડગલું પાછા હઠી ગયા.

*

## ૨૩. અંધકારનાં અંધારાં

રિહર્સલરૂમમાં નાટકી નહિ પણ સાચેસાચો લગ્નવિધિ કરાવી રહેલ ગિરજા ઉપર સર ભગને દાઝ કાઢી :

'અલ્યા ભામટા, મારું ખાઈને મારું જ ખોદવાનું સૂઝયું ?'

'શું કરું ભાઈશાબ ! આ પાપિયું પેટ કરાવે વેઠ.'

'અલ્યા, પણ આ ખીમચંદનો વિવાહ તો નીચના ગ્રહોનો સુટકો કરવા સારુ તેં કરાવ્યો હતો, એમાં અત્યારે આ ?'

'સુટકાનો જ વિવાહ સાચો પડવાનું તિલ્લુબહેનની કુંડળીમાં લખ્યું હશે તે મિથ્યા કેમ થાય ?'

'અલ્યા, પણ આવા જડભરત જોડે મારી છોકરી જીવતર કેમ કરીને કાઢશે ?'

'શેઠ, એ તો મેં પણ તિલ્લુબહેનને ખાનગીમાં પૂછી જોયું હતું. પણ એણે તો મને ચોખ્ખું સંભળાવી દીધું કે...'

'શું ?'

'કે આવો શૂરવીર જુવાન પૃથ્વીના પટ ઉપર બીજો નહિ પાકે. પરણું તો ક્ષેમુને જ.'

'હવે જોયો મોટો ક્ષેમુ. મોં પરથી માખ ઉડાડવા જેટલા તો એને હોશ નથી, ને નામ જુઓ તો ક્ષેમુ.'

'શેઠ, આમાં તો રાણીને ગમ્યો એ રાજા. આપણા ગમા-અણગમા ચાલે જ નહિ.'

'તિલ્લુનું તો મગજ ફરી ગયું છે. પણ અલ્યા ગિરજા, તેં તારી અક્કલ ક્યાં ઘરાણે મૂકી હતી તે આ લગ્નવિધિ કરાવવા આવી પહોંચ્યો ?'

'ભાઈશાબ, બત્તી બુઝાઈ ગઈ, ને સહુ નાસભાગ કરવા લાગ્યા. એમાં હું ધક્કે ચડી ગયો. એવામાં ઓચિંતાની જ કોઈકે મારી ગળચી પકડી.'

'કોણ ?'

'દે જાણે. અંધારામાં કોઈ ઓળખાયું નહિ. પણ એણે ગળચી ઝાલીને મને અહીં હાજર કરી દીધો. ખીમચંદભાઈએ તલવાર ખેંચીને કીધું કે ઝટપટ લગ્નવિધિ પતાવી દે, નહિતર જનોઈવઢ વાઢી નાખીશ.'

'આટલો જુલમ ! એ જંગલીને હું જોઈ લઈશ.'

'શેઠજી, હવે જીભ કાબૂમાં રાખજો. ખીમચંદ ગમે એવો તોય હવે જમાઈ થયો ગણાય.'

'નહિ ગણાય.'

'કેમ ?'

'હું એને જમાઈ તરીકે સ્વીકારીશ જ નહિ.'

'એમ તે કાંઈ ચાલે ?' જામાર્તા કદાચને ક-જામાર્તા થાય તેથી શ્વશુર કાંઈ ક-શ્વશુર થઈ શકે ?'

'અરે ! પણ જલાલપર-બાદલાનો એ જંગલી વળી મારો જમાઈ શાનો ? સર ભગનની દીકરી એવા રોઝડાને પરણે તો તો થઈ રહ્યું ને ?'

'હવે થઈ જ રહ્યું છે, શેઠ.'

'શું ?'

'ચોથું મંગળ પૂરું થઈ જ રહ્યું છે.'

'અરે, એ તારાં મંગળ-બંગળ મારી પાસે સાર્યાં ફરે. હું કોણ ? બ્રિટિશ જમાનાનો નાઈટ. એ જંગલીને જેલમાં ન નંખાવું તો મારું નામ સર ભગન નહિ.'

'એને જેલમાં નહિ નંખાવી શકો, સાહેબ.'

'કેમ ? એણે મારી દીકરીને ભોળવી-ભરમાવીને ફસાવી છે.'

'પણ તિલ્લુબહેન પુખ્ત ઉંમરનાં છે, એ હકીકત કેમ ભૂલી જાઓ છો ?'

'ઉંમર–બુમ્મર માર્યાં ફરે. પેલી આખી જાનને જેલમાં ધકેલી દીધી, એમ આ જંગલીને પણ ઝાંઝરિયાં પહેરાવી દઈશ.'

'શેઠજી, એ જાનૈયાઓને તો હવે તમારે જેલમાંથી છોડાવવા પડશે.'

'નહિ, એમના ઉપર હું ગેરકાયદે ગૃહપ્રવેશનો દાવો માંડવાનો છું. ટ્રેસપાસ કાંઈ જેવોતેવો ગુનો નથી ગણાતો.'

'પણ હવે તો એમને ગૃહપ્રવેશને બદલે વિદાયની વેળા આવી છે.'

'એટલે ?'

'તમારે તો એમને સહુને શીખ આપવી પડશે.'

'સિલી !'

'વખતચંદ વેવાઈને તમારે ભાવે કરીને ભેટવું પડશે.'

'નૉનસેન્સ !'

'શેઠ, હવે આ ઇંગરેજીમાં ગાળો દીધે કાંઈ નહિ વળે.'

'ત્યારે શું કરવાથી વળશે ?'

'હવે તો ભાંગ્યું ગાડે ઘાલો, ભલા થઈને, ને મારી દખણા...'

'તને રાતી પાઈ પણ નહિ પરખાવું. તેં જ આ આપણી રામાયણ ઊભી કરી છે.'

'ભાઈશાબ, હું ગરીબ બ્રાહ્મણ તો ચિઠ્ઠીનો ચાકર. તમે સોંપ્યું એ કામ કરી દીધું, એમ તિલ્લુબહેને ચીંધ્યું એ કામ પણ પતાવી દીધું.'

'હરામખોર, તને પણ હું જેલમાં પુરાવીશ.'

'શિવ શિવ શિવ !'

'ગુરુચરન !' સર ભગને ત્રાડ પાડી. પણ કશો ઉત્તર મળવાને બદલે જાણે ગેબમાંથી એ શબ્દ પડઘાઈને પાછો વળતો જણાયો : 'ગુરુચરન !'

પોતે આ આફતમાં એવી તો અસહાયતા અનુભવતા હતા કે પોતાના રક્ષક સમા એ નેપાળી ગુરખા માટે તેઓ પોકાર પાડી રહ્યા :

'ગુરુચરન !'

પણ શ્રીભવનના સિંહદ્વાર ઉપર સલામતીપૂર્વક નાસી છૂટવા માટે જે ધસારો થયો હતો એમાં ગુરુચરનનો ક્યાંય પત્તો લાગે એમ નહોતો.

અંધારી ઘોર રાતે સર ભગન પોતાના બંગલાના પ્રવેશદ્વારની દિશામાં જોઈને પોકારી રહ્યા :

'ગુરુચરન ! ઓ ગુરુચરન !'

કોઈક પરિચિતોએ શેઠનો આ પોકાર સાંભળ્યો. એમાંથી કોઈકે શેઠને સમાચાર આપ્યા :

'દરવાજે બેસતા એ ગુરખાને બોલાવો છો ?'

'હા.'

'શેઠ, એ ગુરખો તો ક્યારનો મરી પરવાર્યો.'

'કેવી રીતે ?'

'આ નાસભાગ થઈ એમાં.'

'પણ એમાં ગુરખો શી રીતે મરી પરવાર્યો ?'

'આ સહુ લોક અહીં અંધારામાં નાઠાં તે રઘવાટમાં ને રઘવાટમાં દરવાજે એવાં તો અથડાયાં કે એમાં એ ગરીબ બિચારો ગુરખો જીવતો દટાઈ મૂઓ.'

'એને દાટી દેનારાઓને હું પ્રોસિક્યુટ કરીશ. જેલમાં પુરાવીશ. મારા ઘરમાં ઇલ્લીગલ ટ્રેસપાસ.'

'ટિલ્લુ ! ટિલ્લુ !'

સર ભગનને કાને શબ્દો અથડાયા.

'ડીઅર ટિલ્લુ !...ડીઅર ટિલ્લુ.'

'અરે, આ બેવકૂફ બુચાજી ક્યાંથી બચી નીકળ્યો છે ?' સર ભગન વિચારી રહ્યા.

એ માણુસ ઉન્માદી અવસ્થામાં આમથી તેમ દોડતો હોય એમ લાગ્યું.

એક માણુસે સર ભગનને ફરિયાદ કરી :

'શેઠ, પેલો 'ટિલ્લુ ! ટિલ્લુ !' અવાજ સંભળાય છે ને, એ એક પારસી બાવાજી બૂમો પાડે છે.'

'એ તો મગજમેટ છે.'

'મગજમેટ તો કોણુ જાણે, પણુ એ મારકણો તો લાગે છે.'

'કેમ, શા પરથી કહો છો ?'

'આ અહીં દટ્ટણુ સો પટ્ટણુ જેવો દાટ વાળનાર એ ડોસો જ છે.'

'એણે શું કર્યું ?'

'એ હાથમાં લાંબો વાંસ લઈને માર્ગની વચ્ચે ઊભો છે ને અંધારામાં સામેથી આવનારના પગમાં એ વાંસની આંટી નાખીને ઉથલાવી પાડે છે. ખલાસ. એ ભોંયભેળાં થનાર માણુસ પછી ફરી ઊભાં થઈ જ નથી શકતાં...એના ઉપર બીજા બધા કચડતાં-ગૂંદતાં ચાલ્યા જાય છે, એ ડોસલાએ આવી તો કેટલીય લોથ ઢાળી નાખી.'

'એ ડોસાની ડાગળી ચસકેલ છે.'

'પણુ એ ચસકેલ ડાગળીએ તો અહીં દાટ વાળી નાખ્યો.'

'હું એને જેલમાં પુરાવીશ.' સર ભગને તકિયા કલામ જેવું સૂત્ર ઉચ્ચારી નાખ્યું. આજે રાતે તેઓ જેને તેને જેલમાં પુરાવવાની જ ધમકી આપી રહ્યા હતા. જલાલપરના જાનૈયાઓને ગેરકાયદે ગૃહપ્રવેશના સબબસર જેલમાં નખાવ્યા પછી એમને આ ધમકી બહુ જીભે ચડી ગઈ હતી. ગિરજાશંકરને, ખીમચંદને, બુચાજીને સહુને તેઓ જેલમાં જ પુરાવવાની દાટી દેતા હતા.

સર ભગનને એક ભેદ નહોતો સમજાતો. બૅરિસ્ટર બુચાજીનું ભેજું ગેપ થઈ ગયું અને દવાખાનાની પરિચારિકાઓએ પણુ એની સારવાર કરવાની ના પાડી ત્યારથી એને કૂતરાં-માસ્તર ખાનખાનાનના

ક્વાર્ટર્સની પાછળની એક ઓરડીમાં પૂરી રાખવામાં આવતો હતો. એ ઓરડીમાં પરહેજ થયા પછી એ 'ટિલ્લુ, ટિલ્લુ!' એવી બૂમો પાડતો ત્યારે નજીકના શ્વાનગૃહનાં કુરકુરિયાં ડાઉં ડાઉં ભસીને એને ઉત્તર આપતાં અને તેથી ખાનખાનાન તેમ જ લેડી જકલ બહુ રમૂજ અનુભવતાં. ભેજાગેબ બૅરિસ્ટરને પણ તેઓ પિંજરે પુરાયેલું પ્રાણીબાગનું જ કોઈ પ્રાણી ગણતાં. આ પરહેજ પ્રાણી મુક્ત બનીને મારકણું શી રીતે થઈ ગયું તે સર ભગનને સમજાતું નહોતું. પણ અંધાધૂંધીને સમયે હસ્તીશાળામાંથી હાથી છૂટી જાય અને એ રમખાણ મચાવી મૂકે એવો જ ઘાટ બૅરિસ્ટર બુચાજીએ કર્યો હતો.

'પકડો એ ચક્રમને!' સર ભગને પોતાની આજુબાજુ ઊભેલાંઓને હુકમ કર્યો.

'અમારું ગજું નહિ, શેઠ.'

'કેમ?'

'અરે, એની નજીક જાય છે એના માથામાં પેલો લાકડાનો ઘોકો ફટકારે છે. ઘણાય માણસોને માથામાં ફૂટ થઈ ગઈ.'

'તો તો એ ભેજાગેપને હું જેલભેગો જ કરીશ.' કહીને સર ભગને ઊંચે સાદે અવાજ કર્યો. 'અરે, કોઈ પોલીસને તો બોલાવો.'

'શેઠ, પોલીસ લોક અહીં સુધી આવી જ નથી શકતા.'

'એને કોણ રોકે છે?'

'રોકતું તો કોઈ નથી પણ આ ધક્કામુક્કીમાં બિચારા જીવ રગદોળાઈ જાય છે.'

'આ તે કેવી વાત કરો છો ગધેડાને તાવ આવે એવી! પોલીસ જેવા પોલીસ તે કાંઈ રગદોળાઈ જતા હશે.'

'એક આખો ખટારો ભરીને...'

'શું?'

'એક ખટારો ભરાય એટલા પોલીસ અહીં આવ્યા, એમાંથી

એકેયનો ક્યાંય પત્તો નથી.'

'ક્યાં ગયા એ ?'

'અંધારામાં અટવાઈ ગયા.'

'એટલે ?'

'એટલે એમ કે અરધે રસ્તે જ એનો ઘડોલાડવો થઈ ગયો.'

'અરે પણ પોલીસનો ?'

'શેઠજી, આ અંધારામાં કોણ ઓળખે કે આ પોલીસ છે ? ને આ મનખ્યો આખો અત્યારે હાથમાં જીવ લઈને હલક્યો છે, એમાં કોણ જોવા રોકાય કે આ માણસ પોલીસનો છે કે પબ્લિકનો ?'

'પણ પોલીસના હાથમાં હથિયાર...'

'ખરાં, પણ આવા અંધારામાં એ કોની સામે ફોડે ? અહીં કાળી રાતે માથે માથું સૂઝતું નથી એમાં કોનું નિશાન નોંધે ? બિચારા જીવ આવ્યા આપણને બચાવવા, પણ સામેથી પોતે જ ઊકલી ગયા. ઇ તો કમરબંધ ને કાર્ટિજ સોતા ધરબાઈ ગયા.'

સાંભળીને સર ભગન પોતે તો સાજાનરવા એવા છતાંય ધ્રૂજી ઊઠયા. પોતાને ઘરઆંગણે સરજાયેલા આ ઘોર હત્યાકાંડનાં હવે શાં પરિણામ આવશે એની કલ્પના પણ તેઓ કરી શકયા નહિ. નજર સામેની વાસ્તવિકતા જ એવી તો વસમી હતી કે એમની કલ્પનાશક્તિ તો સંચોડી કુંઠિત જ થઈ ગઈ.

આજુબાજુ કાજળઘેરું અંધારું હતું એમાં પણ સર ભગનની આંખે અંધારાં આવી ગયાં. આમેય માઈનસ બાર નંબરનાં ચશ્માં તળેથી એમની આંખો દૃષ્ટિશૂન્ય તો થઈ જ ગઈ હતી. હવે એ દિશાશૂન્ય પણ બની રહી. આ સ્થિતિમાં અત્યાર સુધી આંધળાંની લાકડી બની રહેલાં લેડી જકલ પણ તિલ્લુના મંગળફેરાનું ચોથું મંગળ નિહાળીને એના આઘાતમાં જ ધરાશાયી થઈને પડયાં હતાં. પરિણામે સર ભગન, રણ જેટલા જ અફાટ શોભવનના ભવરણમાં ભોમિયાવિહોણા–એકલા–અટૂલા ભમી રહ્યા હતા. મૃતદેહોથી ઠાંસોઠાંસ

ભરાઈ ગયેલી આ વસાહતમાં સર ભગન પોતે જ એક પ્રેત જેવા ભાસતા હતા.

આવી એકલવાયી સ્થિતિમાં એમને એકમાત્ર ચિંતા પોતાની વહાલસોયી પુત્રીની હતી. આંખના રતન સમી, પુત્રસમોવડી એ પુત્રીને જલાલપરના પેલા જંગલીના હાથમાંથી શી રીતે છોડાવવી એની ફિકર એમની વ્યગ્ર મનોદશાને વધારે વ્યગ્ર બનાવી રહી હતી. ઘડીભર તો એમને થયું કે આવી અરાજકતામાં જંગલનો કાયદો જ કારગત નીવડે. તિલ્લુને અહીંથી ઉઠાવીને ખાપોલી–નાનોલી તરફ ક્યાંક રવાના કરી દઉં. પછી ભલે રહે એનો ખીમચંદ કે ક્ષેમેન્દ્ર હાથ ઘસતો.

આવા કુવિચારથી પ્રેરાઈને તેઓ ફરી રિહર્સલરૂમ ભણી વળ્યા પણ અફસોસ ! ત્યાં દરવાજા ઉપર જ ખેમચંદ હાથમાં નાગી તલ-વાર લઈને ખડે પગે આડો ઊભો હતો. અને એ તલવાર તો, તિલ્લુએ જ ચેતવણી આપેલી એ મુજબ સાચકલી હતી, 'સ્ટેજ પ્રોપર્ટી' નહોતી, એ યાદ આવતાં જ સર ભગન બે ડગલાં પાછા હઠી ગયા. સામે ઊભો છે એ ભલે સગો જમાઈ હોય, પણ એના હાથમાંની એ તાતી તલવાર કોઈની સગી નહિ જ થાય, એ સત્ય સમજાતાં સર ભગન વધારે અસહાય બનીને ઊભા રહી ગયા. મનમાં સમસમતા રહ્યા અને થોડીથોડી વારે એ આંતરિક ઉકળાટને વાચા આપી રહ્યા.

'એ જલાલપરના જંગલીને જેલમાં જ પુરાવીશ.'

જીવનની અત્યંત નાજુક ને જોખમભરી ક્ષણોએ તેઓ પરમેશ્વર-ને બદલે પોલીસનું જ રટણ કરી રહ્યા હતા. વચ્ચેવચ્ચે તેઓ આપોઆપ જ પોતાની અસહાય સ્થિતિ સૂચવવા સ્વગતોક્તિ જેવો ઉદ્ગાર કાઢી રહેતા હતા :

'અરેરે ! આટલા માણસોમાં કોઈ બત્તીનો ફ્યુઝ બાંધનાર પણ નથી મળતો.'

વારેવારે ઉચ્ચારાતી આવી ફરિયાદ સાંભળીને એક વાર કોઈકે ઉત્તર આપ્યો :

'ફ્યુઝ તો ઊડયો જ નથી.'

'શું કહો છો ?'

'સ્વિચ બોર્ડના બધા જ ફ્યુઝના વાયર સાવ સાબુત છે.'

'તો પછી આ અંધારું થયું શાથી ?'

'કનેકશન જ કપાઈ ગયું છે.'

'હેં ?'

'હા, વીજળીનો પુરવઠો આવતો અટકી ગયો છે.'

'પણ શાથી ?'

'એ તમે જાણો.'

સર ભગન શું જાણે ? વીજળીનો પુરવઠો શાથી કપાઈ ગયો હશે ? આગલા મહિનાઓનું બિલ નહિ ભર્યું હોય ? સેવંતીલાલ જેવો ગૃહસંચાલક આવી ગફલત કરે ? અને એવા નજીવા ગુના માટે કાંઈ એક માજી નાઈટનો વિદ્યુતપુરવઠો કોઈ અટકાવી નાખે ? બને જ નહિ.

'એ કરન્ટ બંધ કરાવનારા કારકુનોને જેલમાં જ નખાવીશ.' વહેલી પરોઢે સર ભગન આવો વિચાર કરતા હતા ત્યારે જ એમની નજીક પોલીસ ખાતાનો એક સાર્જન્ટ આવી ઊભો. એના હાથમાં ધરપકડનું વૉરન્ટ હતું. એણે કહ્યું :

'તમારી ધરપકડ કરવાનો મૅજિસ્ટ્રેટનો હુકમ છે.'

અંધારામાં પણ સર ભગનની આંખે વધારે અંધારાં આવી ગયાં.

*

## ૨૪. વેવાઈઓ અને વરઘોડિયાં

'મારી ધરપકડ ?'

આંખે આવી ગયેલાં અંધારાં ઓસર્યાં પછી જ સર ભગન પોલીસ સાર્જન્ટને ખાખી ગણવેશમાં પૂરેપૂરો ઓળખી શકયા અને વૉરન્ટમાંની વિગતો વાંચી શકયા.

'મારી ધરપકડ કરવા આવ્યા છો ?'

'જી હા.'

'તું ઓળખે છે, હું કોણ છું ?'

'આપ જેવા મોટા ઉદ્યોગપતિને કોણ ન ઓળખે ?'

'પણ તું મારા ઇલકાબને ઓળખે છે ખરો ?'

'ઇલકાબ ?'

'નાઈટહૂડનો, બ્રિટિશ સરકારે મને સર બનાવેલો એ તું જાણે છે કે નહિ ?'

'પણ હવે તો આ દેશમાં આપણી રાષ્ટ્રીય સરકાર રાજ કરે છે એ તમે જાણો છો કે નહિ ?'

'તેથી શું થઈ ગયું ?'

'આપણી સરકારે તમને પદ્મશ્રી બનાવ્યા છે ?'

'પદ્મશ્રી એટલે શું વળી ? પદ્મશ્રી તો સિનેમાની નટીઓ પણ થઈ ગઈ.'

'તો પછી તમને મહાવીરચક્ર જેવો કોઈ ખિતાબ મળ્યો છે ?'

'મહાવીરચક્ર ? એ શાનો ઇલકાબ છે વળી ?'

'શૌર્ય અને બહાદુરી બતાવવાનો.'

'એવા ઇલકાબની મને પડી નથી.' સર ભગન બોલ્યા, 'મને

તો મહાવીરચક્રને બદલે ધર્મચક્રપ્રવર્તકનો ખિતાબ મળ્યો છે.'

'શાનો ?'

'કોને નંબર આવ્યા છે ?'

'માફ કરજો, પણ ઇલકાબનું નામ બરોબર સમજાયું નહિ એટલે પૂછવું પડે છે.'

'ધર્મચક્રપ્રવર્તક.'

'આ ઇલકાબ તો આજે જ સાંભળ્યો. સરકાર તો કોઈને આવો ઇલકાબ આપતી નથી.'

'અરે, સરકાર શું આપશે ? મારા શાસ્ત્રીઓએ આપ્યું છે.'

'શાસ્ત્રી ? શાના શાસ્ત્રી ?'

'જ્યોતિષના. મહાન જ્યોતિષમાર્તંડો...પ્રખર ચક્ચુડામણિઓ..ગિરજા ગોરનું નામ જનમ ધરીનેય સાંભળ્યું છે ?'

'હજી એ નામનો કોઈ સમન્સ નીકળ્યો નથી.'

'આવા મહાન જ્યોતિર્વિદોએ મને આ સહસ્રચંડી યજ્ઞ કરવા બદલ ધર્મચક્રપ્રવર્તકનું બિરુદ આપ્યું છે.'

'એ યજ્ઞ બદલ જ તમારી સામે આ વૉરન્ટ કાઢવું પડ્યું છે.'

'કારણ કાંઈ ? યજ્ઞ કરવો એ શું ગુનો છે ?'

'ના. પણ યજ્ઞ કરીને તમે આખાય શહેરની વીજળી બંધ કરાવી દીધી છે.'

'શ્રીભવનની કે આખા શહેરની ?'

'આખાય શહેરની. યજ્ઞનો કુંડ ખોદવામાં તમે વીજળીના અન્ડરગ્રાઉન્ડ વાયરો સુધી જમીન ખોદી નાખી એમાંથી જ આ આફત ઊભી થઈ.'

'શી રીતે ?'

'એ ખાડામાં આગ પેટાવીને તમે માથેથી હજારો ઘડા ઘી રેડ્યું.'

'તે ઘૃતાહુતિ વિના ગ્રહશાન્તિ યજ્ઞ કયાંય થાય ખરો કે ?'

'પણ એ બળતામાં ઘી હોમીને તમે ઇલેક્ટ્રિક કેબલનો બધો

ડામર ઓગાળી નાખ્યો.'

'તે સુધરાઈવાળાઓ ડામર જ એવો રદ્દી વાપરે એમાં મારો શો વાંક?'

'પણ બંગલામાં આટલી લાંબીચોડી જગ્યા મૂકીને એ વાયર ઉપર જ યજ્ઞવેદી શા માટે ઊભી કરી?'

'યજ્ઞવેદી તો જ્યોતિષમાર્તંડો ક્ષેત્રમાપન કરીને ધર્મદૃષ્ટિએ શ્રેષ્ઠ સ્થળ પસંદ કરે ત્યાં જ માંડી શકાય. કોઈ દહાડો તમે સહસ્રચંડી યજ્ઞો કરાવી જાણ્યા છે તે તમને ખબર પડે?'

'આ દલીલો નકામી છે. મારી ફરજ તમને પકડી જવાની છે.'

'વાતમાં શો માલ છે? હું સર ભગન તમારી જેલમાં આવીશ?'

'તમે નહિ આવો તો કોણ આવશે?'

'જોઈશે તો હું જામીન આપીશ.'

'આ જામીન વિનાનું વૉરન્ટ છે. શહેર આખાનો જીવન-વ્યવહાર ખોરવી નાખવાનો તમારી ઉપર આરોપ છે.'

'હું જોઈ લઈશ.'

'હું પણ એ જ કહું છું. તમે એક વાર જેલખાનું જોઈ લો. જામીન માટે અરજી કરવી હોય તો જેલમાંથી કરજો.'

*

'પધારો શેઠજી, પધારો!'

'રહીરહીને પણ આપને અમારા પર દયા આવી ખરી.'

'અમને ખાતરી જ હતી કે ધર્મગુરુઓને બંદીવાસમાંથી છોડાવવા ધર્મચક્રપ્રવર્તક અહીં આવ્યા વિના નહિ રહે.'

'આખરે તો ધર્મનો જ જય છે, પાપનો ક્ષય છે.'

સર ભગન લૉક-અપમાં પેઠા કે તુરત સામેથી બે ત્રિપુંડ્ર-ધારી બ્રહ્મર્ષિઓ એમને આવકારી રહ્યા.

'હું તમને છોડાવવા નથી આવ્યો.'

'શું ?'

'હું પોતે જ તમારી પેઠે કેદ પકડાઈને અહીં આવ્યો છું. આ કમબખત પોલીસવાળાઓને હું પાંસરાદોર કરી નાખીશ.'

'પણ અમે બેઉ...'

'તમે બેઉ ભૂલથી અહીં આવી ગયા છો એ હું જાણું છું.'

'પણ આવી ભૂલ ?'

'રાતને સમયે પ્રકાશશેઠ ને પ્રમોદરાયની અવેજીમાં પોલીસવાળા તમને અહીં ઉપાડી લાવ્યા છે. પણ હવે હું લાચાર છું.'

'તમે લાચાર ? ધર્મચક્રપ્રવર્તક લાચાર ?'

'એ તમારું ધર્મચક્ર પ્રવર્તાવવા જતાં જ આ પોલીસનું લફરું થયું છે.'

'બને જ નહિ. ધર્મનો તો સદાય જયજયકાર જ થાય. આ તો અષ્ટગ્રહ યુતિની જ અસર હશે. અત્યારે મ્લેચ્છ દેશોમાં પૂરેપૂરું ખગ્રાસ ગ્રહણ લેરાઈ રહ્યું હશે.

'આપણે ત્યાં તો અત્યારે મારા જેવાને વગર ગ્રહણે જ રાહુની આપદા આવી પડી છે.'

'એનું નિવારણ થઈ શકે છે.'

'કેવી રીતે ?'

'દાન વડે.'

'દાન ?'

'હા. દે દાન છૂટે ગિરાન.' કહીને ગોરમહારાજાએ દાનના પ્રકારો સમજાવવા માંડ્યા, 'અન્નદાન, વસ્ત્રદાન, તાંબાદાન, રૂપાદાન, સુવર્ણદાન...'

'એમાંનું એક પણ દાન આપી શકવા જેવી મારી સ્થિતિ રહી નથી.' સર ભગને નિસાસો મૂક્યો. 'અરે સગી દીકરીનું કન્યાદાન દેવાની પણ પેલા ગિરજાએ મને તક ન આપી.'

'કન્યાદાન ? કોનું ?'

'મારી તિલ્લુનું...તિલોત્તમાનું...'

'એ ક્યારે પરણી ગઈ?'

'આ ઇલેક્ટ્રિક પાવર ફેઈલ ગયો એ પછી.'

'પણ સાવ અંધારામાં એ પરણી જ કેમ શકે?'

'ના, એની પાસે નટરાજની મૂર્તિની ઘીની દીવીઓ હતી. તે પેલા જલાલપરના જંગલી...'

'કોણ બોલ્યું ઈ?' લોક-અપના એક ખૂણામાંથી અવાજ ઊઠ્યો અને પછી તો, એના અનુસંધાનમાં વધારે મર્દાનગીભર્યા હાકલા-પડકારા થવા માંડ્યા :

'જલાલપરવાળાને જંગલી કહેનારો ઈ છે કોણ કાળમખો?'

'કોની માએ સવાશેર સૂંઠય ખાધી છે કે અમારા ગામને ગાળ દઈ જાય?'

'જીવતા ને જીવતા ભોંમાં ભંડારી દઈશું. અમે કોણ? જલાલપર-બાદલાવાળા, હા.'

'અમે ઓછાં ઊતરીએ તો અમારી પાંદરડી નદીમાં પાણીફેર જ સમજવો.'

'ને કાં અમારી જણનારીમાં સૂંઠફેર સમજવો.'

આવાઆવા પડકાર સાંભળીને સર ભગનના કાન ચમક્યા. માર્યા ઠાર! આ તો વખત વેરસી પોતે જ! ને પેલા બધા એના ગામના જાનૈયા!

સર ભગનને થયું કે આ તો હાથનાં કર્યાં હૈયે વાગ્યાં. પણે શ્રીભવનમાં જીવ ખાતા જાનૈયાઓને ગેરકાયદે ગૃહપ્રવેશના આરોપસર જેલમાં પુરાવ્યા તો અહીં એનો જ ભેટો થઈ ગયો. પણ અત્યારે તો પોતે જ જેલવાસી બન્યા હોવાથી તુરત, સમય પારખીને એમણે ફેરવી તોળ્યું :

'અરે કોણ? વખતચંદ વેવાઈ? અરે મારા વેવાઈ!'

'હજી હમણાં તો અમને જંગલી કીધા, ને હવે આ વેવાઈ-

વેવાઈ કરીને સાકર પીરસો છો ?' સામેથી પડકાર થયો.

'અરેરે! વાતમાં શો માલ છે? તમારો સાંભળવાફેર થયો હશે. તમને જંગલી કહેનારની જીભ કાપી નાખું. તમે તો મારા વહાલા વેવાઈ.'

'હજી કાલ રાત સુધી તો અમને ગેરકાયદે ગૃહપ્રવેશ કરનારા ગણતા હતા ને આજે આટલું વહાલ ક્યાંથી ઊભરાઈ આવ્યું ?'

'રાઈના પાડ તો રાતે ગયા, શેઠ. તમે તો હવે અમારા સહુથી વહાલા સગા થઈ ગયા.'

'ઓચિંતા જ કાંઈ ?'

'સમય સમયનું કામ કરે છે, શેઠ. હવે તમારો ખીમચંદ તો મારે દીકરા કરતાંયે સવાયો ગણાય.'

'કારણ કાંઈ ?'

'એ મારો જમાઈ થઈ ગયો.'

'પણ ક્યારે ?'

'થોડી વાર પહેલાં જ. હમણાં જ એનો હથેવાળો થઈ ગયો.'

'પણ મારી ગેરહાજરીમાં જ ?'

'હું પણ હાજર નહોતો.'

'શી વાત કરો છો ?'

'સાચું કહું છું. આજકાલનો જમાનો તમે જાણો છો ને ? જુવાનિયાં પરણે એમાં મોટેરાંની હાજરી શોભે જ નહિ.'

'પણ આપણે તે માબાપ મૂઆં છીએ કે માત્ર મોટેરાં જ છીએ ?'

'કબૂલ. પણ આપણે માબાપ તરીકે હાજર રહીનેય કયો રાયજંગ જીતી નાખવાનો હતો ?'

'અરે, એમ તી કાંઈ હોય, ભગવાનજી શેઠ ? આપણે બેય વહાલા વેવાઈ હથેવાળો થયા પછી ભાવે કરીને ભેટી શક્યા હોત.'

'તે લોને, હજી પણ ભેટી લઈએ. હજીય ક્યાં મોડું થયું છે ?'

સર ભગને પોતાના બાહુ પસાર્યા.

વખત વેરસી કાઠિયાવાડી ઢબે સર ભગનને ભેટી પડચા.

જાનૈયાઓ તો આ દશ્ય જોઈને ડઘાઈ જ ગયા.

તુરત પોલીસના પહેરેગીરે પડકાર કર્યો :

'ખબરદાર! જુદા પડો!'

'કેમ અલ્યા, તારો કિયો ગરાસ લૂંટાઈ ગયો?' વખત વેરસીએ પૂછ્યું.

'બે ગુનેગારો ભેગા ન થઈ શકે.'

'ગુનેગાર?' જાનૈયાઓને પણ નવાઈ લાગી.

સર ભગને વેવાઈને સમજાવ્યું.

'હું જરાક સાંકડા ભોણુમાં આવી ગયો છું, માફ કરજો. આ મહાચંડી યજ્ઞ કરાવતાં મારે હાથે જરા ટેક્નિકલ ભૂલ થઈ છે, એટલે મને જેલમાં નાખ્યો છે. પણ એને તો હું પહોંચી વળીશ.'

વખત વેરસીએ પડકાર કર્યો :

'અરે, તમને જેલમાં નાખનાર છે કોણ? ચીરીને મીઠું ભરી દઈએ.'

જાનૈયાઓએ તુરત આ પડકારમાં પોતાના સૂર પુરાવી દીધા :

'અરે, અમારા વહાલા વેવાઈની આબરૂ ઉપર કોઈ હાથ નાખી જાય તો થઈ જ રહ્યું ને? એની સાત પેઢીની ઓખાત ખાટી કરી નાખીએ.'

'અમે કોણ? જલાલપર-બાદલાનાં રહેવાસી. ઓછાં ઊતરીએ તે અમારી પાંદરડી નદીનું પાણી લાજે પાણી.'

'તમને જેલમાં નાખનારને અમે ચપટીમાં ચોળી નાખીએ. અવાજ કરો એટલી જ વાર.'

'અત્યારે તો એક જ કામ કરો.'

'એક શું એકવીશ ચીંધો.'

'તમારે જલાલપરમાં કાંઈ સ્થાવર મિલકત જેવું છે ખરું?'

'સ્થાવર મિલકત ? અરે શેઠ, તમે પણ સગા વેવાઈ ઊઠીને અમારી આબરૂ લેવા કાં નીકળ્યા છો ? હવે તો આપણી બેયની આબરૂ ભેગી જ ગણાય.'

'અત્યારે મારે મારી આબરૂ સાચવવાની છે.'

'કહો તો અમારાં માથાં વાઢી દઈએ. અવાજ કરો એટલી જ વાર.'

'મારે તમારાં માથાંની જરૂર નથી. જલાલપરમાં તમારે ઘરઘરાઉ ખોરડાં હોય તો બસ થશે.'

'અરે, ખોરડાંને ક્યાં રોવા બેઠા શેઠ ? અમે તો જલાલપરના ગામધણી જેવા છીએ, અરધા ગામનાં ખોરડાં આપણાં છે ને બાકીનાં અરધાં આપણે જ ઘેરે ગીરો છે.'

'એટલાં બધાંની જરૂર નથી. એકબે હોય તો બસ છે.'

'અરે, પણ જરૂર શી પડી ? અવાજ કરો, ઝટ, અવાજ કરો.'

'હું અહીંથી જામીન ઉપર છૂટવાની અરજી કરવાનો છું ને એમાં તમારે જામીન થવું પડશે.'

'વોય ધાડેના ! માગી માગીને આટલું જ માગ્યું ? અમને તો એમ, કે ખોરડાં–ખોરડાંની પૂછપૂછ કરીને તમારે જલાલપરમાં હવાફેર કરવા આવવું હશે.'

'ના, હવાફેર કરવા માટે પણ અહીંથી છૂટવું તો પડે જ ને ? એટલે, પ્રથમ તો તમે સ્થાવર મિલકતના માલિક તરીકે મારા જામીન થઈ જાઓ. હું તમારી સામેથી ગેરકાયદે ગૃહપ્રવેશની ફરિયાદ પાછી ખેંચી લઉં છું.'

'અરે શેઠ, તમ જેવા આસામીને વળી જામીનની શી જરૂર ?'

'મને કદાચ જામીન ઉપર પણ નહિ છોડે એમ લાગે છે.'

'કારણ કાંઈ? તમે કાંઈ ચોરીચપાટી કરી છે ? તમે કાંઈ મારફાડ કરી છે ?'

'મારફાડ નથી કરી, પણ મારા બંગલામાં ગણ્યાં ગણાય નહિ

એટલાં માણસો મરી ગયાં છે.'

'એ અષ્ટગ્રહનો જ ઉલ્કાપાત.' જ્યોતિષમાર્તંડો વચ્ચે બોલી ઊઠ્યા.

'તમે જરા મૂંગા રહેશો, જ્યોતિષચક્રચુડામણિઓ ? તમારાં પાપે જ આ આફત ઊભી થઈ છે.' કહીને સર ભગને વખતચંદ વેવાઈને સમજાવ્યું : 'હવે મારી આબરૂ તમારા હાથમાં છે.'

'મારી આબરૂ ન કહો. આપણી આબરૂ બોલો. હવે તો આપણે વહાલા વેવાઈ થયા.'

'બસ. તો હવે વેવાઈ તરીકે તમે મને જામીન પર છોડાવો.'

'અરે, તમારે વળી જામીનની શી જરૂર ?'

'જામીન વિના તો અહીં લૉક-અપમાં જ પુરાઈ રહેવું પડે.'

'વાતમાં શો માલ છે ? જામીન વિના જ તમને છોડાવી દઈએ. અવાજ કરો એટલી જ વાર.'

'જામીન વિના ? કેવી રીતે ?'

'આ દરોગાને ઠામુકો ઠાર કરી નાખીએ. એક ઝપટભેગો જ ભૂંહી નાખીએ એટલે નિરાંત.'

'એવું તે થાય ?'

'કેમ ન થાય ? અમે કોણ ? જલાલપર-બાદલાના રહેવાસી. સાચાં ઘી-દૂધ ખાધેલાં, હા. ઓછા ઊતરીએ તો પાંદરડીમાં પાણીફેર.'

જાનૈયાઓ આવી આત્મપ્રશસ્તિ કરતા હતા ત્યાં તો પોલીસનો બીજો એક સાર્જન્ટ આવીને બોલ્યો :

'સર ભગન, તમને અહીં સામાન્ય લૉક-અપમાં નહિ રાખી શકાય.'

સાંભળીને સર ભગનને થયું કે આખરે રહીરહીને પણ સત્તાવાળાઓને મારા વિશિષ્ટ માનમોભાની જાણ થઈ ખરી.

પણ ત્યાં તો એ સાર્જન્ટે જ ચોખવટ કરી :

'તમારો ગુનો વધારે ગંભીર પ્રકારનો છે. તમને અત્યારથી

જ પાકી જેલમાં લઈ જવા આવ્યો છું.'

સાંભળીને સર ભગનની આંખે ફરી અંધારાં આવવા માંડયાં, પણ ત્યાં તો તેઓ પોતાની કેડિલેકનું ભૂંગળું સાંભળીને સાવધ થઈ ગયા.

એ કેડિલેક તિલ્લુ જ હાંકતી હતી. અત્યારે એ મને છોડાવવા આવતી હશે, એવી સર ભગનને આશા બંધાઈ. પણ ત્યાં તો એ કુશાદે મોટરગાડી હોર્ન બજાવતીબજાવતી ઝડપભેર જેલખાનું વળોટીને સીધી નેશનલ હાઈવે તરફ દોડી ગઈ.

એ રાષ્ટ્રીય ધોરી માર્ગ જલાલપર–બાદલાની દિશામાં જનારો હતો.

એ કેડિલેકનું સ્ટીઅરીંગ વ્હીલ તિલ્લુએ સંભાળ્યું હતું. એની બાજુમાં મીંઢળબંધો ખીમચંદ બેઠો હતો.

વરરાજા વારેવારે નવવધૂને વીનવી રહ્યા હતા :

'જલાલપર જવાનું માંડી જ વાળો. ત્યાં આપણુને એકેય યોજજણુસ નહિ જડે.'

'મને તો કાર્તિકેય જેવા એક તમે મળ્યા છો એ જ બસ છે.'

'પણ ત્યાં ગામડાગામમાં આપણને...'

'હનીમૂન માટે હું ગામડાગામની જ શોધમાં હતી.'

'પણ ત્યાં તો પાણી પણ અમારી પાંદરડી નદીનું જ પીવું પડે.'

'એવા પાણીમાંથી જ કાર્તિકેય જેવા પ્રતાપી નરપટાધર નીપજતા હશે.'

નેશનલ હાઈવે ઉપર આ વરઘોડિયાંને લઈને કેડિલેક ઝડપભેર ધસમસતી રહી.

*
* *



નવભારત સાહિત્ય મંદિર
બુક સૅલર્સ ઍન્ડ પબ્લિસર્સ
મુંબઈ-૨
ફોન-૩૧૭૨૧૩
અમદાવાદ-૧
ફોન-૩૮૦૨૫૩


NAVBHARAT SAHITYA MANDIR

BOOK SELLERS & PUBLISHERS

BOMBAY-2
PHONE : 317213

AHMEDABAD-1
PHONE : 380253

ચુનીલાલ મડિયા



જન્મ : તા. ૧૨-૮-૧૯૨૨ * મૃત્યુ : ૨૯-૧૨-૧૯૬૮